186



ઉત્તરાર્ધ

દાદા ધર્માધિકારી

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# વિચાર-ક્રાંતિ

## ઉત્તરાર્ધ

[ સાબરમતી વિચાર-શિબિરનાં આઠ પ્રવચનો ]

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન : ભૂમિપુત્ર કાર્યાલય : વડોદરા

પહેલી આવૃત્તિ : ૪૨૫૦ : ડિસેમ્બર '૬૦

**કીમત રૂા. ૨-૦૦**

યજ્ઞ પ્રકાશન વતી કિશન ત્રિવેદીએ યજ્ઞ મુદ્રિકા, ભૂતડીઝાંપા રોડ, વડોદરામાં છાપીને
ભૂમિપુત્ર કાર્યાલય, રાવપુરા, વડોદરાથી પ્રકટ કર્યું.

# પ્રકાશકીય

ઑગસ્ટ ૧૯૫૫માં દાદા ધર્માધિકારીનાં પ્રવચનો સાબરમતીના ‘ વિચાર શિબિર ’માં અપાયાં. માર્ચ ૧૯૫૭માં એ પૈકી પહેલો ખંડ બહાર પડયો. મે ૧૯૫૮માં બીજો ખંડ બહાર પડયો. સપ્ટેમ્બર ૧૯૫૮માં બંને ખંડો ભેળા ‘ પૂર્વાર્ધ ’ તરીકે બહાર પડયા. હવે ડિસેમ્બર ૧૯૬૦માં એનો ઉત્તરાર્ધ પ્રસિદ્ધ થાય છે. પ્રકાશનની દૃષ્ટિએ આ વિલંબ અક્ષમ્ય છે એ અમે સ્વીકારીએ છીએ. પરંતુ આ ગ્રંથ પાંચ વરસના ગાળાને પચાવી જાય એમ છે, એટલો જ સંતોષ છે. સર્વોદય વિચાર અંગેનાં પુસ્તકોનું સ્થાયી મૂલ્ય છે તે પૈકી આને સ્થાન મળશે એમાં અમને લવલેશ પણ શંકા નથી. તેથી જ એટલે મોડે મોડે પણ અધૂરું કામ પૂરું કરવાનું અમે સાહસ કર્યું છે. આ ગાળા દરમ્યાન કાગળ વગેરેની મોંઘવારીને લીધે પુસ્તકની કિંમત જેમણે પહેલેથી ભરી દીધી છે, તેમને એ જ કિંમતમાં પુસ્તક આપવામાં પ્રકાશકોને થોડી ખોટમાં ઊતરવું પડશે. પરંતુ તેટલું જોખમ વહોરીને પણ અમે જૂના ગ્રાહકો માટે કિંમતનો વધારો ન કરવાનો નિશ્ચય કર્યો છે.

આ ઉત્તરાર્ધમાં ‘ વિચારક્રાંતિ ’ પુસ્તકના ૧૦ થી ૧૭ સુધીનાં પ્રકરણોનો સમાવેશ થાય છે. તેમાં ‘ રાજનીતિ-વિચાર ’નાં બે તથા ‘ સ્ત્રીનું સહ-નાગરિકત્વ ’નાં પ્રકરણો તો સ્વતંત્ર પુસ્તક તરીકે સ્થાન પામી શકે તેવાં છે; અને ‘રાષ્ટ્રીય આંદોલનનો ઇતિહાસ’ના પ્રકરણમાં છેલ્લાં સો વરસના ઇતિહાસનું એક વિશિષ્ટ દર્શન થાય છે.

આ રીતે ‘ વિચારક્રાંતિ ’ પુસ્તક પૂરું થતાં ગુજરાતી ચિંતન સાહિત્યમાં એક ધરખમ ઉમેરો થયો એમ કહી શકાય. વરસોથી કૉલેજના વિદ્યાર્થીઓ ને પ્રાધ્યાપકો, નગરોના શિક્ષિતો ને વિચારકો સર્વોદય વિચાર અંગેના કોઈ શાસ્ત્રીય પુસ્તકની માગણી કરતા હતા. ‘વિચારક્રાન્તિ’ થી એ માગણી પૂરી થાય છે.

આ પુસ્તકમાં દાદા ધર્માધિકારીની પ્રખર બુદ્ધિ, ઊંડું ચિંતન અને વિશાળ વાચન એકીસાથે ઝળકે છે. વળી બીજી બાજુ આ પ્રકરણોની શૈલિમાં મૂળ વ્યાખ્યાન શૈલિ જ રહેવા દીધી છે તેથી તેમાં અઘરામાં અઘરા વિચારને સાવ સરળ કરી શકે તેવા ચોટલગ ટુચકાઓ છે. અલબત્ત એથી પુસ્તકનું કદ વધ્યું છે, પણ એની સાથે સાથે એની મધુરતા પણ વધી છે.

આ બધાંય પ્રવચનો મૂળ ટેપ રેકોર્ડ પર ઉતારવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ મીરા વ્યાસની મદદથી તેને અથેતિ કાગળ ઉપર ઉતારી લેવામાં આવ્યાં. પછી એ આખી સામગ્રી નારાયણ દેસાઈએ દાદાને વાંચી સંભળાવી. દાદા આખું પુસ્તક જોઈ ગયા છે એ અમારા સંતોષનો વિષય છે. આ વાચન દરમ્યાન તેમણે પુસ્તકમાં આવશ્યક એવા કેટલાક સુધારાઓ પણ સૂચવેલા. એ મૂળ હિન્દી પ્રવચનો જ્યારે 'सर्वोदय दर्शन' નામે છપાયાં ત્યારે તેનો લગભગ ૨/૩ સંક્ષેપ કરવામાં આવ્યો. પરંતુ ગુજરાતીમાં આ પ્રવચનોનો એવો કોઈ સંક્ષેપ કરવામાં આવ્યો નથી. અલબત્ત, દાદાની રજાથી કેટલેક ઠેકાણે પુનરુક્તિ ટાળવા જેવું સંપાદન કાર્ય કરવામાં આવ્યું છે.

આ પુસ્તકની સાથે સાથે અમે શ્રી નારાયણ દેસાઈનું લખેલું 'સર્વોદય વિચાર' અને શ્રી ભોગીલાલ ગાંધીએ સંપાદન કરેલું 'સર્વોદય વિજ્ઞાન' વાંચવાની પણ ભલામણ કરીએ છીએ.

—સંપાદક

*

# વિચાર-ક્રાંતિ : ઉત્તરાર્ધ

## અનુક્રમણિકા

☆


| | | |
|---|---|---|
| ૧૦. | રાજનીતિ-વિચાર : | |
| | ( क ) લોકસત્તાનું અધિષ્ઠાન : માનવનિષ્ઠા | ૨૪૧–૨૯૦ |
| ૧૧. | રાજનીતિ–વિચાર–૨ : | |
| | ( ख ) રાજનીતિથી લોકનીતિ તરફ | ૨૯૧–૩૨૦ |
| ૧૨. | સ્ત્રીનું સહનાગરિકત્વ | ૩૨૧–૩૪૦ |
| ૧૩. | સંસ્થા અને અહિંસક સંગઠન | ૩૪૧–૩૫૪ |
| ૧૪. | વ્રત–વિચાર | ૩૫૫–૩૮૮ |
| ૧૫. | રાષ્ટ્રીય આંદોલનનો ઇતિહાસ | ૩૮૯–૪૦૬ |
| ૧૬. | ભૂદાન અને વિતરણ | ૪૦૭–૪૧૬ |
| ૧૭. | ઉપસંહાર | ૪૧૭–૪૨૫ |


★

# ૧૦

# રાજનીતિ-વિચાર

## (क)

## લોકસત્તાનું અધિષ્ઠાન : માનવનિષ્ઠા

☆

૮૯ લોકશાહીનો આધ્યાત્મિક આધાર : માનવની એકતાનું નિત્ય સ્ફુરણ.

૯૦ એકતાનાં બે સ્ફુરણ : મમત્વ ને તાદાત્મ્ય–મમત્વ અર્થાત્ પાડોશીધર્મ–એ લોકશાહીનો આરંભ છે.

૯૧ તાદાત્મ્ય અર્થાત્ રાજ્યાતીત અવસ્થા : अपना राज अपने पर – એ લોકશાહીની અંતિમ અવસ્થા છે.

૯૨ શાસનમુક્તિ એ રાજ્યશાસ્ત્રનું શાસ્ત્રીય પ્રયોજન છે.

૯૩ રાજ્યસંસ્થા અનાદિ ને અનંત નથી, સાદિ ને સાંત છે.

૯૪ રાજ્યસંસ્થા અનિષ્ટ છે તો ઇષ્ટ શું છે?—લોકસત્તા : જે આજે રાજ્યશાસ્ત્રના પરમ આદર્શ તરીકે રહેલી છે.

૯૫ લોકસત્તા સામેનો પ્રથમ અંતરાય : મનુષ્યની વિચ્છિન્નતા.

૯૬ લોકસત્તા સામેનો બીજો અંતરાય : રાજનીતિ.

૯૭ સત્તા એટલે શું? રાજ્યની પાછળ પણ લોકસત્તા હોય છે : અંધકાર પાછળ પ્રકાશની જેમ.

૯૮ લોકસત્તાનું મહત્ત્વ ભુલાતાં દંડસત્તા જાગી : તેના નિયંત્રણનો વિચાર : હોબ્ઝ, લોક, રૂસો અને માર્ક્સ.

૯૯ લોકસત્તાના મૂળ અધિષ્ઠાન સમી આસ્થા : દરેકે દરેક મનુષ્યમાં કંઈક ઈમાન હોય જ છે.

૧૦૦ આવી માનવનિષ્ઠા માટેના પૌરાણિક આધારો.

૧૦૧ આસ્તિકતાની વિકસતી ભૂમિકા : વેદ–ઈશ્વર–માનવ.

હું એક સહૃદય માણસ છું, એટલે મને તમારા લોકો પર હવે ઠીક ઠીક દયા આવવા માંડી છે. સવાબે કલાક સુધી મારા એકલાની વાત આજે તમારે સાંભળ્યા કરવાની છે. અને લગાતાર ચાર દિવસથી તો તમે મને સાંભળી જ રહ્યા છો. ઘણી વાર વક્તાઓનું એવું થાય છે કે એમને એમનો પોતાનો અવાજ બહુ મીઠો લાગે છે. મને એવું નથી થતું. પણ આ જે વિચાર છે, તે એક ઉપાસના તરીકે જ હું તમારી સમક્ષ મૂકી રહ્યો છું.

હું જે વિચારો રજૂ કરી રહ્યો છું તે એક સળંગ ક્રમમાં ચાલ્યા આવે છે, એ તમે જોયું હશે. એક કબૂતરખાના – પિજીયન હોલ્સની – જેમ અલગ અલગ ખાનામાં અલગ અલગ ફાળવીને રાખેલા હોય તેવી રીતના વિચારો મેં નથી મૂકયા, પણ વિચારનું એક સુવાંગ મંદિર હોય તે રીતે મેં આ વિચાર સેવ્યો છે અને તે જ રીતે સળંગ સૂત્ર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. એટલે આજે હું જે કહેવાનો છું, તે પણ એ જ ક્રમમાં આવશે.

## ૮૯. લોકશાહીનો આધ્યાત્મિક આધાર : માનવની એકતાનું નિત્ય સ્ફુરણ

મૂળ સિદ્ધાંત શો છો? ભેદમાંથી અભેદ તરફ જવું છે. ભેદમાંથી અભેદ તરફની આ યાત્રાનો આરંભ મમતાથી થાય છે અને એની પરિણતિ तादात्म्यમાં થાય છે. અર્થનીતિ, રાજનીતિ, સમાજનીતિ – એ બધામાં આપણો આ એક સિદ્ધાંત તો પરોવાયેલો જ રહેશે. આ એક સિદ્ધાંતને આધારે જ આપણે તમામ સુધારણાઓ અને તમામ ક્રાંતિઓનો વિચાર કરીશું. લોકશાહીનો આધાર પણ આપણે આને જ માનીએ છીએ.

પ્રબોધભાઈના પ્રશ્નના જવાબમાં મેં પરમ દિવસે કહ્યું હતું (પૂર્વાર્ધના 'ક્રાંતિવિજ્ઞાન' પ્રકરણમાં) કે આખરે એક માણસ બીજા માણસની સાથે શા માટે રહેવા માગે છે? મનુષ્યની સહવાસની વૃત્તિનો આધાર શો છે? આધાર એ છે કે માણસ બીજા માણસની સાથે એકતા અનુભવે છે. એકતાનો એનો આ અનુભવ બુદ્ધિપૂર્વકનો નથી પણ સહજ છે. આને એકતાની ચેતના 'કૉન્શસનેસ' નથી કહેતા. એ એકતાનું જ્ઞાન નથી. પ્રબોધભાઈના નામની જ ભાષામાં કહેવું હોય તો એ એકતાનો પ્રબોધ નથી. એને

એકતાનું સ્ફુરણ કહે છે. પ્રબોધ અને સ્ફુરણમાં શો ફેર ? સ્ફુરણનો શો અર્થ ? જેમ કે 'હું છું' એ વાત માણસે કદી શીખવી પડતી નથી, એ હકીકતનું મનુષ્યે કદી જ્ઞાન સંપાદન કરવું પડતું નથી. એને એવો વિચાર નથી આવતો કે ચાલો, હવે બહાર જવું છે, તો પહેલાં એ જોઈ લઉં કે હું છું કે નથી અને પછી બહાર જાઉં !* આવો વિચાર માણસને આવતો જ નથી. કારણ 'હું છું' એ તો એનું નિત્ય સ્ફુરણ છે. એ જ રીતે બીજા સાથેની મનુષ્યની એકતાનું સ્ફુરણ પણ નિત્ય સ્ફુરણ છે.

### ૯૦. એકતાનાં બે સ્ફુરણ: મમત્વ ને તાદાત્મ્ય–મમત્વ અર્થાત્ પાડોશીધર્મ–એ લોકશાહીનો આરંભ છે

આ નિત્ય સ્ફુરણનો આરંભ મમતાથી થાય છે, એમ મેં કહ્યું તેનો અર્થ શો ? મૈત્રેયીએ યાજ્ઞવલ્ક્યને કહ્યું હતું ને ?— 'न वारे पत्युः कामाय पतिः प्रियो भवति। आत्मनः तु कामाय पतिः प्रियो भवति – પતિને ખાતર પતિ પ્રિય નથી લાગતો, પોતાને ખાતર, આત્માને ખાતર પતિ પ્રિય લાગે છે. જ્યારે કોઈ મરી જાય છે, ત્યારે આપણે પણ નથી કહેતા ?— 'એની તો સદ્ગતિ થઈ, પણ અમે તો અમારાં દુ:ખને રડીએ છીએ.' એટલે કે 'અમારો એની સાથે જે સંબંધ હતો, એને કારણે અમે રડીએ છીએ.' 'અમારી જે મમતા હતી એને કારણે રડીએ છીએ.' તો આ આરંભની ભાવના થઈ. પાડોશી માટેની ચિંતા ને મમતા તે સ્વદેશીધર્મ–એ લોકશાહીનો આરંભ છે.

ઠીક, તો તાદાત્મ્યની ભાવના કેવી હોય છે ? એ તમને પ્રિય કેમ છે ? આત્મરૂપે તમે ને એ એક જ છો તેથી. તમારી ને એની વચ્ચે એક મૂળભૂત એકતા છે, 'ફંડામેન્ટલ યુનિટી' છે, તેથી તમે બંને એકમેકની સાથે એકતા અનુભવો છો. તો એકનો જ્યાંથી આરંભ થયો તેને આપણે નૈતિકતા કહી અને જ્યાં એની પરિસમાપ્તિ થાય છે તેને લોકો મોક્ષ આધ્યાત્મિક અનુભૂતિ, અપરોક્ષાનુભૂતિ વગેરે નામે ઓળખે છે. એવો અનુભવ જેને થયો હોય છે તેને અંગે કહે છે કે એમને અમૃતત્વનો અનુભવ થઈ ગયો છે અને હવે એમને માટે બીજું કશું જ બાકી નથી રહ્યું. ततः केन कं पश्येत्, केन कं विजानीयात् विज्ञातारं अरे केन कं विजानीयात् – ત્યાં બીજું કોઈ રહ્યું જ નહીં એટલે કોણ કોને જુએ

---

* પણ દાંતનું ચોકઠું સંભારીને સાથે લેવું પડે છે, ચશ્મા પણ યાદ કરીને લેવા પડે છે ! —સં.

ને કોણ કોની સાથે વાત કરે? બધાં એક થઈ ગયાં, ત્યારે જોવા-જાણવાપણું ક્યાં રહ્યું?

## ૯૨. તાદાત્મ્ય અર્થાત્ રાજ્યાતીત અવસ્થા: अपना राज अपने पर—લોકશાહીની અંતિમ વ્યવસ્થા છે

આ જે તાદાત્મ્યનો અનુભવ છે તે જ રાજ્યાતીત સ્થિતિનો આધાર હોય છે. લોકસત્તાનો આરંભ મમત્વથી થાય છે અને લોકસત્તાની જે સ્થિતિને આપણે રાજ્યાતીત અવસ્થા કે શાસનમુક્તિ કહીએ છીએ એનો આધાર તમામ લોકો એકમેક સાથેની પોતાની એકતાનો અનુભવ કરે, એવી તાદાત્મ્યની ભૂમિકા પર રહેલો હોય છે. તે પછી કોઈનું કોઈના પર રાજ ચાલતું નથી. મારું રાજ તમારા પર નહીં ને તમારું રાજ મારા પર નહી; કોઈનું રાજ કોઈના પર નહીં; આપણું રાજ આપણા પર! — अपना राज अपने पर।

'अपन' શબ્દ તો હું માનું છું ત્યાં સુધી ગૂજરાતીમાં છે જ. 'આપણે' કહો છો ને? 'આપણે'માં 'હું' અને 'તું' બેય એક થઈ જાય છે. એ સર્વનામ એકલા 'હું'નું પણ બહુવચન નથી અને 'તું'નું પણ બહુવચન નથી. 'હું' ને 'તું'નું મળીને જે ભેગું બહુવચન છે એનું રાજ્ય એ જ લોકસત્તા કહેવાય છે. હિંદીમાં અગાઉ આ अपन શબ્દ હતો. પણ હિંદીવાળા કંઈક એવી તો વિલક્ષણ ભાષાશુદ્ધિ કરી પાડે છે ને એને પરિણામે એમની ભાષાનો વિકાસ એવો તો અવ્યવસ્થિત થાય છે કે કંઈ કહેવા જેવું નથી રહેતું! એ દશામાં अपन ને માટે હિંદીમાં हम શબ્દ આવી ગયો. જ્યારે હું-તું બેયને ભેગા વાપરવાના હોય છે ત્યારે ગામઠી હિંદીમાં अपन चले કહે છે. પણ જેને 'ખડી બોલી' કહે છે, પુસ્તકોમાં જે હિંદી વપરાય છે, તેમાંથી આ अपनને જાકારો મળી ગયો છે. એ લોકો તો કહે છે: हम चले અર્થાત્ 'હું'ના બહુવચનથી આગળ હજી એમની આજની ભાષાએ વિકાસ નથી કર્યો. પણ એમની જૂની ભાષામાં अपन શબ્દ હતો.

આ જે अपनનું રાજ્ય અને अपनની સત્તા છે તે લોકસત્તા કહેવાય છે. અર્થાત્ એ એક એવી સત્તા છે, જેમાં 'હું' અને 'તું'ના ભેદનો લોપ થઈ જાય છે, મારી સત્તા તારા પર નહીં, તમારી સત્તા મારા પર નહીં, આપણી સત્તા આપણા પર. આ અસલી લોકસત્તા કહેવાય છે.

## ૯૨. શાસનમુક્તિ એ રાજ્યશાસ્ત્રનું શાસ્ત્રીય પ્રયોજન છે

આ લોકસત્તાનો વિચાર જે નીતિમાં થાય છે, એ લોકસત્તાની આધારશિલા સમાન જે નીતિ હોય છે, તેને આપણે લોકનીતિ કહીએ છીએ. લોકનીતિનો કદી અંત થતો નથી; જ્યારે રાજનીતિનો અંત તો આપણું ઉદ્દિષ્ટ પણ છે અને એનો અંત આપણને ઇષ્ટ પણ છે. અહીં રાજ્યશાસ્ત્રના જેટલા વિદ્યાર્થી હશે (અને હું માનું છું કે અહીં જે લોકો આવે છે તેમણે મારા કરતાં રાજ્યશાસ્ત્રનું ઘણું વધારે અધ્યયન કર્યું જ હશે) એ લોકો તમને કહેશે કે રાજ્યશાસ્ત્રના દરેક ગ્રંથને અંતે એક એવા દિવસ માટેની આકાંક્ષા વ્યક્ત કરવામાં આવે છે, જે દિવસે કોઈને રાજ્યની આકાંક્ષા જ ન રહે. 'સ્ટેટ વુડ વિધર અવે.' – રાજ્ય પાંદડાંની જેમ ચીમળાઈને ખરી પડશે, એવું કહેનારા સમાજવાદી ને સામ્યવાદીઓ તો જુદા જ, પણ હું તો સર્વસામાન્ય બધા જ રાજ્યશાસ્ત્રીઓની વાત કરું છું. દરેક રાજ્યશાસ્ત્રના પ્રણેતા ને ગ્રંથકર્તા એવી આખરી આશા સેવતા જોવામાં આવે છે કે ભગવાન કરે ને રાજ્ય જ ન રહે એવો દિવસ ઊગે? રાજ્યશાસ્ત્રીઓએ એવી કલ્પના કરી મૂકી છે કે એક કાળે જગતમાં રાજ્યસંસ્થા હતી જ નહીં. જાતિભેદ વિશે પણ એવી જ કલ્પના છે ને કે એક કાળે જાતિ હતી જ નહીં. सर्वं ब्राह्मं इदं जगत् – એક જ બ્રહ્મમય આખું જગત્ હતું, એક જ જાતિ હતી. કોઈ એક યુગમાં આવું હતું એમ માને છે. રાજ્યશાસ્ત્રીઓએ આવી માન્યતા સેવી છે અને ખાસ કરીને તો પેલો 'લેવિયેથન'વાળો હૉબ્ઝ જેણે પ્રાકૃતિક અવસ્થાની વાત કરી છે, તેણે એવું માન્યું છે કે મનુષ્યની ક્યારેક રાજ્યરહિત એવી એક પ્રાકૃત અવસ્થા હતી. જેમ આપણે સતયુગની કલ્પના કરી કે અગાઉ એવો એક યુગ હતો અને જેમ બાઇબલમાં એવી કલ્પના કરવામાં આવી છે કે આદમ ને ઇવ પેદા થયા ત્યારે તદ્દન નિર્દોષ જ હતા, તે રીતે રાજ્યશાસ્ત્રીઓએ એક એવી કલ્પના કરી કે કોઈ કાળે રાજ્યસંસ્થા હતી જ નહીં. પણ તે પછી મનુષ્યોમાં વિકાર પેદા થયા, સ્વાર્થ પેદા થયા ને તેથી રાજ્યસંસ્થાની આવશ્યકતા પેદા થઈ. અને એ રાજ્યસંસ્થાનું પ્રયોજન શું છે? પ્રયોજન એ છે કે ફરીથી રાજ્યસંસ્થાની જરૂર જ ન પડે તેવી અવસ્થા પેદા થાય.

આ વસ્તુ જરા સમજી લેવી જરૂરી છે. લોકોનો એવો ખ્યાલ છે, ને આપણને એ લોકો કાયમ કહ્યા કરે છે કે, રાજ્યરહિત સમાજની કલ્પના

તદ્દન જ અશક્ય વસ્તુ છે. એ શક્ય છે કે અશક્ય તે તો હું નથી જાણતો, પરંતુ એટલું જાણું છું કે રાજ્યશાસ્ત્રનો ઉદ્દેશ એક એવો દિવસ આણવાનો છે કે જ્યારે લોકોને રાજ્યશાસનની જરૂર ન રહે. શાસન શા માટે છે? લોકોને શાસનાતીત બનાવવા માટે. રાજ્યશાસ્ત્રનું આ શાસ્ત્રીય પ્રયોજન છે.

—વૈદ્યને પૂછયું, "વૈદ્યશાસ્ત્રનું શાસ્ત્રીય પ્રયોજન શું છે?"

"એક એવી સ્થિતિ પેદા કરવી કે જ્યારે દવાની જરૂર ન રહે અર્થાત કોઈ એક દિવસે અમારું આત્મવિસર્જન થઈ જાય!"

કેમ ખરું છે ને? વૈદકનું પ્રયોજન આવું જ છે ને? હું કોઈ ડૉકટર પાસે જાઉં ને ધારો કે એ મને કહે કે, "હું તમને એવી દવા આપીશ કે પછી તમે જિંદગીભર મારી પાસે દવા કરાવતા રહો તો જ જીવી શકશો!" તો હું એ ડૉકટરની દવા લઉં ખરો કે?

એથી ઊલટું ડૉકટર જો મને એમ કહે કે "મારી પાસે એક-બે વાર આવ્યા પછી ફરી કદી આવવું જ ન પડે એવી દવા મારી પાસે છે, તો આપણે કહીશું કે આની પાસે તો અકસીર દવા છે, રામબાણ દવા છે!

એ જ રીતે રાજ્યશાસ્ત્રમાં જે શાસન પદ્ધતિને અંતે શાસનની જરૂર જ ન રહે તે શાસન પદ્ધતિ સારી માનવામાં આવે છે.

આ વસ્તુ હું તમારી સામે એટલા માટે રજૂ કરું છું કે સર્વોદયના આપણા એક બહુ મોટા વિચારક પણ મને એકવાર એમ કહી બેઠા હતા કે "તમે આ શું કહો છો? એવું તો કોઈ પણ રાજ્યશાસ્ત્રીએ નથી માન્યું કે રાજ્યસંસ્થાનું કદીયે વિલીનીકરણ થશે." એટલે આ વાત હું જાણીજોઈ ને સ્પષ્ટ કરી રહ્યો છું. રાજ્યશાસ્ત્રનું પ્રવર્તન તો મનુષ્યોમાં અનુશાસન (શિસ્ત) પેદા થાય, તે માટે થયું છે. મનુષ્ય જાતિમાં એક દિવસે એવું અનુશાસન આવી જાય કે રાજ્યની આવશ્યકતા જ ન રહે, એ રાજ્યશાસ્ત્રનું ને રાજ્યસંસ્થાનું પ્રયોજન છે.

### ૯૩. રાજયસંસ્થા અનાદિ ને અનંત નથી, સાદિ ને સાંત છે

હવે, રાજ્યસંસ્થાની ઉત્પત્તિ કેમ કરતાં થઈ, એ કોઈ ઐતિહાસિક હકીકત છે કે કેમ, તે વિશે કોઈનોય એકમત નથી.

—વિન્સેન્ટ સ્મિથે ભારતવર્ષનો ઇતિહાસ લખ્યો. જે કોઈ ભારતવર્ષનો

ઇતિહાસ લખવા બેસે છે, તેની સામે પહેલા સવાલ એ આવે છે કે આર્યો ક્યાંથી આવ્યા. તો લોકમાન્ય ટિળકે કહ્યું : " ઉત્તરધ્રુવથી આવ્યા. " બીજા એકે કહ્યું : " મધ્ય એશિયામાંથી આવ્યા. " ત્રીજાએ તો ત્યાં સુધી કહી પાડયું કે " વિષુવવૃત્ત પરથી આવ્યા ! " ચોથાએ વળી ચોથું અનુમાન ચીંધ્યું, ને પાંચમાએ લખ્યું કે " ક્યાંયથી નથી આવ્યા; અહીં જ મૂળથી હતા ! " આવી બધી ઐતિહાસિક ઉપપત્તિઓનું અવલોકન કરીને વિન્સેન્ટ સ્મિથ બિચારો લખે છે કે " All these theories agree in not being proved! – આ બધી ઉપપત્તિઓ વચ્ચે એક વાતની ભારે સમાનતા છે ને તે એ કે એમાંની એકેય સિદ્ધ નથી થઈ. એમાંનો એકેય સિદ્ધાંત સિદ્ધ થયેલો નથી ! "

રાજ્યસંસ્થાનો જન્મ ક્યારે થયો, કેવી રીતે થયો, એને વિશે રાજ્યશાસ્ત્રીઓના અનેક સિદ્ધાંતો છે. એ બધામાં એક જ સમાનતા છે કે તે પૈકી એકેય સિદ્ધાંત સિદ્ધ નથી થયો. પણ કોઈ સિદ્ધાંત સિદ્ધ ન થયો હોય, તેથી શું તેમાં સત્યાંશ ન હોય ? એમાં સત્યાંશ છે ને તે એટલો કે નાગરિકો વચ્ચે જ્યારે એકમેકને અંગે ભય પેદા થાય છે, ત્યારે બાહ્ય વ્યવસ્થાની આવશ્યકતા પેદા થાય છે. જ્યારે આ ભયનું નિરાકરણ થઈ જાય છે, નાગરિકો વચ્ચે પરસ્પર વિશ્વાસની સ્થાપના થઈ જાય છે, ત્યારે બાહ્ય શાસનની જરૂર પડતી નથી. માટે એટલી વાત તો ખરી કે રાજ્યસંસ્થાનો કદીક આરંભ થયો હશે અને તે જ રીતે કદીક એનો અંત પણ આવી શકે છે. રાજ્યસંસ્થા सादि છે અને सान्त છે, अनादि અને अनंत નથી. રાજ્યશાસ્ત્રમાંથી–તમામ રાજ્યશાસ્ત્રોમાંથી– આટલી વાત આપણે શીખી શકીએ તેમ છીએ. કોઈપણ કૉલેજનું રાજ્યશાસ્ત્રનું કોઈપણ પાઠ્યપુસ્તક ઉપાડીને જુઓ તો તેમાં તમને ઘણું ખરું છેલ્લી વાત આ જ વાંચવા મળશે કે રાજ્યસંસ્થા વિલીન થઈ જાય, એનું પ્રયોજન ને જરૂર ન રહે તેવા એક દિવસની અમે રાહ જોઈએ છીએ.

### ૯૪. રાજ્યસંસ્થા અનિષ્ટ છે તો ઇષ્ટ શું છે? લોકસત્તા : જે આજે રાજ્યશાસ્ત્રના પરમ આદર્શ રૂપે રહેલી છે

તમામ સાંસ્કૃતિક અને સેવાની પ્રવૃત્તિઓનો પરમ ઉદ્દેશ એમનું પોતાનું વિસર્જન થઈ જાય, તે જ છે. અહીં પરીક્ષિતભાઈ બેઠા છે.* તેઓ જો એવી ઇચ્છા કરે કે " હરિજન સેવાની જરૂરિયાત યાવતચંદ્ર

* ગુજરાતના અગ્રણી હરિજન સેવક

દિવાકરો ઊભી જ રહો!" તો આપણે એમને શું એમ કહી શકશું કે "ભલે આપની ઇચ્છા પૂર્ણ થાવ!" રોગ-નિવારણ કરનારું કોઈ એમ ન કહી શકે કે કાયમ રોગ-નિવારણની જરૂર ઊભી રહો. હરિજન સેવા કરનારું કોઈ કદી એમ ન કહી શકે કે હરિજનો કાયમ એમની સેવા કરવી પડે તેવા જ રહે. વિધવા, અનાથ સ્ત્રીઓને મદદ કરનારું કદી એમ ન કહે કે મારા કામની જરૂરિયાત હમેશાં જેમની તેમ જ રહો. લશ્કરવાળો એમ ન કહી શકે કે દુનિયાને કાયમને માટે લશ્કરની જરૂર પડો જ પડો.

આમ દુનિયામાં જેટલી પ્રવૃત્તિઓ સાંસ્કૃતિક વિકાસને માટે ચાલે છે, તે બધી તો મનુષ્યના સમાજમાં રહેવાની, પણ દુઃખ અને દોષના નિરાકરણને માટે જેટલી પ્રવૃત્તિ ચાલે છે તે બધીની મનુષ્ય-સમાજમાં જરૂર ન રહેવી જોઈએ, એ જ એમનું પરમ પ્રયોજન છે. રાજ્યસંસ્થા એક necessary evil છે, એક અનિવાર્ય અનિષ્ટ ગણાય છે. એ આજે અનિવાર્ય છે એમ કહેવાનો અર્થ જ એ કે એ હંમેશાં અનિવાર્ય રહે એવું કોઈએ માન્યું જ નથી; આજ લગી કોઈએ નથી માન્યું અને મારે ને તમારે એમ માની લેવું જોઈએ, એ પણ જરૂરી નથી.

### ૯૫. લોકસત્તા સામેનો પ્રથમ અંતરાય: મનુષ્યની વિચ્છિન્નતા

એક વિચારકે મને એકવાર કહ્યું, "તમે નિષેધાત્મક પક્ષ તો આખેઆખો બરાબર રજૂ કરી દો છો, પણ તમારી વાતમાં કોઈ ભાવરૂપ રચનાત્મક પક્ષ પણ છે ખરો?"

તો આજે હું તમારી સમક્ષ આના ભાવરૂપ પક્ષનો પણ વિચાર કરવા માંગું છું. આનો એક ઘણો મોટો ભાવરૂપ પક્ષ છે અને તે છે: લોકસત્તા. એ જ પરમ સત્તા છે, રાજસંસ્થાની પાછળ પણ એ જ રહેલી છે. પણ તો પછી એ જાતે પ્રકટ કેમ નથી થતી? કારણ લોક વિભાજિત થઈ ગયાં છે. એટલે આજે તો લોકસત્તા ફક્ત એક એવા આદર્શ રૂપે રહેલી છે જેને પ્રાપ્ત કરવી એ રાજ્યશાસ્ત્રનો પ્રગટ કે પ્રચ્છન્ન ઉદ્દેશ હોય છે.

મારું શરૂઆતનું એક વાક્ય તમને યાદ હશે: મનુષ્યના આદર્શ હમેશાં નૈતિક હોય છે, રાજનૈતિક કે અર્થનૈતિક નથી હોતા; આદર્શ હંમેશાં પારમાર્થિક જ હોય છે.

આજ સુધી તો કેવું થતું આવ્યું છે? એક જાતની વહેંચણી થઈ ગઈ છે. ફિલસૂફોએ આ દુનિયાને ફક્ત સમજવા પૂરતી જ કોશિશ કરી.

The philosophers only interpreted the world. સામે જે સૃષ્ટિ છે, જે બ્રહ્માંડ છે તેને સમજવાની મહેનત ફિલસૂફોએ કરી અને પોતાના પ્રયત્નોનાં પરિણામો આપણી સામે રજૂ કર્યાં. The scientist was content merely with discovering the laws of Nature–વૈજ્ઞાનિકે પ્રકૃતિના નિયમો શોધીને સંતોષ માન્યો. પણ ત્યારે દુનિયાને બદલવાનું કામ કોના હાથમાં રહ્યું? અર્થશાસ્ત્રીઓના હાથમાં પણ નહીં, બલ્કે રાજનેતાઓના હાથમાં એ કાર્ય જઈ પડયું! ને રાજપુરુષો મુત્સદ્દીઓ, ફિલસૂફો પણ નહોતા ને વૈજ્ઞાનિક પણ નહોતા. દર્શન અને વિજ્ઞાનથી જે વિમુખ હતા, મૂઢ હતા, તેમના હાથમાં સમાજ અને સૃષ્ટિને બદલી નાંખવાનું કામ આવી પડયું.

હવે જુઓ મજા! કામની આ કેવી વહેંચણી થઈ? કાલે વાત કરેલી ને કે સંત જુદો હોય છે, રાજનેતા જુદો હોય છે અને વૈજ્ઞાનિક જુદો હોય છે, તેવું આ થયું.

—મેકોલેએ ઈંગ્લંડનો ઇતિહાસ લખ્યો છે. ચાર્લ્સ રાજાના નૌકા-સૈન્યનું એમાં વર્ણન આવે છે: There were Seamen and there were Gentlemen. But the Seamen were not Gentlemen and the Gentlemen were not Seamen–નૌકાસૈન્યમાં ખલાસી હતા અને સજ્જનો હતા. પણ જે ખલાસી હતા તે સજ્જન નહોતા અને સજ્જન હતા તે ખલાસી નહોતા! તેમ આમાં, જે રાજા છે તે સંત નથી અને સંત છે તે રાજા નથી. અને બંને મળીનેય શું નથી? મનુષ્ય નથી. આવું એનું પરિણામ આવે છે. આપણે આને બદલી નાંખવું છે. આજે સમાજમાં સંત, ફિલસૂફ, વૈજ્ઞાનિક અને નાગરિક દરેક અલગ અલગ છે. આવું વિભાજન અપ્રાકૃતિક છે, અવૈજ્ઞાનિક છે, તદ્દન કૃત્રિમ છે. આવા વિભાજનથી મનુષ્ય જીવનમાં નાહકનાં ખાનાંખાનાં, Water–tight compartments–હવાબંધ કમરા–ખડા થઇ જાય છે. મનુષ્યનું વ્યક્તિત્વ સમગ્ર હોવું જોઇએ તેને બદલે એ એને multi-personalityમાં–બહુવ્યક્તિત્વમાં ફેરવી નાંખે છે. એકલું દ્વિધા વ્યક્તિત્વ નહીં, પણ બહુધા, સહસ્રધા વિચ્છિન્ન વ્યક્તિત્વ મનુષ્યનું થઈ જાય છે. આપણા વ્યક્તિત્વનાં ઠીંકરેઠીંકરાં થઈ જાય છે આ જાતના ભાંગીભાંગીને ઠીંકરાં જેવા થઈ ગયેલા વ્યક્તિત્વવાળો મનુષ્ય લોકસત્તાનો આધાર નથી થઈ શકતો. આવા દ્વૈતમાંથી લોકસત્તાનું નિર્માણ નથી થઇ શકતું.

## ૯૬. લોકસત્તા સામેનો બીજો અંતરાય : રાજનીતિ

રાજનીતિ ને લોકનીતિ એ શબ્દો વિનોબા વાપરે છે, પણ એમનાં મૂળ બહુ ઊંડાં છે. પેલો પ્રાચીન શ્લોક તમે સાંભળ્યો છે ને? જે રાજાનું કામ કરે છે તેને જનતા નથી ચાહતી અને જે જનતાનું કામ કરે છે તેનો રાજા ત્યાગ કરે છે....इति महति विरोधे नृपतिजनपदानाम् दुर्लभः कार्यकर्ता। આવો મહાન વિરોધ રાજા અને પ્રજા વચ્ચે છે, એટલે રાજા ને પ્રજા બંનેનું ભલું કરે તેવો કાર્યકર્તા બહુ જ દુર્લભ હોય છે. આમ બહુ પ્રાચીન કાળથી જ નરપતિ અને જનપદનાં હિત અલગ અલગ ને વિરુદ્ધ મનાયાં છે. એ બંનેનો સમન્વય કરીને ચાલનાર કાર્યકર્તાએ બજાણિયાની જેમ દોરડા પર ચાલવા જેવો અટપટો ખેલ કરવો પડે છે. આવો સરકસનો ખેલ જે કુશળતાપૂર્વક કરી શકે તેને જ ગુજરાતી–મરાઠીમાં મુત્સદ્દી કહે છે, રાજનીતિનિપુણ કહે છે. ખરું જોતાં તો એવું થવું જોઈએ કે રાજાનું હિત ગૌણ અને પ્રજાનું હિત મુખ્ય હોવું જોઈએ અને એમ કરતાં કરતાં એક દિવસ એવો આવવો જોઈએ જ્યારે રાજાનું* હિત પ્રજાના હિતમાં સમાઈ જાય, વિલીન થઈ જાય. પણ થઈ ગયું છે તેથી ઊલટું. રાજા જ વિષ્ણુનો અવતાર મનાવા મંડ્યો. નહીં તો પછી લોકો એનો હુકમ માને શેના? એનો રાજ કરવાનો હક આવ્યો ક્યાંથી? એટલે કહેવા મંડ્યા : दिल्लीश्वरो वा जगदीश्वरो वा। જે દિલ્હીના સિંહાસન પર બેસે છે તે જ વૈકુંઠમાં પણ બેઠેલો છે. नाऽविष्णुः पृथ्वीपतिः–એમ ગાનારાનો બિચારાનો આશય તો એવો હશે કે વિષ્ણુ સિવાય બીજો કોઈ પણ પૃથ્વીનો પતિ નથી. પૃથ્વીને વિષ્ણુપત્ની કહે છે ને? विष्णुपत्नी नमस्तुभ्यं पादस्पर्शं क्षमस्व मे – હે વિષ્ણુપત્ની ધરતી, હું તને પ્રણામ કરું છું. પણ તને મારા પગ અડે છે તે બદલ તું મને ક્ષમા કરજે! આવી રીતની સ્તુતિ કરે છે ને? આમ પૃથ્વી વિષ્ણુની પત્ની ગણાય છે, એટલે પેલો કહેવા તો એમ માંગતો હશે કે વિષ્ણુ સિવાય કોઈ પણ આ ધરતીનો ધણી નથી. પણ આપણે લોકો તો ભારે ચતુર છીએ, રાજનીતિનિપુણ! મુત્સદ્દી! આપણે એના શ્લોકનો શો અર્થ ઘટાવ્યો? જે જે પૃથ્વીનો માલિક છે તે વિષ્ણુ જ છે! એ શ્લોકમાં જે સિદ્ધાંત હતો તેનો પ્રતિસિદ્ધાંત જ ખરો માની લીધો! એક એવો પ્રતિપ્રમેય ઘડી કાઢ્યો જેને આધારે જમીનદારથી માંડીને બાદશાહ સુધીના તમામ વિષ્ણુના અવતાર થઈ પડ્યા!

* અહીં બધે રાજા શબ્દ, રાજ્યકર્તા એવા વ્યાપક અર્થમાં વપરાયો છે.

આને લોકો Divine Rights દૈવી અધિકાર કહે છે. હવે, રાજા ઈશ્વરનો અવતાર છે, તો પ્રજા શું છે? પ્રજા રાજાની વત્સ છે, છોરું-વાછરું છે. જેમ ગાયને વત્સ હોય છે, તેમ પ્રજા એ રાજાનું વાછરડું છે!

પછી રાજા વિષ્ણુ થઈ ગયો, એટલે એની સત્તા કાળ પર પણ ચાલવા લાગી. ફક્ત પંચતત્ત્વો પર જ નહીં, સૃષ્ટિ એકલી પર પણ નહીં, જમાના ઉપર પણ રાજાનો દોર ચાલવા માંડયો! 'અકબરનો જમાનો', 'ઔરંગઝેબનો જમાનો!' कालो वा कारणं राज्ञः राजा वा काल-कारणम्। इति ते संशयो मा भूत्, राजा कालस्य कारणम् – કાળ રાજાનું કારણ છે કે રાજા કાળનું કારણ છે, એવો સંશય જ તને ન થાવ; રાજા જ કાલનું કારણ છે. અને પછી આવ્યું : यथा राजा तथा प्रजा। જેવો રાજા તેવી પ્રજા! એક પછી એક સૂત્ર બનતું ગયું. મનુષ્યે એક વાર એક ભૂમિકા કબૂલ કરી લીધી એટલે પછી સૂત્ર બનતાં વાર શી?

પરિણામ શું આવ્યું? પરિણામ એ આવ્યું કે જેને આપણે લોક કહીએ છીએ એ લોકમાં કશી શક્તિ જ નથી, લોકોનું કાંઈ અસ્તિત્વ જ નથી અને લોકોની કાંઈ સત્તા જ નથી, એવું થઈ ગયું.

## ૯૭. સત્તા એટલે શું? રાજ્યની પાછળ પણ લોકસત્તા હોય છે, અંધકાર પાછળ પ્રકાશની જેમ

સત્તાનો શાસ્ત્રીય અર્થ કોઈપણ પંડિતને પૂછી લેજો. સત્તાનો અર્થ છે-પ્રભાવશાળી, અસ્તિત્વ, અસરકાર હસ્તી. 'આત્માની સત્તા છે', ઈશ્વરની સત્તા છે', એમ કહે છે તેનો અર્થ એવો નથી કે ઈશ્વરનું રાજ ચાલે છે. આપણે ભજન-કીર્તનમાં 'રાજા રામ રાજા રામ' કહેતા થાકતા નથી. પણ એ રામરાજ્ય કે ઈશ્વરી રાજ્યનો અર્થ એવો નથી લેવાનો કે એ રાજા છે અને આપણે એની પ્રજા છીએ. એની સત્તાનો અર્થ એ છે કે એ ન હોય તો આપણે જીવી ન શકીએ. એક ઉદાહરણ આપું એટલે સ્પષ્ટ થશે.

—હું એક વાર વિમાનમાં જતો હતો. એક નવજવાન બારી પાસે બેઠો બેઠો ઝોકાં ખાતો હતો. મેં એને કહ્યું, "મને બારી પાસે બેસવા દે."

એણે કહ્યું, "બહાર તો અંધારું ઘોર છે. એમાં શું જોશો?"

મેં કહ્યું, "મારે અંધારું જ જોવું છે."

એ બિચારો ગૂંચવાઈ ગયો. પણ એણે જોયું કે આ છે કોઈક

ગાંધીવાળો. એટલે જરૂર ભેજાંગેપ તો હોવો જ જોઈએ! નહીં તો આવું કહે? એ મને કહેવા લાગ્યો, "અંધારામાં શું જોવું 'તું? આંખો મીંચી દો એટલે અંધારું જ દેખાશે."

મેં કહ્યું, "ખોટી વાત. જેની આંખો બંધ હોય તેને તો અજવાળું પણ ન દેખાય અને અંધારું પણ ન દેખાય."

આંખો મીંચવાથી કાંઈ અંધારું દેખાતું નથી. એમ તો પ્રકાશ પણ નથી જોઈ શકાતો. આંખો ખુલ્લી હોય તો માણસ અંધારાને પણ જુવે છે. મારી આંખની રોશનીથી અંધારું પ્રકાશિત થાય છે

આ સત્તા કહેવાય છે. અંધારાની પાછળ પણ પ્રકાશની સત્તા હોય છે. તે વિના માણસ અંધારું જોઈ ન શકત અને અંધારાથી બીત પણ નહીં. જેમની આંખો ઓલવાઈ ગઈ છે તે કદી અંધારાથી બીએ છે ખરા? તમે ઊંઘમાં કદી અંધારાથી બીઓ છો? અને આંખ ઉઘાડી હોય છે ત્યારે?!

—હું અંધારામાં બહાર જવા નીકળું છું ત્યારે: મારો યજમાન બૅટરી લઈને સાથે દોડે છે.

હું કહું છું, "શી જરૂર છે?"

તો કહે છે, "તમારે બહાર જવું છે ને? અને બહાર તો અંધારું છે."

"અંધારું છે એ કેમ જાણ્યું?"

"દેખાય છે ને! હું જોઉં છું કે અંધારું છે," એ મને સમજાવે છે.

"બિલકુલ સાફ દેખાય છે કે અંધારું છે?"

"હા, તદ્દન સાફ અંધારું જ દેખાય છે."

"જરા ફાનસ લઈને જુવો તો!"

"તો તો શેનું દેખાય? ફાનસ લાવું તો તો અંધારું જતું રહે!"

અંધારાની પાછળ આ જે સત્તા છે તે પ્રકાશની છે. એ જ રીતે આપણે ભગવાનની સત્તા માનીએ છીએ. ને એ જ રીતે રાજ્યની પાછળ જે સત્તા હોય છે તે લોકોની સત્તા હોય છે.

### ૯૮. લોકસત્તાનું મહત્ત્વ ભુલાતાં દંડસત્તા જામી: તેના નિયંત્રણનો વિચાર: હૉબ્ઝ, લૉક, રૂસો ને માર્ક્સ

રૂસોના Social Contract—રાજા-પ્રજા વચ્ચેના કરારની જે theory—ઉપપત્તિ છે, એની જડમાં જે વાત છે એ મેં તમારા

સામે રજૂ કરી. તે એ છે કે રાજ્ય ગમે તેટલું શક્તિશાળી હોય, રાજ્યકર્તા ગમે તેટલો જબરો હોય તોયે એનું અધિષ્ઠાન (પાયો) તો હમેશાં લોકસત્તા હોય છે. લોકોની સરકાર હોય યા ન હોય તોયે, લોકસત્તા વિના તો રાજાની હસ્તી જ ન હોઈ શકે. આપણે આ વસ્તુ ભૂલી ગયા હતા.

બધા લોકો ભૂલી ગયા હતા. પરિણામે આપણે રાજાના હાથમાં તમામ અધિકારો સોંપી દીધા અને આપણું બધી વાતે કલ્યાણ કરવાનો ઇજારો આપી દીધો : "તું અમારું કલ્યાણ કરજે !"

"કલ્યાણ મારે કરવાનું હોય, તો કલ્યાણ કરવા માટેનો અધિકાર મને આપો."

"જરૂર આપીએ !"

નાનપણમાં અમે એક ચોપડી વાંચતાં : જહોન ટોડની 'સ્ટુડન્ટ્સ મૅન્યુઅલ' નામની. એમાં એક વાત આવતી હતી :

—એક માલિક હતો. સવારે જાગવાનું એને માટે મુશ્કેલ હતું. એને માટે તમારી શિબિરમાં સવારે ગવાય છે તેવા વૈતાલિક (પ્રભાતિયાં ફેરી) ની રીતે જાગવાનું અશક્ય હતું. અને આ આશ્રમના જેવો ઘંટ પણ એની ઘોર નિદ્રાનો ભંગ કરવામાં અસરકારક નીવડે તેમ નહોતો. એ સવારે ઊઠી જ શકતો નહીં. લોકો જઈ જઈને એની પાસે ઘંટ વગાડતા ત્યારે મહામહેનતે જાગતો.

એ હતો મોટો જમીનદાર. છેવટે એણે નોકરને કહ્યું : "કાલથી મારે રોજ સવારે ફરવા જવું છે. સવારે તારે મને કોઈ પણ ઉપાયે જગાડવાનો. તો જ તને પગાર મળશે."

વળતી સવારે નોકર તો ગયો. બૂમો પાડી પાડીને થાકયો. પણ સળવળે તે બીજા. બપોરે માલિક જાગ્યા ને કહે : "તેં મને કેમ સવારે જગાડયો નહીં ?"

નોકર કહે : "હજૂર, આપના કાન પાસે જોરજોરથી બૂમો પાડી, પણ આપ ઊઠ્યા નહીં."

"આ ખુલાસો નામંજૂર છે. તને આજનો પગાર નહીં મળે. હવે પછી બૂમથી આગળનું પગલું ભરતો રહે."

બીજે દિવસે નોકરે માલિકને ખૂબ ઢંઢોળ્યા, તોયે તેઓશ્રી ઊઠ્યા નહીં.

ત્રીજે દિવસે જઈને માથે પાણીનો ઘડો ઠાલવ્યો. માલિક ઊઠ્યા નોકરને એક તમાચો ચોડી દીધો ને પાછા સોડ તાણીને ઘોરી ગયા!

અને બપોરે ઊઠીને પાછા નોકરનો પગાર કાપતા રહ્યા!

એટલે ચોથે દિવસેય, પાછો નોકરે તો પાણીનો એક ઘડો જ ઠાલવ્યો, પણ વધુમાં માલિક જેવા ઊઠ્યા કે તરત નોકરે એમને એક તમાચો ચોડી દીધો! અને પછી તો બંને બથંબથ્થા પર આવી ગયા. માલિકની ઊંઘ ઊડી ગઈ. કહે: "હાં, આજે તેં મને જગાડ્યો ખરો!"

આ રાજસત્તાનું 'સેંકશન' ઉર્ફે દંડશક્તિ કહેવાય છે. આપણે રાજાના હાથમાં સત્તા આપી, પણ આપણે આપણી જાતને એટલી તો ગાફેલ ને બેવકૂફ માની લીધી કે એને ઉપરથી કીધું: "અમારું કલ્યાણ કરવાની સર્વ સત્તા તને સોંપી એટલું જ નહીં, અમે જાતે અમારા કલ્યાણ માટે તૈયાર ન થઈએ, તો અમને મારીમારીને પણ તું અમારું કલ્યાણ કરજે! કોઈ પણ રીતે કલ્યાણનો ઈજારો તારે સંભાળવાનો છે."

આને અનિયંત્રિત રાજસત્તા કહે છે. આ Hobbes–હોબ્ઝની થિયરી કે સિદ્ધાંત છે.

હોબ્ઝ, લોકે અને રૂસો-એ ત્રણ નામો રાજ્યશાસ્ત્રમાં બહુ મહત્ત્વનાં મનાય છે. રાજ્યશાસ્ત્રમાં જે ક્રમિક વિકાસ થયો તે આ ત્રણને કારણે થયો, એમ રાજ્યશાસ્ત્રના અભ્યાસીઓ કહે છે. અને એમના પછી માર્ક્સ આવ્યો.

હોબ્ઝ, લોકે અને રૂસો—એ ત્રણેયના સિદ્ધાંતો વિગતવાર બતાવવાની જરૂર નથી. હોબ્ઝની સામે લખો: Absolute Monarchy–અનિયંત્રિત રાજસત્તા; લોકેની સામે લખો: Limited Monarchy–નિયંત્રિત રાજસત્તા અને રૂસોના નામની સામે લખો: Democracy–લોકસત્તા.

રૂસોથી રાજસત્તાનું નિરાકરણ અને લોકસત્તાની સ્થાપનાનો આરંભ થાય છે. ને તે પછી માર્ક્સ આવે છે. માર્ક્સ જોડે 'લોકસત્તા' શબ્દ વાપર્યો નથી. પણ democracy for the underdog–પદદલિતોનું રાજ્ય એ ઇચ્છતો હતો. એણે 'દલિતોનું અધિરાજ્ય' (Dictatorship of the Proletariat) શબ્દ વાપર્યો છે, પણ એનો અસલ અર્થ આટલો જ હતો; એને ગરીબો માટેની લોકશાહી જોઈતી હતી.

### ૯૯. લોકસત્તાના મૂળ અધિષ્ઠાન સમી આસ્થા: દરેકે દરેક મનુષ્યમાં કંઈક ઈમાન હોય જ છે

માર્ક્સ આપણને અહીં સુધી લાવ્યો. હવે સવાલ એ છે કે લોક-

શાહીના વિચારોનું મૂળ ક્યાં છે? એમાં વિરોધ ક્યાં ઊભો થયો છે? અનેક બિચારો, ચર્ચાઓ ને અનેક શબ્દો વપરાયા છે, પણ તમે એ બધી શબ્દોની જંજાળમાં ન પડશો. સાર ગ્રહણ કરી લેજો.

રૂસોનો એક 'જનરલ વિલ'નો સિદ્ધાંત છે. લોકસત્તાનો આધાર શો છે? તો કહ્યું: સામુદાયિક ઇચ્છાશક્તિ! પણ સર્વની સામુદાયિક ઇચ્છા કોને કહેવી? કઈ રીતે તે જાણવી, એ સવાલ પેદા થાય છે. આને વિશે જુદા જુદા ચિંતકોએ જુદી જુદી વાતો લખી અને એ બધો ઝઘડો દશકાંઓ લગી યુરોપના રાજ્યશાસ્ત્રીઓ, વિચારકો, અને સમાજશાસ્ત્રીઓની વચ્ચે ચાલતો રહ્યો. એ સઘળી ભાંજગડ સાથે આપણે કશી લેવાદેવા નથી. એને થોડાક વ્યાવહારિક રૂપે હું તમારી સામે મૂકી દઈશ, જેથી એનું તાત્પર્ય તમારા ધ્યાનમાં તરત બેસી જાય.

દરેક સારા માણસમાં કંઈ ને કંઈ બૂરાઈ તો હોય છે, એ તો આપણે માનીએ જ છીએ. અપવાદરૂપ કેટલાક માણસો સોળ આની સારા હોઈ શકે છે, અરે, સત્તર આના ને બે પાઈ સારા પણ હોઈ શકે છે. પણ એવા આદર્શ મનુષ્યોનો અપવાદ જતો કરીએ, તો ઘણુંખરું દરેક સારા માણસમાં ઓછીવત્તી કંઈક બૂરાઈ હોય છે. આ તો જાણે સર્વસ્વીકૃત વાત થઈ. પણ જે વાત દુનિયામાં માનવામાં આવતી નથી તે એ છે કે દરેક બદમાશમાં કંઈક ને કંઈક ઈમાન હોય જ છે.

આ લોકસત્તાનો આધાર છે. The strength of the chain is in the weakest link—સાંકળની જે સૌથી કમજોર કડી હોય છે, તે જ સાંકળની વધુમાં વધુ મજબૂતી બતાવે છે. કેમ કે, સાંકળ તૂટવાની હોય છે ત્યારે ત્યાંથી જ તૂટે છે. નબળી કડીની જેટલી મજબૂતી હોય તેટલો જ ભાર સાંકળ વેઠી શકે.

તો, લોકસત્તાનો આધાર કોણ છે? લોકસત્તાની વિભૂતિ કોણ છે? સર્વસાધારણ મનુષ્ય, નાગરિક, ટોળું નહીં. ટોળું તદ્દન જુદી વસ્તુ છે. ટોળામાં મનુષ્ય ખોવાઈ જાય છે. આજકાલ એમ કહેવામાં આવે છે કે "This is Government for the Masses." (આ તો સમુદાય માટેની સરકાર છે.) અરે ભાઈ Masses નહીં People કહો, 'સમુદાય' નહીં 'જનતા' કહો. આપણાં સમાજવાદીઓ અને સામ્યવાદીઓ આ બાબતમાં બડા ચતુર હોય છે. એ લોકો 'સમુદાય' નહીં 'જનતા' કહે છે.

Mass એટલે કે સમુદાય કે ટોળું એ અલગ વસ્તુ છે. અને People એટલે 'લોક' એ જુદી વસ્તુ છે. એક સ્થળે શંકરાચાર્યે લોકની ઘણી સુંદર વ્યાખ્યા કરી છે. लोक्यते इति लोकः। लोकयति इति लोकः। लोक्यते અને लोकयति એ બંને ગુણો છે. એટલે કે, જે દેખાય છે તે લોક છે અને આમ કહેવામાં એને દેખનાર કોઈ જુદા હોવા જોઈએ એટલે કહ્યું કે लोकयति, જેને આંખ છે, જે જુએ છે, તે લોક છે. તાત્પર્ય એ કે લોકમાં પોતાની Consciousness – ચેતના, સભાનતા જોઈએ. એ માત્ર મનુષ્યતાનો એક જથ્થો (Mass) હોય એટલું બસ નથી. લોક તે છે જેનામાં પોતાની કાંઈક દૃષ્ટિ, કંઈક આંખ હોય, પોતાની આગવી એવી કોઈક ચેતના હોય. માટે લોક પ્રત્યક્ષ પણ હોવા જોઈએ ને એની કોઈક દૃષ્ટિ પણ હોવી જોઈએ. લોક દેખાય પણ ખરા અને જાતે દેખવાની શક્તિ પણ ધરાવે. આજે તો કેવું છે? એ ફક્ત દેખાય છે. પણ દેખવાની શક્તિ એનામાં છે એવું કોઈ કહે તેમ નથી.

તો લોકસત્તામાં શું હોવું જોઈએ? લોકસત્તાની વ્યવસ્થા શેને માટે છે? લોકસત્તામાં બે વાતો આવે છે. For the benefit of everybody and at the expense of everybody. એટલે કે વ્યવસ્થાના લાભમાં દરેકનો ભાગ હોય અને એટલે એને માટે દરેકનો ત્યાગ પણ હોય. બધાને માટે વ્યવસ્થા હોય એટલું પૂરતું નથી. એ વ્યવસ્થામાં દરેકે ભાગ લેવો જોઈએ. અને ભાગ લેવાનો અર્થ શું? એ કે એમાં દરેક કંઈ ને કંઈ ભોગ આપતું હોય. કરવેરાનો સિદ્ધાંત આમાંથી જ પેદા થાય છે. કર કેમ લે છે? એટલા માટે લે છે કે રાજ-વહીવટમાં બધાએ કંઈક ને કંઈ ત્યાગ કરવો જોઈએ, ભોગ આપવો જોઈએ. અને વહીવટમાં બધાનો ભાગ હોવો જોઈએ, એ દૃષ્ટિથી નાગરિકને વોટ આપવામાં આવ્યો છે. આમ વોટ એ વહીવટમાં નાગરિકનાં ભાગનું પ્રતીક છે અને ટેક્ષ એ લોકોના ભોગનું પ્રતીક છે. વોટ અધિકારનું પ્રતીક છે, અને કરવેરો કર્તવ્યનું પ્રતીક છે. દરેક નાગરિકના માથા પર કર્તવ્ય પણ હોવું જોઈએ અને હાથમાં અધિકાર પણ હોવો જોઈએ.

વળી વહીવટ સર્વને માટે હોવો જોઈએ, કોઈ એકને માટે નહીં, અને થોડાંને માટે તો હરગિજ નહીં. ૧૦૦માંથી ૯૦ને માટે વ્યવસ્થા કરાય એ બિલકુલ ન ચાલે.

હવે આ વસ્તુમાં મૂળ આધાર કયો? શા માટે એકેએક જણને માટે વ્યવસ્થા હોવી જોઈએ? શા માટે એમાં બધાનો મત હોવો જોઈએ? દરેક જણમાં, સર્વમાં, આને માટે એવી શી પાત્રતા છે, કે જેને કારણે લોકશાહીમાં સાધારણમાં સાધારણ, હાલી-મવાલી તમામ નાગરિકનો આવો સમાન અધિકાર માનવામાં આવે? એવી સમાનતાનો તાત્ત્વિક પાયો શો છે? તાત્ત્વિક પાયો એ છે કે હાલી-મવાલી તમામ નાગરિકમાં પણ સત્ પ્રવૃત્તિ છે, સત્ તત્ત્વ છે.* જે દુર્જનમાં દુર્જન છે તેનામાં પણ ઈમાન હોય છે. જે સૌથી બેઈમાન, દુષ્ટ હોય છે, તેમાં પણ ઈમાન હોય છે.

તો શું કરવું જોઈએ? સમાજમાં દુષ્ટ ભલે હોય, નષ્ટ કોઈ ન થાય. નષ્ટનો અર્થ છે Lost, રઝળી પડેલું.. સમાજમાં રઝળી પડેલું કોઈ ન હોવું જોઈએ. થોડા સારા લોકો છે, થોડા બૂરા લોકો છે. સારા લોકોમાંયે બૂરાઈઓ છે અને બૂરા લોકોમાં પણ કંઈક સારપ છે. તેથી તો લોકસત્તાને માટે આધાર છે, એને માટે અવકાશ છે. આ વસ્તુ માનવાની જે ના પાડે, તેને વિશે તમે બરાબર સમજી લેજો કે એ લોકસત્તાને જ માનતો નથી. માણસ હજાર વાતો કરતો હોય, બહુ મોટો નૈતિક, આધ્યાત્મિક પુરુષ હોય, ભારે સહૃદય ને દયાવાન હોય, હજારો ગુણોની ખાણ હોય, તેમ છતાં જો માણસ એક વાત ન માનતો હોય તો એ 'ડેમોક્રેટ'–લોકશાહીવાદી નથી. તે વાત એ કે સાધારણ નાગરિક પણ સત્પ્રવૃત્ત છે. બીજી અવાંતર અડચણો ન આવી પડે તો સાધારણ માણસની પ્રવૃત્તિ સારી જ રહેવાની અને દુષ્ટમાં દુષ્ટમાં પણ અમુક સદ્ગુણ તો હોય જ છે. આવું જે ન માનતો હોય તેને લોકસત્તામાં જરાયે વિશ્વાસ નથી. બીજા શબ્દોમાં કહું તો જેને જેને લોકસત્તામાં વિશ્વાસ હોય, તેની અંદર potentially–બીજરૂપે 'રવિશંકર મહારાજ' રહેલા હોવા જોઈએ. 'બીજરૂપે' કહેવાનું તાત્પર્ય એ કે માણસમાં એવી શ્રદ્ધા ને નિષ્ઠા હોવી જોઈએ કે આ ગુનેગાર મનાતા, બહારવટિયા ગણાતા ને સમાજમાંથી હડધૂત થતા લોકોમાં પણ માનવતાનો અંશ

* વિનોબા આને આત્માની સમાનતા કહે છે. દરેકે દરેકમાં સત્ તત્ત્વ રૂપ આત્મા છે એ જ દરેકના સમાન મતાધિકારનું મૂળભૂત કારણ છે. એવું વિનોબાજી માને છે. તે વિના સમાન મતાધિકારનું કોઈ તર્કશુદ્ધ કારણ નથી. કેમકે કેવળ બુદ્ધિ, ગુણ વગેરેમાં તો પુષ્કળ અસમાનતા હોય છે. માટે વિનોબા લોકશાહીની પાછળ અધ્યાત્મનું અધિષ્ઠાન માને છે. —પ્ર.

સંતાયેલો પડયો જ છે. લોકસત્તાના સંદર્ભમાં આને આસ્તિકતા કહે છે. આ જે માનવનિષ્ઠા છે, માનવી ઉપરનો હાર્દિક વિશ્વાસ છે, તે જ આસ્તિકતા કહેવાય છે. Faith in Human Nature—માનવસ્વભાવમાં આસ્થા હોવી અર્થાત્ માનવનિષ્ઠા કે લોકનિષ્ઠા હોવી એ જ અસલ આસ્તિકતા છે.

## ૧૦૦. આવી માનવનિષ્ઠા માટેના પૌરાણિક આધારો

વજુભાઈએ સવાલ પૂછેલો કે શું આ લોકશાહીની વાતને માટે આપણી પરંપરામાં કાંઈ આધાર મળી આવે છે ખરો? આનો જવાબ આપતાં પહેલાં એક વાત કહી દઉં કે આપણા દેશમાં નાનાં નાનાં ગણરાજ્યો કદીક હતાં, પણ તમે જેને વાસ્તવિક લોકસત્તા કહો છો તે આપણે ત્યાં કદી નહોતી. આપણે એવા ભ્રમમાં ને ભ્રમમાં ફુલાયા કરવું ન જોઈએ. નહીં તો એનું તો એવું છે ને કે સ્ટીમએંજિન નીકળ્યું તો કહે કે "આ તો અમારા વેદમાં પણ છે."

"ક્યાં છે?"

તો કહે: "अग्निमीळे पुरोहितम् એવું વેદમાં આવે છે."

હવે આ अग्निमीळे पुरोहितम् માંથી સ્ટીમએંજિન કેવી રીતે નીકળે એ વાત જરા અટપટી જ ગણાય! પણ આપણા લોકોએ આ રીતે બધી જ નવી વસ્તુઓને પ્રાચીન ગ્રંથોમાંથી ખોળી કાઢવાની કોશિશો કરી છે.

આવી કોશિશો આપણે છોડી દઈએ. આપણે એ વાત માની લેવી જોઈએ કે નવા જમાનામાં ઘણો નવો વિકાસ થયો છે અને એ વિકાસને એક તબક્કે લોકસત્તાનો આરંભ થયો છે.

પરંતુ લોકસત્તાનું અધિષ્ઠાન તો મનુષ્યના સ્વભાવમાં રહેલું છે. એટલે એ અધિષ્ઠાન આપણી પરંપરામાં છે, તે શોધી શકાય તેમ છે. એમ ન હોય તો તો લોકસત્તાનો આરંભ જ ન થઈ શકત. આ પરંપરાગત અધિષ્ઠાન ક્યાં છે? એ તમને બતાવી દેવાનું મારું કર્તવ્ય છે.

સંસ્કૃત ભાષામાં Satan શેતાનને માટે કોઈ શબ્દ જ નથી. આ વાત હું બહુ સાહસપૂર્વક કહું છું. મારી બાજુમાં જ પંડિત સુખલાલજી બેઠા છે, ને એટલે જ કંઈક નિર્ભયતાપૂર્વક પણ કહું છું કે સંસ્કૃતમાં શેતાનના બરાબર પર્યાય હોય તેવો એકે શબ્દ નથી. હા, राक्षस શબ્દ છે; दानव ને दैत्य શબ્દ છે. પણ તમને તો ખબર છે ને કે આ આપણા दानव,

દૈત્ય વગેરે કોઈ કોઈ તો આપણા દેવોના સાવકા ભાઈઓ જ હતા તે! અને એમાંના ઘણા તો દેવભક્ત ને શિવભક્ત પણ હતા. એટલે એ કાંઈ શેતાન* ન હોઈ શકે. શેતાનના અર્થનો વિચાર કરીએ તો તો આ આપણા દૈત્ય, દાનવ ને રાક્ષસ બહુ કાચા પડે. શેતાનની સરખામણીમાં તો એમની કશી વિસાત જ નથી.

—ધિરેનભાઈએ એકવાર કહ્યું હતું કે "આ અમીરોની સત્તા એ કંસનું રાજ છે."

એનાથી સરકારના માણસો બહુ ચિડાયેલા કહેતા હતા "આ કૉંગ્રેસને ગાળો દે છે, સરકારને ગાળો દે છે. અમને કંસ કહે છે?"

ત્યારે મેં ધિરેનભાઈને કહ્યું: "તમે તે કેવા માણસ છો? સીધી વાત કદી કરતા જ નથી? કડવું વેણ કાઢીને શું કામ મોં ખરાબ કરો છો? એવું શા માટે નથી કહેતા કે આ તો કૃષ્ણના મામાનું રાજ છે?!"

હું આ વાત એટલા માટે તાજી કરી રહ્યો છું કે એમાં ફક્ત ગંમત નથી. હું તમને લોકોને એ બતાવવા માંગું છું કે જેની કૂખે કૃષ્ણ પાકયા હતા, તે દેવકી પણ કંસની બહેન હોઈ શકે છે! જેની કૂખે પ્રહ્લાદ પાકયો, તે એક રાક્ષસ-દંપતી હોઈ શકે છે અને જેમને ખોળે રાવણ જન્મ્યો તે એક તપસ્વી બ્રાહ્મણ હોઈ શકે છે. આપણે ત્યાં જો કોઈએ દાનવો, અને રાક્ષસોને એક અલગ યોનિ-અલગ પ્રાણી-માની લીધી હોય તો તેને નાસ્તિક જ ગણવો પડશે. તપસ્વીનું પતન થાય છે એટલે એ રાક્ષસ થઈ જાય છે, એટલું જ આપણા પૂર્વજોએ આપણને કહ્યું હતું ને?

હવે આ મહાન રાક્ષસો કયાંથી આવ્યા તે જાણો છો ને? વિષ્ણુના દ્વારપાળ હતા – જય ને વિજય. એ જ શાપ પામીને હિરણ્યકશ્યપુ ને હિરણ્યાક્ષ બન્યા, રાવણ ને કુંભકર્ણ બન્યા અને કંસ ને શિશુપાલ બન્યા. એવી કથા છે ને? એ દુષ્ટો તો શાપભ્રષ્ટ તપસ્વીના જ અવતારો હતા.

કાલે જો આપણે ગાંધીવાળા પણ ભ્રષ્ટ થઈ જઈએ, તો યાદ રાખજો કે આપણે કોઈ વચલી અવસ્થામાં નથી રહેવાના. આપણે લોકો બસ સીધા જ જઈને પડીશું—રાક્ષસ યોનિમાં! તપોભ્રષ્ટ તપસ્વીને માટે બીજું કોઈ સ્થાન જ નથી. એટલે તો આપણે ત્યાં રાક્ષસોની કોઈ સ્વતંત્ર યોનિ માની નથી.

---

* પાશ્ચાત્ય કલ્પનામાં બે મૂળ સત્તાઓ છે: એક ઈશ્વર ને બીજો શેતાન.

બીજું, પુરાણો વાંચતાં તમે એ એક હકીકતની પણ નોંધ લીધી હશે કે જે કોઈ મહાન રાક્ષસ મર્યો તે મરતાં બરાબર વિષ્ણુ ભગવાનની જ્યોતિમાં સમાઈ ગયો. આવે છે ને એવું વર્ણન? શિશુપાલનો શિરચ્છેદ થયો, એની જ્યોતિ નીકળીને કૃષ્ણમાં સમાઈ ગઈ. રાવણ હણાયો કે જ્યોતિ નીકળીને રામમાં સમાઈ ગઈ मरणांतानि वैराणि, મરણની સાથે વેરનો અંત આવ્યો અને રામ-રાવણ એક થઈ ગયા. પેલું શરીર વચમાં નડતું હતું તે જાય એટલી જ વાર હતી.

### ૧૦૧. આસ્તિકતાની વિકસતી ભૂમિકા: વેદ-ઈશ્વર-માનવ

આ જે એક આસ્તિકતા છે, તે બહુ મોટી આસ્તિકતા છે. આપણે ત્યાં શેતાનને માટે પણ ભગવાનની સત્તાની આવશ્યકતા ગણાઈ છે. પ્રકાશ વિના અંધકારને દેખી શકતો નથી; ભગવાનની સત્તા ન હોય તો શેતાનને દેખી શકતો નથી. શેતાનનું કશું સ્વતંત્ર અસ્તિત્વ નથી. બુરાઈ ને દુર્ગુણ અભાવરૂપ છે. ફક્ત સદ્‌ગુણ ભાવરૂપ છે. તેથી તમામ દુર્ગુણો સદ્‌ગુણોને આધારે જ જીવે છે. દુર્ગુણ પોતે પોતાને આધારે કદી પણ જીવી શકતા નથી. એને સદ્‌ગુણનો ટેકો લેવો પડે છે. શેતાન જીવે છે તો તે પણ ભગવાનને આધારે જ જીવે છે.

આને આસ્તિકતા કહે છે અને તે જ લોકસત્તાનો આધારભૂત સિદ્ધાંત છે.

તેથી હું પેલું 'જનરલ વિલ' વગેરે બધું જ પડતું મૂકું છું. આ દેશની પરંપરાગત પરિભાષા ઉપાડું છું. આ દેશની પરંપરામાં લોકશાહી માટેનો મૂળ આધાર આસ્તિકતામાં રહેલો છે. ને આસ્તિકતાની વ્યાખ્યા વિકસતી રહી છે.

આસ્તિકતાના અગાઉ બે અર્થ થઈ ચૂકયા છે: પહેલાં વૈદિકોને આસ્તિક કહેતા. નિરીશ્વરવાદી હોય, ઈશ્વરમાં ન માનતો હોય, પણ વેદમાં માનતો હોય તો તે આસ્તિક કહેવાતો. અને જે ઈશ્વરમાં માનતો હોવા છતાં, વેદમાં આસ્થા ન ધરાવતો હોય તે નાસ્તિક કહેવાતો.

તે પછી જે કોઈ ઈશ્વરવાદી હોય તે આસ્તિક કહેવાવા લાગ્યો ને નિરીશ્વરવાદી નાસ્તિક ગણાતો થયો.

આજે હવે લોકશાહીના સંદર્ભમાં, આસ્તિક તે છે જેને મનુષ્યની મૂળભૂત સત્પ્રવૃત્તિમાં વિશ્વાસ છે. મનુષ્ય મૂળે સારો જ છે અને

પરિસ્થિતિજન્ય વિકારોને કારણે જ તે દુષ્ટ થાય છે, આવી મૂળભૂત માનવનિષ્ઠા લોકશાહી માટે જરૂરી છે. મનુષ્ય દુષ્ટ ભલે હોય, પણ કોઈ નષ્ટ નહીં હોય, રઝળી પડેલો કોઈ નહીં હોય. તમામનો ઉદ્ધાર થઈ શકે તેમ છે. તમામ લોકસત્તામાં નાગરિક બની શકે છે.

બીજી એક વાત પણ આમાં મૂળભૂત ગણાય તેવી આવી જાય છે.

પહેલાં એક સિદ્ધાંત કહી દઉં છું અને પછી એનું વિવરણ કરીને થોડું સમજાવી લઉં છું, કેમકે કેટલીક નવી વાતો અટપટી જણાય તેવી હોય છે.

આસ્તિકતાની વ્યાખ્યા શી છે? દુર્જનની પણ સત્પ્રવૃત્તિમાં વિશ્વાસ, સામાન્ય મનુષ્યની સત્પ્રવૃત્તિમાં મૂળભૂત શ્રદ્ધા. હવે એ મનુષ્યની અંદર ભગવાન સંતાયેલો છે કે નહીં? તો કહી દેજો: "અમને ખબર નથી." ભગવાન નહીં તો બીજું શું દરેક જણમાં પડેલું છે? દરેક દુર્જનમાં પણ અમુક ઈમાન હોય છે. ચોરોમાં પણ ઇમાન હોય છે. ચોર પણ એકમેકની ચોરી નથી કરતા. અને આ અમદાવાદ તો વેપારીઓનું શહેર છે. એટલે તમે સટોડિયા તો જોયા જ હશે. શું એમની વચ્ચેના વહેવારમાં કાગળિયાં, વાઉચર કે દસ્તાવેજ તમે કદી જોયાં કે? એવું સાંભળ્યું કદી કે એ લોકો અદાલતમાં ઝઘડો લઇને ફેંસલો કરાવવા ઊપડયા? 'એણે કબૂલ કર્યું હતું ને હવે ફરી જાય છે.' એવી વાત સાંભળી કદી? રૂમાલની નીચે હાથ હોય છે અને શી ખબર નીચે શું કરે છે તે તો! આપણને તો ખબરે નથી પડતી. પણ તેમ છતાં એ લોકો એકમેકની સાથે ઈમાન રાખે છે.

દુનિયામાં કોઈ જૂઠું કામ ઈમાન વિના થઈ નથી શકતું. હવે કહો કે આની સૃષ્ટિ કેવી અદ્ભુત છે? એને જેણે બનાવી હશે તે ભારે જબરો કલાકાર હોવો જોઈએ! મને તો ખબર નથી, હું એને ઓળખતો નથી. પણ જે હોય તે જબરો કલાકાર હોવો જોઈએ. વગર ટિકિટે કદીક મુસાફરી કરી પાડું ખરો. ને દસ્તાવેજના કાનામાતરનો લાભ લેવા કચેરીએ ચડીને લડવામાંયે પાછી પાની ન કરું. પણ અમદાવાદના સ્ટેશન માસ્તરને જો એમ કહું કે મારું આટલું કામ કાઢી આપો, કાલે રૂ. ૫૦૦)ની લાંચ આપી જઈશ, બરાબર સવારના પાંચના ટકોરે, તો ઇમાનદારીપૂર્વક વહેલો ઊઠીને સમયસર નાણાં પહોંચતા કરી આવું છું ને ઉપરથી એની રસીદ, પહોંચ, પાવતી કશું જ માંગતો નથી!

દુનિયામાં એકે જૂઠું કામ ઈમાનદારી વિના થઈ જ શકતું નથી. તમે એમ ન સમજતા કે હું ઈમાનની વાત કરું છું તે કોઈ આધ્યાત્મિક, નૈતિક કે જરીપુરાણા નીતિશાસ્ત્રની બારાખડી તમને શીખવવા માંગું છું. આ હું જે સિદ્ધાંત કહું છું તે કોઈ આસમાનનો, હવાઈ સિદ્ધાંત નથી. આ તો રોજરોજ જે થઈ રહ્યું છે, તે જ કહું છું. બજારમાં સટોડિયો સત્યાચરણ કરી રહ્યા છે. ચોર બધા ઈમાનને ભરોસે ચોરી કરે છે. એમને એકમેક પર ભારે ભરોસો હોય છે.

હું તમને એટલું જ કહું છું કે સટોડિયા અને ચોરમાં જે ઈમાન છે, તે શું પ્રતિષ્ઠિત નાગરિકોમાં ન આવી શકે? શું એને તમે અસંભવ માનો છો? પણ ત્યારે એ કેમ નથી આવતું? એમાં રુકાવટ કઈ વાતની છે?

★

१०

# રાજનીતિ-વિચાર

## ( ख )

## સંપ્રદાયવાદ અને જાતિવાદ

☆

१०२ મુખ્ય અંતરાય : રાજનીતિ માનવોને સંપ્રદાયોમાં વહેંચે છે.

१०३ ચૂંટણી લડશો નહીં, ચૂંટણી રમો !

१०४ પિકવિક–શાહી.

१०५ લોકપ્રિયતાનું લીલામ.

१०६ ગાંધીનું સ્વરાજ અને કોંગ્રેસનું સ્વરાજ.

१०७ પક્ષ પદ્ધતિનો જન્મ.

१०८ પક્ષ પદ્ધતિના દોષો.

१०९ સંપ્રદાય : જેમાં જઈ શકાય, પણ જેમાંથી નીકળાય નહીં.

११० જાતિ : જેમાં કોઈ આવી નથી શકતો, તેમ જ જેમાંથી કોઈ જઈ નથી શકતો.

१११ બીજું લક્ષણ : ઉચ્ચ-નીચ ભાવ.

११२ ક્રાન્તિનાં ત્રણ પગલાં – વર્ગ નિરાકરણ, સંપ્રદાય નિરાકરણ, જાતિ નિરાકરણ.

મુખ્ય અંતરાય એમાં એ નડે છે કે મનુષ્યોએ પોતાની જાતને સંપ્રદાયોમાં વહેંચી નાંખી છે. તો આપણે હવે આ સાંપ્રદાયિકતા એ શી વસ્તુ છે તે જરા જોઈ લઈશું.

આનાથી લોકો કેવી રીતે વહેંચાઈ જાય છે, તે હવે બતાવું છું. લોકો કહે છે : "બસ પક્ષ નથી, તો લોકશાહી જ નથી ! ઉમેદવારી નથી, તો લોકશાહી નથી."

તમે જ કહો આમની સાથે વાત કેવી રીતે કરવી ? ભારે મુસ્કેલી ઊભી કરી છે ! અને પાછા શાસ્ત્રોને આધારે જ આવી બધી વાતો કરવાનો એમનો દાવો હોય છે ! શાસ્ત્ર પણ કદી કદી ભારે ભયાનક વસ્તુ થઈ પડે છે. શાસ્ત્રનો સ્વભાવ જ એવો હોય છે કે એ પુસ્તકની બહાર પોતાની બુદ્ધિને નીકળવા જ નથી દેતા. એ કહે છે કે જે પુસ્તકની બહાર છે, તે શાસ્ત્રીય નથી !

અમારે ત્યાં એક છોકરો એકવાર માંદો પડ્યો....જુઓ, ઘણીખરી વાતો હું કાલ્પનિક કહેતો હોઉં છું. પણ કવચિત્ સાચી ઘટનાઓ પણ કહી દઉં છું. આ સાચી ઘટના છે....એને તરસ લાગી. ત્યારે વૈદ્ય કહે છે : "પાણી ન આપશો."

અમે કહ્યું : "કેમ વારુ ?"

તો કહે : "આ રોગનાં લક્ષણોમાં તરસનું ચિહ્ન જણાવ્યું જ નથી !"

"પણ આને લાગે છે તેનું શું ?"

"એની તરસ ખોટી છે."

અને એ વિદ્વાન વૈદ્યરાજ આ વાત મને એમના ગ્રંથમાં જોઈને કહેતા હતા. એણે શું કરેલું ? પહેલાં પોતાના મનમાં ગાંઠ વાળી લીધી કે આ રોગ ફલાણો ફલાણો છે. અને એ રોગમાં તરસ લાગતી નથી. હવે જો દરદી તરસની બૂમ પાડે તો એની એ તરસ જ નથી. નહીં તો શું શાસ્ત્ર થોડાં જ ખોટાં હોય ! આવી જાતની વાત તેઓ કરતા હતા. તેથી તો એ લોકો શાસ્ત્રી કહેવાય છે. The Pharisees and The Scribe—જેમની બુદ્ધિ ગ્રંથની ગાંઠ છોડીને કદી બહાર જ નથી જતી. પણ જે વિવેચક હોય છે, ચિકિત્સક હોય છે, વિચારશીલ હોય છે, તે તો મૂળભૂત સિદ્ધાંતનો જ વિચાર કરે છે.

આજે શી હાલત થઇ છે? લોકો બે જાતના થઇ ગયા છે. જે શાસ્ત્રી છે તે ગ્રંથનિષ્ઠ (પોથીપંડિત) બની ગયા છે અને જે કર્મયોગી છે એમણે વિચારને જ બરતરફ કરી નાંખ્યો છે.. એમણે બુદ્ધિની પરેજી પાળવા માંડી છે. એમને ‘વિચાર ફિચાર’ કરવો નથી. કહે છે, ‘છોડોને લપ! વિચાર વળી શેનો કરવો છે?’ પરિણામ બહુ ભયંકર આવ્યું છે.

વળતા કેટલાક જણ સામા પડ્યા છે. એમાંના કેટલાકે મને કહ્યું, “આ તમારા ગાંધીજીના સાથીદારો પ્રધાનો થઇ પડ્યા છે તે મોટર વિના તો ફરતા જ નથી ને હજાર હજાર, દોઢ દોઢ હજારના પગાર પાડે છે! ને તોયે તમારું ધ્યાન એમના તરફ જતું નથી? તમે લોકો બધા એમનો બચાવ કરનારા થઇ ગયા છો; એમને તમારા લોકોની ઢાલ સારી જડી ગઇ છે!”

મેં એમને પૂછ્યું, “અમે શું કરીએ?”

“ના, તે તમારે કાયમ એમની વિરુદ્ધ બોલતાં રહેવું જોઇએ.”

“તો અમારું ધ્યાન એમના પર જ ચોંટી જાય. એ જ અમારું જીવનકાર્ય થઇ પડે. બીજું કશું જીવનકાર્ય અમારે છે કે નહીં?

ત્યારે કહેવા લાગ્યા, “ના, પણ આ કામ તો જરૂર કરવું જોઇએ.”

ત્યારે મેં એમને એમ કરતાં અમારી શી હાલત થઇ જાય તે બતાવ્યું. જરા સાંભળજો! હું હવે તમને કર્મયોગીની વાત કરું છું.

સામે દારુનું પીઠું છે ને એવા લત્તામાં એક મોટા આશ્રમમાં—આજકાલ તો તમે જાણો જ છો કે આશ્રમો પણ મોટા મોટા બને છે મહેલ જેવા—તો એવા એક આશ્રમમાં એક સંન્યાસી બેઠા છે.

પેલો દારુના પીઠાનો ઇજારદાર દારુ પીતો નથી. પણ એનો ધંધો કલાલનો છે.

આ બાજુ એને જોઇ જોઇને સંન્યાસી દુઃખીદુઃખી થઇ ગયો છે. એને પોતાની મુક્તિ કરતાં પણ દુનિયાની મુક્તિની ફિકર બહુ વધારે છે. એ રોજ નજર સામે કલાલનું પીઠું જુએ છે ને વિચારે છે, ‘હે ભગવાન, આને કયા નરકમાં જવું પડશે?”

હવે એ શું જોયા કરે છે? જુએ છે કે પીઠામાં પ્રબોધ ચોકસી આવે છે, નારાયણ દેસાઇ પણ આવે છે અને દાદા ધર્માધિકારી પણ રોજ

આવે છે! એ તો વળી વધારે વલોપાત કરે છે, 'આવા આવા લોકો આવે છે! શું કરું ને શું ન કરું?' એટલે રોજ એ પીઠામાં આવનારાની યાદી લખી રાખે છે. ગામના કેવા કેવા પ્રતિષ્ઠિત અને સારા ગણાતા લોકો દારૂ પીવા આવે છે તે નોંધે છે: નારાયણ દેસાઇ, દાદા ધર્માધિકારી, પ્રબોધ ચોકસી.......વગેરે વગેરે નામો લખ્યે જાય છે. હવે એને તો રાતદહાડો વિષ્ણુસહસ્ર નામને બદલે આ દારૂડિયાઓનાં જ નામ હૈયે ચડી આવે છે. કારણ કે રાતદહાડો એમનું જ ચિંતવન કરે છે. વિષ્ણુસહસ્રનામ તો વિસારે પાડયાં. માળા જપવા બેસે ત્યારે પણ એ જ પરાયણ, "પ્રબોધ ચોકસી....નારાયણ દેસાઈ....દાદા ધર્મા...."એનાં એ નામ ને એનો એ જાપ! બિચારો કરે શું? જાય કયાં?

આ બાજુ પેલો કલાલ. રોજ પીઠા પર બેઠો બેઠો ભગવાનને કહે છે, "હે ભગવાન શું પાપ કર્યું હશે કે આ કલાલને ઘેર જનમ મળ્યો ને મારે માથે આવો ધંધો ચોંટયો? જાતે દારૂ નથી પીતો, છોકરાંને છાંટોય નથી પીવા દેતો, પણ પાપી પેટને ખાતર લોકોને પિવડાવવો પડે છે. આ સંન્યાસી મહારાજ કેવા સુખી છે? બાળબચ્ચાંની જંજાળ નથી, સંસારનો કશો પ્રપંચ નથી. પરમાર્થ જ પરમાર્થ છે. રાતદિવસ ભગવાનના ચિંતનમાં મગ્ન રહેતા હશે."

આમ એ દારૂના પીઠા પર બેઠો બેઠો સંન્યાસીનું ચિંતવન કરે છે અને પેલો સંન્યાસી આશ્રમમાં બેઠો બેઠો દારૂડિયાઓનું ચિંતવન કરે છે. એમ જ બંને મર્યા.

બંને મર્યા, ત્યારે કલાલના પીઠામાં કોઈ એની લાશને પણ અવલમંજલ પહોંચાડવા ન ગયું. એની ઠાઠડી ત્યાંની ત્યાં પડી રહી. છેવટે થોડા પરોપકારી લોકોએ ભેગા થઈને એને ગમે તેમ કરીને દફનાવ્યો. પણ ત્યાં સુધી એની અડધી લાશ કૂતરાંએ ચૂંથી નાંખી હતી અને ગીધડાંએ ફોલી ખાધી હતી.

આ બાજુ સંન્યાસીની તો જબરી સ્મશાન–યાત્રા નીકળી. લોકોએ ભવ્ય આરતીઓ ઉતારી, કીર્તન કર્યાં ને એની તો સમાધિ રચાઈ.

બંને પરવર્યા યમલોકને પંથે, ત્યારે આને, સંન્યાસીને લઈ જવા માટે યમદૂત આવ્યા અને પેલા કલાલને લઈ જવા માટે વિષ્ણુદૂત આવ્યા.

ત્યારે સંન્યાસી એ દૂતને કહેવા લાગ્યો, "આમાં કંઈક નજરચૂક થઇ ગઇ છે. આમાં ભગવાનની કંઇક ગંભીર ગલતી થઈ છે. Serious

negligence on the part of the Almighty થઇ હોય એમ લાગે છે. તમે ભૂલથી મને લેવા આવ્યા છો. યમદૂતોને આ કલાલ માટે મોકલ્યા હશે, મારે માટે નહીં. એટલે વિષ્ણુદૂતોને આ તરફ મોકલો."

વિષ્ણુદૂતોએ કહ્યું, "ના, મહારાજ, ના. અમને બરાબર સમજાવીને જ મોકલ્યા છે."

ત્યારે એણે પૂછયું, "મને શા માટે યમદૂતો લેવા માટે આવે? કાંઇ કારણ?"

દૂતોએ કહ્યું, "તમે આશ્રમમાં બેઠા બેઠા ચિંતવન દારૂડિયાઓનું કરતા હતા. શરીર તમારું શુદ્ધ હતું, તેથી લોકોમાં તમારી પ્રતિષ્ઠા થઇ અને તમારી સમાધિયે રચાઇ. આનું શરીર અશુદ્ધ હતું, તેથી એના શરીરની અપ્રતિષ્ઠા થઇ. પણ ચિત્ત શુદ્ધ હતું તેથી અમે એને લેવા માટે આવ્યા છીએ."

તો આ જેને His Majesty's Opposition-રાજમાન્ય વિરોધ પક્ષ કહે છે ને તેની મનોવૃત્તિની કંઇક ઝાંખી હું તમને કરાવતો હતો!

આવી મનોવૃત્તિમાં આપણે સર્વોદયમાં માનનારાઓએ નથી પડવું. આપણી પાસે સત્તાવાદ કે પ્રતિસત્તાવાદ, બેમાંથી એકેયનું સ્થાન નથી. મેં તમને એ બતાવ્યું કે પક્ષશાહીથી મનુષ્યની મનોવૃત્તિ કેવી વહેંચાઇ જાય છે. અને એમાંથી સાંકડો સંપ્રદાય બની જાય છે. અને પછી નાગરિકતા ઉમેદવારીના કલણમાં ઊતરી પડે છે, Citizenship lapses into Candidature.

## ૧૦૩. ચૂંટણી લડશો નહીં, ચૂંટણી રમો!

અને પછી પેલી Contest-લડાઇ કહેવાય છે ને? I am contesting an election-હું ચૂંટણી લડવાનો છું એમ કહે છે ને? અને પેલા અમેરિકાવાળા શું કહે છે? I am running an election- હું ચૂંટણી દોડવાનો છું. મતલબ કે એ ચૂંટણીને રેસ સમજે છે, ઘોડદોડ માને છે. અને આ એને કુસ્તી માની બેઠો છે. એ કહે છે કે હું કુસ્તીમાં જાઉં છું!

ત્યારે આપણા વિનોબા જરા ચતુર માણસ છે. એમણે કહ્યું, "એમ કરો! ઘોડદોડ પણ જવા દો ને લડાઈ પણ પડતી મૂકો. એને 'ચૂંટણી

લડું છું' ન કહો, 'ચૂંટણી દોડું છું' ન કહો, 'ચૂંટણી રમું છું' એમ કહેવા માંડો! ઓછામાં ઓછી એટલી શરૂઆત કરી દો તો કંઈકે ઠીક થશે. એમ કહી દો કે I am playing at elections. એટલું તમે કહી દો તો એનાથી ઓછામાં ઓછું તમારી મનોવૃત્તિમાં તો ફેર પડી જ જશે!"

તમને આ વિષયમાં રસ વધારે છે તેથી હું એ વિષયને થોડો વધારે સરળ કરીને જ રજૂ કરી રહ્યો છું, જેથી તમે એક વસ્તુ બરાબર સમજી લઈ શકો કે પક્ષસત્તા અને લોકસત્તાની વચ્ચે ફેર ક્યાંથી પડી જાય છે.

જેમને મનુષ્યની સત્પ્રવૃત્તિમાં વિશ્વાસ નથી એમણે આજની લોકશાહી વિશે શું કહ્યું? "It is the Government by Mr. & Mrs. Anybody elected by Mr. & Mrs. Everybody.—શ્રી અને શ્રીમતી દરેક—જણે ચૂંટેલાં શ્રી ને શ્રીમતી કોઈપણ-જણ દ્વારા ચાલતી સરકાર એટલે લોકશાહી." આ જાતની સરકારને હિંદીમાં हरबोंग का राज ગંડુ રાજાનું રાજ કહે છે. ને हरबोंग का राज चौपट राज અર્થાત્ mobocracy—ટોળાંશાહી. આ રીતે ટોળાંશાહી પેદા થાય છે ને તેમાં લોકશાહી ખોવાઈ જાય છે. આવું લોકશાહી વિશે અશ્રદ્ધા ધરાવનારે કહ્યું.

તો હવે વિરોધ ક્યાં પડ્યો? એક તરફ તો રાજસત્તા છે, એક જણની નિરંકુશ સત્તા. બીજી તરફ લોકસત્તા નથી પણ ટોળાંની સત્તા છે. કેમ તો કે' સમુદાયનું રાજ છેલ્લે ટોળાંના રાજમાં ફેરવાઈ જાય છે.

આ તો જાણે છેલ્લા પાટલાની ટીકા થઈ, પણ તટસ્થ બુદ્ધિથી આવી ટીકા પાછળનું તથ્ય પકડવા પ્રયત્ન કરીએ તો બે અનિષ્ટો આ પદ્ધતિમાંથી ઉત્પન્ન થતાં જણાય છે.

## ૧૦૪. "પિકવિક"–શાહી!

—પેલા પિકવિકને તો તમે લોકો ઓળખો છો ને? તમારા જમાનામાં 'પિકવિક પેપર્સ'* ચાલે છે કે નહીં ક્યાંય? અમારા જમાનામાં તો એની બસ બોલબાલા જ હતી! શ્રીયુત પિકવિકનો એક દોસ્ત હતો. એનું નામ હતું: સ્નોડગ્રાસ.

સ્નોડગ્રાસ પિકવિકને પૂછે છે: "ધારો કે દિલમાં શંકા પેદા થઈ; તો શું કરવું?"

* ચાર્લ્સ ડિકન્સનું વિખ્યાત વિનોદી પુસ્તક, "ભદ્રંભદ્ર"નું એક પૂર્વજ.

એટલે પિકવિક મહાશય એને એક સૂત્ર શીખવે છે: "When in doubt, follow the crowd–જ્યારે તારા દિલમાં શંકા જાગે ત્યારે ટોળાંને અનુસરજે!"

"પણ જો બે ટોળાં હોય તો?"

"Follow the largest–જે મોટામાં મોટું હોય તેની પાછળ જજે."

ટોળાં તો એકથી વધુયે હોઈ શકે, એટલે પિકવિક શીખવે છે કે જે સહુથી મોટું હોય તેની પાછળ જવું!

આ 'ડેમેગોગી' કહેવાય છે. 'ડેમેગોગી' એટલે લોકાનુસરણ–લોકોની પૂંઠેપૂંઠે જવું–લોકશાહી નહીં. બહુમતનું પગલેપગલું ચાંપતાં ચાલવું એ લોકસત્તા નથી. એ તો ટોળાંની–સંખ્યાની સત્તા છે. ટોળાંનું પૂંછડું પકડીને ચાલવાનો એ ધંધો છે, જેમાં સત્તા સિવાય બીજો કશો સિદ્ધાંત નથી.

## ૧૦૫. "લોકપ્રિયતાનું લીલામ"

—ફ્રેંચ ક્રાંતિ પર અનેક પુસ્તકો લખાયાં છે. કેટલાંક પુસ્તકો પ્રગતિશીલ લેખકોએ લખેલાં છે. એમાં કાર્લાઈલ હતો, થોમસ પેઈન હતો, વિલિયમ કોબેટ હતો. આમણે ફ્રેંચ ક્રાંતિની તરફેણમાં પુસ્તકો લખ્યાં છે. પણ એડમન્ડ બર્કે ફ્રેંચ ક્રાંતિની વિરુદ્ધ એક પુસ્તક લખ્યું છે. એ પોતે હતો તો જીર્ણમતવાદી–રૂઢિચુસ્ત–પણ એક વાત એણે ઘણી સરસ કહી છે, બરાબર સમજી લેવા જેવી છે. એણે કહ્યું છે કે જ્યારે આવી જાતનું ટોળાંનું રાજ થઈ જાય છે ત્યારે શું થાય છે? Leaders become bidders at an auction of popularity–નેતા કોણ છે? જે લોકપ્રિયતાના લીલામમાં સહુથી ઊંચી બોલી બકી શકે તે નેતા થાય છે. આમ લોકશાહી લોકપ્રિયતાના લીલામમાં ફેરવાઈ જાય છે. એક તરફે લોકપ્રિયતાનું લીલામ થાય છે ને બીજી તરફે ઉમેદવારની ઉમેદવારીનું લીલામ થાય છે.

આ બધું દૃશ્ય ગાંધીએ જોયું. એ દૂર જોનારો માણસ હતો!

આ જોઈને હું તો કોઈ કોઈવાર કહી દઉં છું કે આજકાલ તો ભાઈ, જનતાનો સ્વયંવર થાય છે.

હું આવું કહું છું ત્યારે મિત્રો મારા પર ચિડાઈ જાય છે. પણ જે ગાંધી વિશે આપણને શ્રદ્ધા છે, એણે 'હિંદસ્વરાજ'માં લખી નાંખ્યું છે, કે આ પાર્લામેન્ટ તો વેશ્યા* થઈ ગઈ છે. એમના કહેવાનો અર્થ એ છે કે લોકસત્તા અ-વ્યભિચારિણી નથી રહી. જે પદ્ધતિમાં લોકોની સત્તા લીલામમાં ખરીદી લેવાતી હોય ને ઉમેદવારો જ્યાં પોતાની આબરૂ વડે લીલામના સોદા બોલતા હોય, તે પદ્ધતિમાં લોકસત્તા અ-વ્યભિચારિણી નથી ને એટલે એ આપણી મા બની શકે નહીં. કેમકે એ બજારમાં જઈને બેઠી છે. ગાંધીને આટલું જ કહેવું હતું તે એમણે પોતાની રીતે કહ્યું. તમે તો જાણો જ છો કે ગાંધી એમની આગવી ઢબે વાત કહી પાડતા ને પછી શાસ્ત્રીઓ એમાંથી શાસ્ત્ર શોધતા રહેતા. પણ તેઓ વાત ભારે પકડની, મુદ્દાની ને માર્મિક કહી દેતા. ગાંધી કાંઈ લોકસત્તાના વિરોધી નહોતા. અને છતાં એમણે આ વાત કહી છે. તો પછી ગાંધી લોકસત્તાના વિરોધી નહોતા એમ શા આધારે કહી શકાય? આ વાત સમજી લેવી જરૂરી છે.

## ૧૦૬. ગાંધીનું સ્વરાજ અને કૉંગ્રેસનું સ્વરાજ

—તમે જાણો છો કે જેટલા અંગ્રેજ હિંદુસ્તાનમાં આવીને રહી જતાં તે તમામ ઈંગ્લૅંડ જઈને એકાદી ચોપડી તો આ દેશને વિશે લખી જ પાડતા! લગભગ બધા ગવર્નરોએ ને વાઈસરોયોએ ચોપડી લખી છે.

તો, એક બંગાળનો ગવર્નર થઈ ગયો. એનું નામ હતું: લૉર્ડ રોનાલ્ડશે. એણે ચોપડી લખી: "The Heart of Hindustan—ભારતનું હૃદય." એ ચોપડીમાં એ કહે છે કે "જુઓ ભારતવાસીઓ, આ ગાંધીનો ઇરાદો શો છે તે તમે જરા આંખ ઉઘાડીને જોઈ લેજો, કાન ખોલીને સાંભળી લેજો! આ ગાંધીના સ્વરાજમાં રેલગાડી નહીં હોય, તાર–ટેલીફોન નહીં હોય, વિજળીની બત્તી નહીં હોય. એટલું જ નહીં,

---

* આ શબ્દ વિશે 'હિંદ સ્વરાજ'ના ઈ. સ. ૧૯૫૪ના પુનર્મુદ્રણને અંતે આ પ્રમાણે નોંધ જોવા મળે છે: "'હિંદ સ્વરાજ'ના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના લખતાં ગાંધીજીએ એક ગ્રામ્ય શબ્દ સુધારી લેવાની તક લીધી છે:

'આ વખતે આ પુસ્તક એમ ને એમ પ્રકાશિત કરવું આવશ્યક સમજું છું. પણ જો આમાં મારે કંઈ પણ સુધારવા જેવું હોય તો એક શબ્દ હું સુધારવા ઇચ્છું છું. એક અંગ્રેજ મહિલા મિત્રને તે બદલવાનું મેં વચન આપ્યું છે. મેં પાર્લમેન્ટને વેશ્યા કહી છે. તે એ બહેનને નાપસંદ છે. તેમનું કોમળ દિલ આ શબ્દના ગ્રામ્ય ભાવથી દુખાયું હતું.' (ઈ. સ. ૧૯૨૧)

પણ એ આવૃત્તિમાં પણ એ શબ્દ તેમ જ આખીયે દલીલ પાંચમા પ્રકરણમાં કાયમ જ રાખવામાં આવ્યાં છે. પાર્લામેન્ટ વિશે એથી વધુ આકરી ટીકા ભાગ્યે ક્યાંય જોવા મળે.—પ્ર.

એના સ્વરાજમાં તો દવાખાનાંયે નહીં હોય ને વકીલો પણ રહેવા નહીં પામે! હિંદુસ્તાનના લોકો, શું તમારે આવું સ્વરાજ જોઈએ છે?"

લૉર્ડ રોનાલ્ડશેએ આવું લખ્યું. કાંગ્રેસવાળાઓને ધક્કો લાગ્યો. એમને થયું: "અમારે કાંઈ આવું સ્વરાજ્ય તો નથી જોઇતું ને ગાંધીજી જો ખરેખર કયાંક આવું સ્વરાજ લઈ આવ્યા, તો તો ભારે મુસીબત થઈ પડશે!" આવું સ્વરાજ તો કોઈનેય ન ગમે. અને આપણે લોકો પણ એવું સ્વરાજ ઇચ્છીએ છીએ કે નહીં તે જરા દિલ ફંફોળીને તપાસી લઇએ! હકાર ભાગ્યે જ નીકળે! ત્યારે કરવું શું? એટલે ગાંધીને બારણે ધા પડી.

ત્યારે ગાંધીએ લોક-પ્રતિનિધિ તરીકે 'યંગ ઇન્ડિયા'માં આનો જવાબ આપ્યો કે "ભાઈ, એ તો મારા પોતાના આદર્શ મુજબનું સ્વરાજ છે. હું તો એની સ્થાપના જરૂર ઇચ્છું, પણ કૉંગ્રેસ સાથે મળીને આજે હું જે સ્વરાજ માટે મથી રહ્યો છું તે તો પાર્લામેન્ટરી સ્વરાજ છે, આધુનિક ઢબની લોકસત્તાની સ્થાપના કરવાનું સ્વરાજ છે."

આની વ્યાખ્યા ગાંધીથી પહેલાં ટિળકે કરી હતી. કારણ, દરેક નેતાને આવી બાબતમાં કાયમ સતામણીનો સામનો કરવો પડતો હોય છે. બુદ્ધિવાદીઓ હમેશાં માથું ખાતા રહે છે કે: "તમારું સ્વરાજ કેવું હશે? એનું અંતિમ ચિત્ર આંકી બતાવો."

એટલે નેતા કહે છે: "ભાઈ, અંતિમ ચિત્ર મારી પાસે તો છે પણ જો ન નીકળે તો તમે તમારે બનાવી લેજો ને! પણ પહેલાં આ અંગ્રેજોને તો અહીંથી ટળવા દો!"

ત્યારે કહેવા લાગ્યા 'ના, ના તમારું અંતિમ ચિત્ર દેખાડો.'

## ૧૦૭. પક્ષપદ્ધતિનો જન્મ

કલકત્તા કૉંગ્રેસમાં એની બેસંટના પ્રમુખપણા હેઠળ ટિળકે વ્યાખ્યા કરી દીધી. એમણે કહ્યું: "Call it 'Home-rule,' call it 'Representative Government,' call it 'Self-Government, or call it 'ABC form of Government' "—એને 'હોમરૂલ' કહો કે 'પ્રતિનિધિક સરકાર' કહો કે 'સ્વરાજ' કહો કે પછી ગમે તે નામ આપો, "What we want is that the executive should be solely responsible to the legislature and the legislature wholly

elected. અમારે તો એ જોઈએ છે કે વહીવટ કરનારી સરકાર લોકસભાને જ જવાબદાર હોય અને લોકસભા પૂર્ણપણે ચૂંટાયલી હોય. એમ બે મૂળની વાત કહી દીધી. આમાં તમે એક વાત ધ્યાનમાં રાખજો કે જે વહીવટી સરકાર છે એની સત્તા ઓછી છે અને લોકસભાની સત્તા સર્વોપરિ છે. એ લોકસભા જ પાર્લામેન્ટ કહેવાય છે. તે ઇંગ્લેંડમાં પણ સર્વોપરિ છે. એટલે કે એની ઉપર કાંઈ નહીં.

કોઈ કે પૂછયું હતું: 'પાર્લામેન્ટમાં શી તાકાત છે, પાર્લામેન્ટ શું કરી શકે છે? જવાબ મળ્યો: "The Parliament can do everything, except making a man of woman and a woman of man. સ્ત્રીને પુરુષ બનાવવા અને પુરુષને સ્ત્રી બનાવવા સિવાય પાર્લામેન્ટ બાકી બધુંયે કરી શકે." આને પાર્લામેન્ટનું સાર્વભૌમત્વ કહે છે. પ્રશ્ન એ ઊઠે છે કે સત્તા કયાં હશે? વહીવટી સરકારમાં સત્તા છે કે લોકસભામાં? ખરું જોતાં લોકસભામાં હોવી જોઈએ. સત્તા લોક-પ્રતિનિધિઓના હાથમાં હોવી જોઈએ.

રાજા અને લોક-પ્રતિનિધિઓનો ઝઘડો ઇંગ્લેંડમાં શરૂ થયો. કયારે શરૂ થયો એ તો મને બરાબર યાદ નથી. મારી ભૂલ થતી હોય તો તમે પાછળથી સુધારી લેજો. પણ મને યાદ છે ત્યાં સુધી ત્રીજા વિલિયમ રાજાના જમાનામાં એવો પ્રસંગ આવ્યો હતો.

પ્રસંગ એવો હતો કે એ વિચાર કરવા બેઠો કે થાય શું? પાર્લામેન્ટ મારી વાત માનતી નથી. હું કાંઈક સારું, લોકોની ભલાઈનું કામ કરવા ઇચ્છું તો આ પાર્લામેન્ટ મારી આડી આવે છે.

આજે તમે આ જ વાત દરેક પ્રધાનને મોંએ સાંભળશો. કોઈ પણ રાજના પંતપ્રધાનને જઈને તમે મળશો તો એ કહેશે: 'તમારી વાત તો સાચી છે. હું પણ એમ જ કરવા માગું છું.'

'તો કરતા કેમ નથી?'

'અરે ભાઈ, કેમ કરીએ. એસેમ્બ્લીમાં પાસ જ નથી થયું.

'તમે લોકહિત કેમ નથી કરતા?'

'લોક-પ્રતિનિધિ અમારે આડે આવે છે.'

ત્રીજા વિલિયમ રાજાએ પણ એ જ ફરિયાદ કરી કે શું કરું, આ પાર્લામેન્ટ જ મારી વિરુદ્ધ કામ કરે છે.

પેલો પૂછે છે–અર્લ ઑફ સંદરલૅંડ હશે તે પૂછે છે–'તમને આડું શું આવે છે?'

ત્યારે કહે–'હું તો રાજ કરવા માગું છું. અને પાર્લામેન્ટ તો લોકોની પ્રતિનિધિ છે અને લોકો કદી એ નથી ચાહતા કે એમના ઉપર કોઈ રાજ કરે.'

જનતા એમ જરૂર ઇચ્છે છે કે વ્યવસ્થા થાય, પણ એમની ઉપર રાજ ચલાવવામાં આવે એમ નથી ઇચ્છતી. કોઈ નાગરિક નથી ઇચ્છતો.

આ તો સાવ સાધારણ વાત છે. તમે એમ નથી ઇચ્છતા કે આ નારાયણ દેસાઈ અહીં વ્યવસ્થા કરે? હું પણ ઇચ્છું છું કે ખાવાપીવાનું સારું મળે. બસ એ આપણી ઉપર હુકમ ન ચલાવે. આપણને એમ ન કહે કે ફલાણી ટુકડીએ આ કામ કરવાનું છે. કલ્પવૃક્ષની જેમ જો એ વ્યવસ્થા કરાવી દે તો તો આપણે એની પૂજા કરવા તૈયાર છીએ, એને વિષ્ણુનો અવતાર માનવા તૈયાર છીએ! શરત એટલી જ છે કે તે આપણી પર રાજ ન કરે.

તો વિલિયમ રાજા ફરિયાદ કરે છે કે "પાર્લામેન્ટમાં લોકોના પ્રતિનિધિ છે, અને લોકોના પ્રતિનિધિ રાજ્ય નથી ઇચ્છતા. તે આડે આવે છે. માટે કોઈ એવી યુક્તિ શોધી કાઢો કે પાર્લામેન્ટની સત્તાથી હું બચી શકું."

એટલે પેલા લૉર્ડે રાજાને કહ્યું: "મારી કને એવી યુક્તિ છે."

"એવી યુક્તિ હોય, તો તો બહુ સારું. કહે જોઈએ, કઈ યુક્તિ છે?"

"તું એમ કર, કે એક શરત કર કે પાર્લામેન્ટમાં જેનો બહુમત હશે, તેનું રાજ ચાલશે. તો તને પાર્લામેન્ટ ફરી કનડી નહીં શકે."

"આ તો તું એક અજબ વાત કરે છે! જો બહુમતની સત્તા થશે તો મારી સત્તા ક્યાં રહેશે?"

એણે કહ્યું: "એ તને પછી સમજાશે. હમણાં તો તું મારી વાત માની લે. હું તને સરસ યુક્તિ બતાવું છું."

આ હું જે બધું કહી રહ્યો છું તેને તમે એવી ને એવી ઐતિહાસિક ઘટના ન માનશો. પણ પાર્લામેન્ટમાં પક્ષપદ્ધતિનો જે ઇતિહાસ છે, તેને હું તમારી સામે એક આખ્યાયિકારૂપે મૂકું છું.

એણે કહ્યું, 'બહુમતની સરકાર બનવા દે તો તારું કામ સહેલું થઇ જશે. તને કાંઈ કનડગત નહી થાય.'

"કેમ ?"

પેલાએ કહ્યું : "જેના હાથમાં સરકાર હશે તે બહુમત બનાવવાની અને તેને ટકાવી રાખવાની ફિકરમાં હશે એટલે એમાં જ એનો બધો વખત ચાલ્યો જશે. અને પછી લોકકલ્યાણ તરફ ધ્યાન દેવા સારુ એની પાસે બહુ ઓછી ફુરસદ બચશે. એટલે કે પથારી કરવામાં જ રાત વીતી જશે તો સૂવાની તક જ નહીં મળે."

પાર્લામેન્ટના ઇતિહાસનું આ એક ખૂબ રમ્ય પ્રકરણ છે, જે કદાચ તમને કોઈ ઇતિહાસના પુસ્તકમાં નહીં મળે. ઇતિહાસ તો તમે ઇલ્બર્ટની 'પાર્લામેન્ટ' નામની ચોપડીમાં વાંચશો અને હેન્સર્ડની ચોપડીઓ જોશો તો એમાં બીજો ઘણો છે. આ તો હું તમને બધા મૂળભૂત સિદ્ધાન્તો શી રીતે આવ્યા, લોકસત્તામાં શું શું અડચણ આવી અને કઈ રીતે એનો વિકાસ થયો તે કહી રહ્યો છું.

તમે જાણો છો કે મૂડીવાદ પણ જન્મ્યો તો ઠકરાતશાહીના વિરોધમાંથી. ઠાકોરોની સત્તા ખતમ કરવા આવ્યો. તેમ પક્ષપદ્ધતિ કેવી રીતે આવી ?

પેલાએ કહ્યું કે આ યુક્તિ સારી છે.

## ૧૦૮. પક્ષપદ્ધતિના દોષો

પછી તો તે દિવસથી પાર્લામેન્ટમાં વિચાર શરૂ થઈ ગયો. બધાની નજર જ ફેરવાઈ જાય ને ? ત્યાં જતાં વેંત જ હવે શું વિચારવું પડે છે ? કે ચૂંટણીમાં હું બહુમત કેમ કરી લાવું ?

નારાયણ કહે છે : "દાદા, બબલભાઈને વોટ આપવાનો છે."

મેં કહ્યું : "હા, આપવો છે. એ બહુ ભલા માણસ છે. બહુ સારા છે."

પ્રબોધ કહે છે : "બહુ ભલા ને બહુ સારા તો છે, પણ એકલા જઈને કરશે શું ? એમની સાથે કોઈ ટીમ છે ? એમની સાથે સાથી નહીં હોય ત્યાં સુધી બહુમત નહીં થાય. અને ત્યાં સુધી બબલભાઈ પાર્લામેન્ટમાં કાંઈ કરી નહીં શકે."

એટલે આપણે બબલભાઈને લોકોમાંથી ઉઠાવી દીધાને ? બબલભાઈનેય એટલી ફિકર લાગી. આપણે કહીએ છીએ, 'બબલભાઈ !

અમે ઇચ્છીએ છીએ કે તમારું સારું થાય.' એટલે બબલભાઈ લાગે છે સાથી શોધવા. કોણ કોણ સાથી બનશે? અને પછી એ સાથી ઈમાનદાર રહેશે કે નહીં? અને બીજી ફિકર એ પણ છે કે આ સાથીઓ ચૂંટાશે કે નહીં. એ ફિકર પણ સાથે સાથે આવે ને?

એક સાથી બનાવ્યો પ્રબોધ ચોકસીને. પૂછ્યું: "ક્યાંથી ઊભો રહેશે?"

તો કે'—"વડોદરાથી."

"વડોદરામાં તને કોણ કોણ ઓળખે છે?"

"મારા કાર્યાલયના લોકો ઓળખે છે."

"વડોદરામાં કાર્યાલયના જ લોકો ઓળખતા હોય તો એનાથી શો ફાયદો? બીજા લોકો સાથે ઓળખાણ કરવાનાં કાંઈ સાધન છે?"

"હા, છે મારા પગ!"

"તં, પગે તે વળી કેટલું ફરાય? તું તો બિલકુલ સાધનહીન છે."

એટલે સાધનસંપન્ન માણસ શોધવો પડે છે. પછી કહે છે: "વડોદરામાં તારા પોતાના લોકો કેટલા, કે જેનું તારી સાથે સીધું સગપણ હોય, તે કહે."

કહે—"ના, મારી જાતના લોકો તો કોઈ નથી."

"તો કઈ જાતના છે?"

"ત્યાં તો બધા બ્રાહ્મણ જ બ્રાહ્મણ છે."

"તો પછી બ્રાહ્મણને જ ઉમેદવાર કરો! કારણ તે પરિચિત છે!"

હવે એનો શું વાંક? એની ઓળખાણ છે. એની પાસે સાધન છે. અને એ ઊભો રહે તો જીતે છે. ઘણો સારો માણસ હોય, પણ જીતી ન શકે તો શા કામનો? બબલભાઈની સાથે એ ત્યાં ઊભો તો ન રહી શકે ને? તમે જુઓ કે rule of the majority—બહુમતના રાજ સાથે પેલાએ રાજાને કેવો બચાવી લીધો! રાજાને કનડગતથી બચાવવા અને એની સત્તા અક્ષુણ્ણ રાખવા એણે એક યુક્તિ શોધી કાઢી, કે એને ફિકર લાગી જાય. અને ફિકરમાં પડે તો પછી રાજ્ય તરફ ધ્યાન દેવાને એની પાસે ઝાઝો વખત રહે નહીં!

પછી રાજા આવે છે પાર્લામેન્ટમાં અને કહે છે : " જુઓ ભાઈઓ ! આ ગોવાનું પ્રકરણ શરૂ થઈ ગયું ! "

પણ પાર્લામેન્ટમાં કોઈ ને ફુરસદ નથી. એટલે કહે: " ગોવાનું પ્રકરણ શરૂ થયું ? ત્યાં શું છે ? "

" લશ્કર મોકલાવો. "

હા, લશ્કર તો પક્ષથી બહાર રહેવું જોઈએ. લશ્કર પક્ષાપક્ષીમાં આવે તો તો ભારે મુશ્કેલી ઊભી થાય. એટલે જેટલી રાજાને જોઈએ એટલી વસ્તુઓ પક્ષથી બહાર રહી ગઈ. એટલે એણે ખરેખરી સત્તાથી રાજ્યને કેવું બચાવ્યું !

રાજસત્તા અને લોકસત્તાના વિરોધનો આરંભ પક્ષપદ્ધતિથી કેમ થાય તે હું તમારી આગળ મૂકું છું. કારણ પેલાએ પ્રશ્ન કર્યો હતો કે પક્ષ નહીં હોય અને લોકસત્તા હશે એ તો વદતોવ્યાઘાત થશે. આમ કહેવાનું કારણ એ છે કે એની દૃષ્ટિ જ Westminster-made છે. આપણે વેસ્ટમિન્સ્ટરનાં ચશ્મા ચડાવ્યાં છે, તેથી આનો વિચાર આગળ નથી કરી શકતા. તમે એ વિચારો કે પક્ષ શરૂ થયો ત્યારે લોકોનો દૃષ્ટિકોણ કેવો બદલાઈ ગયો !

હું એ માની લઉં છું કે તમે બધાં અહીં ખુલ્લા દિલે વિચાર કરવા બેઠાં છો. દરેકે કાંઈક ને કાંઈક ભાવનાઓ એકઠી કરી રાખી હોય છે. એમ બને કે તમારી બધી ભાવનાઓ એક એક કરીને ભાંગી પડે. પણ હું એમાં શું કરું, મારી પાસે એનો ઉપાય નથી. આ વસ્તુસ્થિતિ છે. પક્ષપદ્ધતિની આ ભૂમિકા છે.

હવે, આ પક્ષપદ્ધતિનું પરિણામ શું આવે છે ? હું વિચારું છું કે ગમે તેમ કરીને પણ બબલભાઈ ત્યાં પહોંચે, અને અત્યારથી તે બની ગયા પ્રાઇમ મિનિસ્ટર ! એમની ટીમમાં હું છું, નારાયણ દેસાઈ છે, પ્રબોધ ચોકસી છે. બધા second best છે! એમની સાથે રહે છે, સૂરમાં સૂર, તાલમાં તાલ મેળવવા સારુ. માની લો કે એક સવાલ આવ્યો. ગોવાનો જ પ્રશ્ન આવ્યો એમ માનો ને ! હું કહું છું કે બબલભાઈની વાત ગળે ઊતરે છે, ને આ પ્રબોધ કહે છે કે ગોવા જેવો કોયડો હોય અને આપણે ચૂપચાપ બેઠા રહીએ તો નિષ્ક્રિય સાબિત થઈએ; આપણું કાંઈ વજન ન

રહે, કાંઈક તો કરવું જ જોઈએ. બબલભાઈ કહેશે : “ તું અમારી વિરુદ્ધ મત આપે કે આપણી સરકાર પડે. ”

“ તો શું કરીએ ? ”

“ તું જ કહેને ! તને ગોવા વધુ પ્રિય છે, કે આપણી સરકારને કાયમ રાખવી એ પ્રિય છે ?

ત્યારે કહ્યું : “ તમારી સરકાર ટકવા દો. ગોવા કરતાં એ બહુ મોટો સવાલ છે.”

એટલે હવે હું વોટ આપું છું તો શું આપું છું ? ગોવાના પ્રશ્ન અંગે આપણા દેશનું શું કર્તવ્ય છે, એ તો રહ્યું બાજુએ. ગોવાના પ્રશ્ન પર બબલભાઈની સરકાર શી રીતે ટકી રહે એ મુખ્ય વાત બની. ગુણદોષ જોઈને મત આપવો ( Merit Voting ) નીકળી ગયું ને ? કોઈ પણ સમસ્યાના ગુણદોષોનો વિચાર ન થઈ શકે.

જે પ્રતિપક્ષી છે તેને પણ એક પક્ષ બનાવી લેવો પડે છે. તમે એમ ન સમજશો કે જે પ્રતિપક્ષી છે, તે સૌ સ્વતંત્ર હોય છે. એને વિરોધ પક્ષ બનાવવો પડે છે ને ? એ શું વિચારે છે ? કે “ જો હું મારા પક્ષની વિરુદ્ધ મત આપીશ તો આ લોકો આજે જ કહેશે કે રાજીનામું આપો. ને જો રાજીનામું આપીશ તો મારી સીટ ચાલી જશે. અને બેઠક જશે તો ફરી ચૂંટણીમાં ઊભા રહેવું પડશે. એક ચૂંટણી લડવા સારુ તો જિંદગીની અર્ધી કમાણી વાપરી નાંખી છે. અને બીજીમાં બાકીની અર્ધી ખતમ થશે. એટલે શું કરીશ ? અને જો હું ઊભો જ નહીં રહું તો મારી જગાએ કોઈ ખોટો માણસ આવી જશે જે લોકોનું અહિત કરશે. આ તો બહુ મોટી કિમ્મત ચૂકવવી પડશે, માટે પક્ષ કહે છે તેમ જ મત આપવા દે. ” મનોવૃત્તિ બનવાનું આવું કારણ હોય છે.

તેથી દેશમાં કેટલાક લોકો કહે છે કે અમારું અંતિમ ધ્યેય એ છે કે લોકસત્તા તો રહે, પણ લોકસત્તામાંથી પક્ષનિષ્ઠાનું નિરાકરણ થાય. Vista નામની એક બહુ સુંદર કવિતા અંગ્રેજીમાં છે. વૃક્ષોની જે કુંજગલી હોય છે, તેમાંથી જે અંતિમ દૃશ્ય દેખાય છે, તેને અંગ્રેજીમાં Vista કહે છે. એમાં લખ્યું છે : ‘ When all will be for the State, and none for the party.’ જ્યારે બધા નાગરિકો દેશમાં હશે, પક્ષમાં કોઈ નહીં.

પક્ષનિષ્ઠામાં અને લોકનિષ્ઠામાં આમ અંતર પડી જાય છે. પહેલાં શું હતું? રાજનિષ્ઠા અને લોકનિષ્ઠાનો વિરોધ. હવે શું થયું? પક્ષનિષ્ઠા અને લોકનિષ્ઠાનો વિરોધ! તમે એમ ન સમજશો કે આ લોકો કોઈ ઇમાનદાર નથી હોતા. તમારે એ પણ ન સમજવું જોઈએ કે લોકોના કલ્યાણની કામના આ લોકોમાં નથી હોતી. એ બહુ ઇમાનદાર હોય છે. એમનામાં કર્તવ્ય બુદ્ધિ હોય છે, લોકોનુ કલ્યાણ કરવાની પ્રબળ ઇચ્છા હોય છે. પણ 'સત્તા અમારા હાથમાં હોય તો જ લોકોનું કલ્યાણ થઈ શકે,' એમ તેઓ માને છે. અને 'અમારી સાથે ટીમ હોય તો જ સત્તા આવી શકે.' એટલે પછી ફિકર એ હોય છે કે પહેલાં ટીમ બનાવીએ. પછી ફિકર એ થાય છે કે ટીમ ઠીક ઠીક મોટી બને, અને પછી ફિકર એ થાય છે કે એ ટીમના હાથમાં લોકકલ્યાણ કરવાની સત્તા ટકી રહે. આમ પક્ષ-સત્તા, પક્ષનિષ્ઠાને લીધે માણસ એક વિષચક્રમાં ફસાઈ જાય છે.

## ૧૦૯. સંપ્રદાયનું લક્ષણ

વળી આપણા દેશમાં માત્ર પક્ષ-નિષ્ઠા જ નથી. આપણા દેશમાં પક્ષોના જે કાર્યક્રમો હોય છે, તેમાં ચોર દરવાજેથી બીજી બે ત્રણ નિષ્ઠાઓ આવી પૂગે છે. આવે છે ખરી, પણ ચોર દરવાજેથી આવે છે. સૌથી પહેલી નિષ્ઠા આવે છે, સંપ્રદાયનિષ્ઠા. એમાં અંગ્રેજોનો પણ થોડોઘણો હાથ રહ્યો છે. પણ એમ તમે હરગિજ ન કહેશો કે એમાં આપણો વાંક બિલકુલ નહોતો. ૧૯૦૭–૧૯૦૮ માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. એ અંગ્રેજોના, લૉર્ડ મિન્ટોના, સંકેતથી થઈ હતી, મૌલાના મહમદ અલીએ કહ્યું કે 'It was a command performance—એ સરકારના હુકમથી ભજવાયેલું નાટક હતું. મુસલમાનોએ શી માગણી કરી? કે મુસલમાનોને અલગ મતદાનનો અધિકાર આપવામાં આવે. જેને આપણે Communal Electorate કહીએ છીએ. એટલે બીજાઓએ પૂછયું :

"અમને કેમ નહીં?"

"તો કે'— "તમે કોણ છો?"

"અમે હિન્દુ છીએ."

"હિન્દુની શી પિછાણ? મુસલમાનને તો ઓળખી શકાય છે. મુસલમાન તો અમને દેખાય છે. સંપ્રદાયનું આ એક લક્ષણ છે. સંપ્રદાય પોતે ખૂબ સ્પષ્ટ હોય છે. એટલે કે મુસલમાન વ્યક્તિ પણ છે, અને મુસલમાન સમાજ પણ છે.

બજારમાં પરચુરણ માલની દુકાને ગયો. ત્યાં જઈને કહે છે, 'મારે ચાર આનાની સ્ટેશનરી જોઈએ છે.' દુકાનદાર કહે છે: 'સ્ટેશનરી નામની કોઈ ચીજ દુકાનમાં નથી. કાગળ છે, પેન્સિલ છે, શાહી છે, પણ સ્ટેશનરી જેવી કોઈ વસ્તુ નથી.' તેમ જ બ્રાહ્મણ છે, માળી છે, ઘાંચી છે, ચમાર છે, ભંગી છે, પણ હિન્દુ કયાંય નથી. કયાંથી શોધું? કયાંથી લાવું? હિન્દુઓમાં જાતિ જ વાસ્તવિકતા છે, અને મુસલમાન, સિખ અને ખ્રિસ્તીઓમાં સંપ્રદાય જ વાસ્તવિકતા છે. આ વાતને આપણે ભૂલીએ છીએ એટલે આજની આપણી લોકસત્તામાં વાસ્તવિકતા નથી આવી શકી.

આપણા દેશમાં ઔપચારિક લોકશાહીનું રૂપ કેવું છે તેનો સંકેત હવે કરી રહ્યો છું. પક્ષસત્તાને મેં તમારી આગળ એક હદ સુધી લાવીને મૂકી દીધી. પક્ષ-સત્તા વિષમ કેમ સાબિત થઈ? લોકો કહે છે કે પક્ષ રહેશે કે નહીં રહે તે હવે ચર્ચાનો વિષય નથી રહ્યો. પક્ષસત્તા Anachronism છે એટલે કે એનો કાળ વહી ગયો છે. જે કાંઈ પક્ષો બચ્યા છે, તે વર્ગને લીધે બચ્યા છે. અમીરી અને ગરીબી છે, તેથી અમીરો અને ગરીબોનો પક્ષ લેનાર કેટલાક પક્ષો હજી છે. પણ વર્ગનિરાકરણ થશે ત્યારે તો આ પક્ષોની કાંઈ જરૂર નહીં રહે. અમે ગરીબોની ભલાઈ સારુ આમ કરવા માગીએ છીએ કે અમે અમીરોના સંરક્ષણ સારુ તેમ કરવા માગીએ છીએ એમ કહેનારા પક્ષોનું પણ સ્થાન નહી રહે.

આજે આપણે ત્યાં જે પક્ષો બને છે, તેનાં નામ કાંઈ ઓર હોય છે અને રૂપ કાંઈ ઓર હોય છે. હું હવે તેના રૂપ તરફ જઈ રહ્યો છું. આ ઔપચારિક લોકશાહી કેવી રીતે બની, એની પાછળ વાસ્તવિકતા શી છે, તે નિષ્પ્રાણ કેમ થઈ રહી છે એ આપણે જોઈએ. નહીં તો લોકસત્તા પણ હોય અને તેમાં શક્તિ ન હોય એ તો એક એવો વિરોધ છે કે જેને આપણે બરદાસ્ત કરી ન શકીએ. આપણે જો લોકશાહીનાં મૂળ બદલવાં હોય તો આપણે એ શોધવું પડશે કે પાયામાં જ કંઈ એવી ચીજો આવી છે કે જેને લીધે આપણી લોકશાહી પોલી થઈ ગઈ છે, કમજોર પડી ગઈ છે. તેથી મેં તમારું એ તરફ ધ્યાન ખેંચ્યું છે કે આજનો આપણો સમાજ સંપ્રદાય અને જાતિઓનો બનેલો છે.

સંપ્રદાયનું લક્ષણ શું છે? જેમાં આપણે જઈ શકીએ, જેમાંથી નીકળી શકાય, તે સંપ્રદાય. તમે ગામડાંના લોકોને સમજાવી શકો એટલા સારુ હું સહેલી વ્યાખ્યા આપું છું. હરિલાલ ગાંધી અબ્દુલ્લા ગાંધી થઈ

શકે છે અને ફરી હીરાલાલ ગાંધી બની શકે છે. તેથી ઇસલામ સંપ્રદાય છે. ખ્રિસ્તીઓનો સંપ્રદાય છે, સિખોનો સંપ્રદાય છે. સંપ્રદાય હમેશાં આક્રમણ-શીલ અને જીતની ઇચ્છાવાળો હોય છે. બીજાને પરાસ્ત કરવાની ઇચ્છા એ સંપ્રદાયનું સ્વરૂપ જ છે. સંપ્રદાય ગમે તેટલા સૌમ્ય સ્વરૂપનો કેમ ન હોય તોય એ પોતાનામાં વધુમાં વધુ લોકોને સામેલ કરવા ચાહે છે. તેથી તેમાં ઉદારતા પણ હોય છે. ઉદારતા કેમ ? કારણ એ બીજાને પોતામાં મેળવવા ઇચ્છે છે. તે બીજાને Eligible-પાત્ર-સમજે છે. બીજાને પોતા સમાન પાત્ર સમજે તો જ એ મેળવે ને ?

હિન્દુ મુસલમાનની સ્ત્રીઓને એટલા સારુ નથી ભગાડતો કે એની તો જાતિ જ ભ્રષ્ટ થઈ જાય. મુસલમાન હિંદુની કોઈ પણ સ્ત્રીને મુસલમાન બનવાને પાત્ર માને છે. પણ આ કોઈને પોતાની જાતિમાં આવવાને પાત્ર નથી માનતો.

આમ સંપ્રદાયમાં એક પ્રકારની ઉદારતા આવે છે. લોકો કહે છે ને કે આપણો હિંદુ સમાજ બહુ ઉદાર છે ? પોતાનું ગૌરવ કરવા સારુ એ સારી કલ્પના છે, તેઓ એને છો રાખે, એમાં થોડો અહંકાર પોષાય છે, પણ વાસ્તવિકતા નથી. સંપ્રદાયમાં એવી ઉદારતા છે કે હું છું, મારો માર્ગ ખરો છે, અને હું માનું છું કે નારાયણ મારે રસ્તે નહીં આવે તો નરકે જશે. એટલે હું શું કરું છું ? સમજાવું છું કે 'નારાયણ, આમાં આવી જા.' નથી માનતો. એટલે કહું છું "અરે, આમાં આવી જા, તો લગન કરાવી આપીશ.' થોડી લાલચ દેખાડું છું. તોય એ કહે છે કે એમ હું ફોસલાઈ નહીં જાઉં. ત્યારે કહું છું, 'બેટા, નહીં આવે તો આ ગામમાં રહેવા નહીં પામે.' પછી ધમકાવું છું.

સંપ્રદાયમાં આગળ જતાં પ્રલોભન અને બળજબરી આવે છે. ઇસ્લામમાં તલવાર કેમ આવી ? ના પાડવાથી કાંઈ લાભ નથી. તલવાર કોઈએ હાથમાં લીધી હોય કે ન લીધી હોય. આક્રમણનો સિદ્ધાંત જ તલવારનો સિદ્ધાંત છે, આક્રમણ એટલે બળજબરીનો સિદ્ધાંત, સંપ્રદાય આક્રમણશીલ બની જાય છે. અને તેથી જેટલા સંપ્રદાય હોય છે, તેમાં આવેશ વધુ હોય છે, કારણ ઉન્માદ વધુ હોય છે. એને Creed કહે છે. તમે લોકો એને ઝનૂન કહો છો, એટલે કે અંધ આવેશ. એને લીધે એ કહે 'આ સમજતો નથી, બેવકૂફ છે. એને મારીપીટીને સમજાવવો જોઈએ.' સંપ્રદાયમાં જે ઉત્કટતા અને તીવ્રતા હોય છે, તેનું લક્ષણ શું થયું ?

દુનિયામાં જેટલા લોકો છે, તે સૌને આપણે પોતાનામાં મેળવવા માગીએ છીએ. આ સંપ્રદાય લોકશાહીનાં મૂળને શી રીતે કલુષિત કરે છે, એને જરા સમજી લો. આપણા દેશમાં પાકિસ્તાન થયું તેનાં મૂળ કયાં છે? એનાં મૂળ સંપ્રદાયમાં છે.

સંપ્રદાય લોકસત્તાને દૂષિત શી રીતે કરે છે? એ સંપ્રદાય વાદ કહેવાય છે. સંપ્રદાયવાદ એ લોકશાહીને કલુષિત કરનારો એક મહાન રાક્ષસ છે. એ લોકસત્તાની ગંગામાં જ ઝેર મેળવવાનો પ્રયત્ન કરે છે, તેથી હું તેનું થોડું વિવેચન કરું છું. છેવટે આપણે લોકશાહીના મૂળમાં કયાં ફેર કરવો છે તે જોવું છે તેથી તેને કયાં કયાં બદલવી છે એ જોઈ લઈએ.

સંપ્રદાય કેમ આવે છે તે મેં કહ્યું. હવે સંપ્રદાય શી વસ્તુ છે? Making community the basis of the rights of citizenship–સંપ્રદાયને નાગરિકતાનો આધાર બનાવવાથી સંપ્રદાયવાદ બને છે. મુસલમાને શું કહ્યુ? હુ મુસસમાન છું તેથી મારો રાષ્ટ્ર અલગ થાય. ઇસ્લામિયત જ રાષ્ટ્રીયતા છે. અને ઇસ્લામિયત રાષ્ટ્રીયતા છે, તેથી ઇસ્લામી નાગરિકતા પણ અલગ થાય. છેવટે માગ્યા તો Civic rights–નાગરિક હકો જ ને? તેથી ઝઘડો થયો. નહીં તો ગાયને મારવી જોઈએ કે નહીં, અને મસ્જિદ સામે વાજાં વગાડવાં કે નહીં, એ અંગેના ઝઘડા થતા રહેત પણ રાજનૈતિક ઝઘડા થાત નહીં. નાગરિકતાના અધિકારો પર આવીને બંનેના સ્વાર્થ અથડાયા રાષ્ટ્રવાદીઓએ કહ્યું કે, નાગરિકના અધિકાર Communal–કોમી —ન હોઈ શકે. પાકિસ્તાનવાદ છે શું? આપણે આપણા સંપ્રદાયને નાગરિકતા અથવા રાષ્ટ્રીયતાનો આધાર માની લઈએ છીએ. એ જ આગળ જતાં દ્વિરાષ્ટ્રવાદ કહેવાયો, દ્વિરાષ્ટ્રવાદ, પાકિસ્તાનવાદ, સંપ્રદાયવાદ એ રાજનૈતિક પદાર્થો બની ગયા. એની રાજનૈતિક પરિભાષા બની ગઈ. આપણી મતદાન પદ્ધતિમાં લખેલું હતું—મુસ્લિમ અને બિન-મુસ્લિમ મતદાર મંડળ. આપણને સૌને બિન-મુસ્લિમ કેમ કહ્યા? હિન્દુ કહેવામાં ઘણા ઝઘડા થયા? જૈનોએ કહ્યું કે અમારે જોઈએ, બૌદ્ધોએ કહ્યું કે અમને પણ અલગ મતદાર મંડળ આપો? સિખોએ કહ્યું કે અમને આપો, અસ્પૃશ્યોએ કહ્યું અમનેય આપો. એટલે હિન્દુ કહેવા લાગ્યા. "ના ના, તમે સૌ હિન્દુ જ છો. તમે અમારામાં સામેલ રહો." એ લોકો પૂછે: "અમે હિન્દુ છીએ? કેવા હિન્દુ? હિન્દુ કોને કહેવાય?" તો કહે:

"હિન્દુ કોને કહેવાય એ અમે કહી નથી શકતા, પણ તમે બધાય હિન્દુ છો! કાલે મેં કહ્યું હતું તેમ હિન્દુત્વની વ્યાખ્યા કરવાની ઘણા કોશિશ થઈ. ૧૦–૧૫ વર્ષ સુધી એ કોશિશ ચાલી. પુસ્તકો પણ લખાયાં, અને છેવટે એ સિદ્ધ થયું કે હિન્દુત્વ અવ્યાખ્યેય છે! પણ આમ સિદ્ધ થયું શી રીતે? કારણ કે એ સંપ્રદાય નથી. એ એનો બહુ મોટો ગુણ છે, સૌથી મોટી વિશેષતા છે. એમાં અનેક સંપ્રદાય છે, પણ એ જાતે સંપ્રદાય નથી.

તો તો મુસલમાન પણ એમાં આવી જવા જોઈતા હતા. હિન્દુત્વમાં મુસલમાનોનો સમાવેશ થઈ શક્યો હોત, પણ હિન્દુ સમાજમાં ન થઈ શકે તેથી આપણે તેને આત્મસાત્ કરી ન શકયા. આમ કેમ થયું?

મેં કહ્યું કે આ પાકિસ્તાન બન્યું તે કાંઈ સારું ન થયું. ગાંધીની તો ઇચ્છા નહોતી પણ એને મંજૂર કરવું પડયું. પણ એ ઠીક ન થયું. જેને કહેતો હતો તે ભાઈ કહે—શું કરીએ? આ દેશમાં દશ કરોડ મુસલમાન હતા. મુસલમાનોએ એક થઈને માગણી કરી, એટલે દશ કરોડ પર કાંઈ બળજબરી થાય છે?

એટલે મેં એને એમનેમ જ મજાકમાં કહ્યું: 'તમે દશ કરોડ થવા શા સારુ દીધા?'

પૂછે—'અમે થવા દીધા?'

'થવા ન દીધા તો એ આવ્યા હતા કયાંથી?'

'આ મુસલમાન તો મધ્ય એશિયાથી આવ્યા, અરબસ્તાનથી આવ્યા.'

મેં પૂછ્યું: 'દશ કરોડ આવ્યા?! મેં તો એવું કદી નહોતું સાંભળ્યું કે દશ કરોડ મુસલમાન આ દેશમાં આવ્યા હતા!'

કહેવા લાગ્યા—'જે આવ્યા તેમની પ્રજા વધતી ગઈ.'

મેં કહ્યું: 'રહેવા દો એ વાત. પ્રજા વધારવામાં આપણે કાંઈ એનાથી ઓછા નથી. એમની વધી ને આપણી નથી વધી એમ કોણે કહ્યું?'

ત્યારે એણે કહ્યું: 'અહીંના લોકો મુસલમાન બની ગયા.'

આ દેશમાં મુસલમાનોનો સંપ્રદાયવાદ હિન્દુઓના જાતિવાદનું સંતાન છે. હું તમને આ પ્રશ્નના ઊંડાણમાં લઈ જાઉં છું. કારણ આપણે હવે આ દેશમાં લોકસત્તાનો વિકાસ કરવો છે. હિન્દુઓના જાતિવાદને

લીધે મુસલમાનોનો સંપ્રદાયવાદ આ દેશમાં પાંગર્યો. તેથી મુસ્લિમ કોમવાદ જેવો હિન્દુસ્તાનમાં છે, તેવો દુનિયામાં બીજે કયાંય નથી. હિન્દુઓમાં જાતિવાદ ન હોત તો મુસલમાનોની સંખ્યા દશ કરોડ થઈ જ ન શકી હોત. પેલા કહે છે: 'લાઠી ચલાવતા શીખો તો મુસલમાનોની સંખ્યા ઓછી થઈ જશે.' બીજા કહે છે: 'તલવાર લો તો કામ થઈ જશે.' ત્રીજા કહે છે: 'માંસ ખાઓ તો સંખ્યા ઘટી જશે.' એનાથી કાંઈ થવાનું નથી. જેને એ ભ્રમ છે કે મુસલમાન હિન્દુઓ કરતાં શારીરિક શક્તિમાં ચડિયાતા છે તે બહુ મોટા ભ્રમમાં છે. રાણા પ્રતાપ, શિવાજી અને શાકાહારી બ્રાહ્મણ પણ આ દેશમાં કાંઈ ઓછા પ્રતાપી સાબિત થયા છે? એ નાહકની વાત છે. આપણી નબળાઈ વ્યક્તિગત નથી, આપણી નબળાઈ તત્ત્વગત નથી, આપણી નબળાઈ સમાજગત છે.

## ૧૧૦. જાતિવાદ

હિન્દુ સમાજની સૌથી મોટી નબળાઈ એની જાતિસંસ્થા રહી છે. ઝાડ જેમ એક હદ સુધી વરસાદથી બચાવે છે, અને વરસાદ રહી જાય પછી તે જ ભીંજવે છે તેમ જાતિસંસ્થાએ હિન્દુ સમાજને કોઈ જમાનામાં બચાવી હશે તો પણ પછી એને છિન્નવિચ્છિન્ન કરી દીધી.

સંપ્રદાયનું લક્ષણ મેં તમને કહ્યું. હવે જાતિનું લક્ષણ તમારી આગળ મૂકું છું. જેમાં કોઈ આવી ન શકે અને જેમાંથી કોઈ જઈ ન શકે તે જાતિ. વિનોબા કહે છે ને—जो जाती ही नहीं वह जाति है। તેઓ આમ ઘણા વિનોદ કરે છે. પેલો એક ટૂચકો છે ને એમનો કે જે રાખે તે રાક્ષસ!

સંપ્રદાય એ છે કે જે લેવાય અને જે છોડી શકાય, તેથી તે આક્રમણશીલ હોય છે. જાતિ વ્યવચ્છેદક-જુદું પાડનારી, વ્યાવર્તક હોય છે. એમાં જુદાપણું હોય છે. કારણ કે તે લેવાતી નથી અને દેવાતી નથી.

નારાયણ દેસાઈ જાય છે.

'કયાં જાય છે?'

'લોકોને બ્રાહ્મણ બનાવવા જાઉં છું.'

લોકો કહેશે: 'રાંચીના પાગલખાનામાં મોકલી આપો એને. આ જાય છે શાનો? બ્રાહ્મણ તે કોઈને બનાવાય છે?'

એ કહે છે: 'જનોઈ પહેરાવીને બનાવી શકાય છે.'

તો બીજો દાખલો આપું.

એક જણ નીકળ્યો.

'ક્યાં જાય છે અલ્યા ?'

'ઘાંચી બનાવવા જાઉં છું, માળી બનાવવા જાઉં છું.'

કોઈ બનાવી શકે છે ? જાતિવાળો કહેશે કે જ્યાં સુધી જન્માન્તર ન થાય ત્યાં સુધી જાત્યન્તર નહીં થાય. તેથી જાતિ જન્મસિદ્ધ હોય છે. હું કહું છું : 'હું બ્રાહ્મણ છું, તેથી મને કોઈ વોટ નથી આપતું. તો ભાઈ બ્રાહ્મણેતરો ! મને બ્રાહ્મણેતર બનાવી લો.'

કહે છે : 'ભાઈ અમારાથી ન બનાવાય.'

'કેમ ?'

'આવતે જન્મે માબાપ બદલીને આવશે ત્યારે થશે. જનોઈ ફેંકી દેવાથી નહીં થાય, ચોટલી કાપી નાખવાથી નહીં થાય. સંધ્યા મૂકી દેવાથી નહીં થાય. જન્માન્તર વિના જાત્યન્તર નથી.

## ૧૧૧. બીજું લક્ષણ : ઉચ્ચ-નીચ ભાવ

જાતિનું એક બીજું લક્ષણ છે. લોકો કહે છે ને કે જાતિ ભલે રહે, પણ ઉચ્ચનીચ ભાવ ન રહે. ભંગી પોતાની જગાએ શ્રેષ્ઠ છે, બ્રાહ્મણ પોતાની જગાએ શ્રેષ્ઠ છે. બહુ સારો સિદ્ધાન્ત છે. ગરીબ પોતાની ઝૂંપડીમાં શ્રેષ્ઠ છે. 'હું મારા મહેલમાં શ્રેષ્ઠ છું,' મહેલવાળો બહુ સહેલાઈથી કહી શકે છે.

અમારા નાગપુરમાં એક વાર ભરાઈ હતી હિન્દુધર્મ પરિષદ. સનાતની બ્રાહ્મણોએ કહ્યું કે 'અમે અસ્પૃશ્યોને અડતા નથી, તો એ અમને ન અડે ! બસ, અમે ક્યાં કહીએ છીએ કે અમે નથી અડતા. એ ઠરાવ કરી લે કે અમે બ્રાહ્મણોને નથી અડવાના. ગમે તેમ કરીને અમને ન અડે એટલું જ અમારે તો જોઈએ.' આમ એને તમે પતાવી નથી શકવાના. જરા આનું પૃથક્કરણ કરો. છેવટે આ જાતિ છે શું ? શ્રેષ્ઠ–કનિષ્ઠ ભાવ આ દેશની જાતિસંસ્થાના મૂળમાં જડાયેલો છે. એ જાતિસંસ્થા સાથે આવ્યો છે અને એનું નિરાકરણ જાતિસંસ્થાની સાથે જ થશે, ત્યાં સુધી નથી થવાનું.

હું અમદાવાદ આવ્યો. પ્રબોધ ચહા લાવ્યો. લાવતાં વેંત જ હું કહું છું : 'પ્રબોધ, ભાઈ ચહા બની ક્યાં છે ?'

'ત્યાં આશ્રમમાં બની છે.'

'બનાવનાર કોણ હતો ?'

'મેં જાત નહોતી પૂછી.'

'બ્રાહ્મણ હતો ?'

'ના, નહોતો.'

'બ્રાહ્મણ સિવાય બીજાના હાથનું હું નથી ખાતો.'

હવે પ્રબોધ આવીને નારાયણને કહે છે: 'પેલા દાદા તો બહુ પવિત્ર બ્રાહ્મણ જણાય છે. એ તો બ્રાહ્મણ સિવાય કોઈના હાથનું ખાતા નથી.'

બીજે દિવસે એ આવીને કહે છે: 'આજે તો બ્રાહ્મણને હાથે બનાવડાવી લાવ્યો છું.'

'કેવો બ્રાહ્મણ હતો તે ?'

'એ તો મને ખબર નથી.'

'હું ફક્ત મહારાષ્ટ્ર બ્રાહ્મણના હાથનું જ ખાઉં છું.'

કહે છે: 'આ તો હજી વધુ પવિત્ર છે.'

હવે એ પવિત્રતાનાં સોપાન જોઈ લો. કેવાં પગથિયાં ચડતો જાઉં છું. આ સ્વર્ગનાં સોપાન છે. એક પગથિયું હજી ઉપર. એ તો કહે છે, મહારાષ્ટ્ર બ્રાહ્મણ સિવાય નહીં.

ત્રીજે દિવસે ઊઠ્યો. પોતાના ઘરવાળાને કહું છું: 'આજથી મારે સારુ પરાન્ન વર્જ્ય છે. હું માત્ર આપણા ઘરનું જ ભોજન કરીશ.' પવિત્રતાનું પગથિયું હજી ઉપર! આ તો પોતાના ઘર સિવાય ખાતો નથી!

ઘરવાળાને એક દિવસ કહ્યું: 'માત્ર મા અને પત્નીના હાથનું ખાઈશ, બીજા કોઈના હાથનું નહીં ખાઉં.'

બીજું એક પગથિયું ઉપર. લોકો ખૂબ આશ્ચર્યચકિત છે કે કેવો પવિત્ર પુરુષ છે!'

એક દિવસે ઊઠીને કહ્યું: 'આજથી પત્ની અને માના હાથનું પણ નહીં ખાઉં. સ્વયંપાકી બનીશ. જાતે રાંધીશ અને જાતે ખાઈશ.' બસ છેવટને પગથિયે પહોંચી ગયો! દર્શન કરવા લોકો આવે છે કે આટલો પવિત્ર પુરુષ કદી નહોતો જોયો. પોતાને હાથે રાંધે છે, કોઈના હાથનું નથી ખાતો. હવે તો એક જ પગથિયું બાકી રહ્યું ને કે પોતાના હાથનુંયે ન

ખાઉં ! બસ થયું ? સ્વર્ગે પહોંચી જ જાઉં છું. બસ સ્વર્ગ મારે સારુ બે આંગળ બાકી રહી ગયું હતું. બસ એટલું બીજું કરી લઉં તો સ્વર્ગે સીધાવી જાઉં.

મને તમે કહો કે અંતે જાતિ છે કઈ ચીજમાં ? ત્રણ જ વાતોમાં જાતિ છે. આને અડો નહીં, આની સાથે ખાઓ નહીં, આની સાથે વિવાહ ન કરો. એ સિવાય બીજે કયાંય જાતિ છે ? હા, હવે રાજકારણમાં આવવા લાગી છે. ત્યારથી હું ખુશ છું કે રાજકારણમાં આવી છે તો ઓછામાં ઓછું ચૂંટણી તો એ નીકળશે. પણ આ ત્રણ સિવાય જાતિ કયાંય છે નહીં.

## ૧૧૨. ક્રાન્તિનાં ત્રણ પગલાં : વર્ગ-નિરાકરણ, સંપ્રદાય-નિરાકરણ, જાતિ-નિરાકરણ.

આને અસ્પૃશ્યભાવના કહે છે. ગાંધીએ આના પ્રતિકારમાં લોકશાહીની સ્થાપના સારુ સ્પર્શભાવનાનું વિધાન કર્યું. જે લોકોથી જેટલો દૂર રહે, જે માણસથી જેટલો પરેજી પાળે તેટલો તે વધુ પવિત્ર માનવામાં આવે છે. મનુષ્યની પરેજી પાળવી એ જ જે સમાજમાં પવિત્રતાનું લક્ષણ છે, તે સમાજમાં કદી કોઈ લોકસત્તા અને સામાજિકતાનો વિકાસ થઈ ન શકે. તેથી આપણા દેશમાં લોકસત્તા પાછળ પડી રહી છે. લોકો કહે છે અસ્પૃશ્યતા-નિવારણથી શું થશે ? લોકશાહી સારુ એની શી જરૂર છે ? તેથી જ ગાંધીએ સ્પર્શભાવનાનું વ્રત પણ રાખી લીધું છે. શું એનો આપણી ક્રાન્તિ સાથે કશો સંબંધ આવે છે ? શું એને લોકસત્તાની સ્થાપના સાથે કશો સંબંધ છે ?

પહેલાં ત્રણ પ્રતિજ્ઞાઓ તમારી આગળ મૂકી હતી. વર્ગ-નિરાકરણ, સંપ્રદાય-નિરાકરણ, જાતિ-નિરાકરણ. આ ત્રણ વાનાં જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વાસ્તવિક લોકસત્તાની સ્થાપના આપણા દેશમાં થાય નહીં. તેથી આપણે ત્રણેનું નિરાકરણ કરવું પડશે. આજે આપણે વર્ગ-નિરાકરણ પર ભાર દઈએ છીએ. શા સારુ ભાર દઈએ છીએ ? એટલા સારુ કે આર્થિક પ્રતિષ્ઠા અને આર્થિક સ્થિતિ જ્યારે બદલાય ત્યારે માણસ એક વર્ગમાં આવી જાય છે. જે એક વર્ગમાં આવી જાય છે, તેમનાં સામાજિક બંધન થોડાં શિથિલ થઈ જાય છે. પણ થોડાં, બહુ નહીં. એટલું જ પૂરતું નથી. એને સારુ જાતિ-નિરાકરણ અને સંપ્રદાય-નિરાકરણ પણ જરૂરી છે. મેં તમને કહ્યું કે જાતિ વ્યાવર્તક હોય છે એટલે કે એ પોતાનામાં કોઈને સામેલ નથી કરતી. પોતાનામાં આપણે સામેલ કેમ નથી

કરતા ? રક્તશુદ્ધિની ભાવના હોય છે. વર્ણસંકરનો છેવટે અર્થ શો ? વર્ણસંકરનો અર્થ એ કે મારું રક્ત શુદ્ધ છે, તમારું રક્ત અશુદ્ધ છે. એ બેનું મિશ્રણ ન થવું જોઈએ. એને વર્ણસંકર કહે છે. શુદ્ધ રક્ત—શ્રેષ્ઠ રક્ત તમે કહો છો કે એમાં શ્રેષ્ઠતા-કનિષ્ઠતાનો ભાવ ન હોવો જોઈએ. પણ શ્રેષ્ઠતા-કનિષ્ઠતાનો ભાવ એની સાથે મળેલો છે. તમે શું કહેશો ? 'મારું રક્ત અશુદ્ધ થતાં વેંત જ વર્ણસંકર થઈ જાય છે. અને પછી કહે છે કે બસ, આ તો અસલી નથી.

ગયાજીમાં એક પથ્થર છે, તેમાં એક બહુ સાંકડી ગુફા છે. લોકો કહે છે કે એમાંથી જે આરપાર નીકળી જાય તે અસલી છે એટલે કે પોતાના બાપનો; અને એમાં જે અટકી જાય તે અસલી નહીં. આ કુલિનતા–અકુલિનતા–Bastard અને Blue-Bloodની ભાવના છે. અને આ આખી ભાવનાની પાછળ તમે શું એમ કહેવા માગો છો કે શ્રેષ્ઠતા છુપાયેલી નથી ? માણસની પરેજી રાખવી એ જાતિસંસ્થાનો આધાર છે. અને માણસથી જે જેટલી વધારે પરેજી રાખે તેટલો તે વધુ શ્રેષ્ઠ મનાય છે.

જાતિ સહિષ્ણુ દેખાય છે, પણ તે પરમ અસહિષ્ણુ હોય છે. કહે છે કે અમે કોઈ પર આક્રમણ નથી કરતા. અરે ભાઈ, તું તો કોઈને બ્રાહ્મણ બનવાને યોગ્ય જ નથી માનતો. તો આક્રમણ શું કરે ? એ બનવા ચાહે તો પણ તું ન બનાવે. જાતિસંસ્થાનું એ લક્ષણ છે કે હું તારાથી શ્રેષ્ઠ છું, તું અમારી જાતિનો ન બની શકે.

મેં તમને બીજું એ કહ્યું કે ભારતવર્ષમાં હિંદુઓના જાતિસંસ્થા-વાદમાંથી મુસલમાનોના સંપ્રદાયવાદને બળ મળ્યું છે. અને હવે હું એ વિધાનની ચોખવટ કરતાં એ વિધાન પણ કરી દેવા માગું છું કે હિંદુઓમાં જાતિસંસ્થા હતી તેથી જ હિંદુ સમાજમાં ધર્માંતર થયાં. એ શી રીતે ? આ જાતિ આપણે ત્યાં સૌથી વધુ વ્યાપક અને સૌથી વધુ વાસ્તવિક વસ્તુ છે. લોકસત્તાની સમસ્યા મારે સારુ અને તમારે સારુ જીવન-મરણની સમસ્યા છે. જે લોકસત્તાને આપણે ૧૯૪૭માં સ્થાપી તેને આપણે પોતાનું લોહી સીંચીને પણ જિવાડવા ઇચ્છીએ છીએ. કોઈ પણ પક્ષના મોટા નેતા, એ કોંગ્રેસના હોય કે પ્રજાસમાજવાદી પક્ષના, કે એ બેયથી જુદા હોય, પણ એ પોતાનું રક્ત આપીનેય લોકસત્તાને બચાવવા ઇચ્છે છે. તેથી

તમારી આગળ જેટલી ગંભીરતાથી રજૂ કરું છું તેટલી જ તીવ્રતાથી અને ઉત્કટતાથી રજૂ કરું છું.

નારાયણ દેસાઈને ઘેરે જાઉં છું. કહે છે: "દાદા, તમે અમને બહુ પ્રિય છો. સારું થયું કે તમે આવ્યા."

"હા, સારું તો થયું, પણ મારો સામાન ક્યાં મૂકું?"

"અમારે ત્યાંની એક મર્યાદા છે."

"શી મર્યાદા?"

"કે તમારા જેવા મહેમાનને અમે આંગણામાં રાખીએ છીએ."

"અરે ભાઈ, આંગણામાં કેમ રાખે છે?"

"અમારા કુળની મર્યાદા છે. તમારે માટે મને એટલો પ્રેમ છે કે મારી મા અને બાપ વિષે પણ એટલો પ્રેમ મારા મનમાં નથી. પણ અમારી મર્યાદા છે, શું કરીએ?"

"કાંઈ નહીં, ત્યાં આંગણામાં જ રહીશ. પણ તાપ લાગશે તો?"

"હું મારી ફાટેલી છત્રી આપું છું, તડકો લાગે ત્યારે ખોલી દેજો."

"વરસાદ આવે તો?"

"આંગણામાં અમારાં ઝાડ છે, તેની નીચે બેસજો."

"અરે ભાઈ, ખાવાનું ક્યાંથી લાવીશ?"

"ખાવાનું તો મારે ત્યાં બનશે, પણ તમને આંગણામાં મળશે. અને મારા વાસણમાં નહીં મળે."

"તો શામાં મળશે?"

"પેલા દડિયા બહુ મજાના છે. અને કેળનાં પાન તો એવાં છે કે રાજાને ત્યાંય એવા જોવાં ન જડે. તમે એમાં ખાજો. અને પાણી પીવા માટીનું એક વાસણ આપી રાખીશું. તમને રોજ નવું પાન, નવાં વાસણ મળશે. અમને તો રોજ નવું મળતું જ નથી. અને સુવાનું પણ ત્યાં જ રાખજો."

હું વિચારું છું કે નારાયણને સ્નેહ તો ઘણો છે, પણ મને આમ રાખે છે. એટલામાં ન કરે નારાયણ ને એના ઘરમાં આગ લાગે છે. પ્રબોધ

દોડે છે એના ઘરની આગ ઓલવવા. હું પ્રબોધને પૂછું છું : “ પ્રબોધ, તું મને પ્રેમ કરે છે ? ”

“ હા, તમને તો ઘણો પ્રેમ કરું છું. ”

“ તો નારાયણના ઘરની આગ શા સારુ ઓલવે છે ? ”

“ અરે ભાઈ, એનેય હું પ્રેમ કરું છું. ”

“ તો એમ કહે કે તું મને પ્રેમ નથી કરતો.”

“ કેમ તમને નહીં ? ”

“ એ મને ઘરમાં પગ નથી મૂકવા દેતો. ભગવાનની પરમકૃપાએ એના ઘરમાં આગ લાગી ગઈ છે, અને તું એને ઓલવવા દોડે છે ? ”

આ અસ્પૃશ્યની મનોવૃત્તિનું દિગ્દર્શન છે. જે સમાજમાં અપ્રતિષ્ઠિત અને અસ્પૃશ્ય વર્ગ આવડો મોટો છે, એ સમાજમાં આગ લાગે છે ત્યારે તેને ઓલવવા આજે પણ હરિજનો દોડી આવે છે, તેથી તેમને હું ફિરસ્તા–દેવદૂત માનું છું.

આંબેડકર મનુસ્મૃતિ સળગાવે છે, ત્યારે મારો જીવ બળતો નથી. ત્યારે મને કાંઈ દુ:ખ નથી થતું. પણ જ્યારે આપણા સંરક્ષણ સારુ હરિજનો દોડે છે, ત્યારે મને આશ્ચર્ય થાય છે કે સંતોએ આ દેશમાં કેટલા મહાન સિદ્ધાંતો વાવ્યા હશે કે આજે પણ એમનામાં એ સદ્ભાવના છુપાયેલી છે કે તેઓ સમાજના–આ ધર્મના સંરક્ષણ સારુ દોડે છે. પણ મને તમે એ કહો કે જે જાતિમાં રહી નથી શકતો તેને સારુ રસ્તો કયો ? જાતિ-સંસ્થામાં જેને પ્રતિષ્ઠા મળી જ ન શકે, તેને સારુ રસ્તો કયો છે ? બે જ રસ્તા છે ને – જન્માંતર કે ધર્માંતર. એ સિવાય કોઈ ત્રીજો રસ્તો મને બતાવો. હું બહુ તટસ્થભાવે તમારી આગળ પૃથક્કરણ કરું છું. મારી ભાવનાઓને બને ત્યાં સુધી સંયમમાં રાખીને કહું છું, કારણ આ શાસ્ત્રીય પૃથક્કરણ છે. તમે એ જગાએ તમારી જાતને મૂકી જુઓ અને પછી વિચારો કે જાતિમાં જેને સ્થાન નથી તેને સારુ બીજો રસ્તો કયો છે ? જેનામાં તાકાત છે, તે નવા પંથની સ્થાપના કરી દે છે. બુદ્ધમાં શક્તિ હતી, મહાવીરમાં શકિત હતી, નાનકમાં શકિત હતી, દયાનંદમાં શકિત હતી. તેમણે નવા સંપ્રદાય, નવા ધર્મો, નવા પંથોની સ્થાપના કરી, જાતિથી બચાવવા સારુ. આંબેડકર કહે છે ને કે હું બૌદ્ધ થવાનો છું. કેમ ? એ કહે છે : “ હું શું કરું ? જાતિ-સંસ્થામાંથી બચવા સારુ બીજો કોઈ રસ્તો અમારી પાસે નથી, તેથી બૌદ્ધ

થવા માગું છું. હું નવો ધર્મ સ્થાપિત નથી કરી શકતો, જન્માંતર સુધી વાટ જોવાની મારી તૈયારી નથી, ધર્માંતર સિવાય મારે સારુ બીજો કોઈ રસ્તો નથી રહ્યો. પરિણામ એ આવ્યું કે આ દેશમાં સંપ્રદાયોની સંખ્યા આજ સુધી વધતી ગઈ. પાકિસ્તાન પછી પણ જાતિસંસ્થા આ દેશમાં ટકી રહી અને અસ્પૃશ્યતા પણ ટકી રહી. પાકિસ્તાનનો પ્રશ્ન પાકિસ્તાન પછી ઊકલી નથી ગયો. તેથી આ બાબતમાં આટલી ગંભીરતા છે.

હવે, જાતિવાદ, સંપ્રદાયવાદનું નિરાકરણ પ્રતિસંપ્રદાયવાદથી નહીં થાય. મુસલમાને કહ્યું : 'ઇસ્લામિયત જ રાષ્ટ્રીયતા છે.' હિન્દુસમાજે જવાબ આપ્યો : 'હિન્દુત્વ જ રાષ્ટ્રીયત્વ છે.' આ પ્રતિસંપ્રદાયવાદ છે.—જવાબી સંપ્રદાયવાદ. જેમ પેલા જવાબી પોસ્ટકાર્ડ હોય છે ને ? પેલાએ કહ્યું : 'ઇસ્લામિયત રાષ્ટ્રીયતા છે.' આણે કહ્યું : 'હિન્દુત્વ જ રાષ્ટ્રીયતા છે.' પેલો કહે છે : 'તમારું રાજ જ્યાં થશે તે પાકિસ્તાન છે.' આ કહે છે : 'અમારી સત્તા જ્યાં હશે તે પુણ્યભૂમિ. પાકિસ્તાનનો બરાબર અનુવાદ છે ને ? પાક = પુણ્ય; સ્તાન = ભૂમિ. તો આ મુસલમાનના સંપ્રદાયવાદનો અનુવાદ આ હિન્દુઓનો પ્રતિસંપ્રદાયવાદ છે. પણ પ્રતિસંપ્રદાયવાદથી પણ લોકસત્તાની સ્થાપના કદાપિ ન થઈ શકે. આપણે સંપ્રદાયવાદ અને જાતિવાદ બંનેનું નિરાકરણ કરવું પડશે. તો જ લોકસત્તાની સ્થાપના થશે.

☆

## ૧૧

# રાજનીતિ-વિચાર—૨

## રાજનીતિથી લોકનીતિ તરફ

☆

૧૧૩ ગયા પ્રકરણનું પુનરાવર્તન.

૧૧૪ રાજનીતિને વહેંચવાથી લોકનીતિ ન બને.

૧૧૫ લોકનીતિનાં વિધાયક પગલાં: આર્થિક અને રાજનૈતિક એકમ વચ્ચેનું અંતર દૂર કરવું.

૧૧૬ વસ્તુનિયંત્રણ: માનવસ્વાતંત્ર્ય.

૧૧૭ લોકશાહીના ઇતિહાસની ઝાંખી.

૧૧૮ આર્થિક વિકેન્દ્રીકરણ: માત્ર ગાંધીનો વિચાર નહીં.

૧૧૯ વિકેન્દ્રિત રાજ્યને અમલમાં લાવવામાં મુશ્કેલીઓ.

૧૨૦ પહેલું પગલું: ઉત્પાદકોનો સમાજ.

૧૨૧ બીજું પગલું: ઉમેદવારી નહીં રહે.

૧૨૨ સંપત્તિનું પુનર્વિભાજન

૧૨૩ ભાવિ સમાજનું ચિત્ર

૧૨૪ પુનરાવર્તન

૧૨૫ લોકનીતિ તરફ પહેલું પગલું: ચૂંટણીમાંથી કેન્વાસિંગ કાઢો

૧૨૬ બીજું પગલું: ઉમેદવાર પક્ષથી ઉપર ઉઠેલો હોય.

૧૨૭ ત્રીજું પગલું: ઉમેદવારો પાસે અરજી ન માંગો

૧૨૮ ચોથું પગલું: સ્થાનિક સ્વરાજમાં પક્ષપદ્ધતિ ન હોય.

૧૨૯ આ અવ્યાવહારિક વિચાર છે?

૧૩૦ વસિષ્ઠ-સત્તા

## ૧૧૩. ગયા પ્રકરણનું પુનરાવર્તન

રાજસત્તા અને લોકસત્તા વચ્ચે ધીરે ધીરે ભેદ શી રીતે થતો ગયો અને અંતમાં રાજસત્તા કેવી રીતે ક્ષીણ થતી ગઈ અને લોકસત્તાનો વિકાસ કરવા તરફ દુનિયાનાં પગલાં શી રીતે મંડાતાં ગયાં તેનો થોડો ઇતિહાસ તમારી સામે મૂક્યો. મેં એમ પણ કહ્યું કે અહીં લોકસત્તાની સ્થાપના સારુ સંપ્રદાય-નિરાકરણ પણ કરવું પડશે અને જાતિ-નિરાકરણ પણ કરવું પડશે. ગાંધીજીએ એ વાત આપણી આગળ સ્પર્શભાવનાના વ્રતરૂપે મૂકી. સંપ્રદાયમાં સ્પર્શભાવના તો છે, પરંતુ આક્રમણશીલતા છે, અને બીજી તરફ જે એ સંપ્રદાયમાં ન હોય તેમને સારુ સહિષ્ણુતા અને સમાનતાની વૃત્તિ નથી. સંપ્રદાય સંગ્રાહક છે, પણ તે માત્ર સંપ્રદાય પૂરતો જ. ઇસ્લામમાં સૌ સમાન છે, પણ સૌ મુસલમાન થાય તો જ. એની સમાનતા સંપ્રદાયનિષ્ઠ છે. આ પ્રકારની થોડીઘણી સમાનતા, જાતિનિષ્ઠ સમાનતા હિંદુઓના સમાજમાં પણ છે. ગરીબ બ્રાહ્મણ અને શ્રીમંત બ્રાહ્મણ એકસાથે ભોજન કરી શકે છે, અને એમની વચ્ચે લગ્નની પણ શકયતા છે. એટલે આપણા દેશના કેટલાક વિચારક તો એટલે સુધી કહેવા લાગ્યા હતા કે આ દેશમાં લોકશાહીનો આરંભ Communal democracy—સાંપ્રદાયિક લોકશાહી અને જાતિનિષ્ઠ લોકસત્તાથી થવો જોઈએ.

મેં તમારી આગળ એ વિચાર પણ મૂકયો કે નાગરિકતા સાંપ્રદાયિકતા અને જાતિ બંનેથી ભિન્ન હોવી જોઈએ, માટે એ બંનેનો નાગરિકતામાં કયાંય પણ પ્રવેશ થવા દેવો ન જોઈએ. એને જ સંપ્રદાયવાદ અને જાતિવાદનું નિરાકરણ કહે છે. આ અંગે મેં વાતવાતમાં એ વાત પણ કહી દીધી હતી કે આ દેશમાં જાતિ હવે ચૂંટણીમાં અને રાજનીતિમાં આવી રહી છે. એને અંગે લોકોની ઘણી ફરિયાદો છે, પણ હું એને એક શુભચિહ્ન ગણું છું. એથી જે જાતિ ચૂલા પાસે હતી તે આમ રાજનીતિમાં આવી જાય છે. સત્તાની રાજનીતિમાં એક ગુણ અને એક દોષ એ છે કે એમાં કોઈ તત્ત્વ કે સિદ્ધાંત સ્થિર નથી રહેતો. તેથી જાતિ અહીં આવવાથી એના નિરાકરણની પ્રક્રિયાની શરૂઆત થઈ જાય છે. તેથી એને વિષે આપણે બહુ ચિંતિત રહેવાની જરૂર નથી.

આપણે એ પણ જોયું કે લોકસત્તાના પાયા ફક્ત કાયદા કે બંધારણથી

નહીં બદલાય. અને લોકસત્તાનો બાહ્ય આકાર બદલવાથી પણ આપણે જેવો લોકસત્તાનો સંદર્ભ બદલવો છે તેવો નથી બદલાતો. તેથી મેં વર્ગનિરાકરણ, અને જાતિનિરાકરણની વાત કરી. એમાં સત્તા અને કાયદાની થોડીઘણી મદદ આપણને મળી શકે, પણ આ ત્રણે ક્ષેત્રોમાં જે પ્રયાસ થાય તે ક્રાંતિકારી હોવા જોઈએ. લોકશાહીના પાયા બદલવા સારુ જરૂર છે ક્રાંતિકારી પ્રયત્નોની. એટલે મારી આગલી વાત પરથી તમારા મનમાં એમ ન થવું જોઈએ કે મેં તમારી આગળ આજની લોકસત્તાના દોષો જ રજૂ કર્યા. એ તો મેં રજૂ કર્યા છે, પણ એ પણ સમજાવ્યું છે કે આ દોષોનું નિરાકરણ એ તમે જેને ઔપચારિક લોકશાહી (ફોર્મલ ડિમોક્રેસી) કહો છો તેની રચના સાથે એટલો સંબંધ નથી ધરાવતું, જેટલો સમાજની સ્થિતિ બદલવા સાથે ધરાવે છે. આ જ કારણે ક્રાંતિકારીઓએ એ નિર્ણય કરી લીધો હતો કે પાર્લામેન્ટ મારફત ક્રાંતિ નહીં થઈ શકે.

તમે જાણો છો કે યુરોપમાં બે પક્ષો પડી ગયા હતા. એક પાર્લામેન્ટેરિયનોનો—જે પાર્લામેન્ટ દ્વારા કામ લેવા ઇચ્છતા હતા અને બીજો ક્રાંતિકારીઓનો. એમણે કહ્યું કે પાર્લામેન્ટ દ્વારા આપણે પૂરેપૂરું કામ નહીં લઈ શકીએ. ક્રાંતિ પાર્લામેન્ટની મારફત ન થઈ શકે. અને એનું મુખ્ય કારણ એ કે પાર્લામેન્ટ આજે જે સંદર્ભમાં કામ કરે છે તે સંદર્ભમાં ક્રાંતિકારી તત્ત્વોની શક્તિ પાર્લામેન્ટમાં કામ ન આવે. એક તો ચૂંટણીમાં આવા લોકો સારુ જીતવું જ શક્ય નથી હોતું અને જીતે તો પછી પાર્લામેન્ટનું કામ એ રીતે ચાલે છે કે બહુમતીની ફિકરમાં જ એમને રહેવું પડે. આમ પાર્લામેન્ટરી પદ્ધતિમાં છેવટની પરિણતિ એ થાય છે કે સરકાર અને સરકાર ચલાવનારા એક થઈને શી રીતે ચાલે એ જ મુખ્ય પ્રશ્ન બને છે. વિનોબાજી જે એકમતીની વાત કહે છે તે અને આ આજના પ્રધાનમંડળમાં કે પાર્લામેન્ટરી ભાષામાં જેને સંયુક્ત જવાબદારી કહે છે તે બિલકુલ જુદી વાતો છે.

આ સંયુક્ત જવાબદારીનો પણ એક કિસ્સો છે. મારા કિસ્સાઓને તમે સંકેત માનજો. એ બધાં ઐતિહાસિક સત્યો નથી.

વિક્ટોરિયા રાણીનો સૌથી મોટો સલાહકાર હતો લોર્ડ મેલબોર્ન. એ એમ કરતો તે જ્યારે પ્રધાનમંડળની બેઠક થવાની હોય ત્યારે ઓરડાની બહાર દરવાજામાં લોકોનું આવવાજવાનું રોકીને ઊભો રહી જતો. અને કહેતો—'I don't care what damned lie we must

tell.—લોકો આગળ કયું જુઠ્ઠાણું હાંકવું પડે છે એની મને ઝાઝી પરવા નથી.' But not a man of you shall leave this room until we have all agreed to tell the same damned lie.—પણ બધાએ મળીને કયું ડીંડવાણું હાંકવાનું છે એ બાબતમાં એકમત નહીં થાઓ ત્યાં સુધી હું તમને કોઈને બહાર જવા નહીં દઉં.' મુત્સદ્દીઓની સંયુક્ત જવાબદારીની મતલબ? આજે જેને સંયુક્ત જવાબદારી કહેવાય છે અને આપણે જે સર્વાનુમતીની વાત કરીએ છીએ તે બેમાં ઘણો ફેર છે. આજે જે એકમતી છે તે રાજસત્તા પોતાના હાથમાં રાખવા સારુ છે. સત્તાને તમે સેવાનું સાધન ભલે માની લીધું હોય, પણ સેવાનું સાધન જ્યાં સુધી અમારા હાથમાં નહીં હોય ત્યાં સુધી અમે સેવા નહીં કરીએ એમ જેણે માન્યું છે, તે સેવાના સાધનને પોતાના હાથમાં રાખવા સારુ જ બધી શક્તિ ખર્ચે છે. રાજા એમ જ કરતો. એનું રાજ્ય શું હતું? રાજાના હાથમાં સત્તા રહે, રાજાનું રાજ્ય ટકી રહે એનું જ નામ રાજનીતિ હતું. રાજા રાજ કરી શકે છે; રાજા જ બરાબર રાજ કરી શકે છે. રાજાનું રાજ ટકાવી રાખવાની જે યુક્તિ અને નીતિ તેને જ આપણે રાજનીતિ કહીએ છીએ. અને તેથી જૂના લોકોએ કહ્યું છે: 'રાજ ટકાવવા સારુ જે જે કરવું પડે તે બધું ઉચિત જ છે.'

તો શું કરવું પડશે?

એનું કાંઈ ઠેકાણું નથી. वारांगनेव नृपनीतिः अनेकरूपा—વારાંગનાની માફક રાજનીતિનાં અનેક રૂપ હોય છે.

## ૧૧૪. રાજનીતિને વહેંચવાથી લોકનીતિ ન બને

આપણે એમ માની લીધું કે રાજનીતિને વહેંચી નાખવાથી લોકનીતિ થઈ જાય. એ આજ સુધીના લોકોનો વિચાર છે. શરૂઆતમાં જ્યારે આ વિષયો અંગે હું સર્વોદયની દૃષ્ટિએ વધુ વિચારતો અને બોલતો ત્યારે આને સારુ મેં લોકો આગળ એક દાખલો મૂકયો હતો.

તમારે ત્યાં રાજગરો હોય છે ને? એના લાડુ બનાવવામાં આવે છે એનો એક એક દાણો અલગ અલગ હોય છે. જ્યાં સુધી લાડુ હતો ત્યાં સુધી બધા દાણા એક હતા, ને કોઈએ એની ઉપર એક મુક્કો માર્યો તો બધા વિખેરાઈ ગયા. મેં કહ્યું કે જે લાડુ છે તે રાજસત્તા અને જે વિખેરાઈ ગઈ તે લોકસત્તા, એવો વિચાર લોકોના મનમાં

હતો. એનું પરિણામ એ આવે છે કે હવે એક એક રાજા fragment of royalty—રાજસત્તાનો ટુકડો છે. રાજસત્તાના કણનું નામ જ એમણે લોકસત્તા પાડ્યું. રાજસત્તાનો એક એક દાણો પોતપોતાની જગાએ ઊછળે છે. કોઈ ગ્રામપંચાયતમાં ઊછળે છે, કોઈ સુધરાઈમાં ઊછળે છે, કોઈ જિલ્લા બોર્ડમાં ઊછળે છે. આ બધાં સૌએ પોતપોતાનાં નાનાં રાજ્યો બનાવી લીધાં. લોકમાન્ય ટિળક વિષે ગોખલે કહેતા—'In other lands and at other times he would have carved a kingdom for himself.—આ માણસ જો બીજા દેશમાં અને બીજા જમાનામાં પેદા થયો હોત તો પોતાને સારુ એક રાજ બનાવી લેત.' તો લોકમાન્ય ટિળક તો ન કરી શક્યા પણ તમે ને હું આજે કરી રહ્યા છીએ. આજે જે મતદાર મંડળ બને છે તેમાં શું થાય છે? મતદાર મંડળ બનાવવાનો દિવસ આવી પહોંચ્યો. દાદા ધર્માધિકારી શું જુએ છે? મતદાનના ક્ષેત્રમાં મારો કબજો કેટલો રહેશે? એટલે કે એમાં હું ચૂંટાઈશ કે નહીં? નારાયણ જુએ છે કે દાદાનું ક્ષેત્ર બની ગયું તો પછી હું ક્યાંયનો નહીં રહું. મારી તો રેવડી દાણાદાણ થઈ જશે. એટલે એ મતદાર-ક્ષેત્ર એવું બનાવી લેવા ઇચ્છે છે કે ચૂંટણીમાં એ જીતી જાય. દાદાની દૃષ્ટિ ચૂંટણીમાં પોતે જીતે એવી રીતે ક્ષેત્ર બને તેવી છે, અને નારાયણ પોતે જીતે એ દૃષ્ટિએ બનાવવા ઇચ્છે છે. અને હું જો કોંગ્રેસમાં હોઉં તો પ્રજા-સમાજવાદી કહે છે કે આ લોકોએ ચાલાકી કરી પોતાના પક્ષને જીતાડવા સારુ અનુકૂળ પડે એવાં મતદારક્ષેત્ર બનાવી લીધાં. આમ દરેકે પોતપોતાને સારુ એક નાનોસરખો વિસ્તાર, સત્તાનું એક નાનુંસરખું ક્ષેત્ર બનાવી લીધું. આ લોકસત્તા નથી.

તો શું કરવું પડશે?

## ૧૧૫. લોકનીતિનાં વિધાયક પગલાં: આર્થિક અને રાજનૈતિક એકમ વચ્ચેનું અંતર દૂર કરવું

**આ જો લોકસત્તા નથી તો આપણે લોકસત્તા કોને કહીશું? અને એને સારુ શું કરવું પડશે? એક વાત મેં એને અંગે વિચારી છે, અને મેં જ વિચારી છે એમ નથી. દુનિયામાં જેટલા વિચારક છે, એમણે કોઈએ પહેલાં, કોઈએ પછી વિચાર્યું, પણ સૌ એ નિર્ણય પર પહોંચ્યા છે કે આર્થિક એકમ અને રાજનૈતિક એકમમાં બહુ વધારે અંતર ન હોવું**

જોઈએ. આજે આપણાં જેટલાં રાજનૈતિક એકમો છે તે બધાં આર્બિટ્રેરી છે. એટલે કે આપણી મરજી મુજબ ગમે તેમ અનિયંત્રિત રીતે બનાવી લીધાં છે, એમાં કોઈ નિયમ નથી. એને જો આપણે આર્થિક એકમો સાથે સમવ્યાપ્ત ન બનાવી શકીએ તો ઓછામાં ઓછું એમાં ઝાઝું અંતર તો ન રહેવું જોઈએ. રાજનૈતિક એકમ અને આર્થિક એકમ જો સમવ્યાપ્ત થઈ શકે તો બહુ સારું, સમવ્યાપ્ત ન થઈ શકે તો એમાં ઓછામાં ઓછું અંતર હોય. રાજનૈતિક એકમો બે પ્રકારનાં હોય છે: ૧. પ્રશાસન, ૨ પ્રતિનિધિત્વ વહીવટી અને પ્રાતિનિધિક ( Administrative અને Representative ) આજે જેને મતદાનનું ક્ષેત્ર કહે છે તે પ્રાતિનિધિક એકમ કહેવાય છે. જેને તાલુકો, જિલ્લો વગેરે કહે છે તેને વહીવટી કે પ્રશાસનનાં એકમ કહે છે. આપણે ઇચ્છીએ છીએ શું ? કે પ્રશાસન ઘટતું જાય અને અનુશાસન વધતું જાય, અને અંતમાં છેવટ ફક્ત અનુશાસન જ બચે. એનો અર્થ એ થયો કે જનતામાં ખુદ રાજ કરવાની વૃત્તિ વધે, સ્વતંત્રતાની વૃત્તિ વધે. હું પણ સ્વતંત્ર, તમે પણ સ્વતંત્ર, મારું સ્વાતંત્ર્ય તમારા સ્વાતંત્ર્યથી નિર્મિત થશે. મારી અને તમારી સ્વતંત્રતા એકબીજાની સ્વતંત્રતાને નિર્મિત કરશે. એના સિવાય બીજું કોઈ નિયમન નહીં હોય.

## ૧૧૬. વસ્તુનિયંત્રણ : માનવસ્વાતંત્ર્ય

નિયંત્રણ વસ્તુનું હશે. હવે હું લોકસત્તાના કેટલાક ક્રાંતિકારી સિદ્ધાંત તમારી આગળ મૂકી રહ્યો છું. લોકસત્તાને કેમ ચાલવું પડશે ? ઍડમિનિસ્ટ્રેશન ઑફ મેન (માનવનિયંત્રણ)થી ઍડમિનિસ્ટ્રેશન ઑફ થિંગ્સ ( વસ્તુનિયંત્રણ ) એ પહેલું પગલું. માણસોનું નિયંત્રણ ઓછું થશે, વસ્તુનું નિયંત્રણ વધુ થશે. કેમ ? આજે વહીવટ શા માટે છે ? આજે પ્રશાસન કેમ થાય છે ? મુઠ્ઠીભર લોકોના સ્વામિત્વ અને મુઠ્ઠીભર લોકોની સંપત્તિના સંરક્ષણ સારુ આજે પ્રશાસન હોય છે. તમે શી રીતે જાણ્યું ? તો મેં આ દાખલા બધે ઠેકાણે આપ્યા છે. તમને કહ્યા છે કે નથી તે યાદ નથી. ગુજરાતનાં ગામડાંની મને ખબર નથી, પણ બીજા પ્રાન્તોમાં મેં જોયું છે કે સોમાંથી સાઠ ઘરોને દરવાજા સુદ્ધાં નથી હોતા. અને સવાલ તો એ છે કે જે ઘરોને તાળાં છે, તે પૈકી કેટલામાં એવી સંપત્તિ છે કે જેનું તાળાંથી રક્ષણ કરવાની જરૂર છે. અસલી સવાલ એ છે કે જે સંપત્તિને સંરક્ષણની બહુ જરૂર હોય એવી સંપત્તિ સોમાંથી દશ–વીસ

લોકો પાસે હોય છે—જેના સંરક્ષણ સારુ પોલીસ કે ફોજની આવશ્યકતા હોય તેવી સંપત્તિ. બાકી લોકોની જે સંપત્તિ હોય છે તેમાં આજે તાળાં તો એટલા સારુ લાગે છે કે સોમાંથી દશ લોકોની સંપત્તિના રક્ષણ સારુ સમાજમાં એવો રિવાજ ફેલાયલો છે. આખા સમાજમાં એવો રિવાજ ફેલાઈ જાય એ વાત અલગ છે, પણ પ્રત્યક્ષ સંપત્તિના સંરક્ષણની આવશ્યકતા કેટલા લોકોને હોય છે? મેં તો તમારી આગળ ટૂંકમાં આ હિસાબ માંડયો—મારો તો એવો મત છે, હું એ જાણું છું કે સોમાંથી એંશી લોકો એવાં છે—એંશી કરતાંય વધારે એવાં છે કે જેમની સંપત્તિના સંરક્ષણ સારુ સરકારની જરૂર નથી. સરકારની જરૂરિયાત એમાંથી વીસ લોકોની સંપત્તિના સંરક્ષણને સારુ હોય છે. આજની લોકશાહીમાં પણ આવું ચાલી રહ્યું છે. આપણા દેશની જ વાત નથી બલ્કે બધા મૂડીવાદી દેશોની વાત છે. ભારતને બાદ કરીએ તો લોકશાહીનું સ્વરૂપ જ્યાં સૌથી સારું માનવામાં આવે છે, ત્યાં ઇંગ્લેંડ અને અમેરિકામાં સમાજરચના મૂડીવાદી છે.

## ૧૧૭. લોકશાહીના ઇતિહાસની ઝાંખી

લોકશાહીનો જન્મ મૂડીવાદની કૂખે થયો છે. આ ઐતિહાસિક સત્ય છે. મેં તમને કેટલાક સંકેતો કહ્યા. પણ આ એક ઐતિહાસિક સત્ય કહી રહ્યો છું. મૂડીવાદને જરૂર હતી લોકશાહીની. તેથી લોકશાહીનો જન્મ મૂડીવાદની કૂખે થયો. બાળકોમાં માબાપના થોડાઘણા ગુણ પણ આવી જાય છે. આ લોકશાહી તો સાહુકારની બેટી થઈ.

રાજાની બેટીનો સ્વયંવર થતો હતો. સાહુકારની બેટીનો સ્વયંવર નહીં, લીલામ થતું. (લગ્ન પણ—પોતાની દીકરીનાં લેવાનાં હોય તો આપણે જોઈએ છીએ કે કેટલા પૈસા લેશે, કેટલી જણસ લેશે. અને જે છોકરાની સાથે લગન લેવાનાં છે, તેની પાસે કેટલું ધન છે. સ્વયંવર બીજી વસ્તુ હતી. એમાં થોડાઘણો જુગાર આવતો, ચાન્સનો સવાલ આવતો, સંયોગો જોવાતા). પણ સંયોગની સાથે કીમત ચૂકવનાર જોઈએ. જે વધુમાં વધુ કીમત આપે, એની પાછળ એ જાય. આ બૂરાઈ આ લોકશાહીમાં મૂડીવાદની સાથે સાથે આવી. તેથી આપણી કોશિશ એ છે કે એનો સંદર્ભ બદલી દઈએ. યુરોપના અને ખાસ કરીને ઇંગ્લેંડના અનુભવને લીધે ઇંગ્લેંડમાં પાર્લામેન્ટરી પદ્ધતિમાં જે અનુભવ થયા તેનો સાર એ કે ત્યાં સત્તા પર તો પ્રગતિશીલ પક્ષો આવ્યા, પણ કોઈપણ પક્ષ પાર્લામેન્ટની

મારફત ક્રાંતિ ન કરી શકયો. છેવટે તો લેબર પાર્ટીમાં ઝઘડો થઈ ગયો, બેવાં અલગ નીકળી ગયો. અને બેવાંની સૌથી મોટી ફરિયાદ એ હતી કે આપણે પાર્લામેન્ટને ક્રાન્તિનું ઉપકરણ બનાવી ન શકયા, પાર્લામેન્ટને ક્રાન્તિનું ઓજાર બનાવી ન શકયા. એનું મુખ્ય કારણ એ હતું કે સમાજમાં જ પ્રચલિત સ્વાર્થસંબંધો હોય છે તેને અનુરૂપ પક્ષો બની જાય છે. અને સમાજમાં જ્યારે સ્વાર્થસંબંધો પ્રમાણે પક્ષો બને છે, ત્યારે તે પક્ષોની સત્તા અંત સુધી પહોંચી શકતી નથી. હાલમાં એ પણ થવા લાગ્યું છે, પણ પહેલાં ઇંગ્લેંડમાં જેને આપણે સ્થાનિક સ્વરાજ કહીએ છીએ, તેમાં પક્ષો નહોતા. એનું મુખ્ય કારણ એ હતું કે પાર્લામેન્ટ આગળ જે પ્રકારના પક્ષ આવી શકે, તે પ્રકારના પક્ષ સ્થાનિક સ્વરાજમાં આવી જ નહોતા શકતા. કારણ સ્થાનિક સ્વરાજમાં સ્થાનિક પ્રશ્નો આવતા. સ્વાર્થના જે વિરોધ હોય છે તે જો આર્થિક વિરોધને બાદ કરીએ તો સ્થાનિક મામલાઓમાં બહુ નગણ્ય હોય છે. એટલે જ્યાં વર્ગનિરાકરણ થઈ ગયું હોય કે થવાની પ્રક્રિયાનો આરંભ થઈ ગયો હોય, તેવી જગાએ પક્ષભેદને બહુ થોડો અવકાશ રહે છે. તો એક સિદ્ધાન્ત તમે ધ્યાનમાં રાખો કે આર્થિક એકમની સાથે રાજનૈતિક એકમ ચાલે.

## ૧૧૮. આર્થિક વિકેન્દ્રીકરણ માત્ર ગાંધીનો વિચાર નહીં

આર્થિક એકમમાં તમે વિકેન્દ્રીકરણ કરવા માગો છો. આર્થિક રચનાનો અંતિમ સિદ્ધાન્ત એ છે કે તેમાં સ્વયંપૂર્ણતા અને વિકેન્દ્રીકરણ હોય. આ માત્ર ગાંધીનો સિદ્ધાન્ત નથી. તે દિવસે મેં તમને કહ્યું હતું અને મારે સદ્ભાગ્યે તે દિવસે દિનકરભાઈ અહીં હતા તેમની સામે મેં કહ્યું હતું કે લડાઈ ન થઈ હોત તો સામ્યવાદમાં પણ અંતિમ વિચાર વિકેન્દ્રીકરણ અને સ્વયંપૂર્ણતાનો જ હતો. સ્વયંપૂર્ણતા કેમ હોવી જોઈએ? હવે આનો અનુભવ તો આખી દુનિયાને થઈ ગયો છે. પણ આ વિચાર આવ્યો શી રીતે? વિચાર આવવા સારુ પરિસ્થિતિનો થોડો ધક્કો લાગવાની જરૂર હોય છે. ૧૯૧૪–૧૯૧૮નું જે યુદ્ધ થયું તેમાં જર્મનીના એમ્ડન નામના વહાણે ઇંગ્લેંડ જનારી રસદને ડુબાડવી શરૂ કરી દીધી. ત્યાં સુધી ઈંગ્લેંડનો એવો ખ્યાલ હતો કે આપણે કારખાનદારી અને દુકાનદારીથી માલદાર થઈ જઈશું. આપણને ખેતીવાડીની શી જરૂર? થોડીઘણી જે ખેતીવાડી બચી ગઈ હતી તેનું કારણ તો એ કે અંગ્રેજો થોડા રૂઢીચુસ્ત છે. પણ છતાં એમણે ખેતી ઉપર ભાર નહોતો આપ્યો. એમને રસદ મળવી મુશ્કેલ થઈ, એટલે જાગ્યા અને વિચારવા લાગ્યા કે—ના, એવી પરિસ્થિતિ

આવી શકે કે દરેક રાષ્ટ્રે પોતાની જરૂરિયાતો સારુ પોતા પર જ નભવું જોઈએ. આ તો એક રાષ્ટ્રની વાત થઈ. પછી રશિયામાં ક્રાન્તિ થઈ. રશિયામાં એક સ્ટૅલિન ફૉર્મુલા કહેવાય છે. એટલે કે લેનિનિઝમ અલગ ચીજ છે અને સ્ટૅલિનિઝમ અલગ. સ્ટૅલિને રશિયામાં લેનિનથી આગળ વધીને મૂકી તેમાંની એક છે Socialism in one country—એક દેશમાં સમાજવાદ, બીજી Revolution cannot be imported—ક્રાંતિની આયાત એક દેશમાંથી બીજા દેશમાં ન થાય. એણે કહ્યું કે એ કાંઈ કિવનાઇનની ગોળી નથી. અને ત્રીજો સિદ્ધાન્ત જે મેં તમારી આગળ કહ્યો તે છે સ્ટૅલિન ફૉર્મુલા—એ હતો : The culture of Russia will be socialist in content, but nationalist in form.—રશિયાની સંસ્કૃતિનો આશય તો સમાજવાદી હશે, પણ એનો આકાર રાષ્ટ્રીય હશે. પરિણામ એ આવ્યું કે રશિયામાં જેટલા નાનાં નાનાં રાષ્ટ્રો હતાં, તે બધાંને સ્વયંપૂર્ણ બનાવવાનો પ્રયત્ન થયો. યુક્રેઇન અને પૂર્વ તુર્કસ્તાનને સ્વયંપૂર્ણ બનાવવાની કોશિશ લાગલગાટ ચાલતી રહી. પણ એ વખતે રશિયામાં જે સંયોજન હતું તેનો આદર્શ એ હતો, પાયો એ હતો, કે બધાં નાનાં નાનાં રાષ્ટ્રકોને (મોટું તે રાષ્ટ્ર અને નાનું તે રાષ્ટ્રક-જેમ દેવ અને દેવક તેમ આ શબ્દ બનાવ્યો છે—nationalities) સ્વયંપૂર્ણ બનાવી દો. તો સ્વયંપૂર્ણ હોવાં જોઈએ અને વિકેન્દ્રિત પણ હોવાં જોઈએ. હવે સવાલ એ હતો કે જો આર્થિક સ્વયંપૂર્ણતા અને વિકેન્દ્રીકરણ હશે તો રાજનૈતિક સ્વયંપૂર્ણતા અને રાજનૈતિક વિકેન્દ્રીકરણ થઈ જશે. આ બે ચાલશે તો સાથે સાથે ચાલશે. એક તરફ વિકેન્દ્રીકરણ અને બીજી તરફ કેન્દ્રીકરણ, એ બે વાતો એક સાથે ન ચાલી શકે. તેથી બંને પ્રકારના વિકેન્દ્રીકરણની જરૂરિયાત છે. તો પહેલું પગલું એ હોવું જોઈએ કે આર્થિક વિકેન્દ્રીકરણની યોજનાની સાથે સાથે રાજનૈતિક વિકેન્દ્રીકરણની યોજના થાય.

## ૧૧૯. વિકેન્દ્રિત રાજ્યને અમલમાં લાવવામાં મુશ્કેલીઓ

તો આજે એ હિમ્મત કેમ થતી નથી? આ બધાંનો વિચાર પણ આપણે કરવાનો છે કારણ આપણે કાંઈ કોરે કાગળિયે નકશો ચીતરવા નથી બેઠાં. હિમ્મત કેમ નથી થતી? જવાહરલાલજી બેઠા છે. બીજા પણ એવા ઘણાયે બેઠા છે કે જે વિચારી શકે છે. એમની હિમ્મત કેમ નથી થતી? એ લોકો એમ કહે છે કે મુસલમાનોના સંપ્રદાયવાદને લીધે તો અહીં

દ્વિરાષ્ટ્રવાદ આવ્યો. આજે અમને ડર એ છે કે બાકીના બિનમુસ્લિમોના ભાષાવાદને લીધે અહીં બહુરાષ્ટ્રવાદ આવી જશે. સાંસ્કૃતિક ક્ષેત્રમાં ભાષાનું અભિમાન એક અલગ વસ્તુ છે, પણ જ્યારે ભાષાની સાથે સત્તા જોડાઈ જાય છે, ત્યારે એને ભાષાવાદ કહે છે. સંપ્રદાયવાદ શું છે એ મેં તમારી આગળ મૂક્યું, જાતિવાદ શું છે એ પણ મૂક્યું. હવે હું ભાષાવાદ શું છે તે મૂકું છું. ભાષાનિષ્ઠા, ભાષાનું અભિમાન, ભાષાનો પ્રેમ સાંસ્કૃતિક અને શિક્ષણના ક્ષેત્રમાં એ એક અલગ વસ્તુ છે. તેને હું હમણાં નથી લેતો. એ બાબત પણ મારા પોતાના કેટલાક સ્વતંત્ર વિચાર છે, પણ તમારા મગજ પર એકીસાથે ઘણા હથોડાના ઘા નથી મારવા. તેથી મેં એ વિચારોને થોડી વાર સુધી સ્થગિત રાખ્યા છે. કેવળ સત્તાના ક્ષેત્રમાં જ્યારે ભાષા આવી જાય છે, ત્યારે એને ભાષાવાદનું સ્વરૂપ આવે છે, અને ત્યાં જેમ દ્વિરાષ્ટ્રવાદ આવ્યો તેમ અહીં બહુરાષ્ટ્રવાદ આવી શકે છે, એ ખતરો એમના મનમાં છે. તેથી શરૂઆતથી સરદાર પટેલ, આંબેડકર, જવાહરલાલજી અને એ પ્રકારના બધા લોકોનાં મનમાં એમ રહ્યું કે આ દેશમાં પ્રાન્તોને બહુ વધારે અધિકાર ન આપવામાં આવે. પણ આ બાબત પર સૌથી વધારે જોર દેનાર દક્ષિણના પ્રાન્તોના લોકો નીકળ્યા. દક્ષિણના પ્રાન્તવાળાઓએ કહ્યું કે પ્રાન્તીય સ્વાયત્તતા હોવી જ જોઈએ. પ્રાન્તને વધુમાં વધુ અધિકાર જોઈએ.

આમ કહેનારા બે પ્રકારના લોકો હતા. એક તો પાકિસ્તાન પહેલાના મુસલમાન હતા. એ લોકો તો એટલે સુધી કહેતા કે પ્રાન્તોની સ્વાયત્તતા એટલે સુધી હોવી જોઈએ કે જે પ્રાન્ત ભારતીય સંઘ રાજ્યમાંથી નીકળી જવા ઇચ્છતો હોય તેને નીકળી જવાની પણ સ્વતંત્રતા હોવી જોઈએ. All residuary powers with the freedom to secede—પૂરી સ્વતંત્રતા—અલગ થઈ જવાની સુદ્ધાં હોય. એવું થાય તો પાકિસ્તાનની માગ કદાચ એ લોકો ન કરે. આ ઉદ્દેશથી એમને સમજાવવા અને એમને પોતાનામાં મેળવવા સારુ આપણા દેશના સૌ નેતાઓ આ વાત સારુ તૈયાર થઈ ગયા હતા.

બીજી તરફ દક્ષિણવાળા હતા—જે કહેતા હતા કે તમારી સંસ્કૃતિ અલગ, તમારી ભાષા અલગ, તમારો તોરતરીકો અલગ, તમારી રહેણીકરણી અલગ, તમારાં રૂપરંગ અલગ. તમે અને અમે એકસાથે રહ્યા અંગ્રેજોને લીધે. હજીયે તમે કહો છો કે તમે અને અમે સાથે રહીશું. એ ક્યાં સુધી

ચાલવાનું છે? એકે કહ્યું કે મુસ્લિમ ભારત અને બિનમુસ્લિમ ભારત અલગ અલગ હોવાં જોઈએ. બીજો કહે છે કે ઉત્તર ભારત અને દક્ષિણ ભારત અલગ અલગ હોવાં જોઈએ. ભારતવર્ષના આ બે સાંસ્કૃતિક ટુકડા મનાવા જોઈએ. આ સંદર્ભમાં એમને બંધારણ બનાવવું હતું એટલે એ લોકો બહુ વિચારમાં પડયા કે આ થશે શું? માણસોના આમ ભાગલા પડે તો પછી આનો ક્યાંય છેડો નહીં આવે. અને તમે આજે જુઓ છો પંજાબમાં કે એક મહાપંજાબ-વાદી છે અને બીજા પંજાબીભાષી પ્રાન્તવાદી છે. પંજાબીભાષી પ્રાન્તવાદી કોણ છે? ફક્ત સિખ છે. શું બીજા પંજાબીઓની પંજાબી ભાષા નથી? એ કહે છે કે બીજા પંજાબી જાતિવાદી થઈ ગયા છે. એ હિન્દી ભાષાના અભિમાની થઈ ગયા છે. પંજાબી ભાષાનું અભિમાન એમનામાં નથી, તેથી જેટલા બિન–સિખ પંજાબી છે તે બધા કોમવાદી છે અને સિખ પંજાબી જ ફક્ત રાષ્ટ્રવાદી છે, કારણ તે પંજાબી ભાષાનું અભિમાન રાખે છે. તેઓ નોખો પંજાબી પ્રાન્ત માગે છે. આમ તમે જોયું કે સત્તા જ પ્રધાન બને તો રાજનીતિ લોકવ્યાપી બનવાથી લોકનીતિ નથી બનતી. રાજનીતિને—સત્તાવાદને કેવળ વિખેરી દેવાથી સત્તાવાદ વિકેન્દ્રિત થાય છે. પણ વિકેન્દ્રિત સત્તાવાદનો અર્થ લોકનીતિ નથી. લોકનીતિનો પ્રાદુર્ભાવ એનાથી નથી થતો. એમાં હું ચાહું છું કે મારું રાજ્ય થાય; અને તમે ચાહો છો કે તમારું રાજ્ય થાય. તેથી તમે એક ઉમેદવાર અને હું બીજો ઉમેદવાર. હવે મારું રાજ્ય થાય કોની ઉપર? તમારી ઉપર. તમારું રાજ્ય કોના પર થાય? મારી પર થાય. તો બંને એકબીજાના ખભા પર બેસવાની કોશિશ કરે છે. હું તમારે ખભે ચડવા ઇચ્છું છું, તમે મારે ખભે ચડવા ઇચ્છો છો. આમ સત્તાની સ્પર્ધા જે પહેલાં ફક્ત રાજગાદીની આસપાસ હતી તે હવે ઘેરઘેર પહોંચી ગઈ, ગામેગામ પહોંચી ગઈ. આ સત્તાની સ્પર્ધાનું વિકેન્દ્રીકરણ થયું, સત્તાનું વિકેન્દ્રીકરણ ન થયું.

### ૧૨૦. પહેલું પગથિયું–ઉત્પાદકોનો સમાજ

સત્તાનું વિકેન્દ્રીકરણ ક્યારે થશે? જ્યારે રૂપની સાથે સાથે લોકશાહીના પાયા પણ બદલાય ત્યારે. એ ક્યારે બદલાશે? જ્યારે આપણા આર્થિક એકમ અને રાજનૈતિક એકમ અને પ્રાતિનિધિક એકમ એ ત્રણમાં ઓછામાં ઓછું અંતર હોય. સંપૂર્ણરૂપે સમવ્યાપ્ત થઈ શકશે કે નહીં એ હું આજે તમને નથી કહી શકતો; કારણ એ હિસાબની વાત છે. પણ કેટલે સુધી થઈ શકે, કરવું શું જોઈએ, આદર્શ શો? બીજી વાત એ થશે કે આખો ને આખો સમાજ ઉત્પાદકોનો હશે. એમાં માલિક કોઈ નહીં હોય. આર્થિક

ક્ષેત્રમાં શું થશે ? આર્થિક ક્ષેત્રમાં છેવટે તમારો આદર્શ શો છે? પહેલું પગલું : અનુત્પાદકની માલિકીનું વિસર્જન, બીજું પગલું ઉત્પાદકની માલિકીની સ્થાપના, અને ત્રીજું પગલું સ્વામિત્વનું જ નિરાકરણ. તો જ્યારે સૌ proprietors માલિક નહીં રહે, સૌ producers—ઉત્પાદક જ રહેશે, ત્યારે તેવા ઉત્પાદકોના સમાજમાં ઉત્પાદનની દૃષ્ટિએ સ્વયંપૂર્ણતા અને એ અવસ્થામાં જે સત્તાનું વિકેન્દ્રીકરણ થશે એનું ચિત્ર તમે તમારી સામે લાવો. આપણે એક નકશો દોરવા બેસીએ તો એ નકશાની સ્થૂળ રેખાઓ શી હોય ? નકશાની સ્થૂળ રેખા પહેલી એ હશે કે આપણો સમાજ આખો ને આખો ઉત્પાદકોનો થશે, તે ઉત્પાદકોના સમાજમાં સ્વયંપૂર્ણતાની દૃષ્ટિએ વિકેન્દ્રીકરણ થશે. અને એ વિકેન્દ્રિત સમાજમાં પ્રતિનિધિત્વ અને પ્રશાસન બંને સમવ્યાપ્ત હશે.

પ્રશાસનનો ઉદ્દેશ વસ્તુનિયંત્રણ હશે, વ્યક્તિનિયંત્રણ નહીં, જેને ક્રાંતિકારીઓએ કોમિસાર કહ્યો. ડિક્ટેટર તો પહેલાં હોય છે, પછી કોઈ ડિક્ટેટર નહીં, સૌ કોમિસાર. કોમિસાર એટલે ભંડારી—લગનવ્યવહારમાં જેમની પાસે ભંડાર હોય છે તે. જાનમાં એની પાસે સામાન મૂકી દે છે કે બસ જે જોઈએ તે આની પાસે માંગો. આ જે કોઠારી હશે તે વસ્તુનું નિયંત્રણ કરશે, સાધનનું નિયંત્રણ, વહેંચણીનું નિયંત્રણ. પ્રશાસનમાંથી અનુશાસન—સત્તામાંથી શિસ્ત તરફ જવાનું આ પગલું છે. વહીવટ—પ્રશાસન ઓછું થતું જશે, શિસ્ત વધતી જશે.

## ૧૨૧. બીજું પગલું : ઉમેદવારી નહીં રહે

બીજું પગલું—ઉમેદવારી નહીં રહે. તમે જોયું હશે કે લગનમાં ભલા માણસો વચ્ચે કોઠારી થવા સારુ સ્પર્ધા નથી થતી. હા, પછી કોઈને નાળિયેર, ગોળ વગેરે ભાવતાં હોય અને એ કોઠારી બનવાનું કહે તો મને ખબર નથી. ભલા માણસો તો એમ ઇચ્છે છે કે 'આપણે માગીએ તે આપે એવો કોઠારી હોય તો સારું. પણ કોઠારી બનવાની ખટખટમાં કોણ પડે !' એવી એમની ભાવના હોય છે. માટે જ્યારે તમને કોઠારી બનાવશે, ફક્ત વ્યવસ્થાપક બનાવશે, અને એમાંથી સત્તા ઘટી જશે ત્યારે સમાજમાં બહુ વધુ સ્પર્ધા નથી રહેવાની. લોકો પૂછે છે કે સત્તાની આકાંક્ષા શી રીતે જશે ? ધનની આકાંક્ષા જેમ પરિસ્થિતિ-પરિવર્તનથી ઓછી થાય છે, તેવી રીતે સત્તાની આકાંક્ષા પણ પરિસ્થિતિ-પરિવર્તનથી જ ઘટશે. એટલે કે

પરિસ્થિતિ જ એવી બનવી જોઈએ કે સત્તાવાદને ઓછામાં ઓછો અવકાશ રહે. સત્તા-આકાંક્ષા એના પછી પણ થોડીઘણી રહેશે, પણ એનો ડંખ નીકળી જશે. જેમ આપણે કહીએ છીએ કે માલિકી વહેંચાઈ જાય, ઉત્પાદકોની થઈ જાય તો માલિકીનો ડંખ નીકળી જશે, તેમ સત્તાવાદનો ડંખ કાઢવા સારુ, અને વહીવટ ઘટાડી શિસ્ત વધારવા વસ્તુ-નિયંત્રણ થશે. વસ્તુ-નિયંત્રણ એટલે ઉત્પાદનનું નિયંત્રણ અને વિતરણનું નિયંત્રણ. માણસોનું નિયંત્રણ ઓછામાં ઓછું હશે. આજે માણસોનું નિયંત્રણ કેમ કરવું પડે છે? નાગરિકોને એકબીજાનો ડર છે. એક નાગરિક બીજા નાગરિકનો ભરોસો નથી કરી શકતો.

## ૧૨૨. સંપત્તિનું પુનર્વિભાજન

અને ડરનું કારણ શું છે? કેટલાક નાગરિકો પાસે બીજા નાગરિકો કરતાં સંગ્રહ વધારે છે. સંપત્તિ અને સંગ્રહ નાગરિકોમાં ડર અને અવિશ્વાસ પેદા કરે છે. તેથી આપણે સંપત્તિનું વિભાજન અને સંગ્રહનું નિરાકરણ કરવા માગીએ છીએ. સંપત્તિનું વિભાજન થઈ જશે, સંગ્રહનું વિસર્જન થઈ જશે, તો સમાજમાં એવી પરિસ્થિતિ પેદા થશે કે એક નાગરિકને બીજા નાગરિકનો બહુ ડર નહીં રહે.

ડરનાં ત્રણ કારણો કહે છે: અને દેશભરમાં એ શબ્દો એ જ પ્રમાણે વપરાય છે: જર, જમીન ને જોરુ.

કેમ બીએ છે?

—ઘરમાં ઓરત છે.

ફર્સ્ટ કલાસમાં જાય છે. દાદા, તમે અંદરથી દરવાજા કેમ વાસો છો, અને જાગો છો શા સારુ?

—શું કરું, સાથે છોકરી છે.

અને પેલો બીએ છે. બીજો કહે છે—"તમને પણ ડર લાગે છે?"

"હા, મને પણ ડર લાગે છે."

"તમને શાનો ડર લાગે છે?"

"પહેરણની નીચે સેર પહેરી છે, તેને લીધે બીઉં છું."

માલિકી, સંપત્તિ અને સ્ત્રી, એ ત્રણ ભયસ્થાનો સમાજમાં રહ્યાં છે. જર, જમીન ને જોરુ.

હવે બે ચીજોનું નિરાકરણ કરવા તો તમે કમ્મર કસી છે. તમે કહો છો ને કે જમીનની માલિકી કાઢી નાખીશું અને સંપત્તિનું પુનર્વિભાજન થઈ જશે, સંગ્રહનું નિરાકરણ થઈ જશે ? બે ભયસ્થાનો તો તમારાં નીકળી જ જશે. હવે જે ત્રીજું ભયસ્થાન સ્ત્રી છે, તેનું શું કરવું છે ? એનો વિચાર તો જરા આગળ ઉપર કરીશું. એને અહીં મેળવતો નથી. એનો વિચાર તો કરવો પડશે, નહીં તો આ સહનાગરિકત્વ ચરિતાર્થ નહીં થાય. સ્ત્રીને નાગરિક બનાવી દીધી અને પછી ડરતા રહે તો ભારે મુશ્કેલ થાય. એટલે કે બકરીઓને આઝાદ કરી દીધી અને વાઘોની વચ્ચે છોડી મૂકીએ તો તો રોવું પડે. એવી આઝાદી તો કામમાં નહીં આવે ને ? એટલે એને વિષે વિચારવું તો પડશે, તે વિચારી લઈશું. પણ શરૂઆતમાં આપણે મનુષ્યનાં બે ભયસ્થાનોનું નિરાકરણ કરી દઈએ છીએ. એક ભયસ્થાન : સંપત્તિ અને બીજું ભયસ્થાન : સ્વામિત્વ. આ બેની ભાવના નીકળી ગઈ એટલે ત્રીજું ભયસ્થાન જે સત્તાનું છે, તેમાંથી ડંખ નીકળી જાય છે. આજે સત્તાની અભિલાષા જે માત્રામાં છે, એટલી ત્યારે નહીં રહે. એમાંથી ઘણોખરો વૈભવ નીકળી જાય છે, તેમાં વ્યવસ્થાપકની ભૂમિકા જ મોટે ભાગે આવી જાય છે. અને હકૂમત—જેને તમે આજ્ઞા ચલાવવી, હુકમ ચલાવવો કહો છો, તે ચીજ એમાંથી ઓછી થતી જશે.

## ૧૨૩. ભાવિ સમાજનું ચિત્ર

સવાલ એ છે કે આ તો તમે કરશો ત્યારે કરશો. લોકો પૂછે છે કે આ પૂરું ચિત્ર તો આજે એમની સામે આવતું નથી. આજે પણ લોકો જયારે મને કે વિનોબાને ચિત્ર વિષે પૂછે છે, ત્યારે અમે કદી કદી પૂરું ચિત્ર દોરીએ છીએ—આજે જેમ હું તમારી આગળ દોરી રહ્યો છું તેમ.

એવું એકમ થશે કે જ્યાં સૌ ઉત્પાદક હશે, જ્યાં લોકોના સ્વાર્થ-સંબંધોમાં વધારે વિરોધ નહીં હોય, જ્યાં કેન્દ્રિત સરકાર પાસે નૈતિક સત્તા વધુ હશે, પ્રત્યક્ષ વ્યવસ્થાની સત્તા વિકેન્દ્રિત હશે એટલે કે સ્થાનીય શાસન પાસે વધુ હશે, ત્યાં મતભેદ વિષે બહુ ગુંજાશ નહીં રહે. હવે આટલું તો તમારે માનવું પડશે. પછી શું બાકી રહેશે ? કે અહીં રસ્તો બનાવવો છે તો સોશ્યલિઝમનો રસ્તો બનાવવો છે કે કોમ્યુનિસ્ટ રસ્તો બનાવવો છે, કાંઈ ઝાઝો મતભેદ નહીં રહે. પુલ બનાવવા છે, પાયખાના બનાવવાં છે, ખેતીની ઉપજ વધારવી છે, તો તે કોમ્યુનિસ્ટ ઘઉં હશે કે સોશિયલિસ્ટ ઘઉં. આમ

બહુ વધારે મતભેદ નહીં રહે. વિકેન્દ્રિત શાસનમાં મતભેદને સારુ બહુ ઓછી ગુંજાશ, બહુ ઓછા અવસર રહે છે. તેથી પક્ષભેદને બહુ ઓછો અવકાશ રહે છે.

હવે ગુંડા રહેશે કે નહીં? એટલો જ ડર છે ને? આજની લોકશાહીમાં વોટ છીનવાય છે અને વેચાય છે. એ સૌથી મોટો આંતરવિરોધ છે. ગરીબ માણસનું રાજ થઈ ગયું અને ગરીબ માણસ દુ:ખી છે. એનું મુખ્ય કારણ એ છે કે વોટ છીનવાય છે અને વેચાય છે.

મારો એક મિત્ર પ્રજાસમાજવાદી છે, એ હારી ગયો. એ બહુ સારો માણસ છે અને દેશની ઘણી સેવા કરી છે. ચારિત્ર્ય પણ બહુ સારું છે. મેં પૂછ્યું: 'તમે કેમ હારી ગયા?'

તો કહેવા લાગ્યો: 'એણે પૈસો પાણીની જેમ વાપર્યો, તેથી હું હારી ગયો.

એનો અર્થ એ હતો કે પેલાએ પૈસાથી વોટ ખરીદ્યા.

બીજી જગાએ એક બહુ મોટા પૈસાદાર હતા તે હારી ગયા, મેં કહ્યું: 'તમે કેમ હાર્યા?'

'અરે, એણે તો ડંડો દેખાડી દેખાડીને વોટ માગ્યા. પેલા લોકો પાસે છીનવી લીધા.'

એ ડંડા આગળ હારી ગયો. એકે ડંડા વડે વોટ છીનવી લીધા, બીજાએ પૈસા વડે વોટ ખરીદી લીધા. સંદર્ભ બદલવાની જરૂરિયાત સમજાવવા મેં બિલકુલ સીધી ભાષામાં તમારી આગળ વાત મૂકી દીધી.

સંદર્ભ બદલવાનું પરિણામ શું આવશે? નાગરિકનો વોટ કોઈ ખરીદી નહીં શકે. અને નાગરિકનો વોટ કોઈ છીનવી નહીં શકે એવી પરિસ્થિતિ આપણે પેદા કરવી છે. વોટ છીનવાશે નહીં, વોટ વેચાશે નહીં. લોકો કહે છે કે અભણ લોકો છે, માટે આમ થાય છે. હવે મને શીખવવા આવ્યા છે! ભારે મુસીબત છે. યુનિવર્સિટીની constituency—મતદારક્ષેત્ર–મેં જોઈ છે. વિશ્વવિદ્યાલયના મતદાર મંડળમાં જેટલા વોટ વેચાય છે એટલા બિચારા ગામડિયાઓના ક્ષેત્રમાં કદી નહીં વેચાયા હોય. એમને તો જરા કહી દો,—'હા, હા, બરાબર છે. પાસ થયા પછી નોકરી ઓકરીનું જોઈ લઈશ.' કે તમને વોટ મળ્યો જ સમજો.

આમ આજની લોકશાહીમાં ત્રણ દોષ છે: Corruption, chaos, abuse—ભ્રષ્ટાચાર, અંધાધૂંધી, દુરુપયોગ. આજની લોકશાહીમાં આ ત્રિદોષ આવી ગયો છે. લોકશાહીમાં અધિકારોનો દુરુપયોગ થઈ શકે છે. અરાજકતાનો ભય એટલે કે ગુંડાશાહીનો ભય લોકશાહીની સામે હમેશાં રહે છે. અને ત્રીજો લાંચરુશ્વત. આ હું આખી દુનિયાની વાત કહું છું. એમ ન સમજશો કે આપણા જ દેશમાં આ બૂરાઈ છે. બધા દેશોની લોકશાહીમાં આ બૂરાઈઓ છે. ઈંગ્લેંડની લોકશાહીમાં આ ચીજો છે, અમેરિકાની લોકશાહીમાં પણ આ ચીજો છે. જ્યાં લોકો ઠીક ઠીક સુખી છે, ત્યાં પણ આ ત્રણ દોષ છે. આ લોકશાહીના કફ-વાત-પિત્ત સમજો. ક્યારેક કફ વધુ થઈ જાય છે, ક્યારેક પિત્ત વધુ થાય છે. હવે લક્ષણ એવાં દેખાય છે કે ત્રણે સમપ્રમાણ થઈને સંનિપાત થવા બેઠો છે. તેથી પાયા બદલવાની જરૂર છે. હમણાં એક મિત્ર મને કહેતા હતા કે સત્તાવન નજીક આવી રહ્યો છે. અને લોકો કહે છે કે ૧૮૫૭ કરતાંય મોટો બળવો ૧૯૫૭માં થવો જોઈએ. કૅઓસ—અંધાધૂંધી જેને કહે છે. સમાજમાં આજે rift raft element હોય છે, આપણે જેને ગુંડાતત્ત્વ કહીએ છીએ તે અનુત્પાદક અને પરોપજીવી વર્ગોમાં એક ભયંકર વર્ગ છે. જેટલો અનુત્પાદક અને પરોપજીવી થેલીવાળો છે અને તિજોરીવાળો છે, એટલો જ અનુત્પાદક અને પરોપજીવી આ લાઠીવાળો છે.

પણ એ સમાજમાં આવ્યો શી રીતે? સંપત્તિના સંરક્ષણને નામે એ સમાજમાં દાખલ થયો. વહીવટમાં પોલીસ અને ફોજ સંપત્તિના સંરક્ષણને નામે આવ્યાં અને સમાજમાં ગેરસરકારી રીતે જેને તમે ગુંડો કહો છો તે પહેરેગીર, દરવાન અને ઉઘરાણી કરનારો બનીને આવ્યો.

સંપત્તિનો રખેવાળ બનીને ગુંડો આપણા સમાજમાં દાખલ થયો. લોકો પૂરું ચિત્ર પોતાની સામે એટલા માટે નથી મૂકી શકતા કે સંદર્ભ બદલવાનો અર્થ જ નથી સમજ્યા. ઉત્પાદકોના સમાજમાં નહીં આરામજીવી શાહુકાર હોય, નહીં લાઠી પર જીવનાર લાઠીબહાદુર ગુંડો હોય. આ બંનેનું સમાજમાં સ્થાન નહીં હોય.

પ્રબોધ મને પૂછતો કે 'તમે ચિઠ્ઠીથી મતદાન કરાવવાને બદલે હાથ ઊંચકીને મતદાન કરાવશો તેનું પરિણામ પણ શું આવશે? લોકો બેઠા હોય ત્યારે તમે હાથ ઊંચા કરવા કહેશો. અને અહીં ગુંડો ધમકાવે છે. જેમ ભીમ દ્યૂતમાં પેલા પાસાંને ધમકાવતો હતો તેમ. એની સામે આંખ ઊંચકવાની

હિંમત નહીં હોય, તો હાથ શાનો ઊંચકશે ?'' એનો અર્થ તો એ થયો કે ગુંડો રહેશે અને તમે લોકસભાની સ્થાપના કરવા માગો છો. એ લોકસત્તા ડંડાથી કલુષિત થઈ જશે. જેમ દંડનિરપેક્ષ સમાજનો અર્થ લોકોએ કર્યો છે એવો થોડો જ છે, કે ફક્ત રાજદંડ નહીં રહે, પણ ગુંડાનો ડંડો એમનો એમ રહેશે ? મને પૂછે છે કે રાજાના હાથમાં દંડ નહીં રહે તો પછી એ લોકોના હાથમાં આવી જશે, જેમ શિક્ષણમાં થયું છે. માસ્તરના હાથમાંથી સોટી નીકળી ગઈ તો હવે છોકરાઓ જ એને ધએરે છે! એટલે કે છોકરાઓના દિલમાંથી તો નીકળી જ નથી. માત્ર માસ્તરના હાથમાંથી કાયદાએ લઈ લીધી. આ અરાજકતા છે. મેં તમને ત્રણ ચીજો કહી છે ને ? અરાજકતા ( chaos ), દુરુપયોગ ( abuse ) અને સડો ( corruption ). આ ત્રણ દોષોને કાઢવા સારુ આપણે સંદર્ભ બદલવો પડશે. એનો અર્થ એ નથી કે રાજા પાસે દંડ નહીં રહે પણ લોકોમાં માંહોમાંહે દંડાબાજી થશે! દંડનિરપેક્ષ રાજ્યનો અર્થ એ છે કે દંડ ક્યાંય નહીં રહે. દંડાશ્રિત સમાજ નહીં રહે, સત્તા કે સુવ્યવસ્થાનું અધિષ્ઠાન દંડ નહીં હોય, લોકસંમતિ હશે. જેને તમે સુશાસન અથવા સુવ્યવસ્થા કહો છો તેનો આધાર દંડ નહીં હોય, સજા નહીં હોય. લોકસત્તાનો આધાર છે લોકોની સંમતિ. દંડ પર જેટલો આધાર હશે, અને લોકસંમતિ જેટલી ઓછી હશે એટલી લોકસત્તા ઓછી. દંડનો આધાર જેટલો ઓછો હશે અને લોકસંમતિ જેટલી માત્રામાં વધુ હશે એટલી લોકસત્તાની પ્રગતિ. વહીવટ અને શિસ્તને મેં શાસ્ત્રીય ભાષામાં મૂકી દીધાં. Administration–વહીવટ ઓછો હશે અને લોકોની પોતાની શિસ્ત discipline વધતી જશે. એ ક્યારે થશે ? જ્યારે કાયદાની પાછળ દંડનું અધિષ્ઠાન ( sanction ) નહીં હોય. કાયદાઓની પાછળ લોકસંમતિનો આધાર હશે.

લોકજીવનમાંથી જેમ સંપત્તિનું નિરાકરણ થશે, તેવી જ રીતે જીવનમાંથી ઉદ્દંડ-દંડાશાહીનું પણ નિરાકરણ થઈ જશે.

માટે લોકનીતિનો આધાર શો છે ? લોકનીતિનો આધાર છે કાયદાને લોકસંમતિના રૂપમાં વિકસિત કરવો. કાયદાની પાછળ લોકસંમતિનું અધિષ્ઠાન હોય.

તમે કોઈવાર વિનોબાને એમ કહેતા સાંભળ્યા હશે કે પાર્લામેન્ટમાં બેસી જે કાયદા સર્વસમ્મતિથી મંજૂર થઈ શકે એટલા જ કાયદા બનાવો. બાકીના કાયદા છોડી દો. તો લોકો કહે છે કે આમ થઈ જ ન શકે. આ

અસંભવ ચીજ છે. એમણે કહ્યું—આ અસંભવ નથી, તમે શરૂ નથી કર્યું એટલું જ. જે દિવસથી તમે કરશો તે દિવસથી તમને અનુભવ થશે કે કાયદાની પાછળ દંડની આવશ્યક્તા ઓછી થતી જશે, અને કાયદાની પાછળ લોકસત્તાનું અધિષ્ઠાન વિકસિત થતું જશે.

સંદર્ભ બદલવાથી શાં શાં પરિણામ આવી શકે છે? હવે, તમારું ક્ષેત્ર વધુમાં વધુ દશ ગામોનું થયું. પછી એનાથી મોટું ક્ષેત્ર કોઈ નહીં હોય. ગામ બહુ નાનાં હોય તો વીસ ગામોનું હશે. બધા એકબીજાને ઓળખતા હશે. જ્યાં લોકો એકબીજાને ઓળખે છે, ત્યાં તમે જોયું હશે કે કોઈ એક કે બે વ્યક્તિઓ વિષે સૌનાં દિલોમાં આદર હશે. દરેક ગામમાં એવી બેચાર વ્યક્તિઓ હોય છે. પણ મત અપાવો તો? વોટ કદાચ એમને ન મળે. ગામમાં જે સૌથી સારા માણસ છે તેને આજકાલ સામાન્ય રીતે વોટ નથી મળતા. તો લોકોનો મત એક તરફ છે, અને વોટ બીજી તરફ એ આજની લોકશાહીનો બીજો આંતરવિરોધ છે. મતની સાથે એમનો વોટ નથી જતો. આપણે ઇચ્છીએ છીએ કે લોકોનો મત અને વોટ સાથે સાથે જાય. એને સારુ આપણે પહેલી પરિસ્થિતિ શી પેદા કરી? ડંડાના ભયનું નિરાકરણ કર્યું. હવે કોઈ ધમકાવીને કે લલચાવીને લોકો પાસે વોટ લઈ શકે એનો અવસર ન રહ્યો.

છતાં લોકોને લાગે છે કે પેલાની નજર સામે એ હાથ નહીં ઊંચકે તો બાકી શું રહ્યું? લોભ અને ભય પણ ન રહ્યો—એટલે બિલકુલ એક ટકો પણ ન રહ્યો? એવા સમાજની કલ્પના આપણે નથી કરી. પણ એટલો ઓછો થઈ ગયો કે હવે નાગરિકમાં હિંમત આવી શકે છે.

ઉમેદવાર કોઈ નહીં હોય. આપણે વ્યવસ્થા કરવી છે એટલે નારાયણ ઊભો થયો. પ્રબોધ પૂછે છે—વ્યવસ્થા કયા પ્રકારની કરવી છે?

'અમુક અમુક કામની વ્યવસ્થા કરવી છે.'

'એનો અનુભવ ભાઈ બબલભાઈને વધુ છે.'

બીજા કહે છે, 'હા ભાઈ, વાત તો સાચી છે.'

બસ વાત પૂરી થઈ. એકાદો કોઈ કહેશે કે બબલભાઈ કરતાં ફલાણા માણસનો અનુભવ વધારે છે. અને બબલભાઈ તો બોલતા જ નથી. નારાયણ કહે છે—'હા, એમને વધુ અનુભવ છે, તો એ રહી જાય.' તો બબલભાઈનું નામ જ ન રહ્યું.

એટલે કે જે કોઈ કામ સારૂ આવશે તે સર્વસંમતિથી આવશે, ઉમેદવારો આવશે જ નહીં. ઉમેદવારોમાં કદી પરસ્પર વિશ્વાસ આવી નથી શકતો. બે ઉમેદવાર કદી એકબીજાનો ઉત્કર્ષ ઇચ્છે છે? તમે કલ્પના કરો કે એક તરફ હું ઊભો છું અને બીજી તરફ નારાયણ દેસાઈ.

આ નારાયણ શું કહે છે? 'હા, આ દાદા છે. મારા કાકાની સાથેના છે. બહુ સારા માણસ છે. પણ આજે કોણ જાણે કેમ આ માણસ કાંઈક બગડી ગયો છે. એમાં આ બધું છે પણ કરીએ શું, એ ખરાબ થઈ ગયો છે.'

આ બાજુ હું શું કરું છું? સમાજમાં મારી પ્રતિષ્ઠા થાય, મારી લોકપ્રિયતા વધે અને નારાયણની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠા ઘટે એ જ મારી કોશિશ રહેશે. ઉમેદવારોનો કાર્યક્રમ જ એ થઈ જાય છે કે એકબીજાની પ્રતિષ્ઠાનું નિરાકરણ શી રીતે થાય! તો પછી નાગરિકોની પ્રતિષ્ઠાનું સ્થાન જ ક્યાં રહ્યું? જ્યારે પ્રતિષ્ઠાનું જ નિરાકરણ કરવું એ સામાજિક કાર્ય થઈ ગયું તો પછી નાગરિકતાનું માન કેટલું પડી જશે? એ ક્યાં જઈને રોકાશે? એટલે જ તો મેં કહ્યું કે એ ઉમેદવારોની લોકશાહી થઈ જાય છે, જનતાની નથી રહેતી, પક્ષની થઈ જાય છે. "It is the candidate that functions, it is the party that functions, not the people.'

આધુનિક લોકશાહીમાં લોકોની ભૂમિકા કેવી સક્રિય બનાવવી પડશે, તે દિશામાં હવે હું તમને લઈ જાઉં છું. તો મતદાન ક્ષેત્ર કેવું હોવું જોઈએ? જ્યાં લોકો એકબીજાને ઓળખતા હોય, એકબીજાથી ડરતા ન હોય, એમના વોટ ખરીદી ન શકાતા હોય, આવા એકબીજાને ઓળખનાર લોકો જ્યારે એકત્રિત થશે, ત્યારે સામાન્ય માણસમાં એટલી શક્તિ આવી જશે, એટલી ક્ષમતા આવી જશે, કે એને પોતાની જાતનું નિયંત્રણ પોતાના પ્રતિનિધિના હાથમાં સોંપવું નહીં પડે. એ માત્ર વસ્તુનિયંત્રણની જવાબદારી એને સોંપશે. અને આમ લોકોની—સામાન્ય જનસમુદાયની લોકશાહી ચરિતાર્થ થશે.

તો આમ આપણે ગામડાના પ્રાથમિક એકમ સુધી તો આવી ગયા. અને લોકનીતિમાં પ્રાથમિક એકમ, પ્રાથમિક ક્ષેત્ર જ મુખ્ય ક્ષેત્ર હશે અને એનાં આગળનાં બધાં ક્ષેત્રો બીજા દરજ્જાનાં ગૌણ હશે. અને એમાં પ્રતિનિધિત્વ અપ્રત્યક્ષ હશે, પ્રત્યક્ષ પ્રતિનિધિત્વ નહીં. પ્રત્યક્ષ

પ્રતિનિધિત્વ પ્રાથમિક ક્ષેત્રમાં. પ્રાથમિક ક્ષેત્રમાં જ મુખ્ય સત્તા. ઉત્પાદનની સત્તા અને સંવિભાજનની સત્તા, સંયોજનની સત્તા. એ જ સંયોજન કહેવાય છે. વસ્તુઓના નિયંત્રણની સત્તા પ્રાથમિક ક્ષેત્રમાં અને બાકીની બધી સત્તા બીજી કક્ષાની હોય છે, ગૌણ હોય છે. ત્યાં અપ્રત્યક્ષ પ્રતિનિધિત્વ હશે. આમ આપણી આગળ ભાવિનું ચિત્ર છે. તમારી આગળ મેં તેની રૂપરેખા મૂકી.

હવે સવાલ એટલો જ છે કે આજે જ કયું પગલું ભરવામાં આવે. આ મેં તમારી આગળ મૂકયું તે તો એક ચિત્ર થયું. તમે કહેશો કે ચિત્ર તો બરાબર છે. એ તો જયારે થશે ત્યારનું ચિત્ર છે. પણ આજે અમે શું કરીએ ? આ બાજુ પગલાં ભરવા શું કરીએ ? આજથી શરૂ શી રીતે કરીએ ? અમારી આગળ માત્ર ચિત્ર મૂકવાથી કાંઈ વળતું નથી.

## ૧૨૪. પુનરાવર્તન

કાલે મેં તમારી આગળ આપણા આર્થિક સંયોજનના સિદ્ધાંત શા હશે તે મૂકયા. આજે મેં તમારી આગળ લોકસત્તાના અંતિમ સિદ્ધાંત અને એ ચિત્રની સાધારણ રૂપરેખા મૂકવા પ્રયત્ન કર્યો છે.

પહેલાં સંપ્રદાય નિરાકરણ કરીશું, જાતિ-નિરાકરણ કરીશું, વર્ગ-નિરાકરણ કરીશું. આ તો થયાં નિરાકરણનાં પગલાં. પણ વિધાયક પગલાં ( positive steps ) શા હશે ? આર્થિક સ્વાવલંબન અને આર્થિક વિકેન્દ્રીકરણની સાથે સાથે રાજનૈતિક વિકેન્દ્રીકરણની શરૂઆત થશે. રાજનૈતિક એકમ, આર્થિક એકમ અને પ્રતિનિધિત્વના એકમમાં ઓછામાં ઓછું અંતર હશે, અને એને આપણે યથાસંભવ સરખું વહેંચવા પ્રયત્ન કરીશું. જયારે આવાં સ્વયંપૂર્ણ વિકેન્દ્રિત આર્થિક ક્ષેત્રો બની જશે, જેમાં વોટ ખરીદાઈ કે છીનવાઈ નહીં શકે, એટલે કે જેમાં પ્રલોભન અને ડર નહીં હોય, જ્યાં એક નાગરિક બીજા નાગરિક સામે બરોબરિયાને નાતે ઊભો રહી શકશે, ત્યાં મેં તમને કહ્યું તેમ ઔપચારિક મતદાન ( formal voting ) નહીં થાય. આજે જેને આપણે મતગણતરી કહીએ છીએ તેવી મતગણતરી કે મતદાનની આવશ્યકતા નહીં રહે. એક લોકસંમતિ હોય છે. લોકોનો જે મત હોય તે પ્રમાણે જ તેઓ વોટ આપે. તેમાં ઉમેદવારી કોઈની નહીં હોય. અને જે કોઈ હશે, તેના હાથમાં વ્યવસ્થા સોંપવામાં આવશે, વસ્તુનિયંત્રણ–વ્યક્તિનિયંત્રણ--નહીં, તેને તે સર્વસંમતિથી

સોંપવામાં આવશે. તેમાં કોઈ કોઈની વિરુદ્ધ ઊભો નહીં રહે, સર્વસંમતિનો અર્થ એ કે જો કોઈ એકાદ વિક્ષિપ્ત વ્યક્તિ ઊભી થઈ જાય, તો એની કિંમત ઝાઝી નહીં થાય, કારણ લોકો એને જાણતા હશે.

આમ આ સાધારણ ચિત્ર મેં તમારી સામે મૂક્યું છે. હવે આજની પરિસ્થિતિમાં આપણે પગલાં કઈ દિશામાં માંડવા પડશે અને તે પગલાં આપણે કેવી રીતે માંડતા જઈશું તેનું હું થોડામાં વિવેચન કરીશ.

## ૧૨૫. લોકનીતિ તરફ પહેલું પગલું : ચૂંટણીમાંથી કેન્વાસિંગ કાઢો

સૌથી પહેલું પગલું, જેને સારુ ઝાઝી હિંમતની જરૂર નથી તે છે આજની ચૂંટણીમાંથી પ્રચાર (કેન્વાસિંગ) બિલકુલ કાઢી નાખવો.

લોકોને કેવી રીતે સક્રિય બનાવવા જોઈએ તે વાત હું તમારી આગળ મૂકું છું. લોકોને આપણે સત્તાભિમુખ નથી બનાવવા. એમને જવાબદાર બનાવવા છે. લોકશાહી લોકસ્વાતંત્ર્યમાં પરિણત થવી જોઈએ. આજે શું છે? ફક્ત ઉમેદવાર સક્રિય હોય છે. નારાયણ આવીને કહે છે, "દાદા, હું ઊભો છું."

"સારું થયું ઊભો છે તે."

"ના, તમારે ત્યાં વોટ આપવા સારુ આવવું પડશે."

"મને ખબર છે કે કોને મત આપવો જોઈએ."

"તમને ખબર છે એ તો અમેય જાણીએ છીએ, પણ અમે અહીં આવ્યા છીએ શું લેવા?"

"શા સારુ આવ્યો છે?"

"મને વોટ આપો."

"અરે ભાઈ, એ મારી ઉપર છોડ ને! હવે શું, ઉંમર ઘણી થઈ ગઈ. થાકી ગયો છું. ત્યાં સુધી જવુંયે મુશ્કેલ છે."

"ના, ના. મેં મોટરની સગવડ કરી રાખી છે."

"આ ઉનાળાના દહાડા છે. ત્યાં જઈશ–તરસ લાગશે."

"ના, ના. મેં ચા પીવડાવવાની પણ સગવડ રાખી છે."

"ત્યાં હું ક્યાં પેટી શોધવા બેસીશ?"

"ના, ત્યાં માણસ છે, આપણો. એ તમને બતાવશે. તમે તો માત્ર ચિઠ્ઠી જ નાખી દેજો."

"હા, પણ ત્યાંથી પાછો શી રીતે આવીશ ?"

"ના, મેં પાછા આવવા સારુ પણ મોટરની વ્યવસ્થા રાખી છે."

હવે હું સમજવા લાગું છું કે આ લોકશાહી નારાયણની છે. એની સાથે મારો કશો સંબંધ નથી. નહીં તો આ આટલું શા સારુ કરત ? આટલું બધું આ કરે છે તો આ લોકશાહી 'નારાયણશાહી' છે, 'દાદાશાહી' નહીં ! એનો અર્થ એ જ થયો ને કે હું જે મતદાતા છું, તેને સારુ લોકશાહી નથી. નારાયણનો જરૂર એમાં કાંઈક સ્વાર્થ હશે. એ કહે છે, "ના, આ બધું આપની સેવા સારુ કરું છું." મેં તો સેવા સારુ આવી ઉમેદવારી આજ લગી કદી જોઈ જ નથી.

ધારો કે મારા ઘરમાં આગ લાગી. તો એ કહેશે કે મને બુઝાવવા મોકલી આપો. પેલો કહે છે કે મને મોકલી આપો. અને પછી પ્રચાર ચાલે છે. એવું મેં કદી જોયું નથી. એટલે હું વિચારું છું કે સેવા સારુ આવી સ્પર્ધા કદી થઈ નથી. અને આ ચૂંટણીમાં સ્પર્ધા થાય છે, તો આ ચૂંટણી જરૂર સત્તાપ્રધાન હોવી જોઈએ. લોકો સમજવા લાગે છે.

માટે કેન્વાસિંગ બિલકુલ બંધ કરી દેવું જોઈએ. લોકો પૂછે છે ને કે શું કરશો તે કહો ? તો આ હું એક પછી એક પગલું બતાવી રહ્યો છું. જ્યારે આ ચૂંટણીઓ થઈ પણ નહોતી ત્યારે મેં આ લખ્યું હતું. તે વખતે હું કૉંગ્રેસમાં હતો અને કૉંગ્રેસ તરફે ઊભો રહ્યો હતો. મેં પોતાના પક્ષને કહ્યું હતું કે ઓછામાં ઓછો એટલો સંકલ્પ તો તમે કરો કે કોઈ કેન્વાસિંગ નહી કરે. કોઈને ઘેરે જઈને કોઈ વોટ નહીં માંગે. નહીં આપણે જઈશું કે નહીં આપણો મિત્ર જાય, અને નહી કોઈ બીજો જાય. અને એને અમલમાં લાવવા આપણે પૂરેપૂરી કોશિશ કરીશું. એક આટલું પગલું ભરીને તમે જુઓ અને એક ચૂંટણી પછી એનાં પરિણામો પણ જણાવો. આ કોઈ મોટું પગલું નથી, પણ લોકશાહીના ઇતિહાસમાં એક અનોખું પગલું થશે.

### ૧૨૯. બીજું પગલું : ઉમેદવાર પક્ષથી ઉપર ઊઠેલો હોય

બીજી વાત : આપણો જે ઉમેદવાર હોય, તે પોતાના પક્ષ કરતાં સ્હેજ ઉપર ઊઠેલો હોય. આજે શું છે કે જે ચુસ્ત પક્ષનિષ્ઠ હોય છે, તેને સારો ઉમેદવાર માનવામાં આવે છે. ગઈ કાલે આપણા મિત્રે જે લેખનો ઉલ્લેખ

કર્યો તે લેખમાં એક કાલ્પનિક આખ્યાયિકાથી મેં આરંભ કર્યો છે કે એક ગામમાં બે માણસો રહે છે અને એમાંનો એક પોતાના કુટુંબની જ ચિંતા દિવસરાત કર્યા કરે છે. કુટુંબમાંથી કોઈ ઝાડુ લઈ જાય તો એને ઘેર ઝઘડો કરવા જાય છે. બીજો માણસ કુટુંબ કરતાં વધારે ચિંતા ગામની કરે છે. કુટુંબવાળા કહે છે કે આ અમારા કામનો માણસ નથી. એણે આખા કુળનો ક્ષય કરી દીધો અને એને લીધે અમારું આખું કુટુંબ માટીમાં મળી ગયું. આને તો ગામની જ ફિકર છે. અમારી બિલકુલ ફિકર કરતો નથી. ગામ કહે છે કે આ ગામમાં ભલો માણસ આ એક જ છે, કારણ એને ઘર કરતાંય વધુ ચિંતા ગામની છે.

જે ઉમેદવારને પક્ષ કરતાં વધુ ચિંતા દેશની હોય તેવાને દરેક પક્ષ સારો ઉમેદવાર માને. Loyalty to the Party કરતાં Loyalty to the Country મોટો ગુણ માનવામાં આવે. લોકનિષ્ઠા પક્ષનિષ્ઠા કરતાં મોટો ગુણ માનવામાં આવે. સજ્જનતા અને દુર્જનતાની આનાથી જુદી બીજી કોઈ પરખ હોઈ ન શકે. જ્યારે કહેવાયું કે સજ્જનને જોઈ ને જ વોટ આપો ત્યારે મેં કહ્યું હતું કે મારી મા કરતાં વધુ સજ્જન સ્ત્રીઓ દુનિયામાં બહુ ઓછી છે. પણ એ કોઈ અસ્પૃશ્યને અડતી નથી. તો એની સજ્જનતાને વોટ આપીને હું શું કરું? એના હાથમાં હું કાયદો ન સોંપી શકું. એની ઘરમાં પૂજા કરી શકું ખરો, એના ચરણસ્પર્શ કરું, પણ હું મારી માને વોટ ન આપી શકું. કારણ હું શું કરું? એ અસ્પૃશ્યતાને માને છે.

તેથી નાગરિક જીવનમાં એ સજ્જન છે કે જેનામાં લોકચારિત્ર્ય વિકસ્યું હોય. મેં લોકચારિત્ર્યની ત્રણ કસોટીઓ કહી હતી. ૧. જે માણસમાં અરાજકતાની એટલે કે કાયદાનો દુરુપયોગ કરવાની ભાવના ન હોય. કાયદાથી બચવાની ભાવના પણ અરાજકતાની ભાવના જ છે. ૨. અધિકારનો દુરુપયોગ કરવાની ભાવના ન હોય. અને ૩. ભ્રષ્ટ થવાની લાલચ જેના મનમાં ન હોય. એવો માણસ જો પક્ષનિષ્ઠ ન હોય, અને પક્ષ એને પોતામાં સામેલ ન કરી શકતો હોય તો એવા સારુ પક્ષે જગા છોડી દેવી જોઈએ. દરેક પક્ષ એટલી મર્યાદા માની લે. આને હું પક્ષથી ઉપર ઊઠવું કહું છું.

હવે આમ કોઈએ કરી જોયું નથી, એટલે લોકો કહેશે કે આમ કામ ચાલે નહીં. જેમ લોકો કહે છે કે વેપાર કદી જુઠાણા વિના ચાલે નહીં અને

રાજ મુત્સદ્દીગીરી વિના કદી કુશળતાપૂર્વક ન ચાલે, તેમ. આવો મત લોકોએ વગર અનુભવે બનાવી લીધો છે. હું કહું છું કે આને અંગે પ્રયોગ કરો, અને એમાં જો અસફળતા મળશે તો પણ લોકસત્તાનું પગલું આગળ જ વધશે. સાચી દિશામાં જતાં જે અસફળતા સાંપડે છે તેનાથી પણ આગળ જ પગલું મંડાય છે. स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्।

મેં ગાંધી વિષે ઘણીવાર કહ્યું છે ને કે એની અસફળતાઓ પણ સ્વરાજને ઘણાની સફળતાઓ કરતાં વધુ નજીક લાવે છે. તેથી આપણે એનો માર્ગ ક્રાન્તિકારી માર્ગ અને સ્વરાજનો માર્ગ માનીએ છીએ.

## ૧૨૭. ત્રીજું પગલું : ઉમેદવારો પાસે અરજી ન માગો

ત્રીજી વાત તમને હું એ કહેવા માગું છું કે પાર્ટી ઉમેદવારો પાસે દરખાસ્તો માગવી બંધ કરી દે. હું તો કહું છું કે ગામમાં ઉમેદવાર કોઈ નહીં રહે, તો ઓછામાં ઓછું પાર્ટીમાં તો કોઈ ઉમેદવાર ન હોય! નહીં તો ત્યાં શું થયું, ગઈ વખતે દિલ્હીમાં ? અમને બધાને પૂછવામાં આવ્યું કે તમે કહો કે તમે બીજા કરતાં સારા શી રીતે છો ? તો પોતાના જ ગુણ શું વર્ણવું ? મારામાં હતા જ ક્યાં ? એટલે નારાયણ શી રીતે ખરાબ છે તેનો ચિઠ્ઠો મેં દિલ્હી લખી મોકલ્યો. નારાયણે શું કર્યું કે દાદા શી રીતે ખરાબ છે તેનો ચિઠ્ઠો મોકલાવી આપ્યો. હવે દિલ્હીવાળા પાસે શું છે ? નારાયણની બૂરાઈની એક સૂચી અને દાદાની બૂરાઈની એક સૂચી. ગુણોની સૂચી તો કોઈની પાસે છે જ નહીં. આ જુઓ ત્યાં કેવો દોષસંગ્રહ થયો તે! પહેલાં દોષાવિષ્કરણ થયું પછી દોષોનો સંગ્રહ એમણે કર્યો. પાર્ટીમાં કેટલા લોકો કઈ રીતે બૂરા છે તેનું સરસ સરવૈયું એમની પાસે છે. એમના ગુણોનું સરવૈયું તો બની ન શક્યું. કેમ ? કારણ મારી પ્રામાણિકતા સિદ્ધ કરવા મારે બીજાની અપ્રામાણિકતા શોધવી પડે છે.

આ પદ્ધતિમાંથી બચવા સારુ મારું ત્રીજું સૂચન એ છે કે દરેક પાર્ટી ઉમેદવારો પાસે અરજી લેવાનું બિલકુલ બંધ કરે. પાર્ટી પોતા તરફે કહે કે અમે ફલાણા ફલાણાને યોગ્ય માનીએ છીએ, એમના તરફે દરખાસ્તની જરૂર નથી. પણ પાર્ટીના જે સાધારણ સભ્યો છે તેમને પાર્ટીના હાઈકમાંડ પર ભરોસો નથી. અહીં તો બધે જ ઠેકાણે ભરોસો નથી. અને આપણે અવિશ્વાસ પર લોકશાહીની સ્થાપના કરવા માગીએ છીએ. એના કરતાં તો ધૂળ પર કિલ્લો ચણવો સારો! વોટરમાં અવિશ્વાસ, કેન્ડીડેટમાં અવિશ્વાસ, પાર્ટીમાં

અવિશ્વાસ, હાઈકિમાંડમાં અવિશ્વાસ, ભગવાનમાં અવિશ્વાસ! જેનામાં વિશ્વાસ રાખવાની હિમ્મત અને દમ નથી, તે કદી લોકશાહીની સ્થાપના કરી શકતો નથી. આપણે એ માની લેવું જોઈએ કે ભૂલો થશે, પણ અન્યાય નહીં થાય. મારા મિત્રો, આટલો વિશ્વાસ જેમને એકબીજા વિષે ન હોય તેમનો કદી પક્ષ ન બની શકે. ચોરોના ટોળામાં પણ એકબીજા પર ભરોસો હોય તો જ ટોળું બની શકે. પણ જ્યાં કાંઈ કરવું જ નથી, ત્યાં વિશ્વાસની જરૂર નથી હોતી. ચોરોને ચોરી કરવાની હોય છે, એટલે ઈમાનની જરૂર હોય છે. અહીં પાર્ટીમાં તો કાંઈ કરવાનું નથી હોતું તેથી ઈમાનની જરૂર નથી હોતી.

## ૧૨૮. ચોથું પગલું: સ્થાનિક સ્વરાજમાં પક્ષપદ્ધતિ ન હોય

ચોથું પગલું. સ્થાનિક સ્વરાજમાં પાર્ટીને આધારે ક્યાંય ચૂંટણી ન થાય.

જાતિ વિષે તો દરેક પાર્ટીએ માની જ લીધું છે કે અમે જાતિ જોઈને ઉમેદવાર ઊભો નહીં રાખીએ, એટલે એની વાત નથી કરતો. કાગળ પર તો એમ લખી દીધું છે, પણ ચૂપચાપ ઊભો કરે છે જાતિ જોઈને. એનો કોઈ ઉપાય મારી પાસે તો નથી. આ બધું હું ખૂબ નમ્રતાપૂર્વક છતાં ઉત્કટતા-પૂર્વક એટલા સારુ મૂકું છું કે આ અસ્પૃશ્યતાનો પ્રશ્ન આગળ ઉપર વધુ જોર પકડવાનો છે.

હું જે જે પ્રાન્તોમાં ગયો છું તે તે પ્રાન્તોમાં મેં જોયું કે અસ્પૃશ્યો અનુભવ કરે છે કે કાયદેસર અસ્પૃશ્યતાનું નિવારણ થઈ જવાથી જીવનમાં નથી થતું. હાલમાં વડોદરાના એક નાનકડા મિત્રે મને પૂછયું હતું કે તમે હરિજન સેવાના કામને ક્રાન્તિકારી નથી માનતા? હું માનું છું, પણ અસ્પૃશ્યો નથી માનતા. એ લોકો એ નિર્ણય પર પહોંચી ગયા છે કે જ્યાં સુધી અસ્પૃશ્યોના હાથમાં સત્તા નહીં હોય ત્યાં સુધી આ સવર્ણો ગાંઠવાના નથી. પહેલાં આંબેડકરે નાશિકના રામમંદિરમાં પ્રવેશ કરવા સારુ સત્યાગ્રહ કર્યો. અને જ્યારે ગાંધીએ કહ્યું કે મંદિરપ્રવેશ થવો જોઈએ ત્યારે એણે લખ્યું કે 'ગાંધી, તું ભૂલ કરે છે, મંદિરપ્રવેશથી અસ્પૃશ્યતાનિવારણ નથી થવાનું. અમને આર્થિક અને રાજનૈતિક અધિકાર મળવા જોઈએ. મુસલ-માનોનું રાજ થયું, મુસલમાન સ્પૃશ્ય થઈ ગયા; ખ્રિસ્તીઓનું રાજ થયું, ખ્રિસ્તી સ્પૃશ્ય થઈ ગયા; અમારું પણ રાજ થાય તો અમે પણ સ્પૃશ્ય થઈ

જઈએ.' આ પ્રકારની વાતો એ કરવા લાગ્યા. તમે એક બહુ મોટું કામ કર્યું કે બંધારણ બનાવવાનું કામ આંબેડકરને સોંપ્યું અને એ એ પહેલાં રાષ્ટ્રપતિ બની ગયા હોત તો બીજું એક મોટું કામ થઈ જાત, એવો મારો મત છે. પણ એ વિષયને તમે થોડીવાર જવા દો. આ સમસ્યા ગંભીર થવાની છે અને એનું નિરાકરણ કાગળ પર ન થઈ શકે. તેથી એમાં ખૂબ ઈમાનની જરૂર છે.

## ૧૨૯. આ અવ્યાવહારિક વિચાર છે?

મેં આ જે સૂચનો તમારી આગળ મૂક્યાં તે એ દૃષ્ટિએ મૂક્યાં કે આ દેશની લોકશાહીનું સંરક્ષણ થાય. તમે વિનોબા અને ગાંધીને સ્વપ્નવાદી, યુટોપિયન કહી શકો છો. વિનોબા–ગાંધી બંનેને અવ્યાવહારિક કહી શકો છો.

ગાંધીએ કહ્યું કે આ લોકશાહી નહીં, લોકાનુરંજન થાય છે. જેટલી લોકસત્તા છે તેને બજારમાં બેસાડવામાં આવે છે. વિનોબાએ કહ્યું કે નિષ્પક્ષ લોકશાહીની સ્થાપનાથી શાસનમુક્તિની તરફ આપણે કદમ માંડવા છે. આપણે બંને વિષે કહ્યું કે આ એવી વાત કહે છે કે જે અમારી સમજમાં આવતી નથી. એમની છેવટની વાત તમારી સમજમાં આવે કે ન આવે, પણ એટલું તો તમે જાણો છો ને કે પશ્ચિમના લોકોએ (હું તો પૂર્વ-પશ્ચિમમાં માનતો નથી, પણ પશ્ચિમના વિચારકોએ) કહ્યું છે કે અરાજ્યવાદ (anarchism) અલગ ચીજ છે અને અરાજકતા (anarchy) અલગ ચીજ છે, અને વિનોબાજી જેને શાસનમુક્તિ કહે છે તે તો અસલમાં નાગરિકોનું સ્વયંશાસન છે. વહીવટ તરફથી શિસ્ત તરફ પગલાં માંડવાં છે, દંડસત્તા તરફથી સંમતિ-સત્તા—લોકસંમતિ તરફ આપણે પગલાં માંડવાં છે. એ લોકશાહીનો વિકાસ છે. લોકશાહીનો આધાર લોકસંમતિ છે. તો લોકોની સક્રિય ભૂમિકાનો વિકાસ થવો જોઈએ. આજે ઉમેદવારની સક્રિય ભૂમિકા છે, પક્ષની સક્રિય ભૂમિકા છે, લોકોની સક્રિય ભૂમિકા આજની લોકશાહીમાં નથી. હું નમ્રતાપૂર્વક પૂછવા માગું છું કે કયો એવો પક્ષ છે કે જે લોકોની સક્રિય ભૂમિકા તરફ પગલું માંડવા ન ઇચ્છે? લોકશાહીમાં આવેલી બૂરાઈઓ હું જે ગણાવું છું તે દરેક પક્ષમાં આવેલી છે. તેથી દરેક પક્ષ એમ માને છે કે આ અમારી તરફ આંગળી ચીંધે છે. હું કોઈની તરફ આંગળી ચીંધતો નથી. એ પોતાના માથે પાઘડી પહેરી લે છે

અને કહે છે કે 'બસ મારે જ માથે એ બંધબેસતી આવે છે!' જો દરેક પક્ષ આમ જ વિચારે તો આ કામ થશે નહીં. દેશમાં લોકશાહીના પાયા બદલવા એ કોઈ એક પક્ષનું કામ નથી, દેશના સર્વ પક્ષોનું કામ છે.

## ૧૩૦. વશિષ્ઠ-સત્તા

હવે એ સવાલ ઊઠે છે કે ઉમેદવારોને ચૂંટે કોણ? આ બાબત મેં એક સૂચન કર્યું હતું—હું પહેલાં કર્યું હતું—કે ઉમેદવારોને જે પસંદ કરે તે પોતે ઉમેદવાર ન હોય. એનો અર્થ એ નહીં કે લોકો એમને મોકલશે નહીં. કાલે સત્તા એમના હાથમાં આવે એમ બને કદાચ, પણ એ પોતે ચાહીને કદી ઉમેદવાર નહીં થાય. સંકેતથી મેં એનું નામ રામરાજ્યની પરિભાષામાં વશિષ્ઠ-સત્તા આપ્યું હતું. રામાયણમાં તુલસીદાસજીએ રામ-રાજ્યનાં લક્ષણો પૈકી એક લક્ષણ એવું કહ્યું છે કે दंड यतिन कर. દંડ કોના હાથમાં હશે? તો કે' યતિઓના હાથમાં. આજે પણ તમે ઇચ્છો છો ને કે judiciary (ન્યાય) above politics (રાજકારણથી પર) હોય? ન્યાય પર સરકારની સત્તા ન ચાલવી જોઈએ એવું તમે કહો છો ને? ન્યાયાધીશ સત્તાતીત હોવો જોઇએ. દંડ આપનાર એવો હોવો જોઈએ કે જેને ન જોઇએ રાજસત્તા કે ન જોઇએ સંપત્તિ. સંપત્તિ અને સત્તા-નિરપેક્ષ વ્યક્તિનો અર્થ જ યતિ. આમાં Rishicracy (ઋષિશાહી) વગેરે કાંઈ નથી. આપણે લોકસત્તાના પાયાને પાકા કરી દેવા છે, એને નૈતિક અધિષ્ઠાન દેવું છે. આનો અર્થ એમ હરગિજ નથી થતો કે જેના હાથમાં સત્તા છે તે અનૈતિક છે. આનો અર્થ ફક્ત એટલો જ છે કે રાજસત્તા અને કાયદાનું અધિષ્ઠાન લોકસંમતિ બનશે. અને લોકસંમતિને આધારે જેમને ચૂંટવા છે તેમને સારુ, તેમની પસંદગી અને તેમની સૂચના સારુ, દુનિયામાં કેટલાક લોકો એવા જોઈએ કે જે સત્તાનિરપેક્ષ હોય, જે સંપત્તિનિરપેક્ષ હોય. સત્તા અને સંપત્તિ-નિરપેક્ષ લોકોને કોઈ પક્ષ નથી. લોકો કહે છે કે એમનો પણ એક પક્ષ બની જાય, જેમ સંન્યાસીઓનું થતું હતું તેમ. શંકરાચાર્યની ગાદી બની જતી, અને ગાદી પર બેસનાર કોઈ ન મળ્યો તો પાણી ભરનારને જ બેસાડી દીધો.

આ બાબતમાં આવી કોઈ ફિકર રાખવાની જરૂર નથી. આ કોઈ પરંપરા નથી. આમાં પરંપરા હશે તોય તે અવ્યક્ત જ હશે. આજે આ રવિશંકર મહારાજ છે, તો કાલે એમની જગા કોઈ ઓછું લઈ શકવાનું છે? ગાદી

બની જાય તોય એમની જગાએ કોઈ બીજો આવે એમ ન થઇ શકે. એમની સલાહ પૂછવા જાય તો તે ઑફિશિયલ (ઔપચારિક) નહીં હોય, કે એમને પૂછ્યા વિના ચાલે જ નહીં. તમે જો એવી જાતનું બનાવી લો તો એ કોઈ કામનું ન રહે. વશિષ્ઠ-સત્તા હમેશાં તમે જેને અનૌપચારિક સત્તા કહો છો, તે પ્રકારની રહેશે. સમાજમાં એનું અસ્તિત્વ હોય છે, અને લોકો એના અસ્તિત્વને એમનેમ જાણે છે. ગાંધીને બીચારાને કોણે ચૂંટયો હતો? તમે મને કહો કે ગાંધી શું વર્કિંગ કમિટીના સભ્ય હતા? છતાં વર્કિંગ કમિટી એને પૂછયા વિના કદી કાંઈ નહોતી કરતી. તે વર્કિંગ કમિટીએ એને કહ્યું હતું ખરું કે તને પૂછયા વિના અમે કાંઈ કામ નહીં કરીએ? એ તો પેલા શ્લોકમાં કહ્યું છે ને, તેવું છે—

नाभिषेको न संस्कारः सिंहस्य क्रियते वने ।
विक्रमार्जितसत्त्वस्य स्वयमेव मृगेन्द्रता ॥

સિંહનો વનમાં કોઈ અભિષેક કે સંસ્કાર નથી કરવામાં આવતો. તે પોતાના પુરુષાર્થ વડે જે સત્તા પ્રાપ્ત કરે છે તેને લીધે પોતાની મેળે જાનવરોનો રાજા બની જાય છે. નેતા કદી ચૂંટાયેલો નથી હોતો. પ્રતિનિધિ ચૂંટાયેલો હોય છે. હા, એમ બને છે ખરું કે કોઈ કોઈ વાર પ્રતિનિધિ નેતા હોય. પણ નેતૃત્વ અલગ છે, અને પ્રતિનિધિત્વ અલગ છે. આપણે ઇચ્છીએ છીએ કે એવી સત્તાની સ્થાપના કરવામાં આવે કે જે પ્રતિનિધિત્વ ને નેતૃત્વની નજીક થઈ જાય. તેથી મેં વશિષ્ઠ-સત્તાનો વિચાર મૂકયો.

પક્ષ-પક્ષની વચ્ચે અને ઉમેદવારોની વચ્ચે ન્યાય કરવાનો પ્રસંગ ઊભો થાય છે. એ કામ કરવા સારુ આપણને એવા લોકો જોઈએ છે કે જે સત્તાયે નથી ચાહતા, અને જેમના મનમાં સંપત્તિનો કશો મોહ ન હોય. આ કોઈ ચતુર્થાશ્રમના, શરીરે ભસ્મ ચોળીને ફરનાર વૈરાગીઓ હશે એમ સમજવાની જરૂર નથી. તમારા—મારા જેવા સૌમાં એવા લોકો હોઈ શકે કે જેમનામાં આવી શક્તિ હોય. અને આ ચીજ મેં કદી વિનોબા વિષે લખી નહોતી. બાપુ વિષે એકાદ વાર લખ્યું છે. પણ તમને કદાચ યાદ હશે કે આ ચીજ લખી'તી કિશોરલાલભાઈ વિષે કે—આ માણસે વશિષ્ઠ-સત્તાની ભૂમિકાને આપણા દેશમાં ચરિતાર્થ કરી. હવે તો કોઈ એમ નહીં કહે ને કે આ વૈરાગીઓને પંથ છે અને સાધુસંતોની 'ફસી' છે! એવી કોઈ વાત આમાં નથી. આપણે જેમે દંડ-નિરપેક્ષ

સમાજ કહીએ છીએ એનો અર્થ એ છે કે દંડની સત્તા ઓછી હશે, લોકસંમતિની સત્તા વધશે. લોક સંમતિનો આધાર નૈતિક હોય છે. એ પેલો પ્લેટો કહેતો હતો તેવું તત્ત્વજ્ઞાની–ફિલસૂફોનું રાજ નથી. આમાં ફિલસૂફ રાજા બનતો જ નથી. પ્રત્યક્ષ સત્તા પણ એના હાથમાં આવતી નથી. કેવળ સત્તાનું જે અંતિમ અધિષ્ઠાન છે, જેને આપણે નીતિ કહીએ છીએ, તે એવા લોકોની ચાલવી જોઈએ કે જે conscience of the people–લોકાત્માના પ્રતીક–હોય. લોકાત્માના પ્રતીક ચૂંટેલા નથી હોતા, તે સમાજમાં સ્વયંભૂ હોય છે. આ ચીજ કાયદાની ધારાઓમં ન આવી શકે, કારણ લોકાત્માના પ્રતિનિધિને કોઈ બનાવી થોડો શકે છે? તમે કાલે બંધારણમાં લખી દો કે વિનોબા ભાવેની સલાહ લેવી જોઈએ. તો તો એ ખોટું થશે. કારણ વિનોબા ભાવે મરી ગયો તો કોની સલાહ લેવી? તો બનાવો એક પથ્થરનો? આમ થઇ ન શકે, અને થવું પણ ન જોઇએ. કોઈએ બંધારણમાં એ નહોતું લખ્યું કે ગાંધીની સલાહ લેવી જોઈએ, અને એના પછી બીજા માણસને પૂછવું જોઈએ.

લોકોમાં જે માણસની નૈતિક શક્તિ કે નૈતિક સત્તા વધી જાય છે, તેના હાથમાં લોકશાહીનું અંતિમ માર્ગદર્શન પોતાની મેળે આવી જાય છે, એટલો જ આ વશિષ્ઠ-સત્તાનો અર્થ છે. આનાથી વધુ અર્થ તમે આમાં મહેરબાની કરીને ન જોશો. પણ આટલાની આવશ્યકતા છે. આવશ્યકતા એટલા માટે છે કે લોકશાહી ઔપચારિક ન બને, તે કેવળ સંખ્યાત્મક ન બને, કેવળ આકારાત્મક ન બને, ગુણાત્મક બને. આકારાત્મક (quantitative) લોકશાહી તરફથી (qualitative) ગુણાત્મક લોકશાહી તરફ પગલાં માંડવા આજની લોકશાહીમાં આવી ચીજોની જરૂર છે. હવે તમે તમારી આગળ વૉશિંગ્ટનનો નમૂનો પણ ન રાખી શકો, વેસ્ટમિન્સ્ટરનો નમૂનો પણ ન રાખી શકો. વૉશિંગ્ટનની લોકશાહીમાંથી ક્રાંતિ ન થઈ શકી અને ઇંગ્લેંડની લોકશાહીમાંથીયે ક્રાંતિ ન થઈ શકી. આ દેશની લોકશાહીને હું ગાંધીના દેશની લોકશાહી કહીશ. ગાંધી એટલા માટે કે એણે જે જનતાને સત્યાગ્રહનો સિદ્ધાંત શીખવ્યો અને સત્યાગ્રહની કળા શીખવી, તે જનતામાં એક પ્રતિકારાત્મક પુરુષાર્થ તો એણે પેદા કરી જ દીધો. પણ પ્રતિકારાત્મક પુરુષાર્થની સાથો સાથ જનતામાં વિધાયક, ભાવરૂપ સ્વયંશાસનનો પુરુષાર્થ જ્યારે આવશે, ત્યારે જ લોકશાહી ચરિતાર્થ થશે. આ ભાવરૂપ વિધાયક સ્વયંશાસનનો પુરુષાર્થ જનતામાં વિકસિત

કરવા સારુ ભાવરૂપ અને વિધાયક ક્રાંતિની પ્રક્રિયાની જરૂર છે. આ દૃષ્ટિએ લોકશાહીની પુનર્રચનાનો વિચાર તમે સૌ કરો એવી મારી તમને નમ્ર વિનંતિ છે.

*

# ૧૨
# સ્ત્રીનું સહનાગરિકત્વ

☆

૧૩૧ લોકનૈતિક ભૂમિકા.
૧૩૨ આર્થિક ભૂમિકા.
૧૩૩ સ્ત્રી-પુરુષ-ભેદનું પણ નિરાકરણ થશે ?
૧૩૪ બંધારણમાં સ્ત્રી સમાન છે, પણ જીવનમાં ?
૧૩૫ સ્ત્રીની અપમાનજનક ભૂમિકા.
૧૩૬ સામાજિક ક્ષેત્રમાં બ્રહ્મચર્ય.
૧૩૭ સ્ત્રી-પુરુષનો ત્રીજા પ્રકારનો સંબંધ: સહનાગરિકત્વ.
૧૩૮ ક્રાંતિ પછીની કુટુંબવ્યવસ્થા.
૧૩૯ સ્ત્રી અને પુરુષ માટે જુદાં જુદાં કાટલાં ન જોઈએ.
૧૪૦ બ્રહ્મચર્યની દષ્ટિ.
૧૪૧ બ્રહ્મચર્યનો આધાર: માતૃભાવના.
૧૪૨ સહનાગરિકત્વનો આધાર: સમાન મનુષ્યત્વ.
૧૪૩ પુરુષ-સામ્રાજ્યાંતર્ગત સ્વરાજ્ય.
૧૪૪ અહિંસા અને સ્ત્રીસ્વાતંત્ર્ય.
૧૪૫ બ્રહ્મચર્યનું મૂલ્ય.
૧૪૬ પુરુષ-સાપેક્ષ ન રહો.
૧૪૭ પુરુષોને ત્રણ સૂચના: (अ) વિદ્યાલય વરવધૂસંશોધન કેન્દ્ર ન રહે. (ब) સ્ત્રીને માત્ર કુટુંબની ન માનો, નાગરિક માનો. (क) વાનપ્રસ્થભાવના કેળવો.
૧૪૮ સ્ત્રી પુરુષનિષ્ઠ ને બદલે તત્ત્વનિષ્ઠ બને.
૧૪૯ કૃષ્ણ-દ્રોપદી.
૧૫૦ સ્ત્રીના હાથની વાત.

## ૧૩૧. લોકનૈતિક ભૂમિકા

રાજનીતિ અને લોકનીતિના સંબંધમાં જેટલું નિવેદન આવશ્યક હતું તેટલું મેં કર્યું અને કંઈક આવશ્યકતા ઉપરાંત પણ વિસ્તારપૂર્વક એટલા માટે કહ્યું કે આજે દુનિયામાં આ વિષય અંત્યત મહત્ત્વનો છે. આપ લોકોની સામે ખાસ કરીને મેં એ વાત મૂકી કે જ્યાં સુધી પૂંજીવાદનો સંદર્ભ છે ત્યાં સુધી જેને આપણે લોકસત્તા કે લોકશાહી કહીએ છીએ, તે લોકશાહી ઔપચારિક જ રહેશે, સંખ્યાત્મક રહેશે અને પૂંજીવાદના સંદર્ભમાં જેમ બીજી વસ્તુઓ બજારમાં વેચાય છે તેમ લોકશાહી પણ બજારનો સોદો જ બની જશે. લોકશાહીને યથાર્થ કરવા માટે, એને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે, પૂંજીવાદી સંદર્ભને બદલી નાંખવાની જરૂર છે. લોકશાહીનો પાયો બદલવો એ પણ આવશ્યક છે. તો લોકશાહીના વિકાસમાં જે જે તત્ત્વો આજે બાધારૂપ છે; સંપ્રદાયવાદ, જાતિવાદ, વર્ગભેદ–આ બધાંનું આપણે નિરાકરણ કરવું પડશે. આ તો આપણા કામનો એક વિભાગ થયો—વર્ગનિરાકરણ, સંપ્રદાયનિરાકરણ, જાતિનિરાકરણ.

તે પછી આપણાં કામનો વિધાયક–ભાવરૂપ ( Positive ) ભાગ એ આવે છે કે આપણે લોકશાહીના વિકાસને માટે જનતાને સત્તાભિમુખ ન રહેવા દેવી જોઈએ. આપણે તો સત્તાને લોકાભિમુખ બનાવવા ઇચ્છીએ છીએ, જનતાને સ્વયં-શાસન-પરાયણ બનાવવા ઇચ્છીએ છીએ. તે માટે જનતામાં પ્રશાસન ઓછું થતું જાય અને અનુશાસન વધતું જાય એ જરૂરી છે. શાસન-પ્રશાસનથી અનુશાસન* તરફ અને અનુશાસનમાંથી આગળ ચાલીને સ્વયં-શાસનમાં એનું રૂપાંતર—આ આપણી પ્રક્રિયા છે. આ પ્રમાણે આપણો વિકાસ થતો જશે. આને માટે વિકેન્દ્રીકરણની આવશ્યકતા રહેશે, આર્થિક વિકેન્દ્રીકરણની સાથે સાથે રાજનૈતિક વિકેન્દ્રીકરણ પણ તાલ મેળવશે અને આપણો એ યથાસંભવ પ્રયત્ન રહેશે કે આર્થિક એકમ, રાજનૈતિક અથવા તો પ્રશાસનનું એકમ અને પ્રાતિનિધિક એકમ યથાશક્ય સમવ્યાપ્ત ( એટલે કે સમાન ક્ષેત્રફળમાં ફેલાયલા, co-extensive ) બને.

---

* શાસન = રાજ્યવ્યવસ્થા; પ્રશાસન = સરકાર; અનુશાસન = સમજ અને સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલા શિસ્ત–સંયમ.

## ૧૩૨. આર્થિક ભૂમિકા

એક બીજી વાત મેં એ કહી હતી કે ભવિષ્યમાં વ્યક્તિ અને મનુષ્યના નિયંત્રણ કરતાં વસ્તુ-નિયંત્રણ ઉપર આપણું ધ્યાન અધિક રહેશે. આવું ક્યારે બને? જ્યારે સમાજ ઉત્પાદકોનો થાય અને માલિકોનો સમાજ ન રહે ત્યારે; જ્યારે સમાજમાં દરેક ઉત્પાદક પરિશ્રમ કરવાવાળાં, ઉપયોગી પરિશ્રમ કરવાવાળાં બને ત્યારે. આજે જેને આપણે "Clash of Interest" કહીએ છીએ તેવો સ્વાર્થોનો સંઘર્ષ ઓછો થતો જશે. આવા સમાજમાં વસ્તુ-નિયંત્રણની જ આવશ્યકતા હશે. ઉત્પાદન અને વિતરણના નિયંત્રણમાં મનુષ્યોના નિયંત્રણની આવશ્યકતા ઓછી રહેશે. કેટલાક મનુષ્યોની સંપત્તિ અને કેટલાક મનુષ્યોની માલિકી બીજાથી બચાવવાને માટે જેને આપણે "લૉ ઍન્ડ ઑર્ડર" (કાયદો ને સુલેહશાંતિ) કહીએ છીએ તેવા પ્રકારની વ્યવસ્થાની આવશ્યકતા ઘટતી જશે અને એ પ્રમાણે આપણે શાસનમુક્તિની દિશામાં આગળ વધીશું. લોકનીતિમાં મૂળભૂત સિદ્ધાંત એ છે કે નાગરિકોમાં પરસ્પર વિશ્વાસ વધારવો જોઈએ. એક નાગરિકને જ્યારે બીજા નાગરિકનો ભય ન રહે, એક નાગરિકને બીજા નાગરિકની સંપત્તિનો લોભ ન રહે, એવી પરિસ્થિતિ જ્યારે પેદા થશે ત્યારે નાગરિકોને એકબીજા પર વિશ્વાસ બેસશે અને પછી પ્રશાસનની આવશ્યકતા ઓછી થશે. પ્રશાસન શા માટે છે? એક નાગરિકને બીજા નાગરિકની દહેશત છે તેથી બન્નેની વચમાં કોઈ ત્રીજી વ્યવસ્થા જરૂરી બને છે. આનું મુખ્ય કારણ આજે સંપત્તિ છે, સ્વામિત્વ છે. સંપત્તિ અને સ્વામિત્વનું જેટલે અંશે આપણે નિરાકરણ કરતા જઈશું અને લોકોને સુખસગવડો જેમ જેમ વધુ ને વધુ સમાન રીતે મળતી જશે તેમ તેમ પ્રશાસનની આવશ્યકતા ઘટતી જશે.

આ એક પછી એક પગલાં મેં રજૂ કર્યાં. કાલે મેં જે કહ્યું હતું તે આજે સંક્ષેપમાં આપની સમક્ષ મૂકી દીધું.

## ૧૩૩. સ્ત્રી-પુરુષ-ભેદનું પણ નિરાકરણ થશે?

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આપણે સંપ્રદાયનિરાકરણ તો ધારો કે કર્યું અને નાગરિકત્વમાંથી સાંપ્રદાયનો નાશ પણ કર્યો. જાતિ- નિરાકરણ પણ માનો, કર્યું. જે જાતિઓ નીચ કોટિની, પછાત અને શોષિત ગણાઈ છે તેને આપણે આપણી સમાન કક્ષા પર ધારો કે લાવ્યા; વર્ગ-નિરાકરણ પણ કર્યું.

આજે જે માલિક-મજદૂરના ભેદભાવ છે તે પણ સમજો કે મિટાવી દીધા. જો આટલું આપણે કરીએ તો પછી સવાલ એ આવે છે કે આટલું પૂરતું છે? આટલાથી આપણી સમસ્યાનો નિવેડો આવી જશે?

એના પછી પણ એક પ્રશ્ન બાકી રહી જાય છે. અને તે છે સ્ત્રીઓનો પ્રશ્ન, સહનાગરિકત્વનો પ્રશ્ન. તો શું સ્ત્રી-પુરુષના તફાવતનું પણ નિરાકરણ થઈ જશે? આ પ્રશ્ન આપણી સમક્ષ આવે છે. જેવી રીતે સંપ્રદાય-નિરાકરણ થશે, વર્ગ-નિરાકરણ થશે, જાતિ-નિરાકરણ થશે, તે જ પ્રમાણે શું સ્ત્રી-પુરુષ-ભેદનું પણ નિરાકરણ થશે ખરું? આવા ગંભીર પ્રશ્નનો જવાબ મારે બહુ ઓછા સમયમાં આપવાનો છે એટલે હું સીધો જ જવાબ આપતો જઈશ.

## ૧૩૪. બંધારણમાં સ્ત્રી સમાન છે, પણ જીવનમાં?

નાગરિકત્વના ક્ષેત્રમાં આપણે સ્ત્રી-પુરુષ-ભેદનું નિરાકરણ જ ઇચ્છીએ છીએ. દરેક બંધારણમાં, પછી તે ઇંગ્લેન્ડનું હોય, અમેરિકાનું હોય કે પછી રશિયાનું હોય કે ચીનનું હોય—પ્રત્યેક બંધારણમાં એક વસ્તુ તો હોય છે જ કે અમે સ્ત્રી-પુરુષ-ભેદને નાગરિકતાના ક્ષેત્રમાં સ્થાન નહીં આપીએ. આ પ્રમાણે બંધારણમાં તો સ્ત્રી-પુરુષનો તફાવત નથી રહેલો, પણ વ્યવહારમાં, આજના યુગમાં કે પ્રાચીન યુગમાં, બન્ને યુગોમાં સ્ત્રી અથવા તો Sex હંમેશા પુરુષનું Obsession (કબજો જમાવી બેઠેલી વસ્તુ) રહી છે. આજે જો પુરુષના હૃદય પર સૌથી અધિક કોઈ વિચારનું વર્ચસ્વ હોય તો તે સ્ત્રીનું છે. પ્રાચીન કાળમાં પણ તેવું જ હતું. અને તે તો એટલી હદે કે પુરુષ હંમેશા સ્ત્રીથી નાસતો ફરતો હતો, એને નરકનું દ્વાર સમજતો હતો. પ્રાચીન સમયમાં સ્ત્રીની એક જ ભૂમિકા આપણે કાયમ જોઈએ છીએ કે જ્યારે જ્યારે કોઈને મોહવશ કરવો હોય અથવા તો કોઈ તપસ્વીને તપોભ્રષ્ટ કરવો હોય તો બિચારી સ્ત્રી હાજર થઈ જતી હતી. એવું આપણે અનેકવાર જોયું છે. બીજું, જે પુરુષ સૌથી અધિક પરાક્રમી હોય તેને પુરસ્કારરૂપે આપવા જેવી વસ્તુ કઈ? સ્ત્રી! કોઈ રાજા બહુ તુષમાન થઈ ગયો તો અડધું રાજપાટ આપતો ને ઉપરથી પોતાની કુંવરી પરણાવતો. આ પ્રમાણે સ્ત્રી ખરીદવાની વસ્તુ હતી. જીતવાની ચીજ હતી; અને હરણ કરીને લૂંટી જવાની ચીજ હતી. અને એટલા જ માટે તે વેચવાની ચીજ પણ હતી.

## ૧૩૫. સ્ત્રીની અપમાનજનક ભૂમિકા

આપણને અનેકવાર સમજાવવામાં આવ્યું છે કે સ્ત્રીઓના પ્રાચીન

આદર્શો અતિ મહાન આદર્શો હતા. એક અર્થમાં કદાચ એમ હશે, પણ મારે તો નમ્રતાપૂર્વક એ કહેવું જ પડશે કે સ્ત્રી સંબંધેના બધા જ પુરાણા આદર્શો સ્ત્રીઓના સ્ત્રીત્વ અને મનુષ્યતાને નુકસાનકારક અને અપમાનકારક જ હતા. એ જ કારણે એ આદર્શો અનુસાર તો આજના જમાનામાં જયાં સહનાગરિકત્વ છે ત્યાં પણ, કોઈ પણ ધર્મમાં સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વને સ્થાન નથી રહ્યું. મારી માતા કોઈ પણ ધાર્મિક વિધિ કદી એકલી ન કરી શકે. મારા પિતાજીની એ સહ-ધર્મિણી છે, પણ સ્વયં મુખ્યધર્મિણી નથી. પિતાજી ન હોય તો એનો કોઈ ધર્મ જ નથી. જે પુણ્ય પિતાજી કરે છે તેનો અડધો ભાગ માને મળી જાય છે—આપોઆપ. અને મા જે પાપ કરે છે તેનો અડધો ભાગ આપોઆપ પિતાજીને મળી જાય છે. પરંતુ એ જે પુણ્ય કરે છે તેનો અડધો ભાગ પિતાજીને નથી મળતો. અને પિતાજી જે પાપ કરે છે તેનો અડધો ભાગ માને નથી મળતો આવી મર્યાદા છે, કારણ કે સ્ત્રી રક્ષિત છે અને પુરુષ રક્ષયિતા છે, રક્ષક છે, સ્ત્રી પાલિત છે અને પુરુષ પાલક છે. પુરુષ સ્ત્રીનો ભર્ત્તા છે, પ્રતિપાલક છે, પતિ છે, તેથી મુખ્ય ધર્મ અને મુખ્ય કર્તવ્ય એનાં રહે છે અને સ્ત્રીની ભૂમિકા માત્ર સહ-ધર્મિણીની રહે છે. સ્ત્રી સહજીવિની છે. એનું પોતાનું કોઈ સ્વતંત્ર જીવન નથી, કોઈ પણ પ્રાચીન ધર્મમાં નથી. અને એનું પરિણામ એ આવ્યું છે કે, છેલ્લાં કેટલાંક સૈકાઓના ધર્મ-સંશોધકો અને ધર્મ-સુધારકોને બાદ કરવામાં આવે તો આજસુધી સ્ત્રીની ભૂમિકા ગૌણ રહી છે. વચવચમાં પ્રયાસો થયા, જૈન ધર્મમાં પ્રયાસો થયા. અમુક હદે બૌદ્ધ ધર્મે પ્રયાસો કર્યા. એને બાદ કરીએ તો જે પરંપરા અને સમાજસ્થિતિ આજે છે તેમાં સ્ત્રીની ભૂમિકા ગૌણ રહી છે, એનું સ્થાન પાછળ રહ્યું છે. એનું અસ્તિત્વ જ સ્વતંત્ર નથી રહ્યું. સમાજે એને કદાપિ સ્વતંત્ર વ્યક્તિ નથી માની અને એટલા માટે બ્રહ્મચર્યને કદીયે એનો મુખ્ય ધર્મ માનવામાં નથી આવ્યો. જ્યારે પુરુષનો મુખ્ય ધર્મ બ્રહ્મચર્ય ગણવામાં આવ્યો છે.

હવે હું તદ્દન મૂળભૂત મૂલ્યોની વાત તમારી સમક્ષ રજૂ કરી રહ્યો છું. આધુનિક પરિભાષામાં બ્રહ્મચર્યને અંગે માર્કસવાદી શું કહેશે કે શું નહીં કહે એ બધું જ તમે ભૂલી જાવ. એ બધાંને હું તમારી સમક્ષ હમણાં જે રજૂ કરું છું તે જ માનવું પડશે.

## ૧૩૬. સામાજિક ક્ષેત્રમાં બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યનો સામાજિક અર્થ શું છે? એ જ કે સ્ત્રીનું શરીર

પુરુષના આક્રમણનો વિષય ન રહે અને પુરુષ સ્ત્રીનો રક્ષણકર્તા ન રહે. આ જ બ્રહ્મચર્યનો સામાજિક અર્થ છે. આ દુનિયામાં કોઈ પણ ક્રાંતિકારી એવો નહીં હોય, પછી ભલે તે માર્ક્સવાદી હોય કે, જોઈએ તો ગાંધીના વિચારોમાં માનનારો હોય; કેવળ ફાસિસ્ટોને બાદ કરતાં એવા કોઈ ક્રાંતિકારી નહીં હોય જે એટલો સિદ્ધાંત પણ ન સ્વીકારે કે સ્ત્રીનું શરીર પુરુષના આક્રમણની વસ્તુ ના રહે અને પુરુષની અભિલાષાનો વિષય ના રહે અને પુરુષનું શરીર સ્ત્રી માટે રક્ષણ માંગવા જેવી વસ્તુ ના રહે એવી સમાજસ્થિતિ હોવી જોઈએ. બીજા શબ્દોમાં સ્ત્રી રક્ષણાકાંક્ષિણી ન રહે. અને વળતો પુરુષ પણ આક્રમણશીલ ના રહે. આ સામાજિક અર્થમાં, સામાજિક ક્ષેત્રમાં બ્રહ્મચર્ય કહેવાય છે.

વ્યક્તિગત સદ્ગુણ તરીકે કે કૌટુંબિક ક્ષેત્રમાં બ્રહ્મચર્ય શું છે એ બધો વિચાર હાલ હું રજૂ નથી કરતો, જો કે એમાં અને આમાં વિશેષ તફાવત નથી. એમાં આ જ બ્રહ્મચર્યની ભાવનાનો વિકાસ છે. પરંતુ મેં તો સામાજિક મૂલ્યોમાં બ્રહ્મચર્ય કોને કહેવામાં આવે છે એટલું જ તમારી સમક્ષ રજૂ કર્યું.

જો સ્ત્રી રક્ષણાકાંક્ષિણી જ રહેવા માંગતી હોય, તો એણે નાગરિક ન બનવું જોઈએ; એને ન બનવા દેવી જોઈએ. પછી જોઈએ તો એ માત્ર કુટુંબની બનીને ભલે રહે. જ્યાં સુધી એ કુટુંબની બનીને રહેશે ત્યાં સુધી એની માત્ર ત્રણ જ ભૂમિકા રહી શકશે : કાં તો એ મા તરીકે રહે, અગર બેન તરીકે રહે, કન્યા તરીકે રહે અથવા તો પછી પોતાના કુટુંબમાંથી નીકળી બીજાના કુટુંબમાં પત્નીના સંબંધથી પ્રવેશ કરે. આવી હાલતમાં યૌન-સંબંધ અને રક્ત-સંબંધ એ બે જ સંબંધ એવા હશે જ્યાં સ્ત્રી અને પુરુષ બન્ને એકબીજાની સાથે રહી શકશે; માતા અને પુત્ર તરીકે, કન્યા અને પિતાના નાતે અથવા પતિ અને પત્ની તરીકે. પતિ-પત્નીનો સંબંધ યૌન સંબંધ અથવા તો લગ્નનો સંબંધ, ને બાકીના લોહીના સંબંધો. કુટુંબમાં સ્ત્રી અને પુરુષનું સહજીવન બે જ શરતો પર શક્ય રહેશે; કાં તો અન્યોન્યનો રક્ત-સંબંધ હોવો જોઈએ અથવા તો પછી બન્ને વચ્ચે યૌન સંબંધ—વિવાહ-સંબંધ હોવો જોઈએ.

### ૧૩૭. સ્ત્રી-પુરુષનો ત્રીજા પ્રકારનો સંબંધ : સહનાગરિકત્વ

જ્યાં રક્ત-સંબંધ પણ નથી અને વિવાહનો સંબંધ પણ નથી એવો

સ્ત્રી-પુરુષોનો સંબંધ નાગરિકનો સંબંધ કહેવાય છે, એને જ હું "સહ-નાગરિકત્વ" કહું છું, જે કૌટુંબિક ક્ષેત્રથી પર છે. સહનાગરિકત્વનો જેને માત્ર વૈજ્ઞાનિક વિચાર કહી શકાય તે ફક્ત સામ્યવાદમાં થયો. એનું પરિણામ શું આવ્યું? જે પરિણામો પર એ લોકો પહોંચ્યા એનાથી બહુ જુદાં પરિણામો પર આપણે નહીં પહોંચીએ એટલું હું તમને નમ્રતાપૂર્વક કહી દેવા માંગું છું. આજે સામ્યવાદનો વિચાર એટલે સુધી પહોંચ્યો છે કે "Motherhood will be sanctified by citizen-ship" અર્થાત્ સ્ત્રીની જે કૌટુંબિક ભૂમિકા છે તે તેના નાગરિકત્વથી વિભૂષિત થવી જોઈએ, સમૃદ્ધ થવી જોઈએ. કૌટુંબિક ભૂમિકા અને નાગ-રિકની ભૂમિકા એ બેમાં સ્ત્રીનું નાગરિકત્વ જુદી જુદી જાતનું ન રહેવું જોઈએ.

શરૂઆતમાં કુટુંબ-સંસ્થાનો રશિયન ક્રાંતિકારીઓએ એટલા માટે વિરોધ કર્યો હતો કે કુટુંબ-સંસ્થામાં સ્ત્રી દાસી હતી. કુટુંબ-સંસ્થામાં સ્ત્રીની કોઈ ભૂમિકા, કોઇ વ્યક્તિત્વ જ ન હતું. એટલા માટે શરૂમાં ક્રાંતિકારીઓએ કુટુંબ-સંસ્થાનો વિરોધ કર્યો. પરંતુ હવે એ લોકો શું કહે છે?

એમની એક નિરાળી પરિભાષા છે અને એને આપણે સમજી લેવી જોઇએ. શાસ્ત્રીઓની હોય કે ક્રાંતિકારીની હોય પણ પરિભાષા એક એવી વસ્તુ છે કે મૂળ વાતને સમજવાનું જ મુશ્કેલ કરી મૂકે છે. અને આપણા દેશમાં તો જેટલા સમાજવાદી ને સામ્યવાદી ક્રાંતિકારી છે તે માત્ર ભાષાંતરની ભાષામાં જ બોલે છે! અને એ તો વળી વધારે અઘરું થઇ પડે છે. જૂનવાણી શાસ્ત્રી પરિભાષામાં બોલે છે અને આ નવલોહિયાઓ ભાષાંતરમાં બોલે છે, ભાષામાં કોઇ બોલતું જ નથી! ને તેથી સમજવાનાં જ સાંસાં પડે છે.

## ૧૩૮. ક્રાંતિ પછીની કુટુંબવ્યવસ્થા

તો આ સામ્યવાદીઓ એમ કહે છે કે આજની અમારી કુટુંબવ્યવસ્થા ઊંચા સ્તર (Higher Level) પર છે. Higher Level એટલે શું? ચક્કરદાર ગોળગોળ દાદરો હોય છે ને, તેવી રીતે સમાજની પ્રગતિ થાય છે. પહાડનો ઘાટ ચડતાં હોઈએ ત્યારે જેમ જેમ ચડતાં જઇએ તેમ તેમ નીચેનો રસ્તો દેખાય છે. સમાજની પ્રગતિ આવા વર્તુલાકારે ઊંચે ચડતા રસ્તાની જેમ થતી હોય છે. એટલે ક્રાંતિ પછીની આજની કુટુંબ-વ્યવસ્થા Higher Level પર છે, ઊંચા સ્તર પર છે.

ક્રાંતિ પછીના કુટુંબની આ ઊંચી કક્ષા શી છે? તો કહે છે કે એ કુટુંબવ્યવસ્થા સ્ત્રીનું વ્યક્તિત્વ અને સ્ત્રીનું જીવન સ્વતંત્ર થઈ ગયા પછીની કુટુંબવ્યવસ્થા છે. સ્ત્રી નાગરિક બની જાય ત્યાર પછીની કૌટુંબિક રચનામાં માતૃત્વનો આશય બદલાઈ જાય છે, પત્નીત્વનો આશય બદલાઈ જાય છે, ભગિનીત્વનો આશય બદલાઈ જાય છે અને કન્યાત્વનો આશય પણ બદલાઈ જાય છે. ત્યાં સ્ત્રીનું સ્થાન ગૌણ નથી, દાયભાગ પણ નથી રહ્યો કે સ્ત્રી કૌટુંબિક સંપત્તિ અથવા કૌટુંબિક સંપત્તિનો એક ભાગ પણ નથી રહી. પહેલાં તો એવું હતું કે મેં કહ્યું તેમ સ્ત્રી વેચવાની વસ્તુ હતી, ખરીદવાની વસ્તુ હતી, જીતવાની વસ્તુ હતી, અને ચોરી જવાની વસ્તુ હતી. એટલા માટે સ્ત્રી એક રીતે જોતાં વ્યક્તિ નહોતી. તે પુરુષની સંપત્તિનો, માલમિલકતનો કેમ જાણે એક હિસ્સો જ ન હોય એવું ચાલતું હતું. જ્યારે સ્ત્રી પુરુષની સંપત્તિનો એક હિસ્સો હતી ત્યારની કુટુંબરચનામાં, અને સ્ત્રી જે દિવસે પુરુષની સમાન સ્વતંત્ર વ્યક્તિ અને નાગરિક બની જાય છે, તે સમયની કુટુંબરચનામાં મૂળભૂત અંતર પડી જાય છે. એટલા માટે સામ્યવાદીઓએ એને Higher Level–ઉચ્ચતર કક્ષા કહી. એની કક્ષા, એની ભૂમિકા જ બદલાઈ ગઈ છે.

## ૧૩૯. સ્ત્રી અને પુરુષ માટે જુદાં જુદાં કાટલાં ન જોઈએ

તો હવે આપણે શું કરવું પડશે? આપણે જો સ્ત્રીના નાગરિકત્વને ચરિતાર્થ જ કરવા ઇચ્છતા હોઇએ તો સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં એની ભૂમિકા બદલી નાંખવી જોઇએ. સામાજિક ભૂમિકામાં સૌથી અગત્યની વાત છે 'ડબલ સ્ટૅન્ડર્ડ'–Double Standard. અથવા તો નીતિના બે જુદા જુદા માનદંડ, ફૂટપટ્ટીઓ; પુરુષ માટે એક માનદંડ છે અને સ્ત્રી માટે બીજો જ માનદંડ છે! હું ઉદાહરણ આપું.

એક સ્ત્રી સતી થઈ તો તમે શું કહેશો? "કેટલો ભવ્ય ત્યાગ! કેવું આત્મસમર્પણ! કેવી અદ્ભુત ભક્તિ? કેટલો બધો પ્રેમ છે કે પતિના જીવનની સાથે સમરસ થઈ ગઈ અને પતિનું જીવન આથમતાં જ એનાથી ઘડીવાર પણ રહેવાયું નહીં. પતિની સાથે જ નીકળી ગઈ! એણે પતિની ચિતામાં પતિની સાથે પોતાના દેહને ભસ્મીભૂત કરી નાખ્યો!" તમે આવું કહો છો. મહાન આદર્શ છે, હું કબૂલ કરું છું. હું તમને એ પણ જણાવી દઉં કે જ્યારે જ્યારે આવી કોઈ વાત વાંચું છું કે સાંભળું છું ત્યારે હું ગદ્ગદ થઈ જાઉં છું. પણ એની સાથે જરા બીજી વાત પણ વિચારી લો કે એક પુરુષ

પોતાની સ્ત્રીની સાથે ચિતામાં જ બળીને મરી જાય છે, તો તમે શું કહેશો ? " લંપટ છે, નમાલો છે. સ્ત્રીની પાછળ શું મરે છે ? આવો તે કોઈ દહાડો કોઇ મરદ જોયો જે સ્ત્રીની પાછળ પ્રાણ આપે ? કેટલો મૂર્ખ પુરુષ–Dying for mere wife ! " આ રવીન્દ્રનાથ ટાગોરનું વાક્ય છે કોઈ વાર્તામાં. " એવો પુરુષ તે કાંઈ હોય જે કેવળ સ્ત્રીને માટે પ્રાણ ત્યાગ કરે ! "

તો પુરુષનિષ્ઠ સ્ત્રી પતિવ્રતા કહેવાય છે અને સ્ત્રીનિષ્ઠ પુરુષ લંપટ કહેવાય છે ! હવે કહો, આ કેટલી ભયંકર કુટપટ્ટી છે ! નૈતિકતાને માટે આવી આ જે બે કસોટીઓ છે તે કેટલી ભયંકર છે ? એમાં નૈતિકતા છે જ કયાં ? અને પાછી સ્ત્રી મને કહે છે કે સ્ત્રીઓ પુરુષની સરખામણીમાં વધારે નૈતિક છે. વધારે નૈતિક બિલકુલ નથી, વધારે પુરુષનિષ્ઠ છે. વધારે નૈતિક કહેતાં તો એમ હોય ને કે એ અધિક સંયમી હોય, અધિક બ્રહ્મચર્યનિષ્ઠ હોય ? તો બ્રહ્મચર્યનો તો સ્ત્રીઓ માટે નિષેધ છે ! સોળ વર્ષની દીકરી થઈ જાય અને લગ્ન ન થાય તો મારી મા એના હાથનું પાણી પણ પીતી નથી. શા માટે ? લગ્ન નથાં થયાં, કુમારિકા છે, વૃદ્ધ કુમારિકા વૃષલી કહેવાય છે. એના હાથનું પાણી સરખું નથી પીતાં, એના લગ્ન ન થાય ત્યાં સુધી.

કોઈ મોટા નેતા છોકરીઓની નિશાળમાં ગયા. તો શું કહે છે ? " છોકરીઓ, તમે વીર માતા બનો ! શિવાજીની મા બનો ! ગાંધીની મા બનો ! તિલકની મા બનો ! " હવે જરા મોટામાં મોટા નેતાને જઇને કહો કે છોકરાઓની નિશાળમાં જઇને કહે કે " તમે લોકો વીર પિતા બનો. " એવું કોઈ નહીં કહે. કહી પણ નહીં શકે. શું એવું કહેશે કે તમે બધા શિવાજીના પિતા બનો ? ગાંધીના પિતા બનો ? એવું કોઈ કહે ખરું ? કૌશલ્યાની કૂખ ધન્ય થઈ એમ કહેશે, દશરથની કૂખ ધન્ય થઈ એમ પણ કહેશે ? એટલું તો જરૂર કહેશે ' તમો ધન્ય છો કે તમારો પુત્ર આવો મહાન પાકયો. ' પુત્રના મહાન થયા પછી જરૂર કહેશે, પણ પુરુષને કોઈ એવું નહીં કહે કે તમે મોટા માણસના બાપ બનો ! મોટા પુરુષ બનો, તમે બુદ્ધ બનો, મહાવીર બનો, એમ જરૂર કહેશે. મહાવીરના બાપ બનો, બુદ્ધના બાપ બનો, એવું કોઇ નહીં કહે. એવું કેમ નથી કહેતા ? કારણ, પુરુષનો ધર્મ અને પુરુષનું વ્યક્તિત્વ સ્વતંત્ર અને સ્વાયત્ત છે. સ્ત્રીનું તેવું નથી.

હું તમને વિરોધ ચીંધી બતાવું છું. જુઓ, લોકશાહીમાં, લોકસત્તામાં

વિરોધ ક્યાં આવે છે? આર્થિક ક્ષેત્રમાંનો વિરોધ તો તમે ઝટ સમજી જાવ છો. એક અમીર રહે અને બીજો ગરીબ રહે તો લોકશાહી ચરિતાર્થ નથી થઈ શકતી એ તો દરેક જણ સમજી શકે છે. પણ જો એક નાગરિક રક્ષિત રહે અને એક નાગરિક એનો રક્ષક-રક્ષયિતા રહે તો લોકસત્તા ચરિતાર્થ કેવી રીતે થઈ શકશે? તેથી મારું નમ્ર સૂચન એ છે કે સ્ત્રીના જીવનમાં બ્રહ્મચર્યનું એ જ સ્થાન હોવું જોઈએ જે પુરુષના જીવનમાં છે. આને હું બ્રહ્મચર્યવ્રતનું સામાજિક મૂલ્ય કહું છું.

## ૧૪૦. બ્રહ્મચર્યની દૃષ્ટિ

બ્રહ્મચર્યવ્રત એટલે શું?

પુરાણા લોકોએ બ્રહ્મચર્યનો એ અર્થ કર્યો છે કે સ્ત્રીથી દૂર રહેવું અથવા સ્ત્રીથી ડરતા રહેવું! સ્ત્રીદ્રોહ! માત્ર સ્ત્રી-નિરપેક્ષ જીવન જ નહીં પણ સ્ત્રીવિરોધી જીવન! બચપણમાં અમારે ત્યાં રહેતા બ્રહ્મચારીઓમાં અમે જોયેલું. સ્ત્રીઓ આવે કે તરત મોં પર કપડું ઢાંકી દેતા. અમે પૂછીએ, "કેમ આમ કરો છો?" તો કહેતા હતા કે "સ્ત્રીઓનું મોઢું નથી જોતા." "સગી માનું મોઢું પણ નથી જોતા?" તો કહે છે, "અમારો તો બ્રહ્મચર્યનો આદર્શ જ કાયમ એવો રહ્યો છે કે હું કેયૂર નથી જાણતો, કુંડળ નથી જાણતો, કેવલ નૂપુર જ જાણું છું." नित्यं पादाभिवन्दनात्। લક્ષ્મણ કહે છે, "હું જાનકીનું બીજું એકે ઘરેણું ઓળખતો નથી." લક્ષ્મણ સુમિત્રાની બાબતમાં આવું કહી શકે કે? આપણી સામે બહુ મોટા આદર્શ રાખવામાં આવે છે, પરંતુ હું પૂછવા એ માંગું છું કે સુમિત્રાની બાબતમાં લક્ષ્મણ કદી એમ કહી શકશે કે 'મેં સુમિત્રાનું મુખ કદી નથી દેખ્યું?'

"शांकरदिग्विजय"માં મંડનમિશ્ર અને શંકરાચાર્યનો સંવાદ આવે છે. ઐતિહાસિક તો નથી. અનેકવિધ કલ્પનાથી લોકો લખે છે, તેથી એમાં ઘણીય ચીજો તદ્દન રદ્દી પણ આવી જાય છે. શરૂઆતમાં શંકરાચાર્ય આવે છે ત્યારે મંડનમિશ્ર પૂછે છે.

"અલ્યા મૂંડિયા, તું અહીં ક્યાં આવી ચઢયો?"

તો શંકરાચાર્ય પણ વળતું તેવું કાંઈક સંભળાવે છે. એમનો જે સંવાદ શરૂ થાય છે તે ઘણો જ પાર્લામેન્ટરી છે! એટલે કે એકબીજાને મેંણા મારવાની ને ઉખેડવા-પછાડવાની જ વાતો છે.

ફરી મંડનમિશ્ર પૂછે છે: "पीता किं सुरा ?—અલ્યા! દારૂ-બારૂ ચઢાવ્યો છે કે શું ?"

તો શંકરાચાર્ય પીતાનો અર્થ 'પીળો' કરે છે અને કહે છે, "श्वेता नैव यतः स्मर। તને તો યાદ હોય જ તો કે તે શ્વેત જ—સફેદ જ હોય છે."

આ પ્રમાણે શરૂ થાય છે. ત્યારબાદ એ કહે છે કે, "હે શંકરાચાર્ય, તું સંન્યાસી બની ગયો, તને શરમ નથી આવતી ? कंथां वहसि दुर्बुद्धे गर्दभेनापि दुर्वहाम्।"

એ કહે છે કે, ગધેડો પણ ન ઉપાડી શકે એટલી મોટી કંથા તે ઉપાડી છે ?

તો શંકરાચાર્ય જવાબ શું આપે છે ? એમનો જવાબ પણ ઓછો પાર્લામેન્ટરી નથી! "कंथाम् वहामि दुर्बुद्धे तव पित्राऽपि दुर्वहाम्। તારો બાપ જેટલી મોટી કંથા નહીં ઉઠાવી શકે એટલી મોટી કંથા ઉપાડીને હું જાઉં છું."

આમ શાસ્ત્રાર્થ કેવા થતા તેનો થોડો નમૂનો આ તો મેં તમને ચખાડયો. શાંકર-દિગ્વિજયમાં, અને તેય વિદ્યારણ્યસ્વામી જેવાએ લખેલામાં, આ પ્રકારનાં નમૂના મળે છે!

પરન્તુ આમાં એક વાત બહુ મહત્ત્વની આવી છે કે "તું સંન્યાસી છે. બ્રહ્મચારી રહ્યો છે. જે સ્ત્રીની કૂખમાંથી તું પેદા થયો છે અને જેના સ્તનપાન તેં કર્યાં છે એ જ સ્ત્રીઓનો તું વિરોધ કરે છે ? એ જ સ્ત્રીઓનો તું દ્રોહ કરે છે ? એનાથી જ તું દૂરદૂર રહે છે, બ્રહ્મચારી રહે છે ?" આ મંડનમિશ્રની બ્રહ્મચર્ય અંગેની દૃષ્ટિ જેને તમે sex obsessed દૃષ્ટિ કહો છો તેવી દૃષ્ટિ, જે સ્ત્રી અને પુરુષની વચ્ચે ભેદ પાડે છે. મંડનનો એ આરોપ છે કે "તું દ્રોહ કરે છે, સ્ત્રીઓથી છેટો ભાગે છે, એની જ કૂખથી પેદા થયેલ હોવા છતાં, એનું જ દૂધ પીધું હોવા છતાં."

અને ત્યારે શંકરાચાર્ય એમને પ્રત્યુત્તર આપે છે તે એક એવો જવાબ છે જે તમારે ને મારે આજના જમાનામાં તો ઘણો જ યાદ રાખવા જેવો છે. શંકરાચાર્ય જવાબ આપે છે, "અરે, જેની કૂખે તું પાકયો, જેનું દૂધ તેં પીધું, તું તો એની જ સાથે પશુની માફક લગ્ન કરે છે, હું નથી કરતો." આ બ્રહ્મચર્યની દૃષ્ટિ કહેવાય છે.

## ૧૪૧. બ્રહ્મચર્યનો આધાર: માતૃભાવના

બ્રહ્મચર્યની આ જે દૃષ્ટિ છે તે છે માતૃત્વ, તે કાંઈ પિતૃત્વ નથી, મારી માતા મારા પિતાની પત્ની નથી, એ તો 'મારી મા' છે. અને મારી સ્ત્રી 'મારી પત્ની' નહીં પણ 'મારા બાળકોની મા' છે. મારી સ્ત્રી મારા બાળકોની મા છે અને મારી માતા જે મારા પિતાની પત્ની છે તે મારી મા છે. આમાં ભાવનાનો મોટો ફરક છે. તેથી તો આપણે બીજી સ્ત્રીઓને માતાજી કહી શકીએ છીએ ને? માની બરોબરીની સ્ત્રી હોય તેને માતાજી કહી શકું, પણ એને 'મારા પિતાની પત્ની' તો નથી કહી શકતો? અને જો કદી કહી પાડયું તો એ મારા શા હાલહવાલ કરે તે તો તમે કલ્પી જ શકો છો. એટલે આ ભાવનામાં, શબ્દોના જે સંકેત છે તેમાં વિવાહ-ભાવના નથી. તે દિવસે મેં આપને કહ્યું હતું કે બ્રહ્મચર્ય સ્ત્રીપુરુષ સંબંધની કામભાવનાનું નિરાકરણ છે અને એવા સામાજિક સંકેતોની સ્થાપના છે જેનાથી સ્ત્રી-પુરુષોની કામ-વાસના અને કામ-ભાવના ઓછી થતી જાય. પુરુષ આક્રમણ-શીલ ન રહે, સ્ત્રી રક્ષણાકાંક્ષિણી ન રહે, એટલા માટે સામાજિક સંકેતોમાં નવી ભાવનાઓના વિકાસની આવશ્યકતા હોય છે. આખરે ક્રાંતિ બીજું છે શું? સામાજિક પરિવર્તન એ જ ક્રાંતિ ને? Change of Values—મૂલ્યપરિવર્તનને જ ક્રાંતિ કહે છે. જેવી રીતે બીજાં ક્ષેત્રોમાં મૂલ્યપરિવર્તન કરીશું તે પ્રમાણે આ ક્ષેત્રમાં પણ મૂલ્યપરિવર્તન કરવું પડશે. તે માટે આજે માતૃત્વની ભાવનાનો જે અર્થ થાય છે તેનાથી કંઈક જુદો કરવો પડશે. આપણી જગન્માતા કાલિકા જે છે, આપણી જગન્માતા ભગવતી જે છે, આપણી જગન્માતા દુર્ગા જે છે, તે કંઈ ત્રિલોચનકુટુંબિની નથી, આપણી જગન્માતા છે. એને ત્રિલોચનકુટુંબિની કહેતાં જ એનો અર્થ બિલકુલ બદલાઈ જાય છે.

ब्रह्माऽपि यां नौति उत सुरेन्द्रैः यामर्चितोऽप्यर्चयतीन्दुमौलिः ।

બ્રહ્મા પણ જેને વન્દન કરે છે, ચંદ્રમૌલી શંકર પણ જેનું યજન કરે છે, यामर्चयति अर्चितोऽपि विष्णुः—અર્ચિત વિષ્ણુ પણ જેનું અર્ચન કરે છે તેવી એ શક્તિ આપની જગન્માતા છે. મનુષ્ય જ્યારે આવું કહે છે ત્યારે તે માતૃત્વને વિશ્વવ્યાપી બનાવી દે છે. આ માતૃત્વની ભાવનાનો વિકાસ એ જ આપણી કૌટુંબિકતાનો આધાર બનશે. કુટુંબમાં નૈતિકતાનો આધાર શું હશે? મારી મા મારા પિતાની પત્ની નથી અને મારી પત્ની મારા બાળકોની મા છે. આ તો કૌટુંબિક ક્ષેત્રની વાત થઈ. પણ કૌટુંબિક ક્ષેત્રની બહાર જ્યાં સ્ત્રી

અને પુરુષ સમાન છે ત્યાં શું ? મારી પુત્રીને પણ એક વોટ, મારી પત્નીને પણ એક વોટ, મારી માને પણ એક વોટ. અને હું મારી પુત્રીનો બાપ જેવો બાપ છું છતાં નાગરિક તરીકે તો મને પણ એક જ વોટ ! અને એ મ્યુનિસિપાલિટીની પ્રમુખ બની શકે છે. અને હું મ્યુનિસિપાલિટીનો ચપરાસી પણ રહી જાઉં ! આ બન્ને વસ્તુ સાવ સંભવિત છે.

## ૧૪૨. સહનાગરિકત્વનો આધાર: સમાન મનુષ્યત્વ

આમ સ્ત્રી અને પુરુષ સમાન ભૂમિકાએ આવી જાય છે. આમાં વ્યાપક ભૂમિકા કઈ છે ? સ્ત્રીનું સ્ત્રીત્વ વિસરાઈ જાય, પુરુષનું પુરુષત્વ વિસરાઈ જાય અને પછી બન્નેનું જે મનુષ્યત્વ રહે તેના આધાર પર નાગરિકત્વની રચના થાય છે. સ્ત્રી અને પુરુષમાં એક સામાન્ય મનુષ્યત્વ છે. આ સામાન્ય મનુષ્યત્વના આધાર પર એમનાં નાગરિકત્વની રચના થાય છે. એમનામાં પોતપોતાની વિશેષતા જરૂર છે. તેથી તો સ્ત્રી અને પુરુષનાં કાર્યક્ષેત્ર અલગ અલગ હોય છે. પરંતુ નાગરિકતા ક્ષેત્રની ભિન્નતા પર આધાર નથી રાખતી. નાગરિકતા તો એમના સામાન્ય મનુષ્યત્વને આધારે જ હોઈ શકે. કાર્યક્ષેત્ર ભલે અલગ અલગ રહે, પરંતુ કાર્યક્ષેત્રોનાં મૂલ્ય તો સમાન જ મનાવાં જોઈએ.

## ૧૪૩. પુરુષ-સામ્રાજ્યાંતર્ગત સ્વરાજ્ય

તો અંતે આપણે શું ઇચ્છીએ છીએ ? કયાં મૂલ્યોની સ્થાપના કરવા આપણે માગીએ છીએ ? લગભગ પચીસ-ત્રીસેક વરસથી આના વિષે ઠીકઠીક ચિંતન કરતો રહ્યો છું. અને આ વિષયમાં મેં જે વિચારો પ્રકાશિત કર્યા તેના માટે ઠીકઠીક ગાળો પણ ખાઈ ચૂકયો છું. અને ખુદ સ્ત્રીઓએ મારી વિરુદ્ધ ખૂબ લખ્યું છે. આઠઆઠ મહિના સુધી એમણે સતત વિરુદ્ધ લખ્યાં કર્યું. એમણે આટલો બધો રસ પણ બતાવ્યો કારણ કે, એમની સુરક્ષિતતાને જ હું કાઢી નાંખવા માંગતો હતો એનું એમને ઘણું દુ:ખ થતું હતું. એમનું કહેવું છે કે ‘ અમને નાગરિકત્વ આપો, અમને સ્વતંત્રતા આપો, પણ અમારી સ્વતંત્રતાનું રક્ષણ તમે કરો. ’ પુરુષસામ્રાજ્યાંતર્ગત સ્વરાજ્ય જોઈએ છે એમને ! સુરક્ષિત સ્વરાજ્ય ! અમે કહીએ છીએ કે સ્ત્રીનું સ્વરાજ્ય—સ્ત્રીની સ્વતંત્રતા સ્વાયત્ત બને. તે માત્ર સુરક્ષિત જ ન રહે. પુરુષ તરફથી તો સુરક્ષિત રહે પરંતુ પોતાની તરફથી તે સ્વરક્ષિત બને. જે સ્વરક્ષિત નથી તે કદીય સુરક્ષિત નથી બની શકતી.

## ૧૪૪. અહિંસા અને સ્ત્રી-સ્વાતંત્ર્ય

સ્ત્રીની સ્વરક્ષિતતા માટે અહિંસા સૌથી વધારે અનુકૂળ છે. અહિંસા આપણો મૂળભૂત સામાજિક સિદ્ધાંત છે અને તે સ્ત્રીઓની સ્વતંત્રતા માટે સૌથી વધુ અનુકૂળ છે. હિંસા શસ્ત્રો પર મદાર રાખે છે. હિંસા શરીરશક્તિને ભરોસે ચાલે છે. લોકો કહે છે કે સ્ત્રીનું શરીર પુરુષના શરીર કરતાં ઓછું સામર્થ્યવાન છે, એનું શરીર પુરુષના શરીર કરતાં ઓછું શક્તિ-સંપન્ન છે. તો અહિંસાએ કહ્યું કે શક્તિનું અધિષ્ઠાન શરીર છે જ નહીં. ગાંધી, વિનોબા અને જવાહરલાલ નેહરુ રાષ્ટ્રના નેતા થઈ શકે છે. માર્ક્સ અને લેનિન ક્રાંતિઓના નેતા થઈ શકે છે. એ લોકો કંઈ એમના જમાનાના પહેલવાન નહોતા એ તો બધાને ખબર છે. એમના કરતાં કેટલાંય જબરા પહેલવાનો એમના જમાનામાં હતા અને આજે પણ છે. અને દુનિયાભરમાં જેની વાહવાહ બોલાઈ રહી છે તેવા જોલુઈ અને કિંગકોંગ હોવા છતાં આ લોકો દુનિયાના નેતા થયા અને ક્રાંતિના નેતા થયા. શસ્ત્રશક્તિમાં પણ શક્તિનું અધિષ્ઠાન શસ્ત્ર હતું, શરીર નહોતું. પણ યુદ્ધમાં શક્તિનું અધિષ્ઠાન અને વીરવૃત્તિનું સ્થાન શું છે એ આજના વિવેચનનો વિષય નથી. આ એક સ્વતંત્ર પ્રશ્ન છે. શક્તિનું અધિષ્ઠાન શસ્ત્ર પણ નથી હોતું અને શરીર પણ નથી હોતું. આ અહિંસાનો મૂળભૂત સિદ્ધાંત છે.

ત્યારે હવે સ્ત્રીને માટે કઈ વાત બાકી રહી ? સમાજમાં જો શરીર-શક્તિ જ શ્રેષ્ઠ નથી, શરીરશક્તિ સિવાયની કોઈ શક્તિ શ્રેષ્ઠ છે તો પછી હવે સ્ત્રીઓએ એક જ સંકલ્પ કરવો બાકી રહ્યો : અહીં જે સ્ત્રીઓ છે તેમને કહું છું કે જ્યારે તમારું હૃદય વજ્ર જેવું સખત અને મક્કમ થઈ જાય ત્યારે સંકલ્પ કરી લેજો કે, “ આજથી અમે આ સંસારમાં પુરુષોને ભરોસે નહીં જીવીએ. અલબત્ત, પુરુષોની સાથે જીવશું.” ૧૦૦માંથી ૯૦ પુરુષો સ્ત્રીઓની સાથે જીવે છે. બધા કાંઈ શુકદેવજી તો છે નહીં. અહીં ૧૦૦માંથી ૯૦ પુરુષ-સ્ત્રીઓની સાથે તો જીવે છે, પણ સ્ત્રીઓને ભરોસે નથી જીવતા. આ છે પુરુષજીવનનાં બ્રહ્મચર્યનું મૂલ્ય. હું એમ નથી કહેતો કે બધા શુકદેવજીના જેવા નૈષ્ઠિક બ્રહ્મચારી થઈ ગયા છો. પણ પુરુષ-જીવનમાં બ્રહ્મચર્યનું મૂલ્ય હોવાને કારણે એની નીતિમત્તામાં આટલી શક્તિ આવી ગઈ છે. એ કહે છે કે હું સ્ત્રીઓને ભરોસે નહીં જીવું. સ્ત્રી કહે છે કે “ મારે તો પુરુષના ભરોસે જીવવું પડે છે. ભગવાને મારા શરીરની રચના જ બીજા પ્રકારની કરી છે.” આને Argument of Nature કહે

છે. પ્રાકૃતિક દલીલ આ જ કહેવાય છે અને મને આનંદ છે કે ચાહે બ્રહ્મચર્ય-વાદી હોય કે ન હોય, ભૌતિકવાદી હોય કે આધ્યાત્મિકવાદી હોય, સંસારના બધા ક્રાંતિકારીઓ આ દલીલને જરાયે સ્વીકારતા નથી. તો બસ, સંકલ્પ એ જ કરવાનો છે કે, "મારી ઈજ્જત મને મારા પ્રાણથી પણ અધિક પ્યારી રહેશે. પહેલાં પ્રાણ જશે, પછી મારી લાજ જશે." જેની આબરૂ બીજાનાં હાથમાં છે તે કાંઈ તેની આબરૂ છે? તમે જો તમારી ઈજ્જત મને સોંપી દીધી તો પછી એ ઈજ્જત તમારી રહી કે મારી થઈ ગઈ? સ્ત્રીઓની આબરૂ આજે પુરુષના હવાલે, પુરુષના ભરોસે છે. એટલે સ્ત્રીઓની પોતાની ઈજ્જત છે જ નહીં.

ખૂબ કડવું લાગે તેવું કહી રહ્યો છું આ બધું. પણ એક સ્ત્રીના પુત્ર તરીકે કહી રહ્યો છું. હું મારી માની આ સ્થિતિ નથી સહી શકતો. એ મા જે માને મેં પિતાજીથી શ્રેષ્ઠ માની, જરા જેટલી બીક લાગતાં જેના નામની બૂમ પાડી એ જગન્માતા જેના મંદિરોમાં જઈને મેં કહ્યું કે, "क्वचिदपि कुमाता न भवति" મેં તો એ જગન્માતાના વિષયમાં એટલે સુધી ગાયું કે "यदेतस्यैश्वर्यं तव जननि सौभाग्यमहिमा—આ મહેશ્વરનું જે ઐશ્વર્ય છે તે હે જનનિ, તારા સૌભાગ્યનો મહિમા છે. એનું પોતાનું તો કાંઈ નથી.

वृषो वृद्धो यानं विषमशनमाशानि वसनम्
श्मशानं क्रीडाभूः भूजगनिवहो भूषणनिधिः ॥

(આનંદલહરી : શંકરાચાર્ય)

આવો જે કપાલિ છે તેને તો બધાંય જાણે છે. તારો પતિ મહેશ્વર છે તે આવો કપાલિ છે. એટલે એનું આટલું બધું જે ઐશ્વર્ય છે તે તારા સૌભાગ્યનો મહિમા છે." આવું જેને માટે મેં ગાયું તે જ જો પુરુષ છે માટે પુત્રનો આશ્રય શોધે, ભાઈના સંબંધે વીરાને રાખડી બાંધી એનું રક્ષણ શોધે, વિવાહમાં પતિના સંબંધે પુરુષની છત્રછાયા શોધે, આવું આવું જોઉં છું ત્યારે મને બધી જ સ્ત્રીઓને એમ કહેવાનું મન થાય છે કે "જો જો, જે રક્ષક બની શકે છે તે અત્યંત સહેલાઇથી ભક્ષક પણ બની શકે છે, દાનત બદલાય એટલી જ વાર." એટલા માટે જ્યાં સુધી સ્ત્રી પરરક્ષિત છે ત્યાં સુધી તે સુરક્ષિત પણ નથી. માટે એણે સ્વરક્ષિત બનવું જોઈએ. અને સ્વરક્ષિત બનવા માટે એણે પોતાના જીવનમાં બ્રહ્મચર્યનું મૂલ્ય સ્થાપવું જોઈએ.

## ૧૪૫. બ્રહ્મચર્યનું મૂલ્ય

આજે વિનોબા છે. શું બાપુ વિનોબાથી કંઈ કમ હતા? બાપુના અસ્તિત્વમાં જ એક એવું વિભૂતિમત્ત્વ છે કે મેં તો કહી દીધું કે આ તો માનવતાના ગૌરીશંકર થયા. આટલું મહાન અને ભવ્ય વ્યક્તિત્વ બાપુનું હતું પરંતુ લોકોને પૂછો કે "વિનોબામાં કંઈ વિશેષતા છે?" તો કહેશે, "નહીં નહીં, આ તો બાલબ્રહ્મચારી છે. એટલે એમનામાં કંઈક વધારે તો છે જ. તે બ્રહ્મચારી છે એટલે મોટા છે." એ જ પ્રમાણે શંકરરાવજી મારા કરતાં ઘણાય મોટા છે, હજારો વાતોમાં મહાન છે, પણ લોકો શું જુએ છે? કહે છે, "તેઓ દાદાથી એક વધારે વાતમાં પણ મહાન છે. તેઓ બાલબ્રહ્મચારી છે." હવે કહો, જે પુરુષ સ્ત્રી-નિરપેક્ષ જીવન વ્યતીત કરી શકે છે તે ગૃહસ્થાશ્રમી કરતાં શ્રેષ્ઠ મનાયો ને? જે પુરુષે સ્ત્રી-નિરપેક્ષ જીવન વિતાવ્યું તે જ પુરુષ સમાજમાં શ્રેષ્ઠ ગણાયો ને? અને સ્ત્રીઓએ પણ એને જ શ્રેષ્ઠ માન્યો. સ્ત્રીઓ હનુમાન અને દત્તાત્રેયની પૂજા કરવા જાય છે કારણ એ જાણે છે કે હનુમાન અને દત્તાત્રેય એ બ્રહ્મચારી છે અને બ્રહ્મચારીની પૂજા અવશ્ય કરવી જોઈએ. આ છે પુરુષના જીવનમાં પ્રકટેલું બ્રહ્મચર્યનું મૂલ્ય. જે પુરુષનું જીવન સ્ત્રી-નિરપેક્ષ હોય છે તેને શ્રેષ્ઠ માનવામાં આવે છે. વિનોબાને કોઈએ નથી કહ્યું કે એ પિતા નથી થયા એટલે એમનું જીવન સાર્થક નથી થયું. પણ સ્ત્રી? પેલા અમારી પેઢીના એક આગળપડતા કાર્યકર્તા બહેનને હજી સુધી લોકો કહે છે કે "જ્યાં સુધી સ્ત્રી માતા નથી થતી ત્યાં સુધી તેનું જીવન જ સફળ ના થયું. માતૃત્વ વિના સ્ત્રીજીવનની કોઈ સાર્થકતા જ નથી." જો માતૃત્વ વગર જીવનની સાર્થકતા ન હોય તો તો સ્ત્રી વિવાહકાંક્ષિણી જ રહેશે. તમારે ત્યાં નીકળે છે ને પેલી કુંકુમપત્રિકાઓ? ખબર નહીં તમારે ત્યાં લખે છે કે નહીં, પણ અમારા મહારાષ્ટ્રમાં તો લખે છે કે "સૌભાગ્યકાંક્ષિણી ઉત્તરાનું શુભલગ્ન છે." તે સૌભાગ્યકાંક્ષિણી છે. વિવાહ કરવા માંગે છે તો આકાંક્ષા કઈ વાતની છે? સૌભાગ્યની! પણ એનો પતિ જે થવાનો છે તે તો એમ નથી લખતો કે "સૌભાગ્યકાંક્ષી નારાયણ"! ત્યારે એ શું દુર્ભાગ્યકાંક્ષી છે? પેલી ઉત્તરા સૌભાગ્યકાંક્ષિણી થઈ ગઈ અને આ શું થઈ ગયો? એ કશુંય ના થયો. કારણ કે એનામાં કોઈ આકાંક્ષા જ નથી. એનું કેમ કંઈ લખતાં નથી? એના માટે કંઈ જ નહીં લખાય, કારણ બંનેનાં મૂલ્ય જુદાં છે, કાટલાં નોખાં છે.

## ૧૪૬. પુરુષ સાપેક્ષ ન રહો

આમ અલગ અલગ ગજથી એટલા માટે મપાય છે કે સ્ત્રીના જીવન માટે આપણે જુદાં જ નૈતિક મૂલ્યો માની લીધાં છે. આમ નૈતિક મૂલ્યોને એકવાર જુદાં માની લીધાં પછી તમે જ જુઓ કે કેવી પરંપરા થઈ? માતૃત્વ વગર સ્ત્રીના જીવનની સાર્થકતા નહીં, લગ્ન વગર માતૃત્વ નહીં અને પુરુષ વિના લગ્ન નહીં એટલે સ્ત્રીજીવન પુરુષસાપેક્ષ જીવન બની ગયું. આ સ્ત્રીજીવનની અનર્થપરંપરા છે. હવે આપણે શું ઇચ્છીએ છીએ? એ જ ને કે એનું જીવન પુરુષસાપેક્ષ ન રહે, પણ બ્રહ્મચર્ય પર અધિષ્ઠિત રહે? એનો અર્થ એ નહીં કે સ્ત્રી લગ્ન જ નહીં કરે. કેટલીય છોકરીઓ મને આવીને પૂછે છે કે "તો પછી અમે લગ્ન ન કરીએ એવું થશે?" તો હું કહું છું કે "શું છોકરાઓ લગ્ન નથી કરતા?" છોકરાઓ લગ્ન તો કરે જ છે. પણ તમારા વિશ્વાસે નથી કરતા. લગ્ન થતાં જ છોકરીની ચિન્તા પૂરી થાય છે અને છોકરાની ચિંતા શરૂ થાય છે. છોકરાને કહો કે હવે લગ્ન કર. તો એ કહેશે, "હજી વાર છે." પૂછીએ, "શેની વાર છે?" તો કહે છે કે "હજી હું કંઈ કમાતો નથી."

હવે જો હું કોલેજની છોકરીને પૂછું છું કે "લગ્ન ક્યારે કરીશ?" તો એ કહે છે કે "હજી સુધી નથી થયાં, તેથી તો કુંવારી છું! કાલે થઈ જશે પછી નોકરી-બોકરી શોધવાની કંઈ કડાકૂટ કે ચિંતા નહીં રહે, એ રીક્ષા ચલાવશે ને હું મારે અંદર બેસીશ!!"

## ૧૪૭. પુરુષોને ત્રણ સૂચના

### (અ) વિદ્યાલય વરવધૂસંશોધન કેન્દ્ર ન રહે

તો મેં સ્ત્રી અને પુરુષ બન્ને માટે વાતો કહી છે. પુરુષોને માટે મેં નમ્રતાપૂર્વક ત્રણ વાતો સૂચવી છે. જો તમે સહનાગરિકત્વ ઇચ્છતા હો તો એટલું માની લો કે જ્યાં સુધી પુરુષ વિદ્યાર્થી છે. ત્યાં સુધી એનામાં વિવાહ-ભાવના બિલકુલ ન હોવી જોઈએ. આપણા વિદ્યાલય વર-વધૂ-સંશોધન ક્ષેત્ર ન બનવાં જોઈએ! વિદ્યાર્થીજીવન અકલુષિત અને બ્રહ્મચર્યનિષ્ઠ રહેવું જોઈએ—બન્નેનું. ત્યારે જ સહશિક્ષણ સફળ થશે, ત્યાં સુધી સહશિક્ષણ સફળ નહીં થઈ શકે.

આ બધાંને માટે સમાજમાં જેટલું પરિસ્થિતિનું પરિવર્તન કરવું જોઈએ તેટલું પરિસ્થિતિ-પરિવર્તન—વસ્તુ-પરિવર્તન કરી લેવું જોઈએ.

એને જ ક્રાંતિ કહેવાય છે. મૂલ્યપરિવર્તન માટે જેટલું વસ્તુપરિવર્તન કરી લેવું જરૂરી હોય તેટલું કરી લેવું પડશે. હમેશાં મૂલ્યપરિવર્તન શિક્ષણથી થાય છે. એટલા માટે શિક્ષણના ક્ષેત્રમાં સૌ ક્ષેત્રોથી પહેલાં વસ્તુપરિવર્તન ને પછી મૂલ્યપરિવર્તન શરૂ થઈ જવું જોઈએ.

### (ब) સ્ત્રીને માત્ર કુટુંબિની ન માનો, નાગરિક માનો

બીજી વાત પુરુષોને માટે મેં એ કહી કે એના કુટુંબમાં સ્ત્રીનું નાગરિકત્વ દાખલ થઈ જવું જોઈએ. સ્ત્રી નાગરિક બની ગઈ છે એ વાતની ચેતના, એ વાતનું જ્ઞાન પુરુષમાં આવી જવું જોઈએ. હવે તે માત્ર કુટુંબિની નથી રહી. નાગરિકના સંબંધે તો સરોજીનીદેવી ગવર્નર બની શકે છે અને એમના પતિ એક સાધારણ નાગરિક રહી શકે છે. એટલા માટે નાગરિક તરીકે સ્ત્રીની સામાજિક પ્રતિષ્ઠા જે હવે વધી ગઈ છે, જે નવી પ્રતિષ્ઠા એને પ્રાપ્ત થઈ છે એનો પ્રતિધ્વનિ, એનું પ્રતિબિંબ પુરુષના ઘરમાં જ પડવાં જોઈએ. તો સ્ત્રીના નાગરિકત્વમાં જેટલી મદદ અને સહાય પુરુષ પહોંચાડી શકે તેટલી સહાયતા એને પહોંચાડવી જોઈએ. આ ગૃહસ્થાશ્રમની મર્યાદા મેં બતાવી.

### (क) વાનપ્રસ્થ-ભાવના કેળવો

ત્રીજી વાત મેં એ કહી હતી કે અમુક એક વય પછી પુરુષના જીવનમાંથી વિવાહ-ભાવનાનો અંત આવી જવો જોઈએ. હવે જુઓ! કેવું થયું? શરૂમાં બ્રહ્મચર્ય, અંતમાં બ્રહ્મચર્ય અને એટલે વચમાં જે ગૃહસ્થાશ્રમ હોય છે તેનો આધાર પણ બ્રહ્મચર્ય જ બને છે. ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મચર્ય કેવી રીતે પ્રગટ થાય છે? મારી મા પ્રતિ હું મારા પિતાની પત્નીના સંબંધે નથી જોતો અને પોતાની સ્ત્રીની તરફ પોતાની પત્નીના સંબંધે નથી જોતો પણ મારાં પુત્રોની માતાના સંબંધે—સંતાનોની માતાના સંબંધે જોઉં છું. અર્થાત્ કુટુંબમાં સ્ત્રીને માટે માતૃત્વ મુખ્ય છે. અને એનું માતૃત્વ નાગરિકત્વથી સંપન્ન, સમૃદ્ધ થઈ જાય છે. આ પ્રમાણે કૌટુંબિક ક્ષેત્રમાં પણ બ્રહ્મચર્યનું મૂલ્ય આવી જાય છે. કામનું મૂલ્ય ક્ષીણ થઈ જાય છે અને બ્રહ્મચર્યનું મૂલ સ્થાપિત થઈ જાય છે—આ મેં પુરુષના માટે કહ્યું. હવે સ્ત્રીને માટે હું શું કહું છું?

## ૧૪૮. સ્ત્રી પુરુષનિષ્ઠને બદલે તત્ત્વનિષ્ઠ બને

સ્ત્રીને માટે હું એ કહું છું કે જે બ્રહ્મચારિણી છે તે અપવિત્ર છે એ ભાવના એના જીવનમાંથી નીકળી જવી જોઈએ. જે વિધવા છે તે

સંન્યાસીથી ઓછી પવિત્ર છે તેવી ભાવના નીકળી જવી જોઈએ. વિધવા સંન્યાસીથી ઓછી પવિત્ર કેમ મનાઈ! કારણ વૈધવ્ય સ્વાયત્ત નથી હોતું. સંન્યાસ સ્વાયત્ત હોય છે. પુરુષ સંન્યાસી બને છે, વિધવા વિધવા બનતી નથી, થાય છે. આટલો તફાવત અવશ્ય રહી જાય છે, પરંતુ એનો અર્થ એ નહીં કે વિધવા અમંગળ મનાય, અપવિત્ર મનાય. સ્ત્રીનું વૈધવ્ય સંન્યાસથી ઓછું મંગલ કદાપિ ન મનાવું જોઈએ. એનું બ્રહ્મચર્ય બ્રહ્મચારી પુરુષના બ્રહ્મચર્ય જેટલું જ સુપ્રતિષ્ઠિત મનાવું જોઈએ. એટલા માટે સ્ત્રીઓએ પોતાના જીવનમાં સંકલ્પ કરવો પડશે કે તે પુરુષની સાથે જીવશે પણ પુરુષને ભરોસે નહીં જીવે. પુરુષની સાથે સમાનતા સંબંધે, નાગરિક બનીને જીવશે. આ શક્તિ એનામાં ક્યાંથી આવશે? જ્યારે તે પોતાની આબરૂને પોતાના પ્રાણથી પણ વધુ વહાલી અને કીમતી માનશે. એને એ કીમતી ક્યારે મનાશે? જ્યારે તે પુરુષનિષ્ઠ નહીં રહે પણ તત્ત્વનિષ્ઠ બનશે.

રામચંદ્રજીએ કહ્યું, "અયોધ્યાવાસીઓ, તમારા માટે હું શું શું નહીં છોડું? 'यदि वा जानकीमपि!' ઉત્તરરામચરિતમાં ભવભૂતિ રામના મુખમાં એવા શબ્દો મૂકે છે કે જો જાનકીને પણ છોડવી પડશે તો હું જાનકીને પણ છોડી દઈશ. હવે રામચંદ્રજીની જગ્યાએ જાનકીને મૂકો તો જોઉં એ શું કહે છે? "જ્યાં પુરુષ જાય છે ત્યાં એની છાયા જાય છે. તે પ્રમાણે હે રામ, જ્યાં તમે જશો ત્યાં હું જઈશ." અને કદી રામને છોડવા પડે તો? જાનકીના જીવનમાં એવું મૂલ્ય જ કયું છે કે જેને કારણે એણે રામને છોડવા પડે? તારામતીના જીવનમાં એવું મૂલ્ય જ કયું છે કે જેના અર્થે એણે હરિશ્ચંદ્રનો શિરચ્છેદ કરવો પડે? દમયંતીના જીવનમાં એવું મૂલ્ય જ કયું છે જેના માટે એણે નળનો ત્યાગ કરવો પડે? સ્ત્રી વ્યક્તિનિષ્ઠ છે, તત્ત્વનિષ્ઠ નથી. એટલા માટે એના જીવનમાં નૈતિકતા રહી નથી. સ્ત્રીએ તત્ત્વનિષ્ઠ બનવું જોઈએ. જે દિવસે સ્ત્રી તત્ત્વનિષ્ઠ બનશે તે દિવસે એના જીવનમાં નૈતિકતા આવશે અને ત્યારે જ એ પુરુષને પ્રેમ કરી શકશે.

લોકો મને કહે છે કે સ્ત્રીના જીવનમાં ઘણો પ્રેમ હોય છે. પુરુષને માટે એને અત્યંત પ્રેમ હોય છે. હું કહું છું કે પુરુષથી ડરે પણ છે અને પુરુષને પ્રેમ પણ કરે છે! મને તો સમજ જ નથી પડતી. બકરી વળી વાઘને શું પ્રેમ કરતી હતી! તો જે પુરુષથી ડરે છે તે પુરુષને પ્રેમ શું કરી શકશે?

પણ ત્યારે પ્રેમ કરે છે તે કેવી રીતે કરે છે? માતાને સંબંધે પ્રેમ કરે છે, બહેનના સંબંધે પ્રેમ કરે છે, કન્યાના સંબંધે પ્રેમ કરે છે. જ્યાં જ્યાંથી ભયનું તત્ત્વ નીકળી જાય છે ત્યાં ત્યાં તે પ્રેમ કરવા માંડે છે.

## ૧૪૯. કૃષ્ણ-દ્રૌપદી

આ જ કૌટુંબિક ભાવનાઓનો વિસ્તાર નાગરિક જીવનમાં શરૂ કરો તો કૃષ્ણ-દ્રૌપદીનું પ્રતીક સમાજમાં ચરિતાર્થ થઈ જશે. આપણા ચારણ-કવિએ કહ્યું કે જ્યાંત્યાં રાધાકૃષ્ણ પૂજાય છે. મારા મિત્રો, હવે તો સહનાગરિકત્વની સ્થાપના માટે કૃષ્ણ-દ્રૌપદી પૂજાવા જોઈએ. દ્રૌપદી કૃષ્ણની ગોપી પણ નહોતી, કૃષ્ણની રાધા પણ ન હતી, કૃષ્ણની સુભદ્રા પણ ન હતી, અને છતાંય એકબીજાને માટે કેટલો ઉત્કટ પ્રેમ ને કેટલી ત્યાગ-તત્પરતા એ બન્નેના જીવનમાં હતી એ આપણે જોયું છે. કૃષ્ણ-દ્રૌપદીનો આદર્શ સહનાગરિકત્વનો આદર્શ છે.

## ૧૫૦. સ્ત્રીના હાથની વાત

કૌટુંબિક ભાવનાઓનો જ્યારે સામાજિક જીવનમાં વિનિયોગ થાય છે ત્યારે કૌટુંબિક ભાવનાઓ સામાજિક મૂલ્યોમાં પરિણમે છે. આ કૌટુંબિક ભાવનાઓને સામાજિક જીવનમાં પરિણત કરવાનું કામ સ્ત્રીઓના હાથમાં છે. એ પુરુષના ભરોસે જીવવાનુ છોડી દે, પુરુષનું રક્ષણ શોધવાનું છોડી દે. આવો સંકલ્પ સ્ત્રીઓએ કરવો પડશે. હવે એ બધું તમે ક્યાં સુધી ને કેટલું કરશો તે મને ખબર નથી. લોકો તો કહે છે કે આ બધું વહેવારું નથી. જો એ વહેવારું નથી તો તમારી સ્વતંત્રતા તમારો એક અલંકાર બની જશે, ઘરેણું બની જશે અને ઘરેણાં જેટલાં વધશે એટલું જોખમ પણ વધશે એ ન ભૂલશો. સ્ત્રીના જીવનમાં જો સ્વતંત્રતા એક આભૂષણ બનીને આવશે તો એના માટે બહુ જ જોખમકારક ને ભયાવહ થઈ જશે. સ્ત્રીના જીવનમાં મૂલ્ય-પરિવર્તનની સાથે જ્યારે સ્વતંત્રતા અને નાગરિકતા દાખલ થશે ત્યારે જ એનું જીવન ધન્ય થશે અને એનું જીવન જ્યારે સમૃદ્ધ થશે ત્યારે જ આપણું સમગ્ર કૌટુંબિક જીવન ઉન્નત અને મંગલમય થશે.

*

૧૩

# સંસ્થા અને અહિંસક સંગઠન

☆

૧૫૧ સંસ્થા ક્રાંતિથી પાછળ કેમ રહે છે.
૧૫૨ સંસ્થા વિષે ગાંધીજીની અનાસક્તિ.
૧૫૩ એ જ અહિંસક સંગઠનની વિશેષતા.
૧૫૪ ચાલુ સંસ્થાઓ કાં વ્યક્તિનિષ્ઠ કાં બંધારણ-પરાયણ.
૧૫૫ બંનેમાં હિંસાનો સંભવ.
૧૫૬ અહિંસક સંગઠનમાં સંખ્યાનો આધાર નહીં.
૧૫૭ અહિંસક સંગઠનનો આધાર દંડ નહીં, વિશ્વાસ.
૧૫૮ બીજો આધાર: પરમત-ઉદારતા.
૧૫૯ રચના કાર્ય અને ભૂદાન.

## ૧૫૧ : સંસ્થા ક્રાન્તિથી પાછળ કેમ રહે છે

લાગલાગટ છ દિવસથી વાતોનું જ કામ થતું રહ્યું છે. હવે આજથી કામ અંગેની વાતો શરૂ કરીએ છીએ. જ્યાં સુધી વાતોનું કામ હતું ત્યાં સુધી મારી ભૂમિકા હતી. પણ કામની વાતોનો આરંભ થતાં જ મારી ભૂમિકા પૂરી થઈ જાય છે. આનું મુખ્ય કારણ એ છે કે આખી જિંદગી બોલવા સિવાય બીજું કાંઈ કામ મેં કર્યું નથી. છતાંયે મારી સમક્ષ સવાલ મૂકવામાં આવ્યો છે કે આપણું કામ કયા પ્રકારનું હોય, કેવી રીતે આપણે આગળ વધીએ. દરેક ક્રાંતિમાં એક અનુભવ એવો રહ્યો છે કે સમાજના સંસ્કાર અને સમાજની સંસ્થાઓ ક્રાંતિની ગતિ સાથે ડગ માંડી શકતી નથી. સમાજમાં કેટલાક સંસ્કાર અને સંસ્થાઓ કાયમ રહે છે જ્યારે કેટલાક કાળના પ્રવાહમાં વિલીન થાય છે. જે સંસ્થાઓ અને સંસ્કારો ટકી રહે છે તેમાંથી ઘણા સ્થિતિસ્થાપક હોય છે અને સમાજમાં જે રૂઢ પરિસ્થિતિ હોય છે એના સંરક્ષણ માટે એનો ઉપયોગ થાય છે. તેથી કોઈ વાર ક્રાંતિકારીઓએ સમાજની ચાલુ સંસ્થાઓ અને સંસ્કારોથી પણ આગળ વધવું પડે છે.

## ૧૫૨ : સંસ્થા વિષે ગાંધીજીની અનાસક્તિ

આપણા પોતાના દેશમાં અને આપણા પોતાના અત્યાર સુધીના ક્રાંતિ-આંદોલનમાં ગાંધીનું ઉદાહરણ આ અંગે સૌથી મોટું ઉદાહરણ છે. સંસ્થાનો પણ મોહ ન રહે એવો નેતા હું માનું છું કે ગાંધી પહેલાં વિરલ જ થયો હશે. સંસ્થાઓ સ્થાપી હોય અને છતાં તેના મોહમાં ન ફસાયો હોય એવો નેતા સાર્વજનિક ક્ષેત્રમાં ગાંધી પછી પણ મને તો કોઈ નથી દેખાયો.

૧૯૩૧માં અસહકારનું આંદોલન શરૂ થયું. ગાંધીએ કહ્યું કે શિક્ષણ-સંસ્થાઓએ પણ અંગ્રેજ સરકાર સાથે અસહકાર કરવો જોઈએ. ત્યારે રાષ્ટ્રીય ઉદ્દેશો માટે સ્થપાયેલી, રાષ્ટ્રીય જાગૃતિનું કામ કરતી અને રાષ્ટ્રના વિકાસમાં સહાય કરતી મોટી મોટી શિક્ષણ-સંસ્થાઓ હતી. એવી સંસ્થાઓમાં કાશીનું હિંદુ વિશ્વવિદ્યાલય બહુ આગળ પડતું હતું. એના પ્રાણભૂત સંચાલક માલવિયાજી હતા જેમને બાપુ મોટાભાઈ કહ્યા કરતા. તેથી તેમણે પોતાના મોટાભાઈને સૌથી પહેલાં કહ્યું, "તમારી સંસ્થા રાષ્ટ્રીય સંસ્કારોથી સંપન્ન એવી સંસ્થા છે અને અત્યાર સુધી તેનો ઉત્કર્ષ રાષ્ટ્રીય

સિદ્ધાંતોને અનુરૂપ થયો છે. તમારી સંસ્થા જો અંગ્રેજ સરકાર સાથેનો સંબંધ તોડી નાખે તો આપણી ક્રાંતિમાં બહુ મોટી મદદ મળે."

માલવિયાજીએ કહ્યું, "મહાત્માજી, તમે ઠીક કહો છો..." મહાત્માજીને કહેલા શબ્દો અમને બધાંને કહ્યા. અમે ત્યારે વિદ્યાર્થી હતા. અમે તેમને મળવા ગયા હતા. ત્યારે તેમણે કહ્યું, "મહાત્માજીનું કહેવું તો બરાબર છે. પરંતુ હવે હું શું કરું? મારો આ સંસ્થાઓ પર અપત્ય-પ્રેમ થઈ ગયો છે. તેથી પોતાના બાળકનું બલિદાન દેવા તો શેઠ સગાળશાની હિંમત જોઈએ. એવી હિંમત મારામાં નથી." બહુ ગદ્ગદભાવે તેમણે પોતાની અસમર્થતા પ્રગટ કરી.

સંચાલક અનાસક્ત ન હોય તો સંસ્થા, સંગઠન અને સંઘ કોઈકવાર સિદ્ધાંતોની પ્રગતિમાં બાધક બની બેસે છે. મારો પોતાનો અનુભવ છે કે જેટલું કષ્ટ મને પોતાના કુટુંબને છોડવામાં નથી થયું એટલું સંસ્થાઓને છોડવામાં થયુ છે. ઘણે ભાગે બને છે એવું કે કુટુંબ માટે ભીખ માગવામાં શરમ લાગે છે પણ સંસ્થા માટે ભીખ માગતાં ઊલટાનું ગૌરવ અનુભવાય છે. જ્યારે કુટુંબનો વહીવટ કરતો હોય ત્યારે માણસને થાય છે કે હું એક સાધારણ ગૃહસ્થ છું અને જે કાંઈ કરી રહ્યો છું તેનાથી મારે ઉપર ઊઠવાનું છે. પરંતુ જ્યારે સંસ્થાનો વહીવટ કરે છે ત્યારે માને છે કે હું પુણ્યકાર્ય કરું છું અને તે માટે મારે જાન ન્યોચ્છાવર કરવાનો છે. તેથી સંસ્થાનું બંધન કૌટુંબિક બંધનોથી વધુ દુષ્કર બની જાય છે અને આગળ જતાં માણસ તેને તોડી શકતો નથી.

એક નાનો અમથો દાખલો આપું. સ્ટેશને ઊતરીને સામાન ઉપાડવા મજૂર કરીએ છીએ. અત્યાર સુધી મારો અનુભવ હતો કે મજૂર ૬ આના માંગે ત્યારે કહી દેવાય, "દઈ દો ત્યારે ૬ આના. આટલો સામાન ઉપાડવો છે. ૩ આના જ આપવા જોઈએ એવો કાયદો સરકારે ભલે કર્યો. પરંતુ કાયદો થયો તેથી કાંઈ મહેનત થોડી ઓછી થઈ છે? માંગે છે અને આપણી પાસે ૬ આના છે તો આપી દો." પરંતુ હવે શું વિચાર આવે છે? મારી પાસે ૬ આના તો જાણે છે પણ તે સાર્વજનિક છે. તેથી મજૂરને ૬ આના ન આપવા જોઈએ. એટલે એને કહું છું, "અરે, ભૂદાનયજ્ઞની યાત્રામાં અમે જઈ રહ્યા છીએ અને તેમાં તું કાંઈ મદદ નથી કરતો? આટલો બોજો ઉપાડવાના પણ થોડા ઓછા પૈસા નહીં લે?" આમ મારા હૃદયમાં એક પ્રકારની પુણ્યકારક નિર્દયતા આવી જાય છે. હું સાર્વજનિક કામ કરી રહ્યો

છું એવી પુણ્યભાવનામાંથી પેદા થઈ છે એટલે તે પુણ્ય-મૂલક છે. જેને આપણે સંસ્થાઓના સંચાલક કહો છો, તેઓમાં આ પ્રમાણે સંસ્થાઓ પ્રત્યે એક જાતની આસક્તિ અને સંસ્થાવાદની મનોવૃત્તિ આવી જાય છે. સંસ્થાઓ ચલાવવી, સંસ્થાઓનું સંચાલન કરવું એ જ જીવનનો ઉદ્દેશ બની જાય છે.

મેં હમણા કહ્યું કે મહાન નેતાઓમાં એકલો ગાંધી જ એવો નીકળ્યો જેણે ઘર-ઘરની રમત રમતા બાળકોની જેમ સંસ્થાઓ ઊભી કરી અને સંસ્થાઓ તોડી. જાણે કે બચ્ચાંનો ખેલ!

"मैंने बनाई यह मूलभूलैया,
बना बनाकर मिटा रहा हुं।"

બનાવતો પણ જાઉં છું અને મિટાવતો પણ જાઉં છું. આ વસ્તુ ગાંધીમાં જોઈ. મહાન ધર્મસંસ્થાપકોમાં પણ મેં આ ન જોયું. સાબરમતીમાં આશ્રમ સ્થાપ્યો. આશ્રમનું ઉદ્યોગમંદિર થયું. ઉદ્યોગમંદિરનો હરિજન આશ્રમ થયો. બધુંયે થયું પરંતુ ગાંધીએ સાબરમતીને કાંઠે જે આશ્રમનું નિર્માણ કર્યું હતું, તેનું તો સાબરમતીના વિશાળ ઉદરમાં વિસર્જન જ કરી દીધું.

વર્ધા આવ્યા ત્યારે સાથીઓએ 'ગાંધી સેવા સંઘ' સ્થાપ્યો. તો પૂછવા લાગ્યા કે "ગાંધી સેવા સંઘનો અર્થ શું છે? ગાંધીની સેવા માટેનો સંઘ તો નથી ને? આ વળી કેવો સમાસ? એનો અર્થ ગાંધીની સેવા એવો છે કે પછી ગાંધીએ આજ સુધી જેવી રીતે લોકોની સેવા કરવાનું શીખવ્યું છે તે માટેનો આ સંઘ છે?" આમ શરૂઆતમાં જ એમણે કહ્યું. અમે જવાબ આપ્યો, "એનો અર્થ એટલો જ છે કે તમે બતાવેલી સેવા અમે કરવાના છીએ. તમારી સેવા નથી કરવાના. તમારે માટે કાંઈ આ સંઘ નથી."

હવે ૧૯૩૮માં 'ગાંધી સેવા સંઘ'નું સંમેલન થયું. બાપુ સંમેલનમાં પ્રવેશી રહ્યા હતા. પ્રવેશદ્વાર પર એક ગામડિયો કોઈને પૂછતો હતો, "આ શું છે? અહીં આજે શું થઈ રહ્યું છે? આવડી મોટી સભા કેમ થઈ છે? અમે તો પહેલાં કોંગ્રેસ જોઈ હતી." તો પેલો માણસ જવાબ આપે છે, "તે જવાહરલાલની કોંગ્રેસ છે, અને આ ગાંધીની કોંગ્રેસ છે."

પેલાએ તો ગામડિયાને સમજાવવા કહ્યું હતું પરંતુ તે બુઢ્ઢાના દિલમાં તો આ વાત શૂળની જેમ ભોંકાઈ ગઈ. આ વાતથી જ પ્રવચનનો આરંભ થયો: "કોઈ કદી એમ પણ વિચારી શકે છે કે પેલી કોંગ્રેસ જવાહરલાલની છે અને આ કોંગ્રેસ ગાંધીની છે? અર્થાત્ કે ગાંધી પણ પોતાની કોઈ એવી સંસ્થા બનાવી રહ્યો છે, જે સંસ્થા એની પોતાની પ્રતિષ્ઠાનું ઓજાર-ઉપકરણ બને. ગાંધીના વ્યક્તિત્વના ઉત્કર્ષ માટે કોઈ સંસ્થા સાધનરૂપ બનશે એવું કોઈ કલ્પી શકે છે?" આ અંગે વિચારતા રહ્યા. ત્યાર પછી સુભાષબાબુનું પ્રકરણ થયું અને "ગાંધીવાદ ધ્વંસ હોના"ના પોકારો માલિકાંદામાં ઊઠ્યા. માલિકાંદામાં અમારું 'ગાંધી સેવા સંઘ'નું સંમેલન થયું ત્યારે ગાંધીએ વિચાર્યું કે 'ગાંધી સેવા સંઘ' હવે ચાલુ રહેશે તો મારા સિદ્ધાંતોનો પ્રચાર આ રાષ્ટ્રના જીવનમાં નહીં થઈ શકે. આપણે એ તબક્કા પર આવી પહોંચ્યા છીએ. કિશોરલાલભાઈ તે વખતે અધ્યક્ષ હતા. એમના પ્રમુખપણા હેઠળ વિધિપૂર્વક 'ગાંધી સેવા સંઘ'નું વિસર્જન કરી દીધું.

## ૧૫૩. એ જ અહિંસક સંગઠનની વિશેષતા

જેમ આપણે ગણેશની મૂર્તિ બનાવીએ છીએ અને તેનું વિસર્જન કરીએ છીએ, તેવી રીતે એટલી પવિત્ર ભાવનાથી સંસ્થાઓ બનાવવી અને એટલી જ પવિત્ર ભાવનાપૂર્વક વાજતેગાજતે સંસ્થાનું વિસર્જન કરી નાખવું, એ ગાંધીની વિશેષતા હતી. એને હું અહિંસક પ્રક્રિયાની વિશેષતા માનું છું.

અનાસક્ત કર્મની આ એક બહુ મોટી કસોટી છે. સંસ્થા આપણે નિર્માણ કરીએ છીએ, સંસ્થા આપણે બનાવીએ છીએ, પવિત્ર ભાવનાથી બનાવીએ છીએ, કારણ કે તે આપણા સિદ્ધાંતોને આગળ વધારવાનું ઉપકરણ બને છે. પરંતુ જ્યારે આપણે જોઈએ છીએ કે સંસ્થાના વ્યવહારમાં અને સંસ્થાની વ્યવસ્થામાં જ હવે આપણું વધુ ધ્યાન રહે છે અને આપણી વ્યાપક દૃષ્ટિ ક્ષીણ થતી જાય છે, ત્યારે સંસ્થાનું વિસર્જન કરવાની હિંમત આપણામાં હોવી જોઈએ. આ જે અનાસક્તવૃત્તિ છે તે અહિંસક સંગઠનની વિશેષતા છે.

## ૧૫૪. ચાલુ સંસ્થાઓ કાં વ્યક્તિનિષ્ઠ કાં બંધારણ-પરાયણ

આજે દુનિયામાં બે પ્રકારની સંસ્થાઓ છે. એક તો સનિક અને બીજી બંધારણ-પરાયણ સંસ્થા. અર્થાત્ કેટલીક સંસ્થાઓ સૈન્યની માફક વ્યક્તિનિષ્ઠ હોય છે, એક વ્યક્તિના આધારે ચાલે છે. જ્યાં સુધી તે વ્યક્તિ હોય ત્યાં સુધી

તેના નામ પર ચાલે છે. ત્યારબાદ તે વ્યક્તિ જે ગાદી ઉપર હોય છે તે ગાદીના નામ પર ચાલે છે. આવી સંસ્થાઓ વ્યક્તિનિષ્ઠ હોય છે. એમનો એક સેનાપતિ હોય છે. તે ગુરુ કે તે સેનાપતિ જ તે સંસ્થાનું સર્વસ્વ હોય છે. તે જ તેનો નિયંતા કે અધિષ્ઠાતા. તેનો નિયમ પણ તે જ ગુરુ હોય છે. આવી સંસ્થાને હું 'સૈનિક' એટલા માટે કહું છું કે તેમાં પછી કોઈ નિયમ કાગળ ઉપર નથી હોતા અને કોઈને ખાસ અધિકાર પણ નથી હોતા. ગુરુની આજ્ઞા અને ગુરુનો આદેશ જ એકમાત્ર નિયમ હોય છે. એ ગુરુની ગાદી પર જે કોઈ હશે તેનો આદેશ પણ નિયમરૂપ બને છે. આપણે ત્યાં જેટલી સૈનિક સ્વરૂપની સંસ્થાઓ છે તે આવી રીતે જ ચાલે છે. દાખલા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, કૉંગ્રેસનું સૈનિકદળ, બીજાં સેવાદળો અને કેટલીક ધાર્મિક સંસ્થાઓ. એ સંસ્થાઓમાં સૌથી મોટી ખામી એ છે કે જો તે વ્યક્તિ બરાબર ધ્યાન આપી શકે તો તો સંસ્થા સારી ચાલે છે પણ તે વ્યક્તિ જો સંસ્થા પ્રત્યે પૂરતું ધ્યાન ન આપી શકી અને સંસ્થામાં ન રહી શકી તો સંસ્થામાં તે વ્યક્તિનું નામમાત્ર રહે અને એના નામ પર અનેક પ્રકારના મિથ્યાચાર શરૂ થઈ જાય છે.

વ્યક્તિનિષ્ઠ અને કેવળ સૈનિક પદ્ધતિએ ચાલનારી સંસ્થાઓ તેમાં જ્યાં સુધી તે વ્યક્તિ હોય ત્યાં સુધી ચાલે છે. તેથી એવી સંસ્થાઓનો તો આજે આપણે વિચાર કરવો નથી. જે વ્યક્તિને આપણે આપણી કાર્યપદ્ધતિ સારુ આદર્શ રૂપ માની હતી એ ગાંધીની એવી સંસ્થાઓ અંગે શી દૃષ્ટિ હતી એ મેં તમારી સમક્ષ રજૂ કર્યું.

બીજા પ્રકારની સંસ્થાઓ છે બંધારણ મુજબ ચાલનારી સંસ્થાઓ. એ પ્રકારની સંસ્થાઓમાં મુખ્યત્વે એમ જોવા મળે છે કે શરૂઆતમાં જ્યારે બંધારણ ઘડાય છે ત્યારે તો લોકો ખૂબ પ્રામાણિકતાથી બંધારણ ઘડે છે અને એ બંધારણ મુજબ ચાલવાની ભાવના રાખે છે. પરંતુ પછી એ બંધારણ આપણને કેટલા અધિકાર આપે છે અને એ બંધારણના નિયમોમાં આપણે વારંવાર કેટલી છૂટ લઈ શકીએ એમ છીએ, એ દૃષ્ટિએ બંધારણનો અભ્યાસ થવા મંડે છે.

કૉંગ્રેસમાં આવું થયું. પહેલાં સભ્યપદ માટે એવો નિયમ હતો કે જે આદતપૂર્વક ખાદી પહેરતો હોય તે સભ્ય બની શકે. એક વાર એક સમિતિમાં એક સજ્જન બેઠા હતા. તેમને કહેવામાં આવ્યું કે "તમે ખાદી નથી પહેરી લાગતી."

તેમણે કહ્યું, “ આ ખાદી તો પહેરી છે. ”

“ ધોતિયું કંઈ મિલનું લાગે છે ને ! ” ”

“ હા, ધોતિયું મિલનું છે. ”

“ ધોતિયું મિલનું છે અને તોયે ખાદી પહેરી છે એમ કહો છો ? ”

“ બાકીનું બધું ખાદીનું છે. ”

“ બંધારણમાં લખ્યું છે કે આદતપૂર્વકનો ખાદીધારી હોવો જોઈએ.”

“ હા, ને હું આદતપૂર્વકનો ખાદીધારી છું. ધોતિયા સિવાય બીજું બધું ખાદીનું જ પહેરું છું. અને વળી હમેશાં પહેરું છું. ખાદી પહેરવાની મને આદત જ થઈ ગઈ છે. ધોતિયું જ માત્ર હું ખાદીનું નથી પહેરતો. બાકી રુમાલ સુદ્ધાં હું હંમેશાં ખાદીનો રાખું છું. તો તમારે માનવું પડશે કે હું આદતપૂર્વકનો ખાદીધારી છું. ”

ત્યાર પછી કૉંગ્રેસના બંધારણમાં લખવું પડયું કે જે ખાદી જ પહેરતો હોય, અને માત્ર ખાદી જ ખાદી પહેરતો હોય, અને ખાદી સિવાય બીજું કંઈ ન પહેરતો હોય, તે જ કૉંગ્રેસનો સભ્ય બની શકે. Truth, the whole truth and nothing but the truth—એમ સાક્ષીઓના સોગનનામા જેવી કાનૂનની ભાષામાં લખવું પડયું.

## ૧૫૫. બંનેમાં હિંસાનો સંભવ

વિનોબા જ્યારે એમ કહે છે કે સંગઠનમાં હિંસા પ્રવેશી જાય છે, ત્યારે એની મતલબ એ છે કે સંગઠન વ્યક્તિનિષ્ઠ કે દંડનિષ્ઠ હોય ત્યારે તો તેમાં હિંસા આવે જ છે, પરંતુ તે બંધારણનિષ્ઠ હોય ત્યારે પણ તે હિંસક બની જાય છે. જો તમે નિયમનું પાલન કરશો તો અમારી સંસ્થામાં રહી શકશો. નિયમનું પાલન નહીં કરો તો ? શિસ્તભંગનાં પગલાં ! તમને સંસ્થામાંથી કાઢી મૂકવામાં આવશે. લોહિયાસાહેબને એવી રીતે કાઢી મૂકયા, એ પહેલાં કાંગ્રેસમાંથીયે કેટલાકને કાઢી મૂકયા હતા અને સામ્યવાદી પક્ષમાં પણ એવાં શિસ્તનાં પગલાં લેવાયેલાં. પછી જેઓને કાઢી મૂકવામાં આવે છે તેઓ પ્રતિસંગઠન બનાવે છે. તમે અમને કાઢી મૂકયા છે ને ? ઠીક છે. તમને શિકસ્ત આપવા અમે પ્રતિસંગઠન બનાવીશું. એમ સંગઠન-માંથી પ્રતિસંગઠન પેદા થાય છે. અહિંસામાં સજા થાય એવું સંગઠન પણ ન હોવું જોઈએ.

માટે વિનોબાએ કહ્યું કે જ્યાં જ્યાં સંગઠન ઊભું થાય છે ત્યાં ત્યાં હંમેશ આ ચીજો આવી જાય છે. અમે તો નારાયણને સર્વોદય સંઘનો સભ્ય બનાવી દીધો પણ તે સર્વોદય સંઘના નિયમોનું પાલન નથી કરતો તો અમે તેને સર્વોદય સંઘમાંથી કાઢી મૂકીએ ?

તો કહ્યું કે કાઢી મૂકો! તે શું તમારા હાથમાં છે કે? તમે કંઈ લોકસભામાં બેઠક નથી અપાવી શકતા. બીજી કોઈ તમારી પ્રતિષ્ઠા નથી. શિસ્તભંગનું પગલું ત્યારે સફળ થાય, જ્યારે સંસ્થાના હાથમાં સભ્યને આપવા સારુ કંઈક હોય. સભ્યને સંસ્થામાં આવવાથી સેવા સિવાય બીજો કંઈ લાભ થતો હોય, ત્યારે સજા કે શિસ્તભંગનું પગલું સફળ થવાનો સંભવ છે. ગાંધી સેવા સંઘ જ્યાં સુધી આ દેશમાં બાપુનો સિતારો ચમકતો હતો ત્યાં સુધી સફળ થઈ શકયો. એનો સિક્કો ચાલતો હતો અને બાપુના નામ સાથે એટલી પ્રતિષ્ઠા જોડાયેલી હતી કે ગાંધીના સંગઠનમાં હોવું એ આ દેશમાં એક પ્રતિષ્ઠિત નાગરિક હોવા બરાબર બની ગયું હતું, ત્યારે લોકો ગાંધી સેવા સંઘમાં આવતા હતા. અને છતાં ગાંધી સેવા સંઘમાંથી કોઈને કાઢી મૂકવામાં આવ્યો હોય એમ કદી નથી બન્યું. અહીં જે ગાંધી સેવા સંઘના સભ્ય તરીકે રહ્યા હશે તેઓ પોતાનો અનુભવ કહેશે કે ગાંધી સેવા સંઘના મંત્રીએ સૌને લખ્યું કે તમે બધાં સભ્ય બની જાઓ અને ઊલટાનું આ લોકોએ લખ્યું કે અમારી યોગ્યતા નથી. અમે તો ગાંધીજીની પાછળ પાછળ ચાલનાર માણસો છીએ. પરંતુ આવી કોઈ સંસ્થાના સભ્ય બનવાની લાયકાત અમારી ક્યાં છે ?

અર્થાત્ સંગઠનની ભૂમિકા જ સમૂળગી બદલાઈ જાય છે. વ્યક્તિમાં એકલીમાં શક્તિ નથી હોતી તેથી દસ વ્યક્તિને ભેગી કરો તો શક્તિ આવશે. એમ એક સંગઠન બને છે. જેમ કે સેનાની શક્તિ હોય છે. નેપોલિયને લખ્યું કે સેનાનો એકએક સૈનિક બહાદુર નથી હોતો પણ બધા સૈનિકો મળીને બહાદુર હોય છે. દરેક સૈનિક વ્યક્તિગત રીતે બહાદુર ન પણ હોય પરંતુ એવા સૈનિકોની જે પલટણ બને છે તે બહાદુર હોય છે. આ સૈનિક સંગઠન-પદ્ધતિની વિશેષતા છે.

બંધારણનિષ્ઠ સંગઠનની વિશેષતા એ છે કે જો કાગળ પર નિયમનું પાલન કરે છે એમ બતાવી શકવાની કુશળતા હોય તો તે સંગઠન ચાલી જાય છે. પછી બીજું કંઈ અધિક કરવાની જરૂર નથી રહેતી.

પરંતુ આ બે કરતાં જુદું એવું એક ત્રીજા પ્રકારનુંયે સંગઠન છે. મેં તમને ગાંધી સેવા સંઘનું ઉદાહરણ આપ્યું. હું એમ કહેવા નથી માગતો કે તે એક આદર્શ સંગઠન હતું. પરંતુ મેં તો એક ઉદાહરણ તમારી સમક્ષ મૂકયું કે બાપુએ જે સંગઠનો બનાવ્યાં તે માત્ર મરજીયાત હતાં એટલું જ નહીં, પરંતુ તેમાં જે અધિષ્ઠાન હતું, જે અંતિમ શક્તિ હતી તે તો સંપૂર્ણ-પણે નૈતિક જ હતી. તેમાં નૈતિક શક્તિ સિવાય અન્ય કોઈ શક્તિ નહોતી. શિસ્તભંગના પગલાં વગેરેનો આશરો તેમાં નહોતો લેવાતો. બીજા કોઈ પ્રકારનું sanction તેમાં માન્ય નહોતું કરાયું.

**૧૫૬. અહિંસક સંગઠનમાં સંખ્યાનો આધાર નહીં.**

તેથી જ્યારે આપણે અહિંસક સંગઠન બનાવીએ છીએ ત્યારે તેની શક્તિનો આધાર સંખ્યા ન હોવો જોઈએ. એનો અર્થ એવો નથી કે વધુમાં વધુ માણસોને તે સંગઠનમાં સામેલ કરવાની કોશિશ ન કરાય. પરંતુ સભ્યોની સંખ્યાને જ સંગઠનની શક્તિ ન માનવી જોઈએ. એના પર આપણો આધાર નહીં હોય. પ્રજાસમાજવાદી પક્ષના કેટલા સભ્ય છે? કોંગ્રેસના કેટલા સભ્ય છે? એમ સંગઠનોના બળાબળનો વિચાર કરાય છે. જે પોતાના પક્ષના વધુમાં વધુ સભ્યો નોંધી શકે તે સારો કાર્યકર મનાય છે. જો તમારું સંગઠન પણ આ જ રીતે ઊભું થયું તો પરિણામ એ આવશે કે તમારી શક્તિનો આધાર સંખ્યા બની જશે. સત્યાગ્રહમાં વ્યક્તિગત સત્યાગ્રહ પણ થાય છે અને સામુદાયિક સત્યાગ્રહ પણ થાય છે. પરંતુ સામુદાયિક સત્યાગ્રહનો આધાર સંખ્યા નથી હોતી, સમષ્ટિનો સંકલ્પ હોય છે. જેમ કે સામુદાયિક પ્રાર્થના. સામુદાયિક પ્રાર્થનામાં સંખ્યાનું મહત્ત્વ નથી હોતું. હુંયે પ્રાર્થના કરું છું ને તમેયે પ્રાર્થના કરો છો. સામૂહિક પ્રાર્થનામાં મારો ને તમારો ભેગો સંકલ્પ છે, મારી ને તમારી સમાન ભાવના છે. એવી રીતે જ્યારે અનેક વ્યક્તિઓની સામૂહિક ભાવના ને સામૂહિક સંકલ્પ થાય છે, ત્યારે આપણે તેને સામુદાયિક સત્યાગ્રહ કહીએ છીએ. સંખ્યાત્મક સત્યાગ્રહ એ એક અલગ ચીજ છે અને સામુદાયિક સત્યાગ્રહનું અધિષ્ઠાન જ અલગ થઈ જાય છે. આમ તમારી જે સંસ્થાઓ ચાલશે, તમારાં જે સંગઠનો રચાશે તે સંગઠનો બાબતમાં મેં મારા જે વિચારો હતા તે તમારી સામે બહુ સંક્ષેપમાં મૂકી દીધા.

તમારા સંગઠન બાબત એક વાત મેં એ કરી કે તમને તમારા એ સંગઠન વિશે આસક્તિ ન હોવી જોઈએ. બીજી વાત એ કે તમારું સંગઠન

વ્યક્તિનિષ્ઠ ન હોય ને બંધારણનિષ્ઠેય ન હોય. બંધારણ બનાવવું હોય તો ખુશીથી બનાવો. એનો નિષેધ નથી, પરંતુ જે સંસ્થા બને તે બંધારણનિષ્ઠ ન બને. આ બંધારણનિષ્ઠ ન હોવાની બાબત જરા સૂક્ષ્મતાથી સમજી લેવાની જરૂર છે.

Compensation—પ્રતિમૂલ્ય, વળતરનો એક સિદ્ધાંત છે. વિનોબાએ જવાહરલાલને કહ્યું કે તમે જમીન લઈ લો પણ તેનું વળતર ન આપો. તો જવાહરલાલએ કહ્યું કે હું શું કરું? બંધારણમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે વળતર આપવું જોઈએ. અર્થાત્ બંધારણ બનાવીને આપણે આપણા પગમાં બેડીઓ નાખી દીધી છે. એવો જ એનો અર્થ થયો ને? ઇંગ્લેંડ વગેરે બીજા દેશોએ આનાથી ઊલટું કર્યું. તેમણે પહેલાં જે કંઈ કરવું હતું તે કરી લીધું અને પછી તેને બંધારણમાં ગોઠવી દીધું.

### ૧૫૭. અહિંસક સંગઠનનો આધાર દંડ નહીં, વિશ્વાસ

એટલે બંધારણ આપણી પ્રગતિમાં આડખીલી રૂપ ન બની જાય એ સારુ મેં કહ્યું કે તમે જે સંગઠન બનાવો તે બંધારણનિષ્ઠ ન બનાવતા. વ્યક્તિનિષ્ઠ નહીં ને બંધારણ- નિષ્ઠ પણ નહીં. તેનો આધાર હોય નૈતિકતા. અને નૈતિકતામાં જેટલી શિસ્ત રહે છે તે પરસ્પર સ્નેહ ને વિશ્વાસને કારણે રહે છે. જેમ કે મેં અહીં તમારે ત્યાં જોયું. તે દિવસે હું શિબિરમાં આવ્યો તો મને કહેવામાં આવ્યું કે અમારે ત્યાં કાંઈ બંધન નથી. કોઈ ચીજને અમે ફરજિયાત કે આવશ્યક નથી બનાવી. પરંતુ આટલાં આટલાં કામ અહીં થવાં જોઈએ. અને રોજ ઊઠીને તમને કહેવામાં આવે છે કે ફલાણી ટુકડીએ આ કરવું જોઈએ, બીજી ટુકડીએ આ કરવું જોઈએ. આ સજ્જન સવારે નહોતા ઊઠ્યા, પેલા સજ્જન પોતાની ટુકડીમાં નહોતા આવ્યા. અને છેવટે એમ પણ કહેવાયું કે ન આવવા માગતા હોય તે 'નથી આવતો' એટલું માત્ર કહી દે તેનાથી વધુ અમે કાંઈ નથી ઇચ્છતા. એમ પણ કહી શકાય છે કે એ ટુકડીમાં મારે કામ નથી કરવું, બીજી ટુકડીમાં કામ નથી કરવું, કોઈ પણ ટુકડીમાં નથી કરવું. એમ કહી દે તોયે કાંઈ વાંધો નથી. આટલે સુધી તમે લોકો આ શિબિરમાં પહોંચી ગયા હતા ને? સાત સાત દિવસ સુધી તમે પોતે આમ કરતા આવ્યા ને મને શું પૂછો છો? પરંતુ એવું થાય છે. છોકરું ચાલે છે ત્યારે એને થોડી જ ખબર હોય છે કે મારું પગલું કેટલા ઇંચનું પડી રહ્યું છે? તે તો ચાલેયે છે ને દોડે પણ છે. પછી તમે કહો છો કે loco-motionના સિદ્ધાંત અનુસાર આ થઈ રહ્યું છે. તો અહીં તમે લોકોએ

સાત દિવસ સુધી જે કર્યું, તે જ્યાં સુધી આંદોલન ચાલુ રહે ત્યાં સુધી તમે ચાલુ રાખી શકો તો હું માનું છું કે તમને અહિંસક સંગઠનનું પ્રમાણપત્ર મળવામાં કાંઈ વાંધો ન આવે.

## ૧૫૮. બીજો આધાર : પરમત-ઉદારતા

બીજી વાત મેં તમને એ કહી કે તમારું સંગઠન વ્યાપક હોય, અર્થાત્ સૌને સારુ તેમાં જગ્યા હોય. તેમ છતાં માત્ર સંખ્યા વધારવાની આકાંક્ષા તેમાં ન રખાય; વૃત્તિ વ્યાપક હોય. જે કોઈ તેમાં આવવા માગે તે તેમાં અવશ્ય આવે. હું તો ત્યાં સુધી કહીશ કે કોઈ સામ્યવાદી કે જનસંઘવાળો ભૂદાનના કાર્યમાં જોડાવા ઇચ્છે તો તે ખુશીથી તમારી સાથે કામ કરી શકે છે. ભલે તે તમારા સંગઠનમાં સીધો સામેલ ન થાય. તે તમારા સંગઠનનો સભ્ય બનવાયે નહીં ઇચ્છે, નહીં બની શકે. પરંતુ આ દેશમાં તમારો એક એવો સમુદાય હોય કે જે કોઈ ભૂદાનનું કાર્ય કરવા માગતો હોય તે તમારી સાથે તે કામ કરી શકે. કેમ? તમે ઇચ્છો છો ને કે નવું લોહી આવે? નવા નવા માણુસો આ કામમાં આવવા જોઈએ. જેમ મુસલમાન કે ખ્રિસ્તી બનાવવામાં આવે છે. એમ તો કાંઈ આ નવા માણસો તમારા સંગઠનમાં નહીં આવે. નવા માણસો આવવાનો શો રસ્તો છે? રસ્તો એ છે કે એક માણુસ આવે છે, ભૂદાનનું કામ કરવા ઇચ્છે છે. નારાયણુ પૂછે છે, “ખાદી પહેરો છો? નહીં તો તમે ભૂદાનનું કામ નહીં કરી શકો.”

તો વાત ત્યાં જ ખતમ થઈ ગઈ! પેલો કહે છે, “ખાદી નથી પહેરતો, પરંતુ હું એટલું માનું છું કે જમીનની સમસ્યા ઉકેલવા સારુ પહેલું પગલું ભરવું હોય તો આજની પરિસ્થિતિમાં ભૂદાન સિવાય બીજો કોઈ આરો નથી. તેથી હું ભૂદાનનું કામ કરવા ઇચ્છું છું અને મને કંઈ અનુભવ ન હોવાથી તમારી સૌની સાથે તે કામ કરવા ઇચ્છું છું.”

ત્યારે નારાયણે એમ કહેવું જોઈએ કે સભ્યને નાતે તમે અમારા સંગઠનમાં ન જોડાઈ શકો. પરંતુ તમે અમારી સાથે કામ કરવા ઇચ્છતા હો તો અમે તમને આવકારીએ છીએ. ભૂદાનપદ્ધતિથી ભૂમિ-સમસ્યાના નિરાકરણમાં તમે અમારી સાથે થાઓ. અમને આશા છે કે ધીરે ધીરે ગ્રામોદ્યોગનો સિદ્ધાંત પણ તમે માન્ય કરશો. અને ગ્રામોદ્યોગનો સિદ્ધાંત માન્ય કરશો તો તમે ધીરે ધીરે ખાદી પણ અપનાવશો. આગળ અમે જે રચના કરવા માગીએ છીએ તેનો વિચાર તમે અમારી સાથે કરવા લાગશો અને વિચારપૂર્વક અમારી સાથે થઈ જશો.

## ૧૫૯. રચનાકાર્ય અને ભૂદાન

પેલી ‘ ભૂદાનમૂલક ’ની વાત વિનોબા કહ્યા કરે છે એનો વિચાર અહીં આવી જાય છે. મને વારંવાર પૂછવામાં આવ્યું છે કે અમે જે રચનાત્મક કાર્ય કરી રહ્યા છીએ તે રચનાત્મક કાર્ય પોતાનામાં જ ક્રાંતિનું કાર્ય નથી કે? રચનાત્મક કાર્ય સમાજની પ્રગતિનું કાર્ય છે પરંતુ જ્યારે તે અમુક સંદર્ભમાં થાય છે ત્યારેજ તે ક્રાંતિનું કાર્ય બને છે. હમેશાં રચનાત્મક કાર્યની આ એક વિશેષતા રહી છે, જેમ ગાંધીએ રચનાત્મક કાર્યને ભારતવર્ષની આઝાદીની લડતના સંદર્ભ સાથે જોડી દીધું. તેની સાથે રચનાત્મક કાર્ય જોડાઈ ગયું ત્યારે અંગ્રેજો ખાદીને પોતાનો દુશ્મન સમજવા લાગ્યા. બાકી ખાદીમાં અસલ શું છે? શું પહેલાં આ દેશમાં લોકો ખાદી નહોતા પહેરતા કે? ગામડાંઓમાં પહેરતા જ હતા. ત્યાં મિલનું કાપડ નહોતું પહોંચ્યું. પરંતુ મને બરાબર યાદ છે કે એક વખત હું જ્યારે અહીં આવેલો ત્યારે વડોદરાના સ્ટેશને જેવો હું ઊતર્યો કે ત્યાં પોલીસો મને મારું ને મારા બાપદાદાઓનાં નામ એવી રીતે પૂછવા લાગ્યા કે જાણે કોઈ તીરથના પંડા જ ન હોય! કારણ કે મેં ખાદી અને પેલી ગાંધી ટોપી પહેરી હતી. બીજા બધા ઉતારુઓને કોઈ નહોતું પૂછતું. પરંતુ એ સૌમાં હું મહત્ત્વનો ઉતારુ બની ગયો હતો. એનું કારણ એ હતું કે એ ખાદી પણ એક પ્રતીક હતું. અને એ ખાદી આ દેશમાંથી અંગ્રેજોની સત્તા નાબૂદ કરવા આવી હતી.

મગનવાડીમાં પેલા સોયાબીન ખાવા લાગ્યા. તમે તો બાપુને ઓળખો જ છો. ક્યારેક સોયાબીન તો ક્યારેક આમલીનું પાણી, એમ એમના પ્રયોગો ચાલ્યા કરતા. તો એ સોયાબીન કેટલાક દિવસ સુધી ચાલ્યા. હવે એ સોયાબીન ખાનારા સૌ તંગ થઈ ગયેલા. પરંતુ બિચારા કરે શું? બાપુ ખવડાવતા હતા. સરદાર કહ્યા કરતા કે આ સોયાબેન વળી ક્યાંથી એક નવી બહેન ફૂટી નીકળી છે? ઘણા એનાથી કાયર થઈ ગયેલા પરંતુ તમને આશ્ચર્ય થશે કે સરકારની પોલીસ એ વાતની હમેશાં તપાસ કર્યા કરતી કે આ બધા ખાવાપીવાના પ્રયોગો ગાંધી કેમ કર્યા કરે છે? બીજા લોકો લાઠી કે તલવાર ચલાવવાનું શીખતા હતા તો તે તરફ કોઇ ધ્યાન નહોતું આપતું. અને અહીં ચટણીઓ બનાવવાનો કાર્યક્રમ ચાલતો તો તેની તપાસ કરવા લોકો આવતા. કારણ કે તેઓ એ બરાબર જાણતા હતા કે આ માણસના રચનાત્મક કાર્યક્રમથી લોકશક્તિ વધે છે. લોકોમાં

એ કાર્યક્રમ પુરુષાર્થની પ્રેરણા વધારે છે. એનું એ Constructive Non-Co-operation છે. અમેરિકાના કેટલાક વર્તમાનપત્રોએ એનું નામ પણ Constructive Non-co-operation રાખેલું. એ કાર્યક્રમનાં બે પાસાં હતાં. એક અસહકાર નકારાત્મક હતો, જે અંગ્રેજો સાથે ચાલતો હતો. અને બીજો રચનાત્મક અસહકાર હતો. તે લોકો તેને રચનાત્મક કાર્યક્રમ કહેતા જ નહોતા તેઓ તો કહેતા કે આનો આ એક રચનાત્મક અસહકાર ચાલે છે. અને તે ખાદી, અસ્પૃશ્યતા નિવારણ અને ગ્રામોદ્યોગને નામે ચાલે છે. આમ એક સંદર્ભ બની જાય છે. એ સંદર્ભમાં ગ્રામોદ્યોગ ક્રાંતિકારી બની જાય છે. તેમાં એક ચેતના, એક શક્તિનો સંચાર થાય છે.

તમે વિનોબાની પેલી વાત ઘણીવાર સાંભળી હશે કે હું સીતાસીતા કે રામરામ નથી કહેતો પણ 'સીતારામ' 'સીતારામ' કહું છું. અર્થાત્ ભૂદાન ગ્રામોદ્યોગ બંને સાથેસાથ ચાલવાં જોઇએ. ભૂદાનમાં જે સ્વામિત્વ-પરિવર્તનની કલ્પના છે તે કેવળ ખાદીમાં નહીં આવે, કેવળ ગ્રામોદ્યોગમાં નહીં આવે.

કેમ નહીં આવે? તેનું એક ઉદાહરણ હું તમારી સમક્ષ મૂકી દઉં. પહેલાં અને અત્યારેયે કેટલાક લોકો એવા છે કે જેઓ ખાદી સિવાય બીજું કંઇ નથી પહેરતા. પરંતુ તેમની પોતાની કાપડની મિલ છે કે મિલના કાપડની દુકાન તેઓ ચલાવે છે. હવે એમાં કાંઇ અપ્રામાણિકતા છે? ના, બિલકુલ અપ્રામાણિકતા નથી છતાંયે તેઓ જે કંઇ કરી રહ્યા છે તે મિથ્યાચાર છે એટલું તો આપણે માનવું પડશે, કેમકે એનાથી કાપડને બજારમાંથી બહાર લઇ લેવાની ખાદી પાછળની જે મૂળ દૃષ્ટિ હતી તે પાર નહોતી પડતી. પહેલાં તો રાજકીય ઉદ્દેશ હતો કે વિદેશી કાપડ આપણા દેશમાં ન આવે. પરંતુ રચનાત્મક કાર્યક્રમમાં તેનો ઉદ્દેશ શું હતો? અન્ન અને વસ્ત્ર બંને બજારની વસ્તુ ન રહે. ચરખા સંઘનું નવસંસ્કરણ કરતી વખતે તેમણે કહ્યું કે આને હું સ્વાવલંબી ખાદી કહું છું. તો આ મૂળ ચીજ પેલા લોકોના વર્તન દ્વારા સિદ્ધ નહીં થાય. તેઓ તો કહેશે કે અમે ખાદી પહેરીએ છીએ. પરંતુ ખાદી પહેરવા માત્રથી કામ નહીં સરે.

આજની પરિસ્થિતિમાં જે વિરોધ છે એ વિરોધના નિરાકરણ સારુ જે આંદોલન થાય છે તેને ક્રાંતિકારી આંદોલન કહે છે. ગાંધીજીએ અંગ્રેજોનું રાજ્ય નાબૂદ કરવા જેટલા પ્રયત્નો કર્યા તેની સાથે ખાદી ચાલતી, તેની સાથે ગ્રામોદ્યોગો ચાલતા, તેથી ખાદી-ગ્રામોદ્યોગ વગેરેની ભૂમિકા ક્રાંતિકારી

થઈ ગયેલી. એનો અર્થ એ નહીં કે એ ચીજોમાં પોતાનું કંઈ સત્ત્વ નહોતું. બીજી કોઈ વસ્તુ સાથે જોડાયેલ ન હોય તે છતાંયે તે ચીજો સારી તો છે જ, કેમકે તે મારફત સમાજસેવા થાય છે, વ્યક્તિનું સ્વાવલંબન વધે છે. પરંતુ પછી તે ચીજો માત્ર સમાજસુધારાનું સાધન બને છે, સમાજપરિવર્તન કે ક્રાંતિનું સાધન નથી બનતી. તેથી જેઓ રચનાત્મક કાર્ય કરી રહ્યા છે તેઓ તેને ક્રાંતિકાર્ય સાથે જોડી દે. જેઓ ભૂદાનનું કાર્ય કરે છે તેઓનો રચનાત્મક કાર્યકરો સાથે આ દૃષ્ટિએ સહયોગ થાય; કેમકે આગળ જતાં આપણે રચના પણ કરવી તો છે. વિનોબા આજે રચનાત્મક કાર્યકરોને બોલાવી રહ્યા છે. તેઓ કહે છેઃ "જુઓ ભાઈ, મને આશરે ત્રણસો ગામ મળ્યાં છે, અને તમારામાંના અનેક ઘણો અનુભવ ધરાવે છે. અહીં આવો. આ ત્રણસો ગામોમાં તમારે સારુ અવસર છે. એ ગામો એવાં છે કે મિલનું કાપડ પોતાના ગામમાં નહીં આવવા દે, મિલનું તેલ પણ નહી આવવા દે એ પ્રકારની પ્રતિજ્ઞા કરવા એ ગામો તૈયાર છે. તમે સાદા ચરખાથી, અંબર ચરખાથી કે કોઈ પણ પ્રકારે આ ગામોને સ્વાવલંબી બનાવી શકો છો કે? એમને સ્વાવલંબી બનાવવા એ તમારા સૌની આવશ્યકતા છે." આ પ્રકારની વાત તેઓ કરી રહ્યા છે. જેઓ એ કામ કરી શકે એવા છે એમને માટે અવસર છે. આજે તેઓ એ ગામોમાં જાન લાવી શકે છે. એવા ત્રણસો ગામો જો સ્વાવલંબી બની જાય અને રચનાત્મક કાર્યકરોની શક્તિનો ત્યાં ઉપયોગ થાય તો આખા દેશમાં એક પ્રચંડ નિષ્ઠા પેદા થશે અને આપણા પરના કેટલાક આક્ષેપોનો એક સક્રિય જવાબ આપણી પાસે આવી જશે. એ દૃષ્ટિએ તમે રચનાત્મક કાર્યનો વિચાર કરો. ભૂદાન કાર્યકરો અને રચનાત્મક કાર્યકરો એ બંનેને મારી એ પ્રાર્થના છે કે તમારા કાર્યનું સ્વરૂપ એવું હોય કે ભૂદાન અને રચનાત્મક કાર્ય સાથોસાથ ચાલે એટલું જ નહીં, બલ્કે આગળ જતાં સમાજ-પરિવર્તનની એક નવી આશા આપણે આ દેશમાં પેદા કરી શકીએ.

*

## ૧૪

# વ્રત-વિચાર

☆

૧૬૦ વ્રત : સામાજિક મૂલ્ય તરીકે
૧૬૧ સાધ્ય-સાધન અભેદ
૧૬૨ ક્રાંતિ અને સાધના : જીવનની બે કળાઓ
૧૬૩ સત્ય
૧૬૪ અહિંસા
૧૬૫ અસ્તેય
૧૬૬ અપરિગ્રહ
૧૬૭ ટ્રસ્ટીશિપની મીમાંસા
૧૬૮ ટ્રસ્ટીશિપના પ્રકારો
૧૬૯ સમાજવાદ અને સામ્યવાદમાં સંપત્તિ અંગે વિચાર
૧૭૦ ગાંધીએ ભૂખને ઉપવાસમાં ફેરવી નાખી
૧૭૧ ગાંધીઢબનું સંયોજન
૧૭૨ બ્રહ્મચર્ય
૧૭૩ લોકસંખ્યાનો વિચાર
૧૭૪ શરીરશ્રમ
૧૭૫ ફુરસદનો પ્રશ્ન
૧૭૬ અસ્વાદ
૧૭૭ સર્વધર્મસમ
૧૭૮ સ્વદેશી
૧૭૯ સ્પર્શભાવના

## ૧૬૦. વ્રત : સામાજિક મૂલ્ય તરીકે

તમારો પાંચજન્ય ( શંખ ) બનીને અહીં બેઠો હતો. એ જ વૃત્તિથી ઉપસંહારનો આરંભ કરવાનો છું. ઉપસંહાર શબ્દનો અર્થ સંસ્કૃતમાં એકઠું કરવું છે. ભગવદ્‌ગીતામાં શ્લોક છે : "यथा संहरते चायं कूर्मोऽगानीव सर्वशः । જ્યારે પોતાની સર્વ ઇન્દ્રિયોને કાચબાની જેમ સમેટી લે છે એમ કહે છે ત્યારે સંહાર શબ્દ સમેટવાના અર્થમાં વાપરે છે, નાશ કરવાના અર્થમાં નહીં. એ સમ્યક્ હરણ છે, એટલે સંહાર કહ્યો. આજે આપણે ઉપસંહાર કરી રહ્યા છીએ. વેદાન્ત-દર્શનમાં એક સૂત્ર આવે છે : उपसंहारदर्शनात् । એટલે કે આ ભગવાન, આ સૃષ્ટિકર્તા આખી સામગ્રીને સમેટી લે છે, એ આપણે જોઈએ છીએ. ઉપસંહાર એટલે એકત્રીકરણ, સમેટી લેવું, એક ધાગામાં પરોવી દેવું. અત્યાર સુધી આપણે જે વિચાર કર્યા તેને હવે આપણે સમેટીને એક તાંતણામાં પરોવીએ.

આપણા સામાજિક જીવનમાં સામાજિક મૂલ્યોનો પ્રવેશ ગાંધીજીએ વ્રતોના રૂપમાં કરાવ્યો. આજ સુધી આ દેશમાં વ્રતોનું સ્થાન વ્યક્તિગત મૂલ્યોના રૂપમાં હતું. વ્રત શાને માટે ? મારી પોતાની ચિત્તશુદ્ધિ સારુ. પોતાની ચિત્તશુદ્ધિ શાને માટે ? આત્મદર્શન માટે, મોક્ષ માટે કે પછી સ્વર્ગપ્રાપ્તિ માટે.

યજ્ઞના પણ બે ઉદ્દેશ ગણાતા. "स्वर्गकामो यजेत, जुहुयात् स्वर्गकामः ।" જેને સ્વર્ગની ઇચ્છા હોય તે યજ્ઞ કરે. યા તો પછી "तपसा ब्रह्म विजिज्ञासस्व । तपो ब्रह्म इति ।" તપથી બ્રહ્મને જાણ, તપ જ બ્રહ્મ છે. ઉપનિષદમાં આ પ્રકારે સાધ્ય અને સાધનનું સાધર્મ્ય, સાધ્ય અને સાધનની એકતાનો સંકેત કર્યો. પહેલાં તો કહ્યું કે તપથી તું બ્રહ્મને જાણ. એટલું પૂરતું ન લાગ્યું તેથી तपो ब्रह्मेति । તપ જ બ્રહ્મ છે. સાધન જ સાધ્ય છે એવો સંકેત ઉપનિષદના ઋષિએ કર્યો.

## ૧૬૧. સાધ્ય–સાધન અભેદ

લોકમાન્ય ટિળકને લોકો ઘણીવાર પૂછતા કે સ્વરાજ્યની વ્યાખ્યા શી છે ? તમારું જે સાધ્ય છે, તેનું સ્વરૂપ શું છે ? ત્યારે ઘણીવાર એ કહી દેતા કે રાષ્ટ્રીય શિક્ષણ જ સ્વરાજ છે, સ્વદેશી જ સ્વરાજ છે, બહિષ્કાર જ

સ્વરાજ છે. આમ એ જમાનામાં જેને સ્વરાજનું મુખ્ય સાધન માનવામાં આવતું તેને જ તેઓ સ્વરાજ કહી દેતા. આપણું સાધન જ આપણું સાધ્ય છે.

ગાંધી પણ જ્યારે જે સાધન પર ભાર દેવો હોય તે જ સ્વરાજ છે. ખાદી જ સ્વરાજ છે, હિન્દુ-મુસ્લિમ એકતા જ સ્વરાજ છે, સ્ત્રીઓની ઉન્નતિ જ સ્વરાજ છે—વગેરે વ્યાખ્યાઓ કરતા જતા હતા. સાધ્યને સાધનની સાથે જોડીને મનુષ્યને સાધનનિષ્ઠ બનાવવાની આ એક કુશળતા હોય છે.

## ૧૬૨ : ક્રાંતિ અને સાધના : જીવનની બે કળાઓ

કેમકે સામાજિક ક્રાંતિ અને વ્યક્તિગત સાધના એ બંને જીવનની મહાન કળાઓ છે. સંગીત, ચિત્રકલા, શિલ્પકલા, સ્થાપત્યકલા, એ જેમ આપણા જીવનની લલિતકલાઓ છે, તેમ વ્યક્તિગત જીવનની સાધના અને સામાજિક જીવનનું ઉત્થાન કે ક્રાન્તિ એ પણ કલાઓ છે, અને લલિતકલાઓ છે. એમાં વધુમાં વધુ સૌન્દર્ય આવવું જોઈએ, વધુમાં વધુ કુશળતા આવવી જોઈએ.

એમ તો તમે જાણો છો કે ગાંધી જે ભાષા લખતો, તે કાંઈ ખૂબ સાહિત્યિક અને કાવ્યપ્રધાન ભાષા નહોતી. પણ જીવનમાં જ્યારે કળા આવી જાય છે, સાધનામાં જ જ્યારે કળા આવી જાય છે, ત્યારે કાવ્ય અને ભાષાનું સૌન્દર્ય ક્યાંય શોધવું પડતું નથી, તે આપમેળે પ્રગટ થતું જાય છે. ગાય વિષે એમણે કહ્યું : 'મારે માટે તો ગાય એ ભગવાનનું કરુણા પર લખાયલું કાવ્ય છે. હવે ગાય વિષે આમ કયો કવિ કહી શકયો હોત ? કયા કવિને એવી સૂઝ હતી કે એ કહી શકયો હોત કે ભગવાનને કરુણા લખવી હતી, એટલે એણે ગાયને નિર્માણ કરી દીધી ? એ જ પ્રકારે એકવાર એમણે એમ કહ્યું છે કે હું અહિંસક ક્રાંતિનો કલાકાર છું. ગાંધીને મોઢે આ વાત સાંભળીને લોકોના મનમાં પ્રશ્ન થયો કે ગાંધીને ને કળાને પણ સંબંધ હોઈ શકે ખરો ? ગાંધી કહે કે હું કલાકાર છું, એ તો ગધેડાને તાવ આવવા જેવી વાત થઈ ! એને તે વળી કળાનો સ્પર્શ શી રીતે થાય ? પણ જીવનમાં વ્યકિતગત સાધના અને સામાજિક ક્રાન્તિનો જ્યારે નિષ્ઠાપૂર્વક પ્રવેશ થાય છે, ત્યારે આખું જીવન જ કલાત્મક બની જાય છે. આ દૃષ્ટિએ સામાજિક ક્રાંતિમાં વ્રતોનો સમાવેશ કરાવવો એ ક્રાંતિની પ્રક્રિયામાં કળાનો પ્રવેશ હતો.'આ રીતે પહેલાં કદી કોઈએ ક્રાંતિની પ્રક્રિયામાં વ્યકિતગત વ્રતોનો પ્રવેશ કરાવ્યો નહોતો.' જે જે ક્રાંતિકારીઓ દુનિયામાં

થઈ ગયા તેમનું પોતાનું ચારિત્ર બહુ ઊંચું હતું. તેઓ મોટા ત્યાગી હતા. તેમનામાં પરાકોટિની તિતિક્ષા હતી. એમણે શું નથી સહ્યું ? એવો એકેય ક્રાંતિકારી નથી થયો કે જેને યંત્રણાઓ નથી સહેવી પડી, જેને કષ્ટ નથી પડ્યાં. જેના જીવનમાં દારિદ્રય અને દુઃખ ન હોય એવો કોઈ ક્રાંતિકારી નથી થયો. પણ એ બધાંને પોતાનું વ્રત માની લીધું હોય, સાર્વજનિક ક્ષેત્રમાં દારિદ્રય એ વ્રત, ઉપવાસ એ વ્રત, એમ સાર્વજનિક જીવન અને વ્યક્તિગત જીવનની સાધનાઓને મેળવીને વ્રતને સામાજિક મૂલ્ય બનાવી દીધું હોય, એ તો ગાંધીની જ ખૂબી હતી. તેથી મેં તમને કહ્યું કે એણે આપણી ક્રાંતિમાં એક નવી કળા દાખલ કરી–વ્રતના રૂપમાં.'

અપ્રત્યક્ષ રૂપે વ્રતોનો વિચાર મેં તમારી આગળ મૂકયો. હવે આજે એક એક વ્રતને લઈને સંક્ષેપમાં પ્રત્યક્ષરૂપે આજ સુધીના વિચારોનો ઉપસંહાર કરી દઈશ.

## ૧૬૩. સત્ય

'આ આપણા બધા વ્રતોનું અધિષ્ઠાન છે, ધ્રુવ તારો છે. એને આંખ આગળ રાખીને આપણે આખા જીવનની દિશા નક્કી કરીએ છીએ. આ સત્ય છે શું ? શું કોઈ ને એનાં દર્શન થયાં છે ?'

ગાંધીજીને પૂછવામાં આવ્યું હતું કે સત્ય શું છે ?

એમણે કહ્યું : મારો ભગવાન સત્ય છે, સત્ય જ મારો ભગવાન છે.

'તમને એનાં દર્શન થયાં છે ?'

કહે—'એ હું ન કહી શકું. મારો પ્રયત્ન એ છે કે જીવનમાં હું તેને ચરિતાર્થ કરું અને એનો સાક્ષાત્કાર કરું પણ એ કહેવાની મારી હિમ્મત નથી ચાલતી કે સત્યનો મને સાક્ષાત્કાર થઈ ગયો છે.'

તેથી હું એ બધા અર્થોને છોડી દઉં છું, શું સત્યનો કોઈ અર્થ મારા અને તમારા કામનો છે ? મેં આ જ દૃષ્ટિ રાખી છે, કેમકે રોજ હું તમારી આગળ ૩–૪ કલાક બોલતો રહ્યો છું. બહુ શુદ્ધ વિચાર મૂકવાની હું કોશિશ કરતો રહ્યો, પણ જેટલી વાત તમારી આગળ મૂકતો ગયો, તે બધી મારી પોતાની મર્યાદાઓથી મર્યાદિત થતી ગઈ. અને તે એટલી બધી છે કે જ્યારે તમારા પૈકી કેટલાકના અનુભવ કે સૂચનો સાંભળું છું, ત્યારે હું પોતે કેટલોક નીચલે પગથિયે છું, તેનો વિચાર મારા મનમાં વારંવાર આવે છે. તો હું

અહીં જમીન પર જ્યાં નીચલે પગથિયે બેઠો છું, ત્યાંથી મેં આ બધા વિચાર તમારી આગળ રજૂ કર્યા છે. એ જ દૃષ્ટિએ હું સત્યનો વિચાર પણ કરું છું

આ સત્ય છે શું ? સામાજિક જીવનનું પરમ સત્ય, ધ્રુવસત્ય, આખા સામાજિક જીવનનું અધિષ્ઠાન શું છે ? મારી બીજાઓની સાથેની એકતા. 'સમાજ' શબ્દ 'સમ'માંથી બન્યો છે—Sameness. Society શબ્દમાં પણ જે મૂળ શબ્દ છે, તેનો અર્થ છે–Sameness. બીજાઓની સાથે મારી જે સમાનતા છે, એનો આધાર છે બીજાઓની સાથેની મારી એકતાનો. અને આ તર્કનો વિષય નથી. આમાં તર્કની જરૂર નથી. જૂના શાસ્ત્રકારોએ એને સાક્ષિપ્રત્યય કહ્યો છે. સાક્ષિપ્રત્યય એટલે મારા અસ્તિત્વનું સ્ફુરણ— જેવું છે તેવું. 'હું છું'—એ તર્કનો વિષય નથી. એ અનુમાનનો વિષય નથી. અને એ સિદ્ધ પણ નથી કરી શકાતું. પ્રત્યક્ષ જ છે, એ સાક્ષિપ્રત્યય કહેવાય છે. આમ બીજાઓ સાથે મારી જે એકતા છે, જેનો મને અનુભવ છે તે સાક્ષિપ્રત્યય છે. તેથી એ તર્કવાદથી પર છે. વિજ્ઞાન ત્યાં સુધી નથી પહોંચી શકતું. એટલે આઈનસ્ટાઈને જ્યારે છેવટે ગાંધીજી વિષે લખ્યું ત્યારે એમ લખ્યું કેં જ્યાં અમે કોઈ પહોંચી નહોતા શકતા, ત્યાં એની પહોંચ હતી. દુનિયામાં આવો કોઈ માણસ આ ધરતી પર પહેલાં ચાલ્યો નહોતો. દેવળોમાં, મસ્જિદોમાં, મંદિરોમાં અને ગુરુદ્વારાઓમાં જે ભગવાન રહે છે, તે ભગ વાનમાં મને નિષ્ઠા નથી, મારી શ્રદ્ધા નથી. પણ પેલા ગાંધીએ જે સત્ય અને જે ભગવાનની ઉપાસના કરી તે વૈજ્ઞાનિક છે. તેમાં મારી શ્રદ્ધાયે છે અને નિષ્ઠાયે છે.

સામાજિક મૂલ્યના રૂપમાં જ્યારે સત્યની આપણે ઉપાસના કરીએ છીએ ત્યારે ધ્રુવ સત્ય આપણે સારુ એ છે કે બીજી વ્યક્તિ અને હું એક છું. બીજાઓ સાથેની મારી એકતા એ મારી સામાજિકતાનો આધાર છે. બીજાઓ સાથેની મારી એકતા એ મારી નૈતિકતાનો આધાર છે. બીજાઓ સાથેની મારી એકતા મારા સદાચારનો આધાર છે. સદાચારનો આધાર, નૈતિકતાનો આધાર, મનુષ્યની સામાજિકતાનો આધાર બીજાઓની સાથેની આપણી એકતા છે. પારમાર્થિકતા એટલે શું ? જે નિરપેક્ષ છે, સાપેક્ષ નહીં. જેને સિદ્ધ નથી કરવું પડતું. આ સામાજિક દૃષ્ટિએ સત્યનો અર્થ છે. અને એને તમે પોતાના સામાજિક જીવનનો ધ્રુવતારો માનજો.

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च॥

'જે ધ્રુવોને ત્યજીને અધ્રુવને સેવે છે તેના ધ્રુવ નાશ પામે છે ને અધ્રુવ તો નષ્ટ જ છે.'

એને છોડીને જો સામાજિક જીવનના વિકાસ અને સંયોજન યા ક્રાન્તિનો વિચાર આપણે કરીએ, તો તે અપ્રતિષ્ઠિત વિચાર થઈ જશે. એટલે કે એ વિચારનો ક્યાંય પાયો નહીં રહેવા પામે. તમે જો પાયેદાર વિચાર કરવા ઇચ્છતા હો, સુપ્રતિષ્ઠિત વિચાર કરવો હોય, તો બીજાઓ સાથેની આપણી એકતા એ જીવનનું પરમ સત્ય છે, unity of all life. મેં હવે આ વાતને વૈજ્ઞાનિક પરિભાષામાં મૂકી દીધી...જીવનની એકતા, અને ઈશ્વરનિષ્ઠોની ભાષામાં કહીએ તો ईशावास्यमिदं सर्वम्, આધ્યાત્મિક પરિભાષામાં सर्वं खल्विदं ब्रह्म। 'सर्वं खल्विदं ब्रह्म' અને 'ईशावास्यमिदं सर्वम्'નો સામાજિક સંકેત આપણા જીવનમાં સમગ્ર જીવનની, જીવન-માત્રની એકતાના રૂપમાં છે. જે કાંઈ જીવન છે, વનસ્પતિથી માંડીને મનુષ્યો સુધી, તે જીવનમાત્રની એકતા આપણા જીવનનું ધ્રુવતત્ત્વ અને પરમસત્ય છે.

## ૧૬૪. અહિંસા

આ પછી, એને જ આધારે, અહિંસા આવે છે. ગાંધીએ એમ કહ્યું હતું: "શોધવા તો સત્ય નીકળ્યો હતો, પણ અહિંસા મળી ગઈ. એક દરવાજો મળ્યો. તે બંધ હતો. ચાવી અહિંસા હતી. અને એ દરવાજામાંથી જાઉં નહીં ત્યાં લાગી મને સત્યનાં દર્શન થાય નહીં."

સાવલીના (ગાંધી સેવા સંઘના) સંમેલનમાં હું એમને પૂછું છું. મને એનો બહુ શોખ છે. જ્યાં સુધી સંઘર્ષ થાય નહીં ત્યાં સુધી મજા નથી આવતી. એટલે આપણે સદ્ગુણોનો પણ એકબીજા સાથે સંઘર્ષ કરાવી દઈએ છીએ! દેવ-દાનવ, સત્ય-અહિંસા, ક્રોધ-ક્ષમાના સંઘર્ષ જ્યાં સુધી થાય નહી ત્યાં સુધી કાંઈ મજા નથી આવતી. મેં ગાંધીજીને પૂછ્યું હતું: "આપનો મુખ્ય ધર્મ સત્ય છે કે અહિંસા?"

સવાલ તો એવો છે કે જાણે એમ પૂછતા ન હો કે 'તમે પહેલા કોના, તમારી માના કે બાપના?' ગાંધીજી માટે આ સવાલ એ પ્રકારનો ન હતો. આ એમની ભાષા નથી. તેઓ તો બહુ વિનયની સભ્ય ભાષા બોલતા. આ તો મારી તોછડી ભાષા છે.

જવાબમાં એમણે એમ કહ્યું કે સત્યની શોધ એ મારા જીવનની મુખ્ય પ્રવૃત્તિ રહી છે. તેમાં મને અહિંસા મળી અને હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે એ બેયમાં અભેદ છે. અહિંસા વિના માણસ સત્ય સુધી પહોંચી નથી શકતો, એ મારા જીવનનો અનુભવ છે, મારી સાધનાનો સાર છે. તેથી એ બેયની જુગલજોડીને હું અભેદ્ય માનું છું. સત્ય-અહિંસાની મારે સારુ જુગલજોડી છે. અને તે અર્ધનારીશ્વર નથી. અર્ધનારીશ્વરનું ચિત્ર તમે જોયું હશે,—શિવજીના અર્ધા શરીરમાં ભસ્મ છે, જટા છે અને ધોતિયું છે. અને અર્ધા શરીરમાં સાડી છે, ચાંલ્લો-તિલક છે અને વેણી છે. એવો કોઈ અર્ધનારીશ્વર થઈ શકે ખરો ? શિવજીના શરીરની બે ચીરી બનાવી દીધી. અર્ધનારીશ્વરનો અર્થ તો એ છે કે એનું નારિત્વ પુરુષત્વમાં સમાયેલું છે અને એનું પુરુષત્વ નારિત્વમાં સમાયેલું છે. કપડાના તાણાવાણાની જેમ માતૃત્વ અને પિતૃત્વ ભગવાન અર્ધનારીશ્વરના વ્યક્તિત્વમાં સમાયેલાં છે. તેમ જ સત્ય-અહિંસાના સ્વરૂપનું છે. સત્ય અને અહિંસાના પરમાણુ નથી. સત્ય અને અહિંસા એકબીજામાં એવાં એકરસ થઈ ગયાં છે કે એને જુદાં પાડવાં અસંભવ છે.

તો હવે અહિંસા પ્રગટ શી રીતે થાય છે ? અહિંસા પ્રેમમાં પ્રગટ થાય છે. પ્રેમનું સ્વરૂપ શું છે ? એનો આરંભ મમત્વથી થાય છે અને એની પરિસમાપ્તિ તાદાત્મ્યમાં આવે છે. આપણા જીવનમાં એ પ્રગટ શી રીતે થાય છે ? બીજાનું સુખ આપણું સુખ થઇ જાય છે અને બીજાનું દુ:ખ આપણું દુ:ખ થઈ જાય છે. "चार वेद षट्शास्त्र में बात मिली हैं दोय, सुख दीने सुख होत हे, दुःख दीने दुःख होय।" સુખ આપવાથી સુખ થાય છે, દુ:ખ દેવાથી દુ:ખ થાય છે. તો પછી અહિંસાનું આચરણ પ્રગટ શી રીતે થશે ? આપણે સુખ જ સુખ વાવતા જશું તો સમાજમાં સુખનો મોલ થશે.

जो तोहि कांटा बुवै ताहि बो तू फूल।

તારે સારુ જે કાંટા વાવે તેને સારું તું ફૂલ વાવતો જા.

तोहीं फूल के फूल है, वाके हैं तिर्सूल।

તારાં ફૂલમાંથી ફૂલ જ નીકળશે. એના કાંટામાંથી કાંટા નીકળતા જશે. તારો મોલ જો કાંટાના મોલ કરતાં મોટો હશે તો કાંટામાંય ગુલાબ લાગતાં જશે. આને કહે છે અહિંસાનું દર્શન.

અહિંસા અને સદાચારનો પાયો પ્રેમમૂલક હોય છે અને તાદાત્મ્યમાં એની પરિણતિ થાય છે. તેથી આ બીજો સિદ્ધાંત, બીજું વ્રત અહિંસાનું આવે છે.

મેં તમારી આગળ બે સિદ્ધાંત મૂકયા હતા : एकाकी न रमते—એકલાં ગમતું નથી. અને द्वितीयाद्वै भयं भवति—બીજાથી ડર લાગે છે. જેનાથી ડર લાગે છે તેની સાથે પ્રેમ ન થઈ શકે. અને જેની જોડે પ્રેમ થાય છે એનાથી કદી ભય નથી થતો. તેથી અહિંસા હમેશાં પ્રેમમૂલક હોય છે. सर्वत्रभयवर्जन એમાં આવી જાય છે. નિર્ભયતાનો વિચાર આનાથી વધુ નહીં કરવો પડે. ભાવરૂપ અહિંસામાં એનો સમાવેશ થઈ જાય છે.

હવે એ અહિંસા કેવા કેવા રૂપે વ્યક્ત થાય છે?

સામાજિક ક્ષેત્રમાં અહિંસા વ્યક્ત થાય છે. બીજાનું સુખ પોતાનું સુખ માનવાથી, બીજાનું દુઃખ પોતાનું દુઃખ માનવાથી.

આર્થિક ક્ષેત્રમાં અહિંસા વ્યક્ત થાય છે સહ-ઉત્પાદન અને સહકારી ઉત્પાદનના રૂપમાં. સહ-ઉત્પાદન અને સમવિતરણ—'સાથે ઉપજાવીશું, સાથે ખાશું.' મેં એનું નામ સહજીવન અને સહભોજન રાખ્યું હતું. આર્થિક ક્ષેત્રમાં સહજીવન સહભોજનના રૂપમાં વ્યક્ત થાય છે અને સહભોજનનો અર્થ ફક્ત ખાવું નથી. આપણે એવો અર્થ કરી લીધો છે, કારણ આ દેશમાં ભૂખ બહુ છે અને આપણે લોકો ઉદરપરાયણ પણ ખૂબ છીએ. તેથી सह नौ भुनक्तु નો અર્થ આપણે એમ કરી લીધો કે સાથે મળીને ખાઈએ. ખરું જોતાં ત્યાં भुनक्तुનો અર્થ એવો કંઈ નથી. મેં એને અભિવ્યક્ત કરી દીધો—માણસની મૂળભૂત પ્રેરણાને લઈને—કે સહભોજનના રૂપમાં પ્રેમ વ્યક્ત થાય છે. આર્થિક ક્ષેત્રમાં સહ-ઉત્પાદન અને સંવિભાગ, સહજીવન અને સહભોજન એમાં સહકાર આવી ગયો. એમાં સામુદાયિક ઉત્પાદન આવી ગયું. તમે પગલાં કેટલાં ભરશો એ તમારી તાકાતની વાત છે.

રાજનૈતિક ક્ષેત્રમાં અહિંસા લોકનીતિના રૂપમાં પ્રગટ થાય છે. અને લોકનીતિનું મૂળતત્ત્વ છે નાગરિકોનો પરસ્પર વિશ્વાસ અને પરસ્પર સ્નેહ. રાજવહીવટ કેમ આવે છે? એક નાગરિકને બીજા નાગરિક વિષે ભય છે, શંકા છે. જ્યારે એક નાગરિક બીજા નાગરિક થકી સંરક્ષણ ચાહે છે ત્યારે રાજવહીવટ આવે છે. જ્યારે એક નાગરિક બીજા નાગરિક થકી સંરક્ષણ નથી ચાહતો, દરેક નાગરિક બીજા નાગરિકના જીવનનો વિચાર કરે છે, ત્યારે

સંયમ આવી જાય છે, પહેલાં સંયમ શી રીતે પ્રગટ થયો ? 'તું જીવ અને બીજાને જીવવા દે,' પણ એટલું પૂરતું નથી. એક નાગરિકે બીજા નાગરિકના જીવનમાં મદદ પહોંચાડવી જોઈએ, તેથી 'જિવડાવવા સારુ જીવો.' આ સહજીવન છે. તું શું કામ જીવે ? બીજાને જિવડાવવા સારુ. તો હિંસા કોને કહેવાય ? બીજાના જીવનમાં આડા આવવું-બાધા નાખવી એ હિંસા છે. બીજાના જીવનમાં સહાય કરવી એ અહિંસા છે. અહિંસા નાગરિક જીવનનો અને લોકનીતિનો આધારભૂત સિદ્ધાંત છે. નાગરિકોનો પરસ્પરનો સંશય અને પરસ્પરનો અવિશ્વાસ જે માત્રામાં ઓછો થતો જાય તે માત્રામાં લોકનીતિનો વિકાસ થશે અને લોકસત્તાની સ્થાપના થશે, રાજવહીવટનો અંત થશે. આમ મેં તમારી આગળ ત્રણેય ક્ષેત્રમાં અહિંસાનું રૂપ મૂકી દીધું.

## ૧૬૫. અસ્તેય

આપણે બીજાના જીવનમાં મદદ પહોંચાડવી છે, બીજાના જીવનમાં આડા નથી આવવું. એટલે એ જ અહિંસા અસ્તેયના રૂપમાં પ્રગટ થાય છે. અસ્તેયની મતલબ માત્ર એટલી જ નહીં કે હું ચોરી ન કરું. અસ્તેયનો અર્થ એમ પણ થાય છે કે હું બીજાની વસ્તુની વધુ આકાંક્ષા પણ ન થવા દઉં.

काहूकी प्रिय वस्तु न हरहू। કોઈની પ્રિય વસ્તુ ન લો, ત્યાં સુધી અસ્તેય જાય છે. અને 'ન લો' નો અર્થ લેવાની ઇચ્છા પણ ન રાખો. લેતો નથી, પણ લેવાની ઇચ્છા તો છે. દિવસરાત ચિંતન તો એનું જ છે. તો એ પછી શરૂ જ થાય. संगात् संजायते कामः-જન્મે સંગથી કામ. અસ્તેયનો અર્થ એ છે કે ક્યાંય Vested interest—સ્થાપિત હિત ન હોય. આપણી દાનત ક્યાંક વળગી ન રહેવી જોઈએ. દાનત જો વળગેલી રહે, પેલો મંકોડો જેમ ગોળને વળગી રહે છે તેમ, તો તે અસ્તેય નથી. આપણી દાનત ક્યાંક વળગેલી હોય તે Vested interest—સ્થાપિત હિત કહેવાય છે. કેટલાક પ્રતિષ્ઠિત સ્વાર્થ હોય છે, કેટલાક નિહિત સ્વાર્થ હોય છે. આ નિહિત સ્વાર્થ-Vested છે. એટલે કે વ્યક્ત તો નથી પણ આપણો સ્વાર્થ તેમાં છુપાયેલો છે. न कश्चिदर्थव्यपाश्रयः । ભગવદ્ગીતામાં આવે છે કે અર્થવ્યપાશ્રય ક્યાંય ન રહે. એટલે કે આપણી દાનત કોઈ વસ્તુ સાથે વળગેલી ન રહે એને અસ્તેય કહે છે. અને અસ્તેય તેથી જ વ્રતના રૂપમાં પ્રગટ થાય છે. ફક્ત ચોરી ન કરવી એ તો દરેક સભ્ય માણસ કરે છે. પણ એટલાથી અસ્તેય વ્રતના રૂપમાં પ્રગટ નથી થતું; અસ્તેય એક વૃત્તિ છે. અસ્તેય એક પ્રવૃત્તિ પણ છે. તે નિષ્ઠા છે. સ્થિતિ અને વૃત્તિ મળીને નિષ્ઠા બને છે. કોઈ કોઈ વાર

એમ થાય છે કે આપણી સ્થિતિ તો હોય છે, પણ વૃત્તિ નથી હોતી. જેલમાં ચાલ્યો ગયો છે, તમાકુ નથી ખાઈ શકતો. સ્થિતિ શી છે ? તમાકુ ખાતો નથી. અને વૃત્તિ શી છે ? તમાકુ જોઈએ છે, જો તમાકુ નથી મળતી તો ભારે મુશ્કેલી પડે છે. નારાયણ દેસાઈ શિબિરમાં ચા નથી આપતો. તો સ્થિતિ શી છે ? ચા નથી પીતાં એ સ્થિતિ છે. પણ ચા મળી જાત તો ઠીક થાત, એ વૃત્તિ છે. તો આ વૃત્તિ અને સ્થિતિ બંને મળીને નિષ્ઠા બને છે. ફક્ત સ્થિતિથી મિથ્યાચાર પેદા થાય છે. मिथ्याचारः स उच्यते । ઇન્દ્રિયોને સમેટી લે છે અને મનથી ચિંતન કરવા લાગે છે, તેને વિષે કહ્યું કે એ તો મિથ્યાચાર થાય છે. એટલે જ્યારે તમે વ્રતોનો વિચાર કરો છો ત્યારે તેમાં બે વાતો આવે છે.

અમારે ત્યાં એક વૈષ્ણવ છે. કોઈ વૈષ્ણવ અહીં હોય તો નારાજ ન થશો. કારણ કે મારી પોતાની સગાઈ એક વૈષ્ણવની કન્યા જોડે જ થઈ છે. તો વૈષ્ણવોએ કહ્યું કે અમે તો અગિયારસને દિવસે પાણી પણ નથી પીતા. મેં કહ્યું કે ભારે પ્રખર એકાદશી કરો છો. પણ એ જઈને અગિયારસને દિવસે કોરટમાં ખોટી સાક્ષી પુરાવી આવ્યા ! મેં પૂછયું કે આ શું એકાદશી થઈ ? કહેવા લાગ્યા: “ એનાથી અગિયારસનો ભંગ થાય છે, એમ કયાંય લખ્યું છે ખરું ? ” મેં કહ્યું: “ હા, લખ્યું છે—दिवास्वप्नात्— દિવસે સુવાથી એકાદશીનો ભંગ થાય છે, મિથ્યા ભાષણથી થાય છે, બહુ પાણી પીવાથી થાય છે. આમ એમણે જે અપવાદ લખ્યા છે, પ્રત્યવાય લખ્યા છે, તેમાં જુઠું બોલવું એ સૌથી મોટો પ્રત્યવાય છે. અને તમે બધું પાળ્યું, પણ એકાદશીને દિવસે જઈને ખોટી સાક્ષી પુરાવી ! ” આમ વ્રતમાં બે ચીજો આવવી જોઈએ: એક વૃત્તિ અને બીજી સ્થિતિ, વૃત્તિને અનુરૂપ વર્તન. એક વાત તમે યાદ રાખજો કે મનુષ્યના આચરણમાં અને એની વૃત્તિમાં હમેશાં અંતર રહેશે, વિરોધ ન હોવો જોઈએ. અંતર તો રહેશે એટલા સારુ કે એ સાધક છે, પણ તેમાં વિરોધ ન હોવો જોઈએ. આમાં અસ્તેય આવી જાય છે.

## ૧૬૬. અપરિગ્રહ

આમાં જ એક બીજી વસ્તુ પણ આવી જાય છે: અપરિગ્રહ. સામાન્ય રીતે અસ્તેય અને અપરિગ્રહ સાથે સાથે લેવામાં આવે છે. અપરિગ્રહનો અર્થ આજ સુધી લોકોએ એમ કર્યો છે કે આપણે જરૂરિયાતથી વધારે વસ્તુ ન રાખીએ. પણ અપરિગ્રહની વૃત્તિનો અર્થ એ છે કે પોતાની જરૂરિયાતની

ચીજ પણ જો હું રાખું તો તે પોતાની માલિકી સારુ ન રાખું. પોતાની જરૂરિયાતની ચીજ રાખું તો છું, પણ જરૂરિયાતની ચીજ પર મારું કોઈ સ્વામિત્વ નથી. દાખલા તરીકે શરીર પર પણ તમે તમારું સ્વામિત્વ નથી માન્યું. જે લોકો પરમાર્થી હોય છે કે સેવક હોય છે, તેમણે એમ માન્યું છે કે આ શરીર ધર્મનું સાધન છે. અને જે ભક્ત હોય છે તે કહે છે કે આ શરીર ભગવાનનું આયતન છે, ભગવાનને રહેવાનું મંદિર છે. પણ જે બીજા સેવકો હોય છે તે કહે છે કે આ સમાજની થાપણ છે. અને એ મારી પાસે છે માટે મારા મનમાં એને સારુ મમતા ન હોવી જોઈએ. જો શરીર સારુ પણ મમતા ન હોય તો પછી શરીર ટકાવવા સારુ જે ચીજોની જરૂર છે તેને વિષે કાંઈ સ્વામિત્વની ભાવના હોઈ જ શી રીતે શકે? આ અપરિગ્રહનો, અસંગ્રહનો અંતિમ વિચાર છે. અસ્તેયમાંથી અસંગ્રહ તરફ આપણે કેવા ચાલ્યા? અસ્તેય સારુ એટલું પૂરતું છે કે બીજાની પ્રિય વસ્તુની હું અભિલાષા ન રાખું. બીજાની પ્રિય વસ્તુનું હરણ ન કરું. પણ અપરિગ્રહ એનાથી એક પગલું આગળ જાય છે.

નાનપણમાં અમારી પાસે સદાચારની ચોપડીઓ વંચાવતા. અને અમારા જમાનામાં તો અંગ્રેજી જ અંગ્રેજી ચાલતું. એટલે સદાચાર જેવી કોઈ વસ્તુ ભારતવર્ષમાં છે એમ તો અમે જાણતા જ નહોતા. અહીં તો સદાચાર અમે માત્ર એ વસ્તુમાં જોયો હતો કે આની સાથે ખાઓ અને આની સાથે ન ખાઓ. એની બહાર સદાચાર જ નહોતો દેખાતો. કારણ કે રોજ પૂજાપાઠ કરનાર લોકો પણ લાંચ ખાતા હતા. અને એમ સમજતા કે એમાં કાંઈ દોષ નથી. પૂજાથી બધું પ્રક્ષાલન થઈ જાય છે. તીર્થયાત્રા કરવા જનાર લોકો ૧૩ વરસની છોકરીની અર્ધી ટિકિટ ખરીદતા અને અમને કહેતા કે ગંગાજીમાં નહાવાથી એ બધું શુદ્ધ થઈ જશે. હા, તે અંગ્રેજીમાં ચોપડીઓ આપતા. તેમાં એક વાકચ આવતું : Be either honestly rich or contentedly poor—ધન કમાઓ તો પ્રામાણિકતાથી કમાઓ અને તેમ ન કરી શકો તો ગરીબીમાં જ સંતોષ માનો. અસલમાં આ દેશની પરંપરામાં આવી નીતિ નહોતી. આ દેશની પરંપરામાં તો નીતિ એ હતી, અને જૈનોએ આગળ જતાં જેને વધુ સ્પષ્ટ કરી દીધી હતી કે શરીરનો આગ્રહ એટલે સુધી ન હોય કે તે ઢંકાયેલું છે કે નથી, એનીય વિશેષ પરવા ન હોય. શરીર વિષે મનુષ્ય આટલી હદ સુધી તટસ્થ અને નિરાગ્રહી થઈ જાય એવી એમણે કમાલ કરી હતી. આપણે સામાજિક

મૂલ્યના રૂપમાં એટલું જ લઈએ છીએ કે સાડાત્રણ હાથના શરીરની મમતા આપણે છોડવી પડશે, કારણ બીજાને જીવડાવવા સારુ જીવવું છે. એનો અર્થ એ નહીં કે આપણે મૃત્યુ-નિષ્ઠ બનવું છે. ઘણા બહાદુરો કહે છે કે જે મરવા સારુ તૈયાર છે, તે જ સૌથી વધુ બહાદુર છે. મેં પૂછ્યું કે તો પછી જીવે છે જ શા સારુ ? પછી એને જીવવાની જરૂર જ નથી રહેતી. એને માટે મૃત્યુ એક ધૂન—obsession છે. બસ, હું મરવાની તયારી કરું છું, મરવા સારુ પોતાના મનને તૈયાર કરું છું, જીવવા સારુ તૈયાર જ નથી કરતો, એમ તે મૃત્યુ-નિષ્ઠ બની જાય છે. આપણે બીજાને સારુ જીવવું છે, બીજાને સારુ પોતાના શરીરને સાચવવું છે. બીજાને સારુ એટલે કે સમાજને સારુ. બીજાને જીવડાવવા સારુ. આને ઈશ્વરાર્પણ કહે છે. શરીર પણ ઈશ્વરાર્પણ કરી દીધું. દેહ પણ ઈશ્વરાર્પણ કરી દીધો. " विषय तो त्यांचा झाला नारायण । " પેલો તુકારામ ગાય છે કે એનો વિષય પણ નારાયણ થઈ ગયો. આટલો શરીર વિષે તટસ્થ થઈ જાય છે. उदासीनो गत-व्यथः । " એમ ભગવદ્‌ગીતામાં કહ્યું છે ને પછી તે " अनिकेतः स्थिरमतिः થઈ જાય છે અને પછી એના યોગક્ષેમની ચિંતા મને થાય છે. " એમ ભગવાન કહે છે : " तेषाम् सततयुक्तानाम् योगक्षेमं वहाम्यहम् । એમના યોગ-ક્ષેમ—એમના નિર્વાહની ચિંતા હું કરવા લાગું છું. "

## ૧૬૭. ટ્રસ્ટીશિપની મીમાંસા

અપરિગ્રહ ક્યાં સુધી જાય છે એ હું તમારી આગળ એટલા સારુ કહું છું કે ગાંધીના ટ્રસ્ટીશિપ વિષે લોકો ગમે તેમ લખે છે અને ગમે તેમ બોલે છે. તેઓ એમ માને છે કે ટ્રસ્ટીશિપનો અર્થ એ છે કે જે ધન તમારી પાસે છે તે ધન સમાજને સારુ છે એમ માનો અને પછી એ ધન વધારતા જાઓ. સમાજ સારુ છે, તો એને સારુ વધારું છું. છોકરાને કહી દીધું—परद्रव्येषु लोष्ठवत्—બીજાનું ધન ઢેફાં બરાબર. એટલે એ કંદોઈને ત્યાંથી પેંડા જ લાવવા લાગ્યો. લોકો કહેવા લાગ્યા કે આમ કેમ કરે છે ? તો કે' " બાપે શીખવ્યું છે કે બીજાના ધનને માટીના ઢેફાં બરાબર સમજો. તેથી એની કીમત આપ્યા વિના જ લાવું છું, ને પોતાના ઘરમાં મૂકતો જાઉં છું." બહુ સારો અર્થ એણે ટ્રસ્ટીશિપનો કરી પાડયો. ટ્રસ્ટી-શિપનો અર્થ એ કરી દીધો છે કે વ્યાજ પણ લેતાં જાઓ અને એ ધનને વધારતા પણ જાઓ. એને વિષે આસક્તિ પણ રાખો. માત્ર અંતમાં એનો ભોગ ભગવાનને ચડાવતા જાઓ—જેમ આપણે નથી ચડાવતાં

સવા શેર મિઠાઈનો ભોગ? મહાવીરજીના મંદિરમાં ભોગ ચડાવી દીધો, એક પેંડો મૂકી દીધો બાકીના બધા આપણા જ! એ તો બધા એમનો પ્રસાદ! તમે શું એમ સમજો છો કે જે માણસે સત્ય-અહિંસાનું પ્રતિપાદન વ્રતના રૂપમાં કર્યું, તેણે આખરે ટ્રસ્ટીશિપનો અર્થ આવો કર્યો હશે? ભારે અન્યાય છે એ માણસ પર આ તો. એણે કદી એમ વિચાર્યું હશે ખરું કે ટ્રસ્ટીશિપનો આવોયે અર્થ થઈ શકશે? ટ્રસ્ટીશિપનો અર્થ એ છે કે પરંપરાથી અથવા પરિસ્થિતિથી જે ધન તને મળ્યું છે તેને બીજાનું સમજીને જલ્દીમાં જલ્દી તેમાંથી મુક્ત થઈ જા. નહીં તો ટ્રસ્ટીશિપનો કોઈ અર્થ જ નથી. કિશોરલાલભાઈએ સાર્વજનિક સંસ્થાઓ વિષે લખ્યુ હતું કે આપણે સાર્વજનિક નિધિઓને પણ વ્યાજ લઈ લઈને વધારીએ છીએ. જો વ્યક્તિગત પરિગ્રહ, વ્યક્તિગત સંગ્રહ નિષિદ્ધ છે તો સાર્વજનિક સંગ્રહ પણ ઓછો નિષિદ્ધ નથી. એમણે ઠેઠ આટલે સુધી લખી નાખ્યું હતું. કિશોરલાલભાઈ જ્યારે પૃથક્કરણ કરવા બેસતા ત્યારે કોઈની આંખની શરમ રાખતા નહોતા.

તો ટ્રસ્ટીશિપનાં બે અંગો છેઃ એક તો જે વચગાળાની Transitional કહેવાય છે. મૂડીવાદી સમાજ-વ્યવસ્થામાંથી શ્રમનિષ્ઠ સમાજ-વ્યવસ્થા તરફ પગલું માંડવું છે. એને સારુ સંગ્રહના વિસર્જનની જરૂર છે. તે શી રીતે થાય? તો તે વ્રતનિષ્ઠાથી થવું જોઈએ. એટલે કે વ્યક્તિનું શુદ્ધીકરણ પણ થવું જોઈએ. ક્રાન્તિની પ્રક્રિયામાં જ વ્યક્તિના શુદ્ધીકરણની, તેની ચિત્તશુદ્ધિની યોજના એને જ હૃદય-પરિવર્તન કહે છે. તેથી ગાંધીજીએ એમ કહ્યું કે હું એમ ઇચ્છું છું કે આ જે પરિવર્તન થાય, જે સંક્રમણ થાય—મૂડીવાદી વ્યવસ્થાથી શ્રમનિષ્ઠ વ્યવસ્થા તરફ—તે વ્રતની પ્રક્રિયા દ્વારા થાય. માટે આજે જેને વંશપરંપરાગત અધિકાર વડે કે કાયદા વડે સંપત્તિ મળી ગઈ છે, અથવા જેમણે પહેલાંથી ખરીદી કે કમાઈ લીધી છે, તેમને ગાંધી કહે છે કે એ સંપત્તિને પોતાની ન માનશો, સમાજની થાપણ સમજો. અને એનો અર્થ એ નથી થતો કે તમે એને વધારતા જાઓ. એનો ખરો અર્થ તો એ છે કે તમને ફિકર થવી જોઈએ કે હું ક્યારે આ સમાજને પાછી આપું, ને ક્યારે મારું ચિત્ત શાન્ત થાય. ત્યાં સુધી બેચેની થવી જોઈએ. પેલા કણ્વે કહ્યું હતું ને કે હવે મારો આત્મા ખૂબ શાન્ત થઈ ગયો છે? કેવો શાન્ત? જાણે કોઈની થાપણ મેં પાછી સોંપી હોય તેવો શાન્ત. આ શકુંતલા હવે

જાય છે, તો બીજાનો ન્યાસ, બીજાની થાપણ મેં પાછી આપી હોય એમ મારો આત્મા હવે સંતુષ્ટ છે. તો આ વચગાળાનું અંગ થયું. ધનિકો, માલિકો અને સંપત્તિમાનો સારુ ગાંધીજીના ટ્રસ્ટીપણાનો અર્થ થાય છે એનું જલ્દીમાં જલ્દી વિસર્જન કરવું. તમે જો એમ માન્યું હોય કે એનો અર્થ એવો થાય છે કે એમનામાં સંગ્રહ કરવાની કુશળતા છે, માટે તે સંગ્રહને વધારતા જાય પછી એને સમાજનો માની લે અને પ્રસાદ તરીકે પોતે શીરોપૂરી લે અને બીજાને સારુ કોઈક કોઈક વાર બટકુંક રોટલો ફેંકી દે, તો એ સાવ ખોટી માન્યતા છે. એવો અર્થ એમના મનમાં હોઈ જ ન શકે. જેમણે આવો અર્થ કર્યો છે એમણે બહુ ખોટો અર્થ કર્યો છે.

આનું બીજું અંગ એ છે કે જે ટ્રસ્ટી હશે તે કેવળ ધનિક જ ટ્રસ્ટી નહીં હોય, શ્રમિક પણ ટ્રસ્ટી જ છે. જેની પાસે બહુ સંપત્તિ છે, ધન છે, સંગ્રહ છે, તે જ ફક્ત ટ્રસ્ટી નથી. જેની પાસે અલ્પ સંગ્રહ છે તે પણ ટ્રસ્ટી છે. તેણે પણ પોતાની જાતને ટ્રસ્ટી જ માનવો જોઈએ. જ્યાં તે કામ કરે છે, તે કામ સમાજનું કામ છે. તે કામનાં ઉપકરણો પણ સમાજનાં છે, એનાં પોતાનાં નહીં. એનો તે ટ્રસ્ટી છે. આપણે પહેલાં શું કહીએ છીએ? The means and instruments of production must belong to the producer–ઉત્પાદનનાં સાધન ઉત્પાદકના હાથમાં હોવાં જોઇએ. પછી આપણે શું કહીએ છીએ? કે ઉત્પાદક પણ એનો ટ્રસ્ટી થશે. તે સાધન એના પોતાનાં નહીં થાય. એ ઉપકરણો તથા એ ઉત્પાદનનો તે પોતાની જાતને માલિક નહીં માને.

તો થયું શું? સંગ્રહપરાયણ માણસે એમ કહ્યું કે તું જો પ્રામાણિકતાથી ધન કમાતો હોય તો તને તેનો હક છે. અને પ્રામાણિકતાનો અર્થ એ કે હરીફાઈમાં તું ધન જીતી જાય તો તેની ઉપર તારો અધિકાર છે.

બીજાએ કહ્યું કાઢંકાઢી અને હરીફાઈની પદ્ધતિથી જે ધન કમાવામાં આવે છે, તે ચોરી જ છે. All property is theft જે સંપત્તિ છે તે બધી ચોરી જ છે. स्तेन एव सः—ભગવદ્ગીતાએ કહ્યું. તમે ધારતા હશો કે માત્ર માર્ક્સ જ આવું કહે છે, પણ આપણે ત્યાં પણ એટલા કઠોર શબ્દો વપરાયા છે. જો આખી સંપત્તિ, આખો સંગ્રહ ચોરી હોય, તો એના નિરાકરણ સારુ, જે સંપત્તિવાન છે તેમને એમ કહ્યું કે તમારા સંગ્રહના તમારી જાતને ટ્રસ્ટી માનો, નિધિપાલક માનો, ન્યાસધર માનો.

સમાજની વતી એને રાખો, પણ એનો અર્થ કે બને એટલું જલદી એને ખર્ચી નાખો, અને સમાજની જવાબદારીમાંથી મુક્ત થઈ જાઓ. આ સંગ્રહવાન વ્યક્તિઓ સારુ અર્થ. જેની પાસે અલ્પસંગ્રહ છે, એમને સારું ગાંધી કહે છે, તું જે કમાય છે તે પોતાની મહેનતથી કમાય છે, પણ તારી પોતાની મહેનત વડે કમાયલા રોટલા પર પણ તારો અધિકાર નથી. ભૂખનો અધિકાર છે. રોટલો ભૂખ સારુ છે. તારા પેટમાં ભૂખ છે, એટલે ભૂખનો અધિકાર રોટલા પર જરૂર છે. પણ તારા પાડોશમાં કોઈ ભૂખો હોય તો ? તો વહેંચી દે ! અર્ધો હોય તો અર્ધોયે વહેંચ. ગરીબ માણસ કે અલ્પસંગ્રહી વ્યક્તિનું પણ પોતાની મહેનતની ઊપજ પર અને પોતાની મહેનતના ઉપકરણો ઉપર સ્વામિત્વ નથી મનાતું. આનું નામ તે ટ્રસ્ટીશિપ. એ શાશ્વત ટ્રસ્ટીશિપ છે.

## ૧૬૮. સંપત્તિના પ્રકારો

મેં તમારી આગળ બે પાસાં મૂક્યાં. વચગાળાની ટ્રસ્ટીશિપ અને શાશ્વત ટ્રસ્ટીશિપ, પરમ ટ્રસ્ટીશિપ.

હવે એમાં બે પ્રકારની સંપત્તિ આવે છે. એક જેને ખરી સંપત્તિ— Real property કહે છે તે અને બીજી જે વાસ્તવિક સંપત્તિ નથી હોતી, પણ જેને આપણે સંપત્તિ તરીકે માનીએ છીએ. ખરી સંપત્તિમાં એક વ્યક્તિગત સંપત્તિ હોય છે, જેને personal property કહે છે. અને બીજી private property—ખાનગી સંપત્તિ હોય છે. એ બે વચ્ચેનો તફાવત આપણે સમજી લેવો જોઈએ.

ખરી સંપત્તિનો શો અર્થ છે ? નાગપુરમાં રિક્ષાઓ ચાલે છે. નારાયણ દેસાઈ અને મેં મળીને ૪ રિક્ષા ખરીદી લીધી. અમે રિક્ષા કદી ચલાવતા નથી. રિક્ષા ચલાવનારને ભાડે આપી દઈએ છીએ. એને કહીએ છીએ કે તું ચલાવ અને ભાડામાંથી થોડીક બચત અમને આપતો રહેજે. આને કહે છે Absolute property અથવા Real property. એટલે કે આ ફક્ત આપણી સંપત્તિ જ છે. એનો ઉપયોગ પણ આપણે નથી કરતા. મૂડીવાદની પરિભાષામાં આ ખરી સંપત્તિ-real property, absolute proporty છે. એ નિરપેક્ષ સંપત્તિ છે. એટલે કે એનો કોઈ ઉપયોગ પણ નથી. અધ્યાત્મ અને નીતિ કહે છે કે આ સંપત્તિથી માણસનો વિનાશ થાય છે. પણ મૂડીવાદી અર્થવ્યવસ્થા પ્રમાણે આ સંપત્તિ છે. હું હળ રાખું છું અને ઘણા

ખેડૂતોને ભાડે આપી દઉં છું. જાતે કદી નથી ચલાવતો. એ હળનો મને કદી ઉપયોગ નથી, છતાં એ મારી માલિકી છે. આજે જમીન પણ ઘણા લોકોની ખરી સંપત્તિ–પરમ સંપત્તિ છે. જેનો એ ઉપયોગ બિલકુલ નથી કરતો, છતાં એને રાખે છે. હું ઘોડા પર કદી બેસતો નથી, બીજાઓને ભાડે આપું છું. એના જેવી સંપત્તિ.

બીજી વ્યકિતગત સંપત્તિ—personal property—જેનો હું ઉપયોગ કરું છું. ઉપયોગની વસ્તુનું નામ વ્યકિતગત સંપત્તિ છે. દાખલા તરીકે મારું પહેરણ. હવે મારું પહેરણ તો મારું જ. નારાયણ એમ ન કહી શકે કે તારા પહેરણ પર મારો પણ અધિકાર છે. તારો અધિકાર હોય તો પહેર! ફાટી જશે! બીજું શું થશે? અને એના પહેરણ પર હું અધિકાર જમાવવાનો પ્રયત્ન કરું તો કોથળામાં જ ઘુસી જઈશ. એનું પહેરણ મારું ન થઇ શકે, મારું પહેરણ એનું ન થઈ શકે—આને કહે છે personal property-વ્યક્તિગત સંપત્તિ.

## ૧૬૯. સમાજવાદ અને સામ્યવાદમાં સંપત્તિ અંગે વિચાર

આ બધું સમજવું શા સારુ જરુરી છે? આજે રશિયા અને ચીનમાં તમે ઉપયોગની વસ્તુઓનો સંગ્રહ કરી શકો છો. પણ ઉત્પાદનનાં સાધનોનો સંગ્રહ કોઈ નથી કરી શક્તા. રશિયા અને ચીન મૂડીવાદથી એક ડગલું આગળ કયાં ગયા?

દુનિયામાં બબ્બે ક્રાન્તિઓ આપણી આંખ આગળ થઈ હોય અને આપણે અહીં બેઠા બેઠા પેલી ડોસીની માફક એ ક્રાન્તિઓને ભાંડતા જ રહીએ અને એમ કહીએ કે સૂરજ ઊગવાનો જ નથી, કારણ અમે અમારા કૂકડાને ઢાંકીને મૂકી છાંડયો છે! ડોશી કૂકડાને ઢાંકી મૂકે તો સૂરજ ઊગતો રોકાતો નથી. આ ક્રાન્તિઓને સમજી લેવી જરૂરી છે. આ ક્રાન્તિઓએ એક પગલું ભર્યું, એક સંકલ્પ કરી લીધો કે ઉત્પાદનનાં સાધનોનો સંગ્રહ અને સ્વામિત્વ વ્યક્તિ નહીં કરી શકે. પણ ઉપયોગની વસ્તુઓનો કરી શકશે. નારાયણ જો ઇચ્છે તો દશ પહેરણ રાખી શકે છે. પણ નારાયણની મુશ્કેલી એ છે કે એને દશ પહેરણ તો મળી ગયાં, પણ દશ શરીર નથી મળતાં. ભારે મુશ્કેલી છે. એને તમે ઓછી મુશ્કેલીની વાત ન સમજશો. પછી એ વિચારવા બેસે છે કે આ દશ પહેરણ હું કયારે પહેરું? તો જેની પાસે બહુ સાધનો હોય તેવા દરેક પૈસાદારની ભગવાન આગળ નિત્ય

પ્રાર્થના હોય છે કે હે ભગવાન! મને એક કરતાં વધારે શરીર આપ! રાવણને તમે વીશ હાથ આપ્યા તો, જુઓ તો ખરા, એ ઓછામાં ઓછી સો વીંટી તો પહેરી જ શકતો! રાવણને સારુ એ કેટલી મોટી સગવડ હતી! આપણને તો બે જ હાથ આપ્યા છે, દશ જ આંગળાં છે, એનું બહુ દુઃખ છે. પણ એ મર્યાદા છે. કપડાં સો હોય, તોય પહેરવા સારુ શરીર એક છે. મોટર દશ હોય તોય બેસવા સારુ શરીર એક છે. અને વ્યંજન અને પકવાન્ન હજાર હોય તોય ખાવા સારુ પેટ એક જ છે!

માટે ઉપયોગની વસ્તુના સંગ્રહ અંગે સમાજને ખૂબ ઓછો ડર હોય છે. તમને થોડીઘણી પરિશ્રમની પ્રેરણા મળે તો મળે, મને તો નથી મળતી કે ચાલો બે પહેરણ જોઈએ છે, એટલા સારુ થોડું વધારે કામ કરો. તમે શ્રમથી કામ કરો છો, તો મારું કામ પણ થોડું વધારે થઈ જાય છે. અને બે પહેરણ તો તમે ઝાઝા દિવસ નથી પહેરવાના એ હું જાણું છું. અહીં કોઈ બે પહેરણ પહેરીને શાનું આવે? સવારે એક ને સાંજે બીજું! કેટલીક છોકરીઓ કે સ્ત્રીઓ વચવચમાં એમ કરી લે છે. પણ અહીં તો તે પણ એમ નહીં કરતી હોય. એ તો પાર્લામેન્ટ અને એસેમ્બ્લીમાં કરે છે. જેટલી વાર એસેમ્બ્લી ભરાય છે, તેટલી વાર એ નવી જ સાડી પહેરીને આવે છે! પણ અહીં કોઈ એમ નહીં કરે, કારણ કે અહીં એવો સંદર્ભ નથી. એટલે અહીં વ્યક્તિગત સંપત્તિ અંગે ડર નથી. વ્યક્તિગત સંપત્તિથી સંગ્રહનો ડર નથી હોતો, કારણ તેમને ફક્ત ઉપયોગની વસ્તુઓનો સંગ્રહ કરવાની જ રજા મળી છે. ઉપયોગની વસ્તુઓનો સંગ્રહ અમુક મર્યાદાથી વધારે ન થઈ શકે. આજે દશ મોટર રાખનારની પ્રતિષ્ઠા છે, વટ છે. એટલે તે દશ મોટર રાખે છે. કાલે મોટરની પ્રતિષ્ઠા જ ન રહે તો? ભંગી કચરો પણ મોટરમાં લઈ જતો હોય તો? તમે એમ કહેશો કે આ મોટરમાં જાય છે, અને હું પગપાળો જાઉં છું? એવું કોઈ નથી વિચારતું. પણ બ્યૂક હોય, સ્ટૂડબેકર હોય, અથવા રોલ્સરોય હોય તો વિચારે છે કે માળો રોલ્સરોયમાં જાય છે, વટબંધ! આ જ્યાં સુધી છે, ત્યાં સુધી એકબે ગાડી રાખશે. એમાં બહુ મર્યાદા આવી જાય છે.

તેથી સમાજવાદ અને સામ્યવાદમાં વ્યકિત વ્યકિતગત સંપત્તિ રાખી શકે છે. Private property—ખાનગી માલિકી ન રાખી શકે. તમે ઉપયોગની વસ્તુઓનો સંગ્રહ કરી શકો છો, અને તે પણ ક્યાં સુધી? જ્યાં સુધી સમાજમાં દુકાળ હોય ત્યાં સુધી. મારી સાથે તમે એ

સ્વીકારશો કે જ્યાં દુકાળ હોય છે, ત્યાં વૃત્તિઓમાં અનુદારતા હોય છે. જ્યાં વસ્તુઓની કમી એટલે કે દારિદ્રય હોય છે, ત્યાં ચિત્ત અનુદાર હોય છે. દશ માણસ હોય અને એક રોટલો હોય ત્યારે હું બીજાને મોટો કોળિયો આપું એને સારુ બહુ મોટું દિલ જોઈએ.

## ૧૭૦. ગાંધીએ ભૂખને ઉપવાસમાં ફેરવી નાખી

તેથી ગાંધીએ ભૂખ્યાઓને ઉપવાસનું તૂત શીખવ્યું હતું. જે ભૂખ્યો હોય છે તે આખી દુનિયાને ખાઈ જવા માગે છે. એની આગળ બધી વસ્તુઓ અને પ્રાણીઓ અન્નના રૂપમાં જ આવે છે. તે આખા જગતને અને માણસોને પોતાનું અન્ન સમજી લે છે. બે પ્રકારના લોકો માણસને અન્ન બનાવી લે છે. એક ભુખાળવો અને બીજો ખાઉધરો. महाशनो महापाप्मा (ગી. ૩ : ૩૭) જે મહાશન છે, બકાસુરની જેવી જેની ભૂખ છે, ખાવાનો જેને શોખ છે, એવાને સારુ બીજો માણસ પણ અન્ન બની જાય છે. તેથી તે શોષક કહેવાય છે. તે માણસને પણ ચૂસે છે. અને બીજો જે બુભુક્ષિત, ભૂખ્યો હોય છે, તે પણ એમ વિચારે છે કે હવે આખી દુનિયાને ખાઈ નાખું, બીજું શું કરું ?

ગાંધીએ ખૂબ યુક્તિથી, ખૂબ કુશળતાથી અને ખૂબ કૃપાશીલતાથી, ખૂબ સહૃદયતાથી, આપણને આ દુર્ભિક્ષમાંથી ઉગારી લેવા સારુ ગરીબોને પણ ઉપવાસનું વ્રત શીખવ્યું. નહીં તો દુકાળ જ્યાં હોય ત્યાં અનુદારતા આવી જ જાય.

દુકાળમાંથી ક્રાન્તિ ત્યારે થાય છે, જ્યારે વિવશ માનવ ભૂખની જગાએ ઉપવાસનું વ્રત લે છે. ભૂખમાંથી ક્રાન્તિ થાય છે. પણ એ ત્યારે થાય છે કે જ્યારે ભૂખો માણસ ઉપવાસનિષ્ઠ બની જાય છે. માર્ક્સવાદી-ઓએ કહ્યું હતું કે "ભૂખ વધારો તો ક્રાન્ત વધશે." ભૂખમાંથી ક્રાન્તિ ક્યારે પેદા થાય છે ? જ્યારે ભૂખમાં ઉપવાસની શકિત પેદા થાય છે ત્યારે.

જ્યાં દુર્ભિક્ષ છે, ત્યાં પ્રાથમિક આવશ્યકતાઓની પૂર્તિ જ નૈતિક અને આધ્યાત્મિક પ્રયાસ છે. ગાંધીએ કહ્યું હતું: "ભગવન્, હવે આ દેશમાં તારે આવવું હોય તો રોટલો બનીને આવવું પડશે. દ્રૌપદી સારુ તું વસ્ત્ર બનીને આવ્યો. ભૂખ્યાંઓના દેશમાં તારે રોટલો બનીને આવવું પડશે." એમ કેમ કહ્યું ? જ્યાં દુર્ભિક્ષ હોય છે, ત્યાં સાંસ્કૃતિક વિકાસ નથી થતો.

## ૧૭૧. ગાંધીદર્શનનું સંયોજન

દુર્ભિક્ષમાંથી પ્રાથમિક સંપન્નતા તરફ આપણે પહેલાં જવું પડે છે, તેથી

સંયોજનનું પહેલું પગલું છે survival—નિર્વાહ. નિર્વાહ સારુ સંયોજન કરો ! એ આર્થિક સંયોજનનું પહેલું પગલું છે. જે નાગાં ભૂખ્યાં છે, તેની પ્રાથમિક જરૂરિયાત પૂરી થવી જોઈએ. ભૂખ્યાંને રોટલો મળવો જોઈએ. નાગાંને વસ્ત્ર મળવાં જોઈએ. પણ ભીખના રૂપમાં નહીં. એ કોઈ ધનવાનની ઉદારતાથી નહીં મળે. પહેલું સંયોજન નિર્વાહ સારુ. વસ્તુઓની કાંઈક વિપુલતા અવશ્ય હોવી જોઈએ. જેથી વહેંચણી વખતે ઝઘડો ન કરવો પડે. તેથી planning for more production—વિપુલતા સારુ સંયોજન કરો. એ બીજું પગલું—જેને આપણે સમાજવાદી પગલું કહીએ છીએ. હું જ્યારે સમાજવાદી પગલું વગેરે કહું ત્યારે તમે મહેરબાના કરીને એમ ન માની બેસશો કે સમાજવાદ આટલો જ છે, એનાથી વધારે નહીં. પણ સમાજવાદ સંયોજનમાં વ્યક્ત શી રીતે થયો ? વિપુલતાના રૂપમાં. સમાજમાં વસ્તુઓની વિપુલતા હોવી જોઈએ અને વહેંચણી પણ થવી જોઈએ. વિપુલ ઉત્પાદન અને સમવિતરણ એ સમાજવાદ છે. પણ સમવિતરણ કરે કોણ ? લાડવા છે, બેટા છે, વહેંચનારી મા છે. અને એ માનું કાંઈક વજન પણ છે તો સમવિતરણ થશે. અને માયે ન હોય, બાપેય ન હોય, લાડવા હોય અને બેટા હોય તો ? અને સમવિતરણ કરવું હોય તો બેટાઓમાં એ ભાવના હોવી જોઈએ કે પહેલા નાનામાં નાનાને આપીશ, પછી એનાથી મોટાને આપીશ, અને જે સૌથી મોટો હશે તે સૌથી છેવટે લેશે. આને કહે છે બંધુત્વને સારુ સંયોજન—Planning for brotherhood. તેમાં બંધુત્વની પ્રેરણા દાખલ થવી જોઈએ.

તમે કહેશો કે ક્યાં રહ્યું અપરિગ્રહનું વ્રત અને ક્યાં આનું સંયોજન શરૂ થઈ ગયું ! પણ હું આ સામાજિક વ્રતોની મીમાંસા કરી રહ્યો છું. અપરિગ્રહ અને અસંગ્રહનો આપણે જેટલો અર્થ કરી રાખ્યો છે, એટલો જ નથી કે બસ આપણે જેટલું આવશ્યક હશે તેટલાનો સંગ્રહ કરતા રહીશું અને બીજાનું નહીં લઈએ. 'આવશ્યક'નું કાંઈ પ્રમાણ છે, કાંઈ મર્યાદા છે ? ત્યાં સુધી આવીને 'આવશ્યક' રોકાઈ જાય છે. એની કાંઈ મર્યાદા છે ? ત્યાં તો કાંઈ મર્યાદા જ નથી. 'કોઈના ધનની અભિલાષા ન રાખીશ'માં શંકરાચાર્યે કહ્યું કે 'કોઈનું એટલે પોતાનું પણ—એટલે કે ત્રણે પુરુષનું આવી ગયું. આપણે કોઈનું એટલે ત્રીજા પુરુષનું સમજતા હતા. પણ શંકરાચાર્યે કહ્યું કે ત્રીજાની તો ઠીક, પહેલા પુરુષની પણ અભિલાષા ન રાખીશ. સંગ્રહની અભિલાષા જ છોડી દે. આ વાતને આપણે સંયોજન જોડે

લાગુ પાડીએ છીએ. પહેલાં જ્યાં દુર્ભિક્ષ છે ત્યાં નિર્વાહ સારુ સંયોજન. બીજું, જ્યાં વસ્તુઓની કમી છે ત્યાં વિપુલતા સારુ સંયોજન. પણ વિપુલતા તરફ જ ધ્યાન ચાલ્યું જાય તો માણસ તરફથી ધ્યાન હઠી જાય. તેથી બંધુત્વ સારુ સંયોજન. અહીં આપણે અપરિગ્રહ સુધી આવી પહોંચ્યા. વ્યક્તિગત સંપત્તિ એ ચીજ છે કે જે આપણા ઉપયોગની વસ્તુ હોય. હું જેમાં રહું છું તે મારું મકાન. મકાનથી સંપત્તિ બનતી નથી. મકાનથી મકાન પેદા નથી થતું. જેનો હું ફક્ત ઉપયોગ કરું છું તેને તમે મારી પાસે રાખવા દો છો. કેમ? આજે દુર્ભિક્ષ છે તેથી. જ્યાં દુર્ભિક્ષ હોય છે ત્યાં ઉપયોગની વસ્તુઓના સંગ્રહની છૂટ લોકો સારુ રાખવી પડે છે. તેમાંથી પછી એ વિપુલતા તરફ આવે છે. તો વિપુલ-લતાની સાથે સાથે બીજું સંયોજન કરવું પડે છે કે વિપુલતાનો ઉપયોગ એકબીજા સારુ થાય. તેથી મેં તમારી આગળ સહઉત્પાદન વિષે એમ કહ્યું હતું કે એકબીજા સારુ ઉત્પાદન. અને હવે ઉપયોગમાં વિપુલતા નહીં હોય તો જે હશે તેમાં સમવિતરણ થશે. બીજાને ખવડાવીને ખાઓ. બંધુત્વ સારુ સંયોજન કરીશું.

અપરિગ્રહના સિદ્ધાંતમાં અહીં સુધી આવીએ છીએ. પછી ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો વિચાર આવી જાય છે. આમ અપરિગ્રહના વ્રત અને ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને સંબંધ છે એ વાત તમારા ધ્યાનમાં આવશે.

## ૧૭૨. બ્રહ્મચર્ય

હવે આના પછી બ્રહ્મચર્યનો સિદ્ધાન્ત આવે છે. એ વિષે મારે જે કાંઈ કહેવું હતું તે કહી ચૂકયો છું. સ્ત્રીપુરુષ સંબંધ સમાન ભૂમિકા પર આવી જવાં જોઈએ. સ્ત્રી અને પુરુષનું સમાન મનુષ્યત્વ સહનાગરિકત્વના રૂપમાં ચરિતાર્થ થવું જોઈએ. એને સારુ શું કરવું જોઈએ? જે નૈતિક સિદ્ધાંતોએ પુરુષના જીવનમાં એક નીતિમત્તા પ્રસ્થાપિત કરી દીધી છે તે નૈતિક સિદ્ધાંતોને સ્ત્રી-જીવનમાં પણ એ જ સ્થાન મળવું જોઈએ. બ્રહ્મચર્ય જેમ પુરુષજીવનમાં મુખ્ય છે તેમ સ્ત્રીજીવન સારુ પણ મનાવું જોઈએ. વૈધવ્ય કાં સંન્યાસની ભૂમિકા પર આવવું જોઈએ અથવા પછી વિધવા અને વિધુરની અલગ અલગ કક્ષા ન હોય, બલ્કે એ બંને સમાન ભૂમિકાનાં મનાવાં જોઈએ. બીજું કુટુંબમાં સ્ત્રી કૌટુંબિક—માતૃત્વની ભાવનાથી સંપન્ન થઈ જવી જોઈએ. મારાં પત્ની મારાં બાળકની મા છે, મારી પત્ની નથી એ

ભૂમિકા એની હશે. એ પ્રકારે કુટુંબમાં સ્ત્રીની નાગરિકતાનો સ્વીકાર થઈ જવો જોઈએ. આમ આપણે સ્ત્રીજીવનને માતૃત્વ અને નાગરિકત્વ બંને વડે સંપન્ન કરીશું. પુરુષ સ્ત્રી વિષે અનાક્રમણશીલ હશે. સ્ત્રીનું શરીર હવેથી ખરીદવા-વેચવા કે અપહરણ કરવાની વસ્તુ નહી રહે. એને સારુ પુરુષની વૃત્તિ અનાક્રમણશીલતાની અને સ્ત્રીની વૃત્તિ નિર્ભયતાની થશે. સ્ત્રી સંરક્ષણ નહીં ઇચ્છે. એ સાવધાન હશે, પણ ડરશે નહીં. એમ ન થાય તો સ્ત્રીપુરુષનું સહનાગરિકત્વ અને સહજીવન અસંભવ છે. સહજીવનનો પાયો પવિત્ર અને શુદ્ધ હોવો જોઈએ. સ્ત્રી પોતાના પ્રાણ કરતાં પોતાની ઇજ્જતને મોટી માનશે. ત્યારે એ સુરક્ષિત જ નહીં પણ સ્વરક્ષિત બનશે. આજે સ્ત્રી પરભૃત છે, પરપોષિત છે, પરરક્ષિત છે અને પરપ્રકાશિત પણ છે. પુરુષને નામે તે ચાલે છે. અને પુરુષ જો સ્ત્રીને નામે ચાલે તો તેને અધમ માનવામાં આવે છે. માત્ર એને પિયેર જાય તો લોક કહે છે કે આ ઉત્તરાનો પતિ આવ્યો છે. પણ બીજી જગાએ એ કદી સ્ત્રીને નામે નહીં ચાલે. સ્ત્રી પુરુષનિષ્ઠ ન રહે, તત્ત્વનિષ્ઠ બને. પુરુષ પોતાના સિદ્ધાન્ત સારુ સ્ત્રીનો ત્યાગ કરે તો એનું ગૌરવ ગવાય છે. સ્ત્રી પણ મીરાબાઈની જેમ ભગવાનને સારુ પોતાના પતિનો ત્યાગ કરે, અને સિદ્ધાન્તને સારુ પુરુષનો ત્યાગ કરે તો એનું પણ ગૌરવ ગવાવું જોઈએ. સ્ત્રી વ્યક્તિનિષ્ઠ નહીં, તત્ત્વનિષ્ઠ હશે. આટલી વાત મેં તમારી આગળ કાલે મૂકી દીધી હતી.

## ૧૭૩. લોકસંખ્યાનો વિચાર

હવે બ્રહ્મચર્યમાંથી એક બીજો સિદ્ધાન્ત નીકળે છે. જેને આપણે લોકસંખ્યાનો પ્રશ્ન કહીએ છીએ, તેનો વિચાર આપણે બ્રહ્મચર્યની ભૂમિકાથી નથી કર્યો. ગાંધી અને કુટુંબનિયોજનના પ્રવર્તકોમાં આ મૂળભૂત અંતર રહેલું છે. કુટુંબનિયોજનના પ્રવર્તકોએ આ કોયડાનો વિચાર ફક્ત પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ જ કર્યો છે. એટલે કે માણસને લગભગ પશુના સ્તર પર મૂકી દીધો છે. મેં તમને કહ્યું હતું કે મનુષ્યનો કોઈ શરીરધર્મ હવે પ્રાકૃતિક નથી રહ્યો. તમે અહીં પાયખાનાં બનાવડાવો છે, મૂતરડી બનાવડાવો છો. માણસ ગમે ત્યાં મળમૂત્ર વિસર્જન નથી કરી શકતો. નહાવા સારુ જગા બનાવડાવે છે. ખાવા સારુ ભોજનાલયોની વ્યવસ્થા કરે છે. સહભોજન કરાવે છે. વિવાહમાં લોકોને આમંત્રણ આપે છે. અને વિવાહને સંસ્કાર બનાવી દીધો છે. આ બધાંનો અર્થ એ છે કે સ્ત્રી અને પુરુષનો સંબંધ ફક્ત પ્રાકૃતિક નથી, તે સાંસ્કૃતિક

સંબંધ થઈ ગયો છે. તેથી પ્રજનન પણ કેવળ પ્રાકૃતિક નથી, તેની ભૂમિકા સાંસ્કૃતિક થઈ ગઈ છે. ત્યાં જે પ્રજનન થાય છે તે ફક્ત ઉપયોગની દૃષ્ટિએ થાય છે. દાખલા તરીકે પશુઓમાં ગીરજાતિની ગાયો નથી જોઈતી, અહીં કાંકરેજી જોઈએ છે, એટલે કાં દૂધના દૃષ્ટિએ જોશે, કાં બળદ કેવો થાય છે. એ દૃષ્ટિએ જોશે. પણ માણસના પિતૃત્વ અને માતૃત્વનો કોઈ આવો વિચાર કરી શકશે? મેં તમારી આગળ બે ઉદાહરણ મૂકયાં. એક બાજુ ગાંધી છે, બીજી તરફ કિંગકોંગ છે. હવે મને કહો કે કોનાં સંતાન વધવાં જોઈએ? કેવી રીતે નિર્ણય થશે? આ પ્રશ્નના મૂળ સુધી જવાની વાત હું તમને કહી રહ્યો છું. તમે કયા પ્રકારના લોકો દુનિયામાં વધે એમ ઇચ્છો છો? તમે ગાંધીના નામ નીચે લખશો: 'may his tribe increase—એનો વંશ વધો' કે લુઇના નામ નીચે લખશો? રાવણના નામ નીચે લખશો કે રામના નામ નીચે લખશો? પ્રચંડતા જુઓ તો રાવણમાં કેટલી છે? જમીન પર ઊભો રહે છે તો આકાશને માથું અડે છે. અને રામ? सुढि सुकुमार कुमार दोऊ जनकसुता सुकुमार। જનકસુતા પણ સુકુમાર અને રામલક્ષ્મણ પણ સુકુમાર. ચાલવા લાગ્યા તો તુલસીદાસે લખ્યું: झलका झलकत पायन कैसे? પગમાં છાલાં પડી ગયાં. એને કેટલા સુકુમાર વર્ણવ્યાં? અને પેલા રાવણ વગેરે? પેલા કુંભકર્ણનું વર્ણન છે કે નસકોરાં બોલાવતો તો હાથી અને ઘોડા એના નસકોરામાં ઘૂસી જતા. કેટલો પ્રચંડ, કેટલો મોટો? એનાથી વધારે mass-scale કાંઈ હોય? આજે પ્રચંડતાની બહુ પ્રશંસા થાય છે ને? આ એક પ્રકારનો રાવણ-કુંભકર્ણવાદ છે. તો તમે મને એ કહો કે મનુષ્યનો વિચાર, લોકસંખ્યાનો વિચાર તમે ગુણની દૃષ્ટિએ કરશો, શારીરિક પ્રચંડતાની દૃષ્ટિએ કરશો કે ફક્ત સંખ્યાની દૃષ્ટિએ કરશો? એ બધા વિચારો આજે પ્રસ્તુત છે. આજે દુનિયામાં જે જન-સંખ્યાનો વિચાર થઈ રહ્યો છે, તે ત્રણ રીતે થાય છે. એક તો સંખ્યા કેટલી વધશે? તમે એક એક યુગનું પ્રસાદ-ચિહ્ન જોતા જાઓ. આજના યુગનું પ્રસાદચિહ્ન આફ્રિકા છે. આપણે એશિયા સુધી આવી પહોંચ્યા. અને એશિયાને તો ફરી પોતાના પગ પર ઊભો કરવા દુનિયાના સૌ રાષ્ટ્રો તૈયાર થઈ ગયા છે. રશિયા કહે છે: "એશિયાવાળા! અમારી પાસે મદદ લો." અમેરિકા કહે છે: "અમારી પાસે મદદ લો. એશિયાવાળા, તમે ગમે તે કરો પણ તમારા પગ પર ઊભા રહો." આમાંયે બધા પારમાર્થિક નથી. એમ ન સમજશો કે આ બધા રંતિદેવ થઈ ગયા છે. આમ

કેમ બન્યું ? એમના લોકો કેટલીક વાર ભૂલ ભૂલમાં લખી નાખે છે. બર્ટ્રાન્ડ રસેલે એક ચોપડી લખી હતી: "New Hopes for a Changing World." નાનકડી ચોપડી છે. પ્રશ્ન શો છે ? કે યુરોપના લોકોમાં તો લોકસંખ્યા ઓછી થતી જશે, કારણ એમનામાં સંતતિ-નિયમન છે, અને એશિયામાં લોકો વધતા જશે. તો થશે એમ કે ઉત્પાદન આપણે કરતા જઈશું અને એ લોકો ખાતા જશે. માટે કાં એમનું ઉત્પાદન વધવું જોઈએ કાં લોકસંખ્યા ઘટવી જોઈએ. નહીં તો આપણું જીવનધોરણ આજના જેટલું ઊંચું નહીં રહી શકે. એણે લગભગ આ જ શબ્દોમાં લખી દીધું. બીજું કરત પણ શું ? જવાહરલાલ નહેરુનો બીજો કોઈ ગુણ એને દેખાયો નહીં તે એણે કહી દીધું કે હિન્દુસ્તાનમાં ગાંધી પછી આ જ એક માણસ એવો છે કે જે અવિવેકી નથી. ગાંધી તો અવિવેકી હતો. આ અવિવેકી નથી કારણ એ કહે છે: સંતતિ-નિયમન કરવું જોઈએ. બર્ટ્રાન્ડ રસેલે આ પોતાની ચોપડીમાં લખ્યું છે. હું તેને તમારી આગળ આજની આન્તરરાષ્ટ્રીય અને સામાજિક સમસ્યાના રૂપમાં મૂકું છું. એનું એક જ પાસું નથી. લોકોએ એનું એક જ પાસું માન્યું છે, પણ તેમ નથી. એનું મુખ્ય પાસું સાંસ્કૃતિક છે, અને બીજું પાસું સામાજિક છે. આજે આ વર્ણભેદની સમસ્યા થઈ ગઈ છે. લોકસંખ્યાની સમસ્યા એક રીતે જોતાં વર્ણભેદની સમસ્યામાં પરિણત થઈ રહી છે. જુઓ, કેવી મજાની વાત ! આમાં પણ બે સંપ્રદાય થઈ ગયા. કૅામ્યુનિસ્ટો કહે છે કે આ અવાસ્તવિક સમસ્યા છે. કૅામ્યુનિસ્ટ આ પ્રશ્નને બાદ કરતાં બીજા કોઈ પ્રશ્ન અંગે ગાંધી સાથે એકમત થયો જ નથી. એણે પણ કહ્યું કે આ વાસ્તવિક કોયડો નથી. આખી દુનિયામાં વૈજ્ઞાનિકોમાં માત્ર કૅામ્યુનિસ્ટ જ એવા છે જે કહે છે કે આ પ્રશ્ન વાસ્તવિક નથી. એમનું કહેવું શું છે ? એ લોકો આના પક્ષમાં ને વિરુદ્ધમાં કેટલીયે વાતો કરે છે. એ બધી વાતોથી તમને નહીં પજવું. પણ તમે એટલું સમજી લેજો કે આ વિષે પણ બે સંપ્રદાય થઈ ગયા છે. પૂર્વનો અને પશ્ચિમનો. પહેલાં પશ્ચિમનો ગોળાર્ધ ક્યાંથી શરૂ થતો ? યૂરલ પર્વતથી. હવે પશ્ચિમગોળાર્ધ ક્યાંથી શરૂ થાય છે ? જર્મનીથી અને બાકીનો બધો પૂર્વગોળાર્ધ છે. જેટલી કૅામ્યુનિસ્ટોના પ્રભાવમાં આવી ગઈ છે, અને એશિયા ને આફ્રિકાની જે દુનિયા છે, તે બધી પૂર્વની દુનિયા કહેવાય છે. આ રેખાઓ બદલાતી રહે છે. ભણેલાગણેલા માણસ નકશાથી ચાલે છે. ભણેલાગણેલા લોકોની ઘણી વિશેષતાઓ પૈકીની આ પણ એક છે: એ દુનિયા નથી જોતો, નકશા જ જુએ છે.

હું ઉત્તરમાં ગયો ત્યારે મને એક જણે કહ્યું હતું કે તમે નીચેથી આવો છો. મેં કહ્યું નીચેથી વળી કયાંથી આવું છું, પાતાળમાંથી તો નથી આવતો. એટલે પૂછે મદ્રાસથી આવો છો? મેં પૂછયું કે મદ્રાસ નકશામાં નીચે છે, પણ ધરતી પર કયાંય છે ખરું? પણ એને તો નકશાની જ ખબર હતી ને; એણે મદ્રાસ ઓછું જોયું હતું? માણસની ભાવના પ્રમાણે દુનિયાના નકશાઓ બનતા જાય છે. જેવી આકાંક્ષા હોય છે, જેવી વૃત્તિ હોય છે, તે પ્રમાણે માણસ નકશાની રેખાઓ બદલતો જાય છે. આજનો પૂર્વ અને પશ્ચિમનો ભેદ પહેલાના પૂર્વ અને પશ્ચિમના ભેદ જેવો રહ્યો નથી. કોમ્યુનિઝમને એ લોકો પૂર્વની ચીજ માને છે, પશ્ચિમની નથી માનતા. માટે પૂર્વના સૌ રાષ્ટ્રોનું કહેવું એમ છે કે જનસંખ્યાનો પ્રશ્ન આજનો ગંભીર પ્રશ્ન નથી. પશ્ચિમી રાષ્ટ્રોનું કહેવું છે કે જનસંખ્યાનો પ્રશ્ન જ આજનો ઘણો ગંભીર પ્રશ્ન છે. આવા બે સંપ્રદાયો આમાં પડી ગયા. આ તો મેં તમારી આગળ એટલા સારુ મૂકયું કે આંકડા અને વિજ્ઞાનને નામે તમારા મગજને કયાંક ભુલાવામાં ન નાખે. જે વિજ્ઞાનવાદી છે, જે આંકડાને આધારે ચાલે છે, એમાં પણ બે સંપ્રદાય થઈ ગયા છે. અને તે બે સંપ્રદાય કયે આધારે થયા છે? વર્ણભેદને આધારે. મૂળભૂત પ્રશ્ન એ માનવામાં આવ્યો કે કોનાં સંતાન વધે? પશ્ચિમનાં સંતાન તો વધી ન શકે, એનું મુખ્ય કારણ એ છે કે જ્યાં જીવનધોરણ ઊંચું જાય છે, ત્યાં સંતાનવૃદ્ધિ ઘટી જાય છે. જીવનધોરણ જેટલું ઊંચું હશે, તેટલી સંતાનવૃદ્ધિ નીચી. આપણે ત્યાં પુરાણોમાં જેટલા રાજાઓ છો તેમાંના ૧૦૦માંથી ૯૦ રાજાઓને સંતાન સારુ કાં બીજું લગ્ન કરવું પડયું છે, કાં પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવો પડયો છે. તપસ્યા શા સારુ? પેલા કશ્યપે તપસ્યા કરી, ને તેયે કેટલી? સાઠ સાઠ હજાર વર્ષ સુધી તપસ્યા કરી. ભગવાન સામે આવીને ઊભો ત્યારે માગે છે શું? કે ભગવાન જ પુત્ર થઈ જાય. એટલે કે એટલી બધી તપસ્યા પછી એ માગે છે કે પુત્ર થાય તો બહુ સારું. એટલે કે જેટલું જીવન સંપન્ન બને છે તેટલી સંતાનવૃદ્ધિ ઘટે છે. પ્રકૃતિનો કાંઈક નિયમ લાગે છે કે જ્યાં વિપન્નતા અને ગરીબી વધારે ત્યાં સંતાન વધારે. વૈજ્ઞાનિકો એનું બહુ સ્પષ્ટીકરણ નથી કરી શકયા, પણ સમાજશાસ્ત્રીઓનું આ નિરીક્ષણ છે. વૈજ્ઞાનિકોએ કાંઈક કારણો આપ્યાં છે ખરાં, જેમાં હું કાંઈ ઝાઝું સમજતો નથી, અને તમારી આગળ હું ઝાઝું મૂકવાયે નથી ઇચ્છતો. કહે છે કે ભૂખને લીધે શરીરની વિશિષ્ટ ગ્રંથિઓ વધી જાય છે અને વિશિષ્ટ શારીરિક વ્યાપાર તીવ્ર થઈ જાય છે. એટલે કે એમનુ પૌરુષ અને સ્ત્રીત્વ જલદી ક્ષીણ

થઈ જાય છે, પણ સંતાન વધી જાય છે. જે સંયમી હોય છે અને જેમનું જીવન ઉન્નત હોય છે, તેમનાં સંતાનમાં સત્ત્વ વધુ હોય છે, સંખ્યા ઓછી હોય છે. જેમનું જીવન વિપન્ન અને ક્ષીણ હોય છે તેમનાં સંતાનોની સંખ્યા વધુ હોય છે અને સત્ત્વ ઓછું હોય છે. આ સમાજશાસ્ત્રીઓનું નિરીક્ષણ છે.

લોકસંખ્યાનો પ્રશ્ન ઉકેલવાના બે ઉપાય છે. એક ઉપાય વિનોબાનો છે. તેઓ કહે છે કે જેટલાં મોં પેદા થાય છે તેની સાથે જ પેદા થનાર હાથોને કામ આપી દો. એટલે અનુત્પાદકોની સંખ્યા ન વધે. સમાજમાં વધે તો ઉત્પાદક જ વધે અને ઉત્પાદકોનું જીવન સંપન્ન હોય. એક તરફ અનુત્પાદકોનું જીવન સંપન્ન છે, અને ઉત્પાદકોનું જીવન વિપન્ન છે. એટલે ઉત્પાદકોનાં સંતાન તો વધે છે, પણ ઉત્પાદકોની સંખ્યા સમાજમાં વધી નથી શકતી, કારણ કે તે બેકાર થઈ જાય છે. તો જે ઉત્પાદકોની સંખ્યા વધે છે, જે ઉત્પાદકોનાં ઘરમાં સંતાન વધે છે, તેમનામાં ઉત્પાદકોની જ સંખ્યા વધવી જોઈએ. અને સમાજમાં અનુત્પાદક વર્ગનું નિરાકરણ થઈ જવું જોઈએ. એનો એ અર્થ થયો કે ઉત્પાદકનો સાંસ્કૃતિક વિકાસ થવો જોઈએ. ઉત્પાદકનો જેટલો સાંસ્કૃતિક વિકાસ થશે, તેટલી લોકસંખ્યા ઘટશે.

એટલે હવે મેં તમારી આગળ કેવળ બ્રહ્મચર્યનું સાધન નથી મૂક્યું. કારણ હું માનું છું, અને અનુભવ છે કે કેવળ સંયમ અને કેવળ બ્રહ્મચર્યથી સંખ્યાવૃદ્ધિ નથી રોકાતી. તે પોતે એક પ્રભાવી સાધન છે. કારણ જ્યાં સંયમ હોય છે, ત્યાં સંતાનની સંખ્યા ઓછી હોય છે.

હવે તો આપણે સિંહોને જોવા લાગ્યા, એટલે કાંઈક અંશે જાણવા પણ લાગ્યા કે હું કહું છું તે એમ જ એક દંતકથા છે. પણ દંતકથા એવી છે કે ભૂંડણનાં તો litter એટલે કે સંખ્યાબંધ બચ્ચાં થાય છે અને સિંહણને એક જ બચ્ચું થાય છે. આવું અમને પહેલાં કહેવામાં આવતું અને તે એક બચ્ચું હાથીને મારવા સારુ થતું. હવે તો સિંહણનાં ચાર ચાર બચ્ચાં થાય છે, મેં જોયાં છે! પણ આવી માન્યતા શાથી બની? જ્યાં સત્ત્વ વધુ હોય છે અને જ્યાં સંસ્કૃતિ વધુ હોય છે, ત્યાં સંયમપ્રધાન જીવન હોય છે અને જ્યાં સંયમપ્રધાન જીવન હોય છે, ત્યાં લોકસંખ્યા ગુણની દૃષ્ટિએ શ્રેષ્ઠ હોય છે, સંખ્યાની દૃષ્ટિએ ઓછી હોય છે. માટે સાંસ્કૃતિક વિકાસ જે સમાજમાં

જેટલો થશે, તે સમાજમાં લોકસંખ્યાના પ્રશ્નનું નિરાકરણ એટલી હદ સુધી થશે. એ દૃષ્ટિએ મેં આ પ્રશ્નને બ્રહ્મચર્ય સાથે જોડયો છે. એ કેવળ વૈજ્ઞાનિક કે આર્થિક પ્રશ્ન નથી. કારણ માણસનો વિવાહ કેવળ પ્રાણીશાસ્ત્રને આધારે નથી થતો. માણસનો વિવાહ નીતિશાસ્ત્રને આધારે થાય છે. તેથી વિવાહ એનો સંસ્કાર છે. વિવાહ સંસ્કાર છે, તેથી પ્રજનન પણ સંસ્કાર જ છે. પ્રજનનમાં જેટલી સંસ્કારિતા આવશે, એટલે અંશે આપણે લોકસંખ્યાનો પ્રશ્ન ઉકેલી શકીશું. જે Neo-Malthusian-નવ માલ્થસીઓ છે, જે લોકસંખ્યાથી બીધેલા છે, તેમને અમારું આ જ કહેવું છે.

છેવટે લોકસંખ્યાના આ પ્રશ્ન વિષે બીજી એક વાત તમારી આગળ નિવેદન કરું. કોઈ કોઈ વાર લોકો કહે છે કે દુનિયામાં માણસોની બહુ ભીડ થઈ ગઇ છે. એક મોટા માણસે મને કહ્યું હતું. મારા મિત્ર છે. અને આ કોઈ સભાની વાત નથી. અમારી માંહોમાંહે વાત થતી હતી. કહેવા લાગ્યા—"લોકસંખ્યા ખૂબ વધી રહી છે, ભીડ ખૂબ થાય છે."

મેં કહ્યું, "મને ન કહેશો. મને જ્યારે કોઈ આવી વાત કરે છે ત્યારે હું બહુ ગભરાઉં છું."

"તારે ગભરાવાનું શું છે?"

"હું સભ્ય છું, તેથી ગભરાઉં છું."

"સભ્ય માણસે એમાં ગભરાવા જેવું શું છે?"

"જો ભીડ થતી હોય તો જગા ખાલી કરવાનું સૌથી પહેલું કર્તવ્ય મારું થશે!"

સભ્ય માણસનો એ સ્વભાવ છે કે જ્યાં ભીડ થતી હોય ત્યાં જગા ખાલી કરી દે. આજે આ નારાયણે કહ્યું ને કે પ્રેમાભાઈ હૉલવાળી દાદાની સભામાં ન જશો. કારણ ત્યાં શહેરના લોકોની ભીડ થશે, જગા નહીં રહે? એ જ થાળી હતી. નારાયણને હું બેઠા હતા. પ્રબોધ ચાલ્યો જાય છે. નારાયણ કહે છે, 'પ્રબોધ બેઠો હોત તો ઠીક થાત. હું ચાલ્યો જાત." આ સભ્યતાનું લક્ષણ છે ને?

જ્યાં ભીડ હોય ત્યાંથી સભ્ય માણસ પહેલાં પોતે અળગો થઈ જાય છે. દુનિયાના સભ્ય પુરુષો! જો લોકસંખ્યા વધી રહી હોય તો સભ્યતાનો એ તકાજો છે કે આપ સૌથી પહેલા જગા ખાલી કરી દો.

આપણે જ્યારે વિચાર કરીએ છીએ કે લોકસંખ્યા બહુ વધી ગઈ છે, ત્યારે પોતા સિવાયની લોકસંખ્યાનો વિચાર કરીએ છીએ. માટે આપણે ઘેરે દોહિતરો-પોહિતરો જન્મે છે ત્યારે પેંડા વહેંચીએ છીએ. અરે ભાઈ! દોહિતર જન્મ્યો તો દાદાએ કાગળ લખવો જોઈએ કે તમારે ત્યાં લોકસંખ્યા વધી તેથી મને બહુ સહાનુભૂતિ છે.

મને લોકો લગ્નમાં બોલાવે છે! અને મને કહે છે કે આશીર્વાદ આપો! મેં કહ્યું: 'હવે હું શું આશીર્વાદ આપું? ઘણી મુશ્કેલ વાત છે! લગ્ન તો થઈ રહ્યાં છે અને હું પણ આવ્યો છું. પણ તમારા દીકરાને અને તમારી વહુને આશીર્વાદ શા આપું? એ મારી આગળ મોટો સવાલ છે અને આશીર્વાદ આપું તો બધા નારાજ થશે. આશીર્વાદ તો એવા જ આપવા જોઈએ ને કે હવે આમને સંતાન ન થાય—હું જો પ્રામાણિક હોઉં તો. પણ પ્રમાણિકતા એ કાંઈ મારી ખાસિયત નથી. મારું તો બેવડું જીવન છે!'

માટે આ પ્રશ્નનાં બધાં પાસાંઓનો વિચાર આપણે કરી લઈએ એ જરૂરી છે. પશ્ચિમના લોકો ફક્ત એશિયાના અને આફ્રિકાના લોકોની દૃષ્ટિએ આનો વિચાર કરે છે. તેથી એમનો વિચાર કલુષિત થઈ ગયો છે. લોકોએ આજે આ સમસ્યાનો કેવળ વૈજ્ઞાનિક દૃષ્ટિએ અને ધરતીમાં આજે ઉત્પાદનની કેટલી શક્તિ બચી છે, એટલી જ દૃષ્ટિએ વિચાર કર્યો. અન્નશાસ્ત્રીઓ અને અર્થશાસ્ત્રીઓનું એ અનુમાન છે અને નિષ્કર્ષ છે કે આજે દુનિયાની વસ્તી લગભગ ૨ અબજ ૪૩ કરોડ છે, વીસ વરસમાં એનાથી જો બમણી થઈ જાય તોય કંઈ ચિંતાનો વિષય નથી. એ તે લોકોનું એટલે કે આંકડાશાસ્ત્રીઓનું અનુમાન છે.

મેં આનો વિચાર આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ નથી કર્યો. આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર તો કરવો પડશે, પણ મનુષ્યના જીવનનો સાંસ્કૃતિક દૃષ્ટિએ અને એનાં સંતાનની ગુણવત્તાની દૃષ્ટિએ વિચારવું જેટલું જરૂરી છે, એટલું આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ વિચારવું આજે જરૂરી નથી. ભવિષ્યમાં જે માણસ પેદા થાય, તે આજની વ્યક્તિ કરતાં વધુ ગુણવાન હોવો જોઈએ, આજની વ્યક્તિઓ કરતાં વધુ સંસ્કારસંપન્ન હોવો જોઈએ અને આજની વ્યક્તિઓ કરતાં એન જીવનમાં દુર્ભિક્ષ ઓછો હોવો જોઈએ.

આ ત્રણ વાનાં ક્યારે થશે? જ્યારે તમે આ દૃષ્ટિએ વિચારશો ત્યારે. દુર્ભિક્ષનું નિરાકરણ અને સાંસ્કૃતિક વિકાસ. દુર્ભિક્ષનું નિરાકરણ થશે તો સંતાનોની સંખ્યા ઓછી થશે. સાંસ્કૃતિક વિકાસ જેટલો થશે તેટલો જ

જીવનમાં સંયમ આવશે; પ્રજનન સત્ત્વપ્રધાન થશે, સંખ્યાપ્રધાન નહીં થાય; ગુણનો વિકાસ થશે.

આ વિષયમાં મારો વિચાર જ્યાં સુધી પહોંચ્યા છે તે મેં તમારી આગળ ધરી દીધું.

## ૧૭૪. શરીરશ્રમ

હવે આપણે શરીરશ્રમના વિચાર પર આવીએ છીએ. મેં તમને કહ્યું હતું કે આપણે શરીરશ્રમને વ્રત બનાવવા માગીએ છીએ. આપણે ધનનિષ્ઠ અને સંપત્તિનિષ્ઠ સમાજને શ્રમનિષ્ઠ સમાજ બનાવી દેવા માગીએ છીએ.

આમાં બે પ્રક્રિયાઓ છે. સમાજમાં જે પ્રતિષ્ઠિત છે તેમણે શ્રમ કરવો જોઈએ. શ્રમની પ્રતિષ્ઠા વધારવા અને વર્ગપરિવર્તનની ભૂમિકા બનાવવા સારુ વર્ગનિરાકરણ થશે. વર્ગસમન્વય હરગિજ નહીં થાય. અને વર્ગનિરાકરણની પ્રક્રિયાનો આરંભ થાય છે વર્ગપરિવર્તનથી. વર્ગપરિવર્તનનું આચરણ દરેક વ્યક્તિએ કરવાનું છે. એટલે આજે જે શ્રમ નથી કરતા, તેમણે શ્રમ કરવો જોઈએ અને ઉત્પાદક પરિશ્રમ કરવો જોઈએ. એમનું ઉત્પાદક પરિશ્રમનું વ્રત હોય શ્રમની પ્રતિષ્ઠા વધારવા સારુ, એમનામાં શ્રમનિષ્ઠાનો વિકાસ થવા સારુ. પણ એટલાથી આપણું કામ પૂરું નથી થતું.

આજે જે શ્રમવાન છે તે શ્રમનિષ્ઠ નથી. જે ધનવાન છે, તે તો ધનનિષ્ઠ છે, પણ જે શ્રમવાન છે તે શ્રમનિષ્ઠ નથી. કોઈ મજૂર પર ભગવાન પ્રસન્ન થઈને પૂછે : “ તારે શું જોઈએ છે ? ” તો તે કહેશે, “ ભગવાન, રોજ મહેનત મજૂરી કરવી છે, એમાંથી બચી જાઉં ! ” એવું જ વરદાન માગશે ને ? એવું વરદાન કાંઈ ઓછું માગવાનો છે કે આજે મારી પાસે છે તેના કરતાં વધારે સારી કોદાળી આપ ? એમ નહીં કહે. એ તો કહેશે કે ‘ આ કોદાળીથી હું ક્યારે છૂટીશ ? એવો દિવસ ક્યારે આવશે ? ’ જે શ્રમવાન છે તે શ્રમનિષ્ઠ નથી. તેથી આપણે શ્રમવાનને શ્રમનિષ્ઠ કરવા માગીએ છીએ.

તો વિનોબાએ એમ કહ્યું કે ધનવાનની ધનનિષ્ઠા ઓછી કરવા હું સંપત્તિદાન માગું છું. ભૂમિવાનની સ્વામિત્વનિષ્ઠા ઓછી કરવા હું તેમની પાસે ભૂમિ માગું છું. શ્રમવાનને શ્રમનિષ્ઠ બનાવવા સારુ હું શ્રમદાન માગું છું.

## ૧૭૫. ફુરસદનો પ્રશ્ન

આજે જે શ્રમવાન છે તે શ્રમને વેચે છે. શ્રમ જે દિવસે બજારથી ઉપર ઊઠી જશે, તે દિવસે શ્રમવાન શ્રમનિષ્ઠ બની જશે. તેથી શરીરશ્રમને વ્રત બનાવી દીધું. માત્ર અસંગ્રહ પૂરતો નથી. અસંગ્રહની સાથે ઉત્પાદક પરિશ્રમનિષ્ઠા જોઈએ. અને જે શોખનું કામ હોય છે, તે જ માણસનું ફુરસદ સમયનું કામ પણ હોય છે. ફુરસદ કોને કહેવાય છે? જૂના સમાજવાદીઓની એક પરિભાષા છે "Leisure is Liberty" ફુરસદ જ આઝાદી છે. કાલે આ નારાયણ જો કહી દે કે દાદા, તને આરામ આપવો છે. મને ઓરડામાં પૂરી દે અને બહારથી તાળું લગાડી દે. પ્રબોધ આવે છે અને કહે છે, 'અરે વાહ દાદા, તમે તો બહુ આરામથી પડયા લાગો છો?' હું કહું છું, 'આરામથી શાનો પડયો છું? સજા ભોગવું છું. મને કોઈ અહીંથી નીકળવા પણ નથી દેતું. પાછો કહે છે કે તમે આરામ કરો.' પેલો પૂછે છે: 'બારીમાંથી વાત થાય ખરી કે નહીં?' તો કહે છે Visitors not allowed—મુલાકાતીઓને મનાઇ છે, એમ ત્યાં લખી પણ રાખ્યું છે. તો શું થાય ફુરસદનો અર્થ તે સમજી લેજો. પોતાની ઇચ્છાએ કરેલું કામ પણ આરામ છે, બીજાની ઇચ્છાએ લીધેલો આરામ પણ સજા છે. આપણે ફુરસદ આખરે વસ્તુ શી છે એ સમજ્યા નહોતા. Leisure—ફુરસદ અને Labour—મજૂરી વચ્ચેના અંતરને આપણે ઘટાડી દેવો છે. કામ અને આરામ વચ્ચે આજે જે ભેદ છે, જે વિરોધ છે તેને આપણે ઘટાડવો છે. શરીરશ્રમના વ્રતનો આ અર્થ છે. આજે કામ અપ્રતિષ્ઠિત છે, આરામ પ્રતિષ્ઠિત છે. કામની પ્રતિષ્ઠા શા સારુ વધારવી છે? આરામની પ્રતિષ્ઠાને ઘટાડવા સારૂ. હવે તો આ માત્ર ગાંધીની વાત ન રહી ને? જવાહરલાલજીનું પેલું મંત્રવાકય લખે છે ને ઑફિસો અને સચિવાલયમાં કે "आराम हराम हैं।" આ ચીજ ગાંધીએ શરીરશ્રમના રૂપમાં કહી. આરામને અપ્રતિષ્ઠિત કરી દેવો છે, કામને પ્રતિષ્ઠિત બનાવવા ઇચ્છીએ છીએ, તેથી જે કામ કરે છે તે જ આરામનો અધિકારી હશે. અને આરામનો જે અધિકારી હશે તેને કામ કરવું પડશે. આ શરીરશ્રમનો અર્થ છે. આમ જયારે થશે ત્યારે શ્રમનિષ્ઠ સમાજ બનશે.

## ૧૭૬. અસ્વાદ

આ પછી અસ્વાદ આવે છે. લોકો કહેશે કે આ દાદાયે વળી અસ્વાદની વાતો કરે છે! એક જણે મને પૂછયું હતું કે સ્વર્ગમાં જશો? મેં કહ્યું:

સ્વર્ગમાં જવા તો તૈયાર છું, પણ એક વાત મને ખટકે છે. ત્યાં માત્ર અમૃત જ અમૃત પીવું પડે છે, અથાણાં પાપડ વગેરે મળતાં નથી, એટલે ત્યાં મજા આવતી નથી. હવે આવો માણસ પણ અસ્વાદની વાત કરે! આ કાંઈ મેળ વિનાની વાત લાગે છે. પણ અસ્વાદનો એક સામાજિક અર્થ છે. અને તે એ છે કે ઉત્પાદન મારે સારુ નહીં, સમાજને સારુ થશે. આ નારાયણ મને લઈ ગયો હતો આસપાસના કોઈ ભાગમાં. તમારા ખેતરોમાં તો તમાકુ જ તમાકુ વાવે છે. હવે આ તમાકુનો કાંઈ ઉપયોગ છે? એ તો વેચાણ સારુ જ હોય છે. સમાજની આવશ્યક્તા સારુ જ્યારે ઉત્પાદન થાય છે, ત્યારે સામાજિક પરેજી પાળવી પડે છે. માંદગીમાં પરેજી હોય છે ને? તેમ ઉત્પાદનમાં અને ઉપભોગમાં પણ કાંઈક સામાજિક પરેજી આવે છે. એ જે સામાજિક સંયમ હોય છે, તેમાંથી માણસને અસ્વાદની પ્રેરણા મળે છે. કારણ અસ્વાદને સારુ પણ કાંઈક પ્રેરણા જોઈએ. બાકી આગળ જતાં કેવળ અસ્વાદમાં કાંઈ સ્વાદ નથી રહેતો. સ્વાદ વગરનો થઈ જાય છે તે. મા રાંધે છે, ખૂબ સ્વાદિષ્ટ રાંધે છે. મને ખવડાવે છે, નારાયણને ખવડાવે છે. હું પણ જરા વધારે પડતું ખાઈ લઉં છું અને આનું પેટ તો છે જ જરા સાબદું, એટલે એ પણ ખાય છે. એટલે એને સારુ કાંઈ બચતું નથી. અથવા જો બચે જ છે, તો નીચેનો થોડો ભાગ રહી જાય છે. તોય એ ચટકા લઈ લઈને ખાય છે. એને બહુ સ્વાદ આવે છે. એ કહે છે: "તેં ખાધું, તને ભાવ્યું, તારા સ્વાદથી મારી જીભનો સ્વાદ બેવડો થઈ ગયો." આને કહે છે અસ્વાદની સામાજિક પ્રેરણા. અસ્વાદને આપણે સામાજિક મૂલ્ય બનાવવું છે ને? અહીં નારાયણ કહે છે ને કે ફલાણી ટુકડી રસોડામાં જશે. હવે, જો એ એમ વિચારવા લાગે કે આ લોકો બધી ભાખરીઓ પીરસી દેશે તો અમારે સારુ શું બચશે? તો એ કદી કોઈને ખવડાવી નહીં શકે. તો એ લોકો હોટેલવાળા બની જશે, શિબિરવાળા નહીં રહે. શિબિરવાળા તો એ ત્યાં સુધી જ રહે કે જ્યાં સુધી ખાનારા ખાતા જાય અને આ ખુશ થતા જાય, કે રસોઈ કેટલી સરસ બની છે કે આ લોકો આટલા દિલથી ખાય છે. ખવડાવનારનું દિલ આનંદથી નાચવું જોઈએ. છેવટે જ્યારે વાસણમાં કશું નહીં રહે ત્યારે એને ખબર પડશે, ત્યાં સુધી નહીં. આને કહે છે અસ્વાદ વ્રત. સામાજિક મૂલ્યના રૂપમાં અસ્વાદ એમ આવે છે કે હું બીજાને ખવડાવીને ખાઉં, બીજાને ખવડાવવામાં આનંદ માનું. જો બીજાને જિવડાવવામાં મારો આનંદ હોય તો બીજાને ખવડાવવામાં મને આનંદ આવવો જોઈએ. વિનોબા આપણને હમેશાં શીખવે છે ને કે

બીજાને ખવડાવીને ખાનાર જ ખરેખરો સ્વાદ પિછાણે છે. જે પોતે જ એકલો ખાય છે તેને મજા જ નથી આવતી. નારાયણને તમે કોઈ સ્વાદિષ્ટ વસ્તુ આપો. બહુ સારી લાગે છે! પણ જ્યાં સુધી પ્રબોધને એમ ન કહે કે 'એવી વસ્તુ હતી કે ન પૂછો વાત!' ત્યાં સુધી. એ કહે છે: 'શું હતું કહે તો ખરો?' કહેવાનો શું હતો, કહેવાય એમ તો છે નહીં. ત્યારે એને કહે છે: 'તુંયે ખા.' ત્યારે પેલો કહેશે કે હા, આ ખરેખર સરસ વસ્તુ હતી. પછી બંને રાજી થશે.

મનુષ્યનો એ સ્વભાવ જ છે કે આનંદ જ્યાં સુધી બીજાની આંખમાં પ્રતિબિંબિત ન થાય, ત્યાં સુધી તે પૂરો જ નથી થતો. એને તમે સ્વાદને લાગુ પાડો એટલે અસ્વાદ પણ સામાજિક મૂલ્ય બની જશે.

## ૧૭૭. સર્વધર્મ સમભાવ

ત્યાર પછી અભય આવે છે, તેને તો મેં તમારી આગળ મૂકી દીધો છે. સ્વદેશી, સ્પર્શભાવના અને સર્વધર્મસમાનત્વ મેં તમારી આગળ ઘણા વિશદ રૂપે મૂકયાં છે. સર્વધર્મસમાનત્વનો અર્થ એ છે કે બધા સંપ્રદાયોનું નિરાકરણ થવું જોઇએ. માણસ માણસ વચ્ચે જે ભેદ કરે છે તે ધર્મ નથી. માણસ માણસ વચ્ચે જે અભેદની સ્થાપના કરે છે એ જ ધર્મ છે. તે દૃષ્ટિએ બધા ધર્મો સમાન થઈ જાય છે, અને જો બધા ધર્મો સમાન થઇ જાય છે તો ધર્મપરિવર્તન નિષિદ્ધ થઈ જાય છે.

## ૧૭૮. સ્વદેશી

સ્વદેશીનો અર્થ મેં તમારી આગળ મૂકયો હતો, કે કેવળ સ્વાવલંબનનો સિદ્ધાંત નહીં હોય, પરસ્પરાવલંબનનો સિદ્ધાંત હશે. નહીં તો વિકેન્દ્રિત ઉત્પાદન વિકીર્ણ (વિખેરાયેલું) ઉત્પાદન બની જશે. આ બે વિનોબાના શબ્દો છે. વિકેન્દ્રિત ઉત્પાદન જોઇએ, વિકીર્ણ ઉત્પાદન નહીં. વિકીર્ણ એટલે? વિખેરાયલું. કપડું જો વચવચમાંથી મચ્છરદાનીની જેમ પાંખું થઇ જાય તેને સિદ્ધાંતમાં વિકીર્ણ કહે છે. વિખેરાયેલું, ફેલાયેલું, જેમાં કાંઈ વ્યવસ્થા નથી તેવું. પાંખાનો અર્થ એ છે કે એકને બીજા જોડે કશો સંબંધ નથી. જો દરેક ગામ અલગ અલગ થઇ જાય, દરેક ગામ સ્વાવલંબી થઇ જાય, એક ગામનો બીજા ગામ જોડે કશો સંબંધ ન હોય, તો મને કહો કે જીવન સંપન્ન થશે કે વિપન્ન? વિપુલતાવાળાઓને હું કહું છું ને કે ઘરમાં દશ માણસ હોય ને ખાવાનું વીસને ચાલે તેટલું હોય તોય

બબલભાઈ કહે છે ને કે પહેલાં તમે ખાઓ પછી હું ખાઇશ. જો વિપુલતામાં બંધુત્વની પ્રેરણા ન હોય તો વિપુલતા નકામી. તેથી વિપુલતામાં આ પ્રવૃત્તિના વિકાસ સારુ મેં કહ્યું કે સંયોજનમાં બંધુત્વની પ્રેરણા જોઇએ. તે રીતે અહીં પણ એ સવાલ આવી જાય છે કે જે ઉત્પાદન થશે તે કોને સારુ થશે? મારા પાડોશી સારુ થશે. ઉત્પાદનમાં પાડોશીપણાની ભાવના. ઉત્પાદન તો હું કરું છું, પણ તે કરવાનો મને શોખ કેમ છે? કેમ કે હું જે ચીજ બનાવું છું તે બબલભાઈ પહેરવાના છે. જે બબલભાઈ બનાવે છે તે દાદા પહેરવાના છે. માટે આપણી સ્વયં-પૂર્ણતા કેવળ સ્વાવલંબી નહીં હોય, પરસ્પરાવલંબી હશે. એટલે કે એમને એકબીજાની અપેક્ષા હશે. કેવળ સ્વાવલંબી ક્ષેત્રોનું ચિત્રણ મેં પહેલાં એટલા સારુ કર્યું હતું કે બધાં ક્ષેત્રો એટલાં પરાવલંબી બની ગયાં હતાં કે કોઈમાં કાંઈ સામર્થ્ય નહોતું બચ્યું. પરસ્પરાવલંબી તો નહોતા રહ્યાં, પણ પરોપજીવી અને પરસ્પરોપજીવી બની ગયાં હતાં. આપણે પરસ્પરોપ-જીવી નહીં થઈએ. પરસ્પરોપજીવી એટલે કેટલીક બાબતમાં હું તમારી ઉપર જીવું છું અને કેટલીક બાબતમાં તમે મારી પર જીવતા હો.

આપણું સંયોજન કેવા પ્રકારનું થશે તે અંગે સંપૂર્ણ ચિત્ર આપણે કોઈ દિવસ પોતાની આગળ વિગતવાર મૂકવું પડશે. પણ એ વિગતનો પ્રશ્ન છે તેથી મેં તેને તમારી આગળ છેડ્યો નથી. મેં તમને માત્ર એટલું જ કહ્યું છે કે સમન્વયાત્મક સમાજ થશે. અને સમન્વયાત્મક સમાજમાં સહઉત્પાદન એકબીજાને સારુ થશે, દરેક જગાએ હરક્ષેત્રમાં સહઉત્પાદન પણ થશે. એની કક્ષાઓ અને એનાં પરિમાણ આપણે સૌ નક્કી કરી લેશું. એ તો સંયોજનનો વિષય છે. એ માત્ર તમારા મારા જેવાનો વિષય નથી.

## ૧૭૯. સ્પર્શભાવના

અને છેવટે મેં તમારી આગળ સ્પર્શભાવનાની વાત મૂકી હતી. સ્પર્શભાવનામાં જાતિનિરાકરણ અને અસ્પૃશ્યતા નિવારણ આવે છે. જાતિ-નિરાકરણ સારુ મેં તમને કહ્યું હતું કે જાતિ જન્મસિદ્ધ જ હોઈ શકે છે, કર્મસિદ્ધ નહીં. તેથી જાતિના નિરાકરણ સારુ જન્મગત ઉચ્ચતા અને નીચતાનું નિરાકરણ કરવું જોઈએ. જન્મગત ઉચ્ચતા અને નીચતાનું નિરાકરણ ક્યારે થાય? જ્યારે જન્મની પરિસ્થિતિમાં જ પરિવર્તન થાય ત્યારે. જન્મની પરિસ્થિતિનું નામ વિવાહ છે. તેથી મેં કહ્યું હતું કે સજાતીય

વિવાહ નિષિદ્ધ કરી દેવા પડશે. કેટલાક લોકોએ એનો અર્થ એવો કર્યો કે બળજબરીથી એકબીજી જાતમાં વિવાહ કરાવવામાં આવશે. પણ આમાં બળજબરી બિલકુલ નથી. માત્ર પથ્ય છે—પરેજી છે. આજની મર્યાદા શી છે? આજનું વિધાન (ધર્માજ્ઞા) શું છે? सवर्णां भार्यां उद्वहेत् असमानार्षगोत्रजाम्–સવર્ણ ભાર્યા સાથે વિવાહ કરો, પણ એનું અને તમારું ગોત્ર એક ન હોવું જોઈએ. સગોત્ર વિવાહનો નિષેધ છે, સવર્ણ વિવાહનું પ્રતિપાદન છે. હું એટલું જ કહું છું કે 'સગોત્ર વિવાહ'ને ઠેકાણે 'સજાતીય વિવાહ' મૂકી દો. બાકી તો તમારું બધું એમનું એમ છે જ—રુચિ પ્રમાણે. બાકી તમારે સારુ આખું ક્ષેત્ર પડેલું છે. તમે એમાં પસંદગી કરી શકો છો. રુચિનું ક્ષેત્ર હું મર્યાદિત નથી કરતો. માત્ર આજ સુધી જે સામાજિક મર્યાદા હતી તેને વધારું છું. અને એમ કહું છું કે જો જાતિભેદ નિરાકરણ કરવું હોય તો આટલું પગલું ભરવુ જોઈએ. ત્યાં સુધી અસ્પૃશ્યતાનું નિવારણ પૂર્ણ નહીં થાય.

પહેલાં તો આપણે આ બે પ્રશ્નોને જુદી જુદી ભૂમિકાના માન્યા હતા. ગાંધીએ માન્યા હતા, વિનોબાએ માન્યા હતા અને આપણી જે રાષ્ટ્રીય સંસ્થાઓ હતી—રાષ્ટ્રીયશાળાઓ વગેરે—તેણે પણ આને બે જુદી જુદી ભૂમિકાના સવાલ માન્યા હતા. અસ્પૃશ્યતા જ કેવળ સ્થૂળ સ્પર્શનો પ્રશ્ન માન્યો હતો, અને સહવિવાહ અને સહભોજનને ભિન્ન ભૂમિકાના પ્રશ્ન માન્યા હતા. ઘણા દિવસો સુધી અમારી એવી માન્યતા રહી પણ અનુભવથી અને વધુ ચિંતનથી અમે એ પરિણામે પહોંચ્યા કે આ ભિન્ન ભૂમિકાના પ્રશ્નો નથી, આ તો આ જ ભૂમિકાના પ્રશ્ન છે તેથી 'સ્પર્શભાવના' શબ્દ ત્યાં રાખ્યો. એટલે કે એક વિધાયક વ્રત આપણી આગળ મૂકી દીધું. આપણે કોઈ માણસને અશુદ્ધ ન માનીએ અને કોઈ માણસના લોહીને અશુદ્ધ ન માનીએ. દાખલા તરીકે ગોરો માણસ કાળા માણસના લોહીને અશુદ્ધ માને છે, એ પણ આપણે ન માનીએ. આટલે સુધી સ્પર્શભાવનાનો અર્થ જાય છે.

કેટલાક ધંધા એવા હોય છે જે બહુ ગંદા હોય છે. કેટલાક ધંધા એવા છે કે જેમાં બુદ્ધિનું કામ જ નથી કરવું પડતું. આ ધંધાઓ વિષે બે જ વાનાં થઈ શકે. આ ધંધાઓને વહેંચી દેવા જોઈએ. જેમ ગાંધીએ દરેકના હાથમાં ઝાડુ આપી દીધું. ભંગીની કોઈ જાતિ કે રોજગાર ન રહેવો જોઈએ. અને જો તમે એમ ન કરી શકો તો સાંકળ ખેંચતાંની સાથે

પાયખાના સાફ થવાં જોઈએ, ત્યાં યંત્રીકરણ કરવું જોઈએ. અને જે કેવળ મજૂરીના ધંધા છે એવા ધંધા પણ કાં બધા કરે અથવા એવા રોજગાર યંત્રોને સોંપી દેવામાં આવે. યંત્રીકરણથી બેકારી થતી હોય તો સૌએ એ કામ કરવું જોઈએ. ત્યારે આ ધંધાની ઉચ્ચનીચતા નીકળી જશે. જાતિ સાથે આ નીકળતી નથી. ધંધો બદલીએ તોય જાતિ એની એ રહે છે. એ આપણો આજનો અનુભવ છે.

*

૧૫

# રાષ્ટ્રીય આંદોલનનો ઇતિહાસ

☆


૧૮૦ આધુનિકતાનો પ્રથમ સ્પર્શ
૧૮૧ વહાબી આન્દોલન
૧૮૨ ૧૮૫૭
૧૮૩ વાસુદેવ બળવંત ફડકે
૧૮૪ પુનરુજ્જીવન આન્દોલન
૧૮૫ રાજા રામમોહન રૉય
૧૮૬ અનુકરણ પ્રવૃત્તિ
૧૮૭ અખિલ ભારતીય યાત્રા
૧૮૮ રાષ્ટ્રીય દુરભિમાન
૧૮૯ આર્ય સમાજ
૧૯૦ રામકૃષ્ણ પરમહંસ દેવ
૧૯૧ નવરાષ્ટ્રવાદ
૧૯૨ રાષ્ટ્રીય જીવનનો આરંભ
૧૯૩ ગાંધી યુગ
૧૯૪ ભૂદાનયજ્ઞ
૧૯૫ પ્રકરણ સાર

## ૧૮૦. આધુનિકતાનો પ્રથમ સ્પર્શ

ભારતમાં રાષ્ટ્રીય આન્દોલનનો વિકાસ જે રીતે થયો તે અંગે હું તમને આટલા થોડા વખતમાં જેટલું કહેવાશે તેટલું કહીશ. વિષય કાંઈક વ્યાપક છે અને એમ તો કાલ પરમ દિવસથી મને કહેવામાં આવ્યું હતું, અને પહેલાં પણ લખવામાં આવ્યું હતું, છતાં હાલમાં ઘણા દિવસોથી આ અંગે ચિંતન નથી કર્યું. જ્યારથી અંગ્રેજી રાજ ગયું અને આપણો દેશ સ્વતંત્ર થયો, ત્યારથી આ અંગે ખાસ વિચારવાની જરૂર ઊભી નથી થઈ. તેથી આ સિંહાવલોકનમાં કેટલાક અનુલ્લેખના દોષ રહી જાય એમ બને. તેથી આપ એમ ન સમજશો કે જેમનો ઉલ્લેખ નથી થયો તેમનું રાષ્ટ્રીય આન્દોલનના વિકાસમાં કાંઈ સ્થાન નથી, અથવા તેમણે કાંઈ ભાગ નથી લીધો.

અંગ્રેજો જ્યારથી આ દેશમાં આવ્યા ત્યારથી એક નવી સંસ્કૃતિનો આરંભ થયો. અંગ્રેજોના આવતાં પહેલાં આધુનિકતાનો સ્પર્શ આપણા દેશને થયો નહોતો. એનો અર્થ એમ નહીં કે આ દેશનો સંબંધ બીજા દેશો જોડે નહોતો. બીજા દેશો જોડે સંબંધ હતો, આક્રમણ પણ થતાં રહેતાં. જે વિદેશીઓ અહીં આવતા તેમની જોડે પણ આપણો સંબંધ બંધાતો. એ પૈકી જે અહીં રહી જતા તે અહીંના થઈ જતા. છતાં જેને આધુનિક સંસ્કૃતિ અથવા અર્વાચીન સભ્યતા કહે છે. તેનો સ્પર્શ આ દેશને અંગ્રેજોના આવ્યા પછી જ થયો. અંગ્રેજો જ્યારથી અહીં આવ્યા ત્યારથી બે પ્રકારની પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ.

એક પ્રવૃત્તિ તો એવી શરૂ થઈ કે આ દેશને જે આધુનિકતાનો સ્પર્શ થયો હતો તેનાથી એનું સંરક્ષણ કરવું અને પ્રાચીન સંસ્કૃતિનું આ દેશમાં પુનરુજ્જીવન કરવું. અંગ્રેજોની સત્તા આ દેશમાંથી ખતમ કરવામાં આવે, પણ એની જગાએ લોકસત્તાની સ્થાપનાની કલ્પના નહોતી. એના પહેલાં જે સત્તાઓ હતી તે પાછી આવે, અને માત્ર અંગ્રેજોની સત્તા આ દેશમાંથી નષ્ટ થાય એવી બીજી પ્રવૃત્તિ શરૂ થઈ.

બંનેને એવી ખાતરી હોય કે હથિયાર વિના અંગ્રેજ જઈ ન શકે એ તો સ્વાભાવિક હતું. શસ્ત્ર વિના પણ કાંઈ પ્રતિકાર થઈ શકે છે એ તો આ બેમાંથી કોઇ વિચારી પણ નહોતું શકતું. તેથી જેને આપણે શરૂઆતનું

રાષ્ટ્રીય આંદોલન કહીએ છીએ તે શસ્ત્રક્રાંતિના પ્રયત્નનું જ હતું. આમાં કેટલાય પ્રકારના લોકો હતા. કઈ કઈ પ્રવૃત્તિના હતા તે બધું કહેવું અહીં જરૂરી નથી. માત્ર બે ઘટનાઓનો ઉલ્લેખ કરું છું.

## ૧૮૧. વહાબી આંદોલન

એક, શસ્ત્રક્રાંતિનો વહાબી મુસલમાનોનો પ્રયત્ન અને બીજું ૧૮૫૭નું આંદોલન કહો કે શસ્ત્રક્રાંતિ કહો કે શસ્ત્રયુદ્ધ કહો, જે કહો તે. આ બે ઘટનાઓનો હું માત્ર તમારી આગળ ઉલ્લેખ કરું છું.

વહાબીઓનું આંદોલન કેવી રીતે શરૂ થયું, કોણે શરૂ કર્યું, વહાબી પંથ શું છે, એ બધું છોડીને માત્ર એક વાત તમારી આગળ મૂકું છું કે એનો એક નેતા અહમદશાહ નામનો હતો. તેણે ૧૮૨૩માં સિખોની વિરુદ્ધ જેહાદ શરૂ કરી. એણે કહ્યું કે મુસલમાનોએ બિન-મુસ્લિમ રાજ્યોમાં ન રહેવું જોઈએ. બિન-મુસ્લિમ રાજમાં મુસલમાનોનું રહેવું હરામ છે. આપણે આને રાષ્ટ્રીય આન્દોલન માન્યું અને રાષ્ટ્રીય આન્દોલનના ઇતિહાસમાં કોઈ કોઈ વાર એનો ઉલ્લેખ આવી જાય છે, પણ અસલમાં એની પાછળ કઈ ભાવના હતી તે આપણે ભૂલવું ન જોઈએ. ૧૮૬૬ કે '૬૭ માં—કયે વર્ષે તે મને યાદ નથી—આ જ વહાબી પંથનો એક અમીરખાં નામનો નેતા થયો જેણે અંગ્રેજોની વિરુદ્ધ એક કાવતરું કર્યું. તે પકડાયો. એનો ખટલો ચાલ્યો. એન્સ્ટી નામના એક અંગ્રેજ બૅરિસ્ટરે એના બચાવમાં ભાષણ કર્યું. તે ભાષણ આ દેશમાં એટલું ફેલાયું કે એ જમાનાના વિદ્યાર્થીઓ અને યુવાનો તેને મોઢે કરતા. પણ આ બંને આન્દોલનોની પાછળ ઉદ્દેશ એટલો જ હતો કે બિન-મુસ્લિમ રાજમાં મુસલમાનોથી ન રહેવાય.

## ૧૮૨. ૧૮૫૭

આ જ પ્રકારનું બીજું આન્દોલન—જેટલા હિન્દુ આન્દોલન કરનાર હતા તેમનું—વર્ણાશ્રમ સ્વરાજ્યવાદી હતું એટલે કે એ લોકો એમ ઇચ્છતા હતા કે અહીંની જે પ્રાચીન વ્યવસ્થા છે તે જ ચાલુ રહે. એમાં કોઈ પ્રકારે વાંધો ન આવે. તેઓ પ્રાચીન વ્યવસ્થાના અભિભાવક હતા. તેથી ૧૮૫૭માં જેને આપણે સ્વાતંત્ર્ય યુદ્ધ કહીએ છીએ તેમાં એકે કહ્યું કે કારતૂસમાં ગાયની ચરબી લગાડેલી છે અને બીજાએ કહ્યું કે ડુક્કરની ચરબી છે. આમ સિપાઈઓમાં બળવો થયો. એમાં નાનાસાહેબ પેશવા, દિલ્લીનો બાદશાહ

અને ઝાંસીની રાણી એ ત્રણેયે ભાગ લીધો. એ ત્રણેમાંથી કોઈની એવી ઇચ્છા નહોતી કે આ દેશમાં જનતાનું રાજ થાય, આ દેશમાં લોકસત્તાની સ્થાપના થાય.

## ૧૮૩. વાસુદેવ બળવંત ફડકે

શસ્ત્ર ક્રાંતિકારીઓમાં સૌથી પહેલો પ્રજાસત્તાક રાજ કે લોકસત્તાક રાજની વાત કરનાર વાસુદેવ બળવંત ફડકે થયો. એ વિનોબાના ગામની પાસે પનવેલ તાલુકામાં શિરધોન નામના ગામમાં પેદા થયો, અને ૧૮૬૯ થી ૧૮૭૯ સુધી એણે ઘણી જાતની સશસ્ત્ર ક્રાંતિના પ્રયત્નો કર્યા. જનતાએ એને સાથ ન આપ્યો. સરકાર તો વિરુદ્ધ હતી જ. મોટાં મોટાં શહેરો અને ગામોના લોકોએ પણ સાથ ન આપ્યો. ભીલ અને રામોશી એટલે કે જેને તમે ગુનેગાર જાતિઓ કહો છો, તેમણે એને સાથ આપ્યો. પણ એણે પ્રતિજ્ઞા કરી હતી કે હું આ રીતે તાર તોડી નાખીશ, રેલ બંધ પાડીશ, આમની કચેરીઓ અને પોસ્ટ ઑફિસો બાળી નાખીશ, પણ આ બધું એટલા માટે કે આગળ જતાં આ દેશમાં નાનાં પ્રજાસત્તાક રાજ્યો સ્થાપિત કરીશ. આવી પ્રતિજ્ઞા જૂના ક્રાંતિકારીઓમાં માત્ર વાસુદેવ બળવંત ફડકેએ કરી.

## ૧૮૪. પુનરુજ્જીવન આંદોલન

એક આ પ્રવાહ ચાલતો હતો. બીજો મેં તમને કહ્યું તેમ, ધાર્મિક પુનરુજ્જીવનનો પ્રયાસ થઈ રહ્યો હતો. એટલામાં અંગ્રેજો પાસેથી કશુંક શીખવાનું આન્દોલન આ દેશમાં શરૂ થયું. અંગ્રેજી સભ્યતા, જેને આપણે પશ્ચિમની સભ્યતા કહેતા હતા અને જેને મેં આધુનિક સભ્યતા કહી છે, તેના સત્કાર અને સ્વીકારનું આન્દોલન શરૂ થયું, પણ આ અનુકરણમાં કેવળ અનુકરણ નહોતું. એટલે કે હિન્દુસ્તાનના લોકોને ફક્ત પ્રતિયુરોપીઅન બનાવવાનું આન્દોલન નહોતું. એ તત્ત્વોને લઈ ને, એ સિદ્ધાંતોને લઈ ને આ દેશમાં એક નવું પુનરુજ્જીવન કરવાનું આન્દોલન શરૂ થયું.

## ૧૮૫. રાજા રામમોહન રૉય

આ આન્દોલનનો સૌથી મોટો પ્રવર્તક હતો રાજા રામમોહન રૉય. એ ભારે તગડો, ભારે જબરો માણસ હતો. એને આધુનિક ભારતનો પિતા કહે છે, રાષ્ટ્રીયતાનો એ પેગંબર કહેવાય છે. એણે બહુ મોટી હિમ્મત કરી. એમ શા ઉપરથી કહું છું ? એ ઇંગ્લૅંડ ગયો અને વિક્ટોરિયા રાણીને કહ્યું કે ભારતમાં અંગ્રેજી શિક્ષણ શરૂ થવું જોઈએ. એક બાજુ

મેકોલે હતો, કે જે કહેતો હતો કે અંગ્રેજી શિક્ષણ શરૂ થવું જોઈએ. અને એણે શું લખ્યું છે? કે આ લોકોની પાસે શું છે? એમના ઇતિહાસમાં તો એક રાજા એવો થઈ ગયો કે જે બબ્બે હજાર ફીટ ઊંચો હોય, અને તે એક હજાર વરસ જીવ્યો. અને એમની ભૂગોળ તો દહીં-દૂધ અને માખણના સમુદ્રોની અને મધની નદીઓની છે! આમના સાહિત્યમાં, એમના ઇતિહાસમાં દાટ્યું છે શું? તેથી તેમને અંગ્રેજી શિક્ષણ આપવું જોઈએ. આમ મેકોલેનું કહેવું હતું. એણે જે Minutes on Education લખી છે તેનો સારાંશ હું તમારી આગળ મૂકું છું.

આ બાજુ રાજા રામમોહન રોય વેદ-ઉપનિષદ બધું જાણતો હતો. કુરાન એણે શીખી લીધું હતું, બાઇબલનો અભ્યાસ એણે મિશનરી લોકોની પાસે બેસી કર્યો હતો. આ દેશમાં સમાચારપત્ર પહેલવહેલું કાઢવાની કોશિષ રાજા રામમોહન રોયે જ કરી. વિધવાવિવાહ સારુ અને સતિપ્રથાની વિરુદ્ધ આન્દોલન શરૂ કર્યું. આ સંબંધી જે કાયદા બન્યા તે રાજા રામમોહન રોયના પ્રયત્નથી થયા. એણે ૧૮૨૮માં બ્રહ્મસમાજની સ્થાપના કરી. બ્રહ્મસમાજની સ્થાપના એટલા સારુ કરી કે અંગ્રેજોના સમાજમાં જેટલી સારી વસ્તુઓ હતી, તેટલી ખરું જોતાં આપણી સંસ્કૃતિમાં પહેલેથી હતી. લોકો નાહકના ખ્રિસ્તી બનતા હતા. ખ્રિસ્તી બનવાની કશી જરૂર નથી. લોકો આજે જેને સારુ ખ્રિસ્તી બને છે તે સર્વ ખૂબીઓ, સર્વ વિશેષતાઓ, આપણી સંસ્કૃતિ અને ધર્મમાં પહેલેથી જ છે. આમ સત્કાર અને સ્વીકારની સાથે, પુનરુજ્જીવનના પ્રયાસ રાજા રામમોહન રોયે કર્યો. થોડુંઘણું અનુકરણ, ઘણો સ્વીકાર અને સત્કાર, પણ ખ્રિસ્તી બનવાની પ્રવૃત્તિમાં એ આડો આવ્યો અને પુનરુજ્જીવન તરફ લોકોને વાળ્યા. આધુનિકતાનો સ્વીકાર કરતાં છતાં લોકો પુનરુજ્જીવન તરફ વળ્યા. જમાનો એવો હતો કે ખ્રિસ્તીઓની ખૂબ છાપ હતી, બાઈબલનું જ અધ્યયન થતું, અને બ્રહ્મસમાજના એક બહુ મોટા નેતા કેશવ ચંદ્ર સેન, જેમનાં વ્યાખ્યાનો સાંભળી લોકો હાલી ઊઠતા તેમણે કહ્યું હતું "આ દેશનો ઉદ્ધાર કરશે— None but Christ—ખ્રિસ્ત સિવાય બીજો કોઈ નહીં. આમ બ્રહ્મસમાજની સ્થાપના થઈ. બ્રહ્મસમાજની સાથે સાથે સામુદાયિક પ્રાર્થના આવી. સામુદાયિક પ્રાર્થના: કોઈ મૂર્તિ નહીં, કોઈ દેવતા નહીં, પુરાણો માટે કાંઈ સ્થાન નહીં. આ લોકો પ્રાર્થનાઓ અને મંત્રો સારુ ઉપનિષદો અને વેદોમાંથી આધાર લેતા.

પંજાબમાં આ જ કાળે એક દેવસમાજ સ્થાપિત થયો, પણ તે પાંગર્યો નહીં, તેથી હું એને છોડી દઉં છું.

બ્રહ્મસમાજ જેવો જ આ બાજુ મુંબઈમાં પ્રાર્થનાસમાજ થયો. એ જમાનામાં મુંબઈનો અર્થ થતો હતો સિંધથી માંડીને કર્ણાટક સુધી. ત્યારે મુંબઈના પારસી, ગુજરાતી, મરાઠી અને સિંધી એટલા બધા નેતા થયા. એમણે મળી પ્રાર્થનાસમાજની સ્થાપના કરી. ૧૮૬૩માં, જેમાં રાનડે, ચંદાવરકર અને ભાંડારકાર મુખ્ય હતા. એને આપણે રાજા રામમોહન રોયના બ્રહ્મસમાજનું મુંબઈનું સંસ્કરણ કહી શકીએ. સિદ્ધાન્ત એ જ હતા, પૂજાપદ્ધતિ, પ્રાર્થનાપદ્ધતિ એ જ હતી. આ લોકોએ મુખ્ય કામ એ કર્યું કે લોકોને ખ્રિસ્તી બનતા અટકાવ્યા, આધુનિકતાનો સ્વીકાર કર્યો, અને ભારતવર્ષમાં સ્વદેશાભિમાનહીનતાનું જે મોજું આવ્યું હતું તેને એક અંશે ઓછું કર્યું અને પુનરુજ્જીવન તરફ વાળ્યું. પણ એમાં અનુકરણનો અંશ વધારે હતો. અનુકરણ કરો, ધાર્મિક-સાંસ્કૃતિક અનુકરણ કરો, ત્યારે અહીં અર્વાચીનતા અને આધુનિકતા આવશે. આ અનુકરણની આપણા રાજકારણ અને રાજનૈતિક આન્દોલન પર પણ ઘણી મોટી અસર પડી. તમે જાણો છો કે કોંગ્રેસનો જનક એલન ઑક્ટોવિયન હ્યૂમ કહેવાય છે, તે એક અંગ્રેજ સિવિલ સર્વિસમાં હતો. અને વ્યોમેશ ચંદ્ર બેનર્જી જેનું વર્ણન એમના જીવન-ચરિત્ર-લેખક આવું કરે છે કે તમને સાંભળીને આશ્ચર્ય થશે. શું વર્ણન કરે છે? “He was every inch an Englishman from the waving of his hand to the lighting of his cigar.”—એનું તસુએ તસુ અંગ્રેજ બની ગયું હતું, એટલે કે એ બીડી-સિગરેટ સળગાવતો તો અંગ્રેજોની માફક અને હાથનો અભિનય કરતો તો તે પણ અંગ્રેજોની માફક. આમ એ અંગ્રેજ હલનચલન, રૂપરંગ અને ઢબછબનું અનુકરણ કરવામાં સફળ થયો હતો.

## ૧૮૬. અનુકરણ પ્રવૃત્તિ

આપણાં શિક્ષણ અને રાજકારણ—બધાં ક્ષેત્રોમાં આમ અનુકરણનો વાયરો વાયો. આ વાયરો બહુ વધ્યો ત્યારે બીજી જાતની પ્રવૃત્તિ આપણા દેશમાં શરૂ થઈ. પણ આ અનુકરણનો ક્રમ લગાતાર વધવા લાગ્યો. શિક્ષણના ક્ષેત્રમાં મુસલમાનોમાં, સૈયદ અહમદ ખાં, જે ભારતવર્ષના આધુનિક મુસ્લિમ જીવનના જનક, આદ્યપ્રણેતા કહેવાય છે, જેઓ અલીગઢની મુસ્લિમ વિદ્યાપીઠના સંસ્થાપક અને મુસ્લિમ એજુકેશનલ કોન્ફરન્સના સંયોજક હતા,

તેમણે ૧૮૮૬થી ૧૮૮૮ સુધી મુસ્લિમોમાં અંગ્રેજી શિક્ષણ થાય તેને સારુ ઘણું આન્દોલન કર્યું. કેમ ? હિન્દુ અંગ્રેજી શિક્ષણ લેવા લાગ્યા હતા અને અંગ્રેજી શિક્ષણ લઈને આગળ વધવા લાગ્યા હતા, મુસલમાન પાછળ પડી ગયા હતા. એમણે અંગ્રેજી શિક્ષણ એટલું નહોતું લીધું. તેથી હિન્દુઓની હારોહાર મુસલમાનોને લાવવા સારુ મુસલમાનોમાં અંગ્રેજી શિક્ષણનો આરંભ થયો. આપણા દેશમાં આન્તરપ્રાન્તીય જીવનનો આરંભ અંગ્રેજી ભાષાથી આ લૌકિક સ્તર પર થયો. અંગ્રેજોના આવતાં પહેલાં The Citizen of India—ભારત વર્ષનો નાગરિક નામનું કોઈ પ્રાણી દુનિયામાં નહોતું. લી વૉર્નર અને બીજા અંગ્રેજોએ The Citizen of India નામની ચોપડી સૌથી પહેલાં લખી. પણ અખિલ ભારતીય નાગરિક કઈ ભાષામાં થાય એ પ્રશ્ન હતો.

## ૧૮૭. અખિલ ભારતીય યાત્રા

ધર્મના સવાલોને સારુ, તીર્થક્ષેત્રોના સવાલોને સારુ, દ્વૈત-અદ્વૈત-વિશિષ્ટાદ્વૈત જેવા સિદ્ધાન્તો સારુ આ દેશમાં પહેલાં અખિલ ભારતીય યાત્રાઓ થઈ હતી. પણ કોઈ લૌકિક પ્રશ્ન સારુ અખિલ ભારત યાત્રા સૌથી પહેલાં થઈ ૧૮૭૧માં અને તે સુરેન્દ્રનાથ બેનરજીએ કરી, અલબત્ત અંગ્રેજી ભાષામાં કરી. હવે, પ્રશ્ન શું હતો ? પ્રશ્ન એ હતો કે સિવિલ સર્વિસમાં ૨૦ વરસના યુવકને જ લેવામાં આવે છે તેને બદલે તેની ઉમ્મર ૨૩ વરસની કરવામાં આવે, કારણ આપણે ત્યાં છોકરાઓ કાંઈક મોડેથી પાસ થાય છે. આ અખિલ ભારતીય સમસ્યા હતી ! અને એને સારુ એમની સૌથી પહેલી અખિલ ભારતીય યાત્રા થઈ, જ્યાંથી આપણી રાષ્ટ્રીય જાગૃતિનો આરંભ થાય છે. એ પહેલાં આન્તરપ્રાન્તીય સ્તર પર અખિલ ભારતમાં લોકોને જગાડવાનો પ્રયાસ બીજા કોઈએ નહોતો કર્યો. તેથી મેં તમારી આગળ સંક્ષેપમાં આ પ્રયાસોનો ઉલ્લેખ કરી દીધો છે.

આ બાજુ રામમોહન રોયે જે કામ પોતાના સમાજમાં કર્યું તે જ કામ મુસ્લિમ સમાજમાં કરવા સારુ સૈયદ અહમદ ખાંએ અલીગઢમાં કૉલેજની સ્થાપના કરી અને આગળ જતાં એમની મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના પણ થઈ. એ જ ટાણે આખા દેશમાં આંતરપ્રાન્તીય સ્તર પર આંદોલન કરવાનો યત્ન સુરેન્દ્રનાથ બેનરજીએ કર્યો. આ કાળે દેશમાં સંસ્થાઓ ઘણી સ્થપાઈ ચૂકી હતી—રાજનૈતિક સંસ્થાઓ જે પોતપોતાની ઢબે કામ કરતી.

એ કઈ કઈ સંસ્થાઓ, એના અધ્વર્યુ કોણ કોણ હતા ? આ બધો વિગતોનો ઇતિહાસ છે, એને આપણે અહીં છોડી દઈએ.

૧૮૫૭ થી ૧૮૯૦ સુધીનો આ જે સમય છે, તે વખતે ઘણી સંસ્થાઓ સ્થપાઇ. અખિલ ભારતીય આંદોલનના પ્રયાસ થયા અને એ જ વખતે વાસુદેવ બળવંત ફડકે અને બીજા લોકોએ સશસ્ત્ર ક્રાંતિના પ્રયાસ પણ કર્યા. દરમિયાન અહીંના ભણેલાગણેલા લોકોને રાજનૈતિક આંદોલનમાંયે આધુનિકતાનો પ્રયાસ થવાની જરૂર જણાઈ. આપણને અહીં અંગ્રેજોના નમૂનાનું સ્વરાજ જોઈએ, જે જાતનું સ્વરાજ ઇંગ્લૅંડમાં છે, ફ્રાન્સની રાજ્યક્રાંતિ પછી ફ્રાન્સમાં અને અમેરિકામાં જે પ્રકારનું સ્વરાજ આવ્યું, અને જે પ્રકારના સ્વરાજનો પ્રયત્ન મૅઝિનીએ ઇટલીમાં કર્યો તેવું સ્વરાજ આપણને જોઈએ. એ દિવસોમાં અહીં મૅઝિની બહુ વાંચવામાં આવતો અને અંગ્રેજી સાહિત્યકારોની જેમ આપણા વિચારો પર અસર પડી તેમ મૅઝિનીની પણ ઘણી અસર પડી. એ દેશોના ઇતિહાસથી અહીં પણ એક આકાંક્ષા પેદા થઈ કે તે પ્રકારનું સ્વરાજ આપણા દેશમાંયે સ્થપાય. આ ઉદ્દેશથી ૧૮૮૫માં કૉંગ્રેસની સ્થાપના લોકોએ કરી.

સશસ્ત્ર ક્રાંતિઓમાં વાસુદેવ બળવંત ફડકેને જો બાદ કરીએ તો જનતાનું રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન કોઇએ કર્યો જ નહોતો. પાછલાં જે આંદોલનો હતાં તે ધાર્મિક અને સાંસ્કૃતિક પુનરુજ્જીવનનાં આંદોલન હતાં.

## ૧૮૮. રાષ્ટ્રીય દુરભિમાન

તે પછી લોકોને કાંઈક એવો અનુભવ થવા લાગ્યો કે જેને આપણે chauvinism-રાષ્ટ્રીય દુરભિમાન કહીએ છીએ. આ દેશમાં જે છે તેવું દુનિયામાં બીજે ક્યાંય નથી. ભગવાને ભારતવર્ષને જ પોતાની સૌથી પવિત્ર ભૂમિ માન્યો છે. दुर्लभं भारते जन्म । मानुषं तत्र दुर्लभम् । ભારતવર્ષમાં જન્મ લેવો એ જ દુર્લભ છે, તેમાં માણસનો જન્મ લેવો એ વધુ દુર્લભ છે. એટલે કે ડુક્કર કે ગધેડાં બનીને જન્મ્યા હોઇએ તો એ પણ દુર્લભ છે ! આવી જાતની એક ભાવના આ દેશમાં ફેલાઇ રહી હતી ત્યારે રાજા રામમોહન રૉય આવ્યા. એમના આવ્યા પછી અનુકરણનું એક મોજું આવી ગયું. અંગ્રેજોની માફક ખાઓ, અંગ્રેજોની માફક પીઓ, અંગ્રેજોની માફક રહો, અંગ્રેજોની માફક નાચો. એવી જાતનું એક મોજું આવ્યું એનો પ્રતિકાર કરવાનો હતો.

## ૧૮૯. આર્ય સમાજ

એનો પ્રતિકાર કરવા દયાનંદ સરસ્વતીએ ૧૮૭૬માં આર્ય સમાજની સ્થાપના કરી. હવે આ ઘડિયાળનું લોલક સાવ બીજી બાજુ ચાલ્યું ગયું. એટલે સુધી કે એમ કહેવા લાગ્યા કે ભારતવર્ષમાં ન બને એવી કોઈ ચીજ જ નથી. 'વિજ્ઞાન?' 'હા, આપણે ત્યાં હતું અને આજે પણ છે. ભારતમાં નહોતું એવું તમારે ત્યાં પશ્ચિમમાં છે જ ક્યાં? ભારતવર્ષમાં બધું જ છે અને આ જે જર્મની, ઇંગ્લંડ, ફ્રાન્સ વગેરેની ઉન્નતિ થઈ છે તે તો આપણે ત્યાંથી વેદ અને પુરાણ ચોરીને લઈ ગયા હતા, તેમાંથી શીખી શીખીને પ્રગતિ કરી છે. એટલે ફરી એક રાષ્ટ્રીય દુરભિમાનનું મોજું પેદા થયું. વિજ્ઞાન અહીં હતું, સંસ્કૃતિ અહીંથી જ આખી દુનિયામાં ગઈ. સાહિત્ય અહીં સૌથી પહેલાં પેદા થયું અને મનુષ્યે ભારતવર્ષમાં જ સૌથી પહેલાં બોલવાનું શરુ કર્યું. આમ રાષ્ટ્રીય સ્વાભિમાન જગાડવા સારુ ૧૮૭૬માં એક બીજું આન્દોલન શરૂ થયું અને એની મુખ્ય ભાષા હિન્દી થઈ, સંસ્કૃત નહીં. સ્વામી દયાનંદ સરસ્વતીએ હિન્દીને પોતાના આર્ય સમાજની મુખ્ય ભાષા માની.

હવે એક એવા આન્દોલનની આવશ્યકતા ઊભી થઈ જે ફરી આપણા સ્વાભિમાનને જાગ્રત રાખતાં છતાં આધુનિકતાનો વિકાસ કરતું હોય. તો સ્વામી દયાનંદ સરસ્વતીએ ૧૮૭૯માં અમેરિકાથી થિયોસોફિકલ સોસાયટી અહીં બોલાવી. ઐતિહાસિક ઘટના એવી છે. પાછળથી તો થિયોસોફિકલ સોસાયટી અને આર્ય સમાજનો બહુ ઝઘડો થયો પણ થિયોસોફિકલ સોસાયટીને આ દેશમાં આવવાનું નિમંત્રણ સ્વામી દયાનંદ સરસ્વતીએ આપ્યું. તે ન્યૂયોર્કમાં ૧૮૭૫માં સ્થપાઈ હતી. ત્યાંથી સ્વામી દયાનંદના તેડાંને લીધે ૧૮૯૯માં આ દેશમાં આવી અને થિયોસોફિકલ સોસાયટીએ એ કહ્યું કે ધર્મના દૃષ્ટિએ ભારતવર્ષ આખી દુનિયાનો ગુરુ છે, બધા ધર્મોના જે સારાં તત્ત્વો છે એનો સંગ્રહ થઈ શકે છે, અધ્યયન થઈ શકે છે. બધા ધર્મનાં સારાં તત્ત્વોનો સંગ્રહ અને અધ્યયન કરી માણસ પોતાને સારો આધ્યાત્મિક પુરુષ બનાવી શકે છે, એ થિયોસોફિકલ સોસાયટીએ અહીંના લોકોને કહ્યું. અને એની સાથે સાથે થોડું રાષ્ટ્રીય સ્વાભિમાન પણ જાગૃત કર્યું કે હિન્દુઓની પદ્ધતિમાં કોઈ બૂરાઈ નથી. સનાતન હિન્દુ ધર્મનાં પુસ્તકો થિયોસોફિકલ કોલેજોમાં ચલાવ્યાં અને એ પુસ્તકોમાં—નાનપણમાં હું કોઈ કોઈ વાર વાંચતો, એમાં—ક્યાંક લખ્યું છે કે રેશમની વસ્તુ પહેરીને

ભોજન કરવાથી વીજળી પેદા થાય છે તેથી પાચનક્રિયામાં મદદ મળે છે. આમ કાંઈક વૈજ્ઞાનિકતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને અહીંની ઘણીખરી વાતોનું સમર્થન કરવાનો પ્રયત્ન થયો. પણ એમાંથી જે મુખ્ય વાત આપણે સમજવાની છે, તે એ કે આધુનિક સંસ્કૃતિ અને પૌરાણિક સંસ્કૃતિનો જે વિરોધ હતો, તેને ઘટાડવાનો પ્રયત્ન થયો. આ લોકોએ પહેલાં એ ભૂમિકા બાંધી કે આ દેશમાં જેટલા ધર્મ છે, તે સર્વ ધર્મોનું અધ્યયન થઈ શકે છે અને એ બધાં સાથે રહી પણ શકે છે. સમન્વય સુધી તો એ લોકો ન આવ્યા, પણ બધા ધર્મો સાથે સાથે રહી શકે છે, અને સૌનું સાથે સાથે અધ્યયન થઈ શકે છે એમ કહ્યું. થિયોસોફિકલ સોસાયટી આપણા વિચારોને અહીં સુધી લાવી. દરમ્યાન ૧૮૩૬ની આસપાસ ગદાધર ચક્રવર્તીનો જન્મ થયો અને તેઓ આગળ જતાં રામકૃષ્ણ પરમહંસ દેવને નામે પ્રસિદ્ધ થયા. અને તમને એ તો ખબર હશે જ કે દયાનંદ સ્વામી તો અહીંના જ મોરબી (પાસે ટંકારા)ના મૂળશંકર ત્રિવેદી હતા.

## ૧૯૦. રામકૃષ્ણ પરમહંસ દેવ

રામકૃષ્ણ પરમહંસે બે વાતો આ દેશને આપી. એક તો કાળિની ઉપાસના. એ કાળિની ઉપાસનાને આપણે આગળ ઉપર માતૃભૂમિની ઉપાસનામાં ફેરવી નાખી.

त्वमेव दुर्गा दशप्रहर्णधारिणी ।
कमला कमलदलविहारिणी ॥

એ કાંઈ રામકૃષ્ણ પરમહંસની કાળિ નહોતી, એ તો આપણી કાળિ હતી જે અંગ્રેજોને મારવા સારુ દોડી હતી. એ કાળિને આપણે માતૃભૂમિની ઉપાસનામાં પરિણત કરી. બંગાળમાં જેટલા સશસ્ત્ર ક્રાંતિકારી હતા તે પોતાને કાળિમાતાના પુત્ર માનતા. એક હાથમાં બૉંબ અને બીજા હાથમાં ભગવદ્ગીતા. તેથી એ જમાનામાં જેટલા અંગ્રેજોએ પુસ્તકો લખ્યાં છે તેમાં ગભરાઈને લખ્યું છે કે ભગવદ્ગીતા બહુ ભયંકર પુસ્તક છે! એણે તો શીખવ્યું છે કે બીજાને મારવાથી પાપ નથી લાગતું. અને અનાસક્તિપૂર્વક ખૂન કરી શકાય. નેવિન્સન ચિરોલ વગેરે જેટલા લેખકો એ કાળે થયા તેમણે સૌએ એ વાત પર ભાર દીધો છે કે આ Cult of the Kali, Cult of the Mother, કાળિની ઉપાસના છે, તેમાંથી સશસ્ત્ર ક્રાંતિનો પ્રયત્ન થયો છે અને રામકૃષ્ણ

પરમહંસ દેવ એમાં કારણ હતા. પણ આ આક્ષેપ નિરાધાર છે. રામકૃષ્ણ પરમહંસ દેવે આ દેશમાં સાંસ્કૃતિક અને ધાર્મિક સામંજસ્યનું સૌથી મોટું પગલું ભર્યું. પોતાના જીવનમાં સર્વ ધર્મોના કર્મકાંડનું પણ અનુષ્ઠાન કર્યું, માત્ર સિદ્ધાંતોનું નહીં. સર્વ ધર્મોના કર્મકાંડોનું પ્રત્યક્ષ આચરણ કર્યા પછી એમણે એ સિદ્ધ કર્યું કે સર્વ ધર્મો ભગવાનની તરફ લઈ જનારા છે. રામકૃષ્ણ પરમહંસે આ સૌથી મોટી વાત કરી. એક વ્યક્તિએ પોતાના જીવનમાં બધા ધર્મોની સત્યતા સાબિત કરી કે બધા ધર્મો સત્ય છે, કોઈ પણ ધર્મના અનુષ્ઠાનથી માણસ ભગવાન સુધી પહોંચી શકે છે. તમે જાણો છો કે રામકૃષ્ણ પરમહંસ દેવની સાથે સ્વામી વિવેકાનંદ આવ્યા. વિવેકાનંદ ને રોમાં રોલાંએ હિન્દુ ધર્મનો નેપોલિયન કહ્યો છે. તેણે એક રીતે હિન્દુ ધર્મનો દિગ્વિજય કરાવ્યો, અને એક સ્વાભિમાનની માત્રા આ દેશમાં પેદા કરી. રામકૃષ્ણ પરમહંસ દેવે જે સામંજસ્યનું કામ કર્યું તેનું પરિણામ બધાં ક્ષેત્રોમાં આવ્યું. બ્રહ્મસમાજમાં દેવેન્દ્રનાથ ઠાકુર પછી પુનરુજ્જીવનની પ્રવૃત્તિમાં અંતર પડતું ગયું, રાષ્ટ્રીયતાનો વિકાસ થતો ગયો અને રવીન્દ્રનાથ ઠાકુરમાં રામકૃષ્ણ પરમહંસ દેવની વ્યાપક દૃષ્ટિ અને રાષ્ટ્રીય સ્વાભિમાન એ બંનેનો સુંદર સંયોગ થયો. તેથી રવીન્દ્રનાથ ઠાકુરનાં કાવ્યોમાં અને તે જમાનાના સાહિત્યમાં એક નવા ભારતવર્ષનું દર્શન લોકોને થવા લાગ્યું.

## ૧૯૧. નવરાષ્ટ્રવાદ

આ બાજુ આ પ્રવૃત્તિઓ ચાલી અને અહીં રાજનીતિમાં લોકોએ એ જોયું કે ધાર્મિક પુનરુજ્જીવનમાં આધુનિકતાના સ્વાગતનું જે મોજું આવ્યું હતું તેને લીધે અંગ્રેજી રાજ્યની વિરુદ્ધ કોઈ જાતનું આન્દોલન નહોતું થતું. એ જમાનામાં બે જાતના લોકો પેદા થયા. એક, મહારાષ્ટ્રમાં બાલ ગંગાધર તિલક અને બંગાળમાં બિપિન ચંદ્ર પાલ, અરવિંદ ઘોષ અને બ્રહ્મબાંધવ ઉપાધ્યાય. ઉપાધ્યાય અને પાલ આ સૌમાં પહેલાના છે, લોકમાન્ય તિલક કરતાં ઘણા પહેલાના. લોકમાન્ય તિલકે ૧૮૯૩માં અને ૧૮૯૪માં ગણેશ ઉત્સવ અને શિવાજી ઉત્સવ એ બે ઉત્સવો શરૂ કર્યા. એ કેમ શરૂ કર્યા? જનતામાં જાગૃતિ નહોતી. અને આ દેશમાં જે કાંઈ રાજનૈતિક કામ કરવું હોય તે ધર્મને નામે જ થઈ શકતું. અંગ્રેજ સરકાર કહેતી કે ધાર્મિક વિધિ કરો તો બરાબર છે. ગણેશોત્સવ છે તો બહુ સારું. સત્યનારાયણની પૂજા હોય તો કરો. આમ ધર્મ સારુ બધી બાજુ સ્વાતંત્ર્ય હતું, ધાર્મિક

સ્વાતંત્ર્ય. એમણે એક ઐતિહાસિક ઉત્સવ શરૂ કરી દીધો, અને એક ધાર્મિક ઉત્સવ શરૂ કર્યો. પણ એ દરમ્યાન હિન્દુ અને મુસલમાનોનાં તોફાનો થયાં. એટલે લોકોએ કહ્યું કે તિલકના ઉત્સવોને લીધે એ થયાં. એ દિવસોમાં એક કામ બીજું એ કરવું પડતું કે અંગ્રેજોને ગાળ દેવી હોય તો મુસલમાનોને સામે કરીને દેતા. એટલે કે એમ કહેવું હોય કે અંગ્રેજ બહુ ખરાબ રાજા છે તો ઔરંગજેબને લઈને નાટક લખવામાં આવતું અને કવિતા ઔરંગજેબની વિરુદ્ધ લખાતી. એમાં અસલમાં મુસલમાનોનો વિરોધ નહોતો થતો. અંગ્રેજ એ સમજતા કે આ ઇશારો આપણી તરફ છે. પણ તે બહુ હોંશિયાર હતા. મુસલમાનોને કહેતા કે આ લોકો તમારી વિરુદ્ધ નાટક લખે છે, અમને કાંઈ કહેતા નથી. જુઓ આમણે ઔરંગ-જેબની વિરુદ્ધ નાટક લખી દીધું! આમ હિન્દુ-મુસલમાનોનાં કેટલાંક તોફાનો થયાં. અને કહેવામાં એમ આવ્યું કે એને સારુ લોકમાન્ય તિલક જવાબદાર છે. ખેર, એ વાત જવા દો. લોકમાન્ય તિલક અને આ જે બંગાળના નવરાષ્ટ્રવાદી નેતાઓ હતા તેમણે એક વાત કહી. એમણે કહ્યું કે આ જે રાજા રામમોહન રોયની પરંપરાના જૂના લોકો છે તેઓ—intensely patriotic in spirit, but their nationalism is a denationalised one—તીવ્ર દેશભક્તો છે, પણ એમની રાષ્ટ્રીયતા અરાષ્ટ્રીય છે. India anglicised is neither possible, nor desirable—હિન્દુસ્તાન નકલી ઇંગ્લીસ્તાન બને એ શક્ય પણ નથી ને જરૂરી પણ નથી. તેથી અરવિંદ ઘોષે તે વખતે Indian Renascence (ભારતીય પુનરુત્થાન) નામની ચોપડી લખી અને બ્રહ્મબાંધવ ઉપાધ્યાય, બિપિન ચંદ્ર પાલ વગેરેએ છાપાંઓ ને પુસ્તકોમાં આ નવરાષ્ટ્રવાદનું પ્રતિપાદન શરૂ કર્યું.

આ નવરાષ્ટ્રવાદ આ દેશમાં ત્રણ વાત લાવ્યો : સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ અને બહિષ્કાર. સ્વદેશી અંગ્રેજોની વિરુદ્ધ હતું. તે વખતે સ્વદેશીનો એ અર્થ નહોતો કે કોઈ પણ પરદેશનો કોઈ માલ ન ખરીદીએ. સ્વદેશીની એટલી જ મતલબ હતી કે ઇંગ્લેંડનો માલ ન ખરીદવામાં આવે. રાષ્ટ્રીય શિક્ષણ કયા સ્વરૂપનું હતું? સ્વદેશી કયા સ્વરૂપનું હતું? બહિષ્કાર કયા સ્વરૂપનો હતો? એ બધો બહુ મોટો ઇતિહાસ છે. એ હું હમણાં તમારી આગળ નહીં મૂકું. એમાં આ લોકોને જૂના માણસોમાંથી સૌથી મોટો ટેકો દાદાભાઈ નવરોજીનો મળ્યો. દાદાભાઇ નવરોજીએ બે કોંગ્રેસોમાં બે બહુ મોટી વાતો

કહી. ૧૮૮૬મ 'લકત્તામાં જે બીજી કોંગ્રેસ થઈ તેમાં એમણે પહેલી વાર એમ કહ્યું કે આ કાંગ્રેસ સામાજિક નથી, એ ધાર્મિક નથી, એ સાંપ્રદાયિક નથી, એ જાતીય નથી, આ કોંગ્રેસ અખિલ ભારતની કોંગ્રેસ છે, અને એનો સંબંધ માત્ર રાજનૈતિક સંસ્થાઓ જોડે રહેશે. આ એમણે ૧૮૮૬માં સાફ કહી દીધું. એ જ દાદાભાઈએ ૧૯૦૬માં કલકત્તામાં કોંગ્રેસ થઈ ત્યારે સ્વરાજ શબ્દની ઘોષણા કરી દીધી. તો એથી એ જમાનામાં થોડો ઘોંઘાટ થયો. અને નવરાષ્ટ્રવાદને સારુ એક ભૂમિકા બની. પણ નવરાષ્ટ્રવાદીઓના મુખ્ય નેતા તો લોકમાન્ય તિલક થયા જે આ દેશના પહેલા લોકમાન્ય એટલા સારુ બન્યા કે તેઓ જનતાના પહેલા નેતા હતા. તે એ અર્થમાં કે સશસ્ત્ર ક્રાંતિ લોકવ્યાપી નહોતી થઈ શકતી અને વધાનિક આંદોલન એટલે કે દરબારી રીત લોકસુલભ નહોતી અને તે લોકસંગઠનની પ્રતિકારાત્મક પ્રણાલિકા નહોતી બનતી. તિલકે એવા લોકસુલભ અને લોકસંગઠનાત્મક પ્રતિકારના માર્ગનો આવિષ્કાર કર્યો. એમણે બહિષ્કાર અને બૉયકૉટના રૂપમાં નિઃશસ્ત્ર પ્રતિકાર તરફ એક પગલું, અને કદાચ પહેલું પગલું ભર્યું. એમણે કહ્યું કે વખત આવે અમે કદાચ કર પણ ન ભરીએ. અને વખત આવે કાયદાને પણ ન માનીએ. બિપિન ચંદ્ર પાલે કહ્યું કે અમે અંગ્રેજોની નોકરી કરવાનો પણ ઈન્કાર કરી દઈશું. અને એમની મડમોને ઘરમાં જાતે કામ કરવું પડશે. આમ બહિષ્કારની આ પ્રક્રિયાની વ્યાપ્તિ સામાજિક બહિષ્કાર સુધી થઈ ગઈ. તિલક, બિપિન પાલ વગેરેએ જનતાને નિઃશસ્ત્ર પ્રતિકારની દીક્ષા આપી. વ્યાપક જનસંપર્કનો પણ આરંભ થયો. બારિસાલના અશ્વિનાકુમાર દત્તે એનો ઉપક્રમ કર્યો હતો. ૧૮૮૭માં કોઈ એક પ્રશ્ન અંગે ૫૦૦૦ ખેડૂતોની સહીઓ એણે એકઠી કરી હતી. પણ જનતામાં પ્રત્યક્ષ નિઃશસ્ત્ર પ્રતિકારની ક્ષમતા પેદા કરવાનો પ્રયત્ન થયો તેના ત્રણ દ્રષ્ટા બંગાળમાં થયા —બિપિન પાલ, અરવિંદ ઘોષ અને બ્રહ્મબાંધવ ઉપાધ્યાય અને વેલેન્ટાઈન ચિરોલે જેમને વિષે એમ લખ્યું હતું કે ભારતમાં જો કોઈ અસંતોષનો જનક હોય તો તે છે ચિત્પાવન બ્રાહ્મણ બાળ ગંગાધર તિલક છે. લોકમાન્યની લોકમાન્યતાનો આધાર, માત્ર એનું સૌથી મહત્ત્વનું કારણ, છે એમનું નિઃશસ્ત્ર પરાક્રમ. એમના વ્યક્તિત્વ અને જીવને જનતાને નિઃશસ્ત્ર પ્રતિકારની દીક્ષા આપી અને એમના હાથે નિઃશસ્ત્ર પ્રતિકારની પ્રક્રિયાનો ઉપક્રમ કરાવ્યો.

## ૧૯૨. રાષ્ટ્રીય જીવનનો આરંભ

પ્રત્યક્ષ રાષ્ટ્રીય જીવનનો આરંભ તો બંગ-ભંગ પછી થયો. રાષ્ટ્રવાદીએ

અને સરકારે બંનેએ મુસલમાનોને પોતામાં શામેલ કરવાનો પ્રયત્ન કર્યો. તે કાળના બંગાળના લેફ્ટનન્ટ ગવર્નરની Favourite wife theory હતી—કે સરકારનું મુસલમાનો પ્રત્યેનું વળણ એવું હોય કે જેવું રાજાનું માનીતી રાણી પ્રત્યે હોય છે.

આ બધું બંગાળમાં કેમ કેમ થયું એનો ઇતિહાસ મેં જાણીજોઈને છોડી દીધો છે. એ જમાનાની સૌથી મોટી ઘટના સ્વદેશી અને બહિષ્કાર આન્દોલનની હતી. પણ એ વિધાયક દૃષ્ટિથી નહોતાં મળ્યાં. મનમાં ભાવના એ હતી કે આપણી પાસે કોઈ રાજનૈતિક શક્તિ નથી અને કાંઈ શસ્ત્ર-શક્તિ પણ નથી તેથી આ બધાં આન્દોલનો કરવાં પડે છે, શસ્ત્ર હોત તો ન કરવાં પડત. ૧૯૦૮માં તિલક જેલમાં ચાલ્યા ગયા અને આ બાજુ શસ્ત્રપ્રયોગમાં વિશ્વાસ ધરાવનાર લોકોનું ચલણ વધ્યું. તેઓ કેવળ આતંકવાદથી આગળ વધી શકે એમ હતું નહીં. સાવરકર, બારીન, અરવિંદ, શ્યામજી કૃષ્ણવર્મા, સેનાપતિ બાપટ અને પંજાબમાં લાલા હરદયાલ અને રાજા મહેન્દ્ર પ્રતાપ વગેરે બધા આતંકવાદી હતા. એમનો પ્રયત્ન ૧૯૧૪ સુધી લગાતાર ચાલ્યો. વિશ્વયુદ્ધ શરૂ થતાં ૧૯૧૫માં એનો પરિપાક થવાનો હતો. સશસ્ત્ર બળવાની તારીખ નક્કી કરી દીધી. ફલાણે દિવસે અંગ્રેજોના રાજને ઉખાડીને ફેંકી દઈશું એમ સશસ્ત્ર ક્રાંતિકારીઓએ નક્કી કર્યું હતું. પણ સરકારને ખબર પડી ગઈ હતી. લાલા હરદયાલ અને ગુરુદત્ત વગેરે બીજા કોણ કોણ હતા તે મને યાદ નથી. આ કોમાગાટામારુ પ્રકરણ કહેવાય છે. અમેરિકાથી એક ચીની કે જાપાની વહાણમાં બેસીને આ લોકો આવ્યા હતા અને અહીં બળવો કરવા માગતા હતા. આ એક બહુ મોટું આન્દોલન થયું જેનો સ્ફોટ વખતસર ન થઈ શક્યો. એ દરમ્યાન લોકમાન્ય તિલક છૂટીને આવ્યા. અને ગાંધી આફ્રિકાથી આ દેશમાં આવી ગયા. એ બંને કૉંગ્રેસમાં પણ આવવા જવા લાગ્યા. કૉંગ્રેસમાં એવી આકાંક્ષા પેદા થઈ કે અત્યાર સુધી જે નીતિ કૉંગ્રેસની હતી તેમાં ફરક કરવામાં આવે. આ બાજુ ડૉ. એની બેસન્ટનું એક આન્દોલન શરૂ થયું જેને આપણે હોમરૂલ આન્દોલન કહીએ છીએ. એ વખતે મહોમદ અલી ઝિણા અને કૉંગ્રેસના લોકોએ એવી કોશિષ કરી કે હિન્દુ-મુસલમાનોની એકતા થઈ જાય. મુસ્લિમ લીગની સ્થાપના શી રીતે થઈ હતી તેનો ઉલ્લેખ મેં એક વ્યાખ્યાનમાં કરી દીધો હતો. હિન્દુ સભાની સ્થાપના ત્યાં સુધી નહોતી થઈ. કરવાના પ્રયત્ન બહુ થયા હતા, પણ ત્યાર સુધી થઈ શકી નહોતી. લોકમાન્ય તિલકે કહ્યું કે 'તારે જોઈએ તો મુસલમાનોને જ રાજ્ય સોંપી જા પણ તું અહીંથી જા'. હિંદુ-મુસલમાનોની એકતાની યોજના લખનૌની

કોંગ્રેસમાં આવી. લખનૌની કોંગ્રેસમાં પાસ પણ થઈ. ત્યારથી ગાંધીજીનો પ્રવેશ આ દેશના રાજકારણમાં થયો.

## ૧૯૩. ગાંધી યુગ

હવે આ ગાંધી એક અનોખો માણસ આવ્યો. એની બધી વાતો અનોખી હતી. પહેલાના લોકો આવી વાત કાંઈ જાણતા જ નહોતા. અહીંના રાજકારણમાં આવીને એ એવી એવી વાતો કરવા લાગ્યો. લોકો કહે કે આ તો ધર્મની વાત અહીં રાજકારણમાં લાવે છે. એને રાજકારણમાં આવવા દેવો એ બરાબર નથી. એણે હિન્દુ-મુસ્લિમ એકતાને સર્વ ધર્મ સમભાવના અધિષ્ઠાન પર ખડી કરવા પ્રયત્ન કર્યો. એટલે કે જે પ્રયાસ પોતાના જીવનમાં, આધ્યાત્મિક ક્ષેત્રમાં રામકૃષ્ણ પરમહંસ દેવે કર્યો તે પ્રયાસ, રાજનૈતિક ક્ષેત્રમાં, અને આ દેશના સ્વરાજના આન્દોલનમાં ગાંધીએ કરવાનો પ્રયત્ન કર્યો. સાંસ્કૃતિક સમન્વય અને ધર્મ-સમન્વય. સૌ સંપ્રદાય અને ધર્મો તથા બધી સંસ્કૃતિઓનો સમન્વય. સાંસ્કૃતિક સમન્વયનું વાહન હિન્દી ભાષા અને સર્વ-ધર્મ-સમન્વયનું અધિષ્ઠાન. એનું પ્રતીક હિન્દુ-મુસલમાન એકતા. એનું નામ હતું હિન્દુ-મુસલમાનોની એકતા. પણ અસલમાં એની મતલબ હતી સાંપ્રદાયિક એકતા. ગાંધીએ આ દેશના સૌ સંપ્રદાયોનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો. આ કોશિષ એક તરફે અને બીજી તરફ રાષ્ટ્રીય શિક્ષણને બુનિયાદી તાલીમનું શાસ્ત્રશુદ્ધ સ્વરૂપ આપવાની કોશિશ કરી જે પાછળથી નઈ તાલીમ રૂપે વિકસી. સ્વદેશીને ખાદી અને ગ્રામોદ્યોગોનું શાસ્ત્રશુદ્ધ તથા ગ્રામીકરણ તરફ લઈ જનાર સ્વરૂપ આપ્યું. અને સૌથી મોટું કામ એ થયું કે નિઃશસ્ત્ર પ્રતિકારની પ્રગતિ અને પરિણતિ સત્યાગ્રહના અસ્ત્રમાં થઈ. એ એક જાગતિક અસ્ત્ર થઈ શકે તેવું હતું. ગાંધીએ અહીંના લોકોને આ પ્રકારની દીક્ષા આપી અને નવા નવા ઉપક્રમો કર્યા. બંગાળમાં સ્વદેશી આન્દોલન વખતે ઉપવાસનો પ્રવેશ તો રાષ્ટ્રીય જીવનમાં થઈ ચૂક્યો હતો, પણ ઉપવાસને એક પ્રતિકારનું શસ્ત્ર ગાંધીએ બનાવી દીધું. તમને ખબર હશે કે એ પહેલાં hunger strike (ભૂખ-હડતાળ) તો થતી પણ ગાંધી પછી તો એ ઠેરઠેર થવા લાગી. એટલે સુધી કે તમારો અને મારો ઝઘડો થયો તો કોંગ્રેસ કમિટીઓના કાર્યાલયમાં ભૂખ-હડતાલ થતી. ઉપવાસનું શસ્ત્ર ગાંધીએ આખા દેશને એક અસ્ત્ર તરીકે શીખવ્યું અને હડતાલ જે બીજા દેશોમાં માત્ર મજૂરોનું અસ્ત્ર હતું તેનો આગળ જતાં અસહકારના રૂપમાં વિકાસ થયો. એણે છોકરાઓને કહ્યું,

'સ્કૂલ છોડો.' વકીલોને કહ્યું, 'કચેરી છોડો.' બિપિન પાલની વ્યાખ્યા પ્રમાણે આ બધું 'વૈરાગ્ય' હતું. અને 'વૈરાગ્ય'ની એણે શાસ્ત્રીય વ્યાખ્યા કરી છે. તે કહે છે વૈરાગ્ય એટલે શું ? આનાત્માથી જે સુખ મળે છે તેને છોડો. તેથી અંગ્રેજ સરકાર પાસેથી જેટલું સુખ મળે છે તેટલું જ્યારે આપણું રાષ્ટ્ર છોડશે ત્યારે એનામાં શક્તિ આવશે. આવી એણે બહિષ્કારની વ્યાખ્યા કરી હતી. ગાંધીના અસહકાર સારુ એણે એ જ પરિભાષા લાગુ પાડી હતી.

ગાંધીએ વિચાર્યું કે આ દેશમાં જ્યાં સુધી લોકશક્તિ જાગૃત ન થાય અને ફક્ત બહુમત નહીં, પણ સર્વસંમતની તરફ લોકો જ્યાં સુધી ન જાય, ત્યાં સુધી આ વિચાર અને આ દેશનું રાષ્ટ્રીય આન્દોલન પૂરું નહીં થાય. તમને એમ થશે કે આ જે હું બહુમત અને સર્વમતની વાત કરૂં છું તે આજે વિનોબાની વાત સાંભળીને ગાંધીને નામે લાગુ કરું છું, પણ તેમ નથી. લોકમાન્ય તિલક ગયા ત્યારે તેમણે જે બીજો મૃત્યુલેખ લખ્યો હતો તેમાં લખ્યું હતું : He believed in the rule of the majority to a degree that fairly frightened me.—બહુસંખ્યાના રાજ્યમાં તેમને જે નિષ્ઠા હતી તે જોઈને હું ડરી જતો. લોકમાન્યે બહુસંખ્યાનો પુરસ્કાર એટલા સારુ કર્યો કે તે જમાનાની પાર્લમેન્ટની નીતિ એનાથી આગળ ગઈ નહોતી. પણ ગાંધીના બધા વિચાર એના આગવા હતા. તેથી તે બહુસંખ્યાનું રાજ્ય નહોતા ઇચ્છતા. તેઓ એમ ઇચ્છતા હતા કે રાજ્યની વ્યવસ્થા એવી હોય કે જેમાં સર્વસંમતિ આવી શકે. બધા ધર્મો એમાં આવે, અલ્પસંખ્યક લોક પણ આવે, હરિજનોનો, અસ્પૃશ્યોનો સમાવેશ એમાં થાય. અસ્પૃશ્યતા નિવારણને પણ તેમણે પોતાના રાજકારણનું એક અંગ બનાવી દીધું.

## ૧૯૪. ભૂદાનયજ્ઞ

તો ધાર્મિક પુનરુજ્જીવન, સમાજસુધાર અને રાજનૈતિક આન્દોલન, ત્રણેનો ત્રિવેણી સંગમ ગાંધીના આન્દોલનમાં થયો. આપણને તે એ મંજિલ સુધી પહોંચાડી ગયા. ત્યાર પછી આ દેશમાં ભૂદાનયજ્ઞનું આન્દોલન શરૂ થયું; જેને આજે આપણે વિનોબાના વ્યક્તિત્વના રૂપમાં જોઈએ છીએ. એમાં તમે જોયું કે આધ્યાત્મિકતાના, નૈતિકતાના અને સાંસ્કૃતિકતાના જેટલા સિદ્ધાન્ત છે, તે સૌને તે આર્થિક ક્રાન્તિ સારુ લાગુ પાડે છે. ગાંધીએ જે સિદ્ધાન્તોને રાજનૈતિક ક્ષેત્રમાં લાગુ કરવાનો પ્રયત્ન કર્યો, અને જેને

સારુ સ્વદેશીનો ઉપયોગ કર્યો, જેને સારુ ગ્રામોદ્યોગોનું પ્રતિપાદન કર્યું, અને જે મૂલ્યો સારુ આપણને ઝાડુનું પ્રતીક આપ્યું, તે તમામ મૂલ્યોને એક પાયો આપવા સારુ અને તેને આર્થિક ક્રાન્તિ સાથે જોડવા સારુ વિનોબાએ એક નવું આન્દોલન ઉપાડયું, જેને આપણે ભૂદાનયજ્ઞ આન્દોલન કહીએ છીએ.

એક બીજા સંદર્ભમાં મેં કહ્યું હતું કે હવે તેઓ કહે છે કે બધાં ઉપાસના મંદિરો સૌને સારું હોય. હવે એમ ન થાય કે હિન્દુમાત્ર સારુ હિન્દુમાત્રનું, મુસલમાનમાત્રને સારુ મુસલમાનમાત્રનું, ભગવાન સૌના છે. તો જેટલાં ઉપાસના મંદિરો છે તે સૌનાં થાય. તીર્થક્ષેત્ર પણ છે તેટલાં સૌના થાય. એટલે કે સર્વધર્મ-સમન્વય—સામંજસ્ય કરતાં પણ હવે આપણે ઉપર જઈને 'સર્વધર્મોના—માનવમાત્રના ધર્મો અને સંસ્કૃતિઓના એકીકરણ તરફ પગલાં માંડીએ છીએ.

## ૧૯૫. પ્રકરણ-સાર

સૌથી પહેલાં તમારી આગળ આપણા રાષ્ટ્રીય આન્દોલનનું પહેલું પાસું મૂકયું. જેમાં આધુનિક સંસ્કૃતિનું સ્વાગત અને સત્કાર હતાં. સ્વાગત અને સત્કારપૂર્વક રાષ્ટ્રીય પુનરુજ્જીવન-રાજા રામમોહન રોય એના પ્રતીક-બ્રહ્મ સમાજ અને પ્રાર્થના સમાજ. ત્યાર પછી એક રીતે જોતાં સ્વાભિમાનનો યુગ આવ્યો, જેમાં સ્વાગત તો નહોતું જ, ઘણોખરો નિષેધ હતો, અને તિરસ્કાર પણ હતો. એ યુગમાં ઘણા લોકો આવ્યા, પણ તેના પ્રમુખ પ્રતીક તરીકે આર્ય સમાજનો ઉલ્લેખ આપણે કરી શકીએ-સ્વામી દયાનંદ સરસ્વતીનો. પણ આ વિરોધમાં જ્યારે ઘડિયાળનું લોલક બીજી તરફ બહુ ચાલ્યું ગયું ત્યારે સામંજસ્ય અને વિવેક સારુ કોઈ મધ્યસ્થ આન્દોલનની જરૂર હતી. તે થિયોસૉફિકલ સોસાયટીના રૂપમાં આવ્યું. પણ થિયોસૉફિકલ સોસાયટી એ શબ્દ જ એવો હતો કે જેને ભણેલાગણેલા લોકો સિવાય કોઈ સમજી શકતું નહોતું. એક પરમ સાધક જે પાછળથી પરમસિદ્ધ પરમહંસ દેવને નામે પ્રસિદ્ધ થયા તેમણે પોતાના જીવનમાં જુદા જુદા ધર્મોનું અનુષ્ઠાન કરી એની એકતા સિદ્ધ કરી. આ એકતા જે તેમણે પોતાના જીવનમાં કરી તેને રાષ્ટ્રીય જીવનમાં સિદ્ધ કરવાનો પ્રયાસ તેમના પછી ગાંધીએ કર્યો, અને તેને આધારે આ દેશમાં સાંપ્રદાયિક એકતા ને સમન્વયનો પાયો નાખ્યો. આજે વિનોબા સાંપ્રદાયિક અને ધાર્મિક સામંજસ્યનો પાયો એ જ સિદ્ધાંતોને આર્થિક ક્ષેત્રમાં લાગુ કરીને નાખી રહ્યા છે.

પેલી બાજુ રાજનૈતિક ક્ષેત્રમાં દરબારનું આંદોલન ચાલતું હતું, જેને બંધારણનું આંદોલન કહે છે. બીજું સશસ્ત્ર આંદોલન ચાલતું હતું. આમાં જનતા કોઈ રીતે સીધો સહકાર આપી શકતી નહોતી. જનતાનો પુરુષાર્થ જાગ્રત નહોતો થઈ શકતો. તેથી લોકમાન્ય તિલકના જમાનામાં તેમના સાથીઓએ અને તેમણે મળી સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ અને બહિષ્કારના રૂપમાં જનતાને નિઃશસ્ત્ર પ્રતિકારની દીક્ષા આપી અને ગાંધીજીએ એને શુદ્ધ વૈજ્ઞાનિક સ્વરૂપ અસહકાર, કાનૂનભંગ અને સત્યાગ્રહ રૂપે આપ્યું. રાજનૈતિક ક્ષેત્ર સારુ એમણે જે દીક્ષા આપી તેનાથી આગળ પ્રતિકાર-સહકારાત્મક પ્રતિકારનો વિકાસ કરવાઃસારુ આર્થિક ક્ષેત્રમાં સહયોગની પ્રક્રિયાથી કામ લઈ શકાય છે એ આકાંક્ષા પેદા થઈ અને વર્ગનિરાકરણની પ્રક્રિયામાં સહયોગાત્મક ક્રાન્તિ શી રીતે થાય, તેને માટેના પ્રયત્નો શરૂ થયા. જવાહરલાલજીએ એને કહી—સંપત્તિવાનોના સહકાર વડે ક્રાંતિ! જેવી દુનિયામાં કદી સાંભળી નહોતી!

આમ આ દેશમાં બે પ્રયાસ થયા. એક સાંસ્કૃતિક પુનરુજ્જીવન અને સમન્વયનો અને બીજો રાજનૈતિક અને આર્થિક ક્રાન્તિનો. તેમાં સામંજસ્ય લાવી નૈતિક મૂલ્યોનો રાજનૈતિક ક્ષેત્રમાં ગોખલેએ પ્રયોગ કર્યો હતો. એમને સારુ કહેવામાં આવ્યું હતું : He is the first gentleman in politics! તેઓ રાજનીતિમાં પ્રથમ સજ્જન હતા. એમ કેમ કહ્યું? કારણ કહે છે કે He wants to spiritualize politics—તેમણે રાજનીતિને આધ્યાત્મિક કરવાનો પ્રયત્ન કર્યો. ગાંધીજીએ આ પ્રયત્નને આગળ વધાર્યો અને સામાજિક, રાજનૈતિક અને આર્થિક જીવનમાં અહિંસાનો પ્રવેશ કરાવ્યો. અને આજે અધ્યાત્મ ને વિજ્ઞાન સાથે જોડવાનો પ્રયત્ન વિનોબાનો ચાલી રહ્યો છે.

*

૧૬

# ભૂદાન અને વિતરણ

☆

૧૯૬ ભૂદાન-નખદર્પણ
૧૯૭ સમસ્યાથી શક્તિ વધે છે
૧૯૮ પાયા બદલવા છે
૧૯૯ દાનમાં મળેલી જમીન ભૂમિહીનોની
૨૦૦ માત્ર જમીન નહીં, સદ્ભાવના વહેંચવી છે
૨૦૧ સહકારી ખેતી
૨૦૨ નાલાયકને જમીન શે. આપીએ ?

## ૧૯૬. ભૂદાન-નખદર્પણ

ભૂમિદાન શા માટે ?

એમાં ત્રણ કારણ છે.

એક, ખેતીપ્રધાન દેશમાં સમાજપરિવર્તનનો આરંભ જમીનની વ્યવસ્થાના પરિવર્તનથી થાય છે.

બીજું કારણ; આજે જે તરફ જમાનાનું મોં વળેલું છે એનાથી એટલું સ્પષ્ટ છે કે આખી દુનિયામાં હવે પછીની અર્થરચના અન્નપ્રધાન અને ખેતીપ્રધાન થવાની છે.

ત્રીજી વાત એ છે કે જમીન કેવળ અન્ન-ઉત્પાદનનું સાધન નથી જમીન વસુંધરા પણ છે. બધાં ખનીજો જમીનમાં જ છે અને બીજી બધી ચીજો આપણને જમીનમાંથી જ મળે છે.

તેથી ક્રાંતિનો આરંભ જમીનથી થશે. એક, એશિયાના દેશ ખેતીપ્રધાન છે, બીજું, જમાનાની રૂખ ખેતીપ્રધાન અર્થરચના તરફ છે. અને ત્રીજું, ભૂમિ વસુંધરા છે, તેથી આપણે ભૂમિથી આરંભ કર્યો.

શું આપણે એકની પાસેથી માલિકી લઈને બીજાને માલિકી આપવા માગીએ છીએ ?

બિલકુલ નહીં. આપણે માલિકીના પાયા બદલી નાંખવા માગીએ છીએ. માલિકીના પાયા બદલવા છે ને ઉત્પાદકની ભૂમિકા બદલવી છે.

તે માટે પગલે પગલે, આપણે ઉત્પાદનનાં સાધન ઉત્પાદકના કબજામાં સોંપી દેવાં છે. ખેડે તેના કબજામાં જમીન હોય, ન ખેડે તેના કબજામાં જમીન ન હોય, ઉત્પાદકની માલિકી સ્થપાય, અનુત્પાદકની માલિકીનું નિરાકરણ થાય અને અંતે માલિકીનું જ નિરાકરણ થાય. ઉત્પાદનનાં સાધન પર માલિકી કોઈની ન રહે.

માલિકીના પાયા બદલવાનો અર્થ ? અનુત્પાદકની માલિકીનું નિરાકરણ અને ઉત્પાદકની માલિકીની ભૂમિકા.

ઉત્પાદકની ભૂમિકા બદલવાનો અર્થ ? ઉત્પાદક પણ પોતાને ઉત્પાદનનાં સાધનોનો માલિક નહીં માને, એમનું સમાજીકરણ થશે. આરંભ ભૂદાનથી, પરિસમાપ્તિ ગ્રામદાનથી ને ગ્રામીકરણથી.

સંપત્તિદાન શા માટે ?

સંગ્રહના નિરાકરણ માટે, જીવિકાના શુદ્ધીકરણ માટે અને અનુત્પાદક વ્યવસાયોના નિરાકરણ માટે, (૧) સંગ્રહનું વિસર્જન, (૨) જીવિકાનું શુદ્ધીકરણ, (૩) અનુત્પાદક વ્યવસાયોનું નિરાકરણ—આને માટે સંપત્તિદાન.

તમે એક કરોડમાંથી મને પચાસ લાખ પણ આપી દો અને પચાસ લાખ પાસે રાખી મૂકો તે માટે સંપત્તિદાન નથી, એને સંપત્તિદાન ન કહેવાય. સંપત્તિદાનમાં તો તમારો એવો સંકલ્પ હોય કે હું જે અનુત્પાદક રોજગાર કરું છું તે રોજગારનું સમાજમાંથી મારે નિરાકરણ કરવું છે. એ રોજગારમાં મારે જો ખોટાં કામ કરવા પડતાં હોય તો હું એને ઘટાડતો જઇશ. આ થયું આજીવિકાનું શુદ્ધીકરણ. સંગ્રહનું વિસર્જન : બિનોબાને છઠ્ઠો ભાગ પણ આપ્યે જઇશ ને સંપત્તિ પણ વધારતો જઇશ, એવું નહીં થાય સંગ્રહનું વિસર્જન અને અનુત્પાદક ધંધાઓનું નિરાકરણ સાથેસાથ થશે.

અનુત્પાદક વ્યવસાય કેટલા પ્રકારના ?

એક, વ્યાજ પર ચાલનારા;

બે, ભાડા પર ચાલનારા;

ત્રણ, ઇજારા અને દલાલી પર ચાલનારા,

મનુષ્યના ગુના પર ચાલનારા; (વકીલ)

મનુષ્યનાં વ્યસનો પર ચાલનારા (કલાલ)

આ છ પ્રકારના અનુત્પાદક ધંધાઓનું આપણે નિરાકરણ કરવું છે.* આ સંપત્તિદાન છે.

શ્રમદાન શા માટે ?

મેં બે સિદ્ધાંત તમારી સામે મૂકયા છે. જે લોકો શ્રમ નથી કરતા તે શ્રમ શા માટે કરે ? શ્રમની પ્રતિષ્ઠા સ્થાપવા માટે. જે શ્રમ કરે છે તે પણ શ્રમદાન શા માટે કરે ? શ્રમને બજારમાંથી ઉઠાડી લેવા માટે. શ્રમ વિનિમયની વસ્તુ ન રહે, શ્રમ વિક્રયની વસ્તુ ન રહે, તે માટે શ્રમિકોનું શ્રમદાન. જેમની પાસે સંપત્તિ નથી અને ભૂમિ નથી, તે પણ દાતા બને, દીન ન રહે. એની પાસે પણ આપવા માટે કંઇક છે અને તે સૌથી મોટી

* અર્થાત્ વકીલાત, દાક્તરી વગેરે સેવાઓ તો રહે, પણ એ નફાખાઉ ધંધા તરીકે મટી જાય. વ્યસન પર નભતા ધંધાઓએ તો જવું જ રહ્યું.

સંપત્તિ છે. એ છે શ્રમ-સંપત્તિ, જે ઉત્પાદનનું મુખ્ય સાધન છે. એ એની પાસે છે અને એનું જ દાન એ કરે છે જેથી એ પણ સમાજમાં પ્રતિષ્ઠિત નાગરિક બની જાય.

આ તલવારથી કેમ નહીં ?

કારણ, તલવારથી થશે તો તલવારની સત્તા સ્થપાશે.

કાયદાથી કેમ નહીં ?

આપણે લોકોને શાંતિપરાયણ તો બનાવવા છે, પણ કાયદાબાજ નથી બનાવવા. લોકો સત્તાભિમુખ નહીં હોય. Litigation—કાયદાબાજી ન થવી જોઈએ. Law-abiding—કાયદો પાળનાર હોવું એ અલગ છે, litigant—કાયદાથી લડનારા થવું એ અલગ છે. તેથી આપણે જેટલા સુધારા અને ક્રાંતિ કરવા માગીએ છીએ તે કાયદાના વિરોધમાં નથી, પણ એમાં કાયદાની અપેક્ષા નથી, એ કાનૂન-નિરપેક્ષ છે.

તલવારનો વિરોધ છે, કાયદાનો વિરોધ નથી. આ કામ કાનૂન-નિરપેક્ષ છે, સત્તા-નિરપેક્ષ નથી.

તો પ્રક્રિયા કેવી હશે ?

ક્રાંતિમાં પણ, ન્યાયમાં પણ, સંપત્તિના વિસર્જનમાં પણ નાગરિકોનો પરસ્પર સહકાર હશે એટલે કે પરસ્પર સમર્પણ. આ દાનની પ્રક્રિયા કહેવાય છે. એક દાનદાતા—દાની ને બીજો દાન લેનારો—આદાની એવી દાનની પ્રક્રિયા નથી. એક દાતા, બીજો આદાતા એ આપણી ભૂમિકા નથી. બધા દાની, બધા આદાની, બધા આપનાર અને બધા લેનાર. તેથી દાન કોઈ વ્યક્તિને નથી અપાતું. દાન વિનોબાને, જેને આપણે સમાજના પ્રતિનિધિ માનીએ છીએ, તેને અપાય છે.

વિતરણ.

વિતરણ કોઈ વ્યક્તિ નથી કરતી. દાન થાય તે દિવસથી ભૂમિ ભૂમિહીનોની થઈ જાય છે. વિતરણ કાં તો ભૂમિહીનોની એકમતીથી થાય, કાં ચિઠ્ઠી નાંખીને થાય. ભૂમિહીનો એકમતીથી કરે છે ત્યારે ભગવાન એમના મુખમાં વસે છે. અને ન કરી શકે ત્યારે અવ્યક્ત ભગવાન જ એ કરે અને તે પણ જનતાના દરબાર વચ્ચે જ કરે; કોઈ પક્ષ નહી, સરકાર નહીં, વિનોબા પણ નહીં. કારણ કે એ સંપત્તિ, એ મિલકત ભગવાનની થઈ જાય છે. આ ભૂમિ–વિતરણની પ્રક્રિયા છે.

## ૧૯૭. સમસ્યાથી શક્તિ વધે છે

ભૂમિદાનમાં મળેલી જમીન વહેંચવામાં મુશ્કેલીઓ આવે છે તેનો ઉલ્લેખ સંમેલનમાં થયો છે. એ નિયમ છે કે જે મુશ્કેલીઓનો સામનો કરે છે તેની અક્કલ અને તાકાત વધે છે. તેથી ભૂદાનયજ્ઞ જેમ એક સમસ્યા ઉકેલે છે તેમ નવી સમસ્યાઓ ઊભી કરે છે. એ સમસ્યાઓથી દાતાની તાકાત વધે છે, આદાતાની તાકાત વધે છે અને ગામની તાકાત વધે છે. સમસ્યાઓ ખતમ થઈ જાય તો આપણું જીવન જ ખતમ થઈ જાય.

## ૧૯૮. પાયા બદલવા છે

માલિકીની ભાવનાનો જે સવાલ છે તે મૂળભૂત સવાલ છે. એમાં એક પાયાની વાત એ છે કે આપણે પહેલાં માલિકીના પાયાને બદલીએ છીએ. ભૂમિદાનયજ્ઞ આન્દોલનમાં આપણે પહેલું કામ એ કરીએ છીએ કે આજે જે માલિકીનો પાયો છે તેને બદલી દઈએ છીએ. આજે ખરીદનારાની માલિકી થઈ જાય છે, છીનવનારની માલિકી થઈ જાય છે. એને બદલે આપણે પહેલાં ખેડનારની માલિકી સ્થાપીએ છીએ, એ પહેલું પગલું છે.

બીજું પગલું એ કે જે ઉત્પાદક છે તેની ભૂમિકા જ બદલવી. આજે ઉત્પાદક પોતાનો પરિશ્રમ વેચે છે. આપણે એમ ઇચ્છીએ છીએ કે સમાજમાં પરિશ્રમ એ વેચવાની વસ્તુ જ ન રહે. આપણા કચ્છના મિત્રે કહ્યું કે આજે તે દ્વિધામાં પડી ગયો છે. એક બાજુ મજૂર છે, બીજી બાજુ કિસાન છે. ખેતી કરે છે તો મજૂરીમાં જે વધારે પૈસા મળે છે તે ચાલ્યા જાય છે. મજૂરી કરે છે તો તે પોતાના હાથની વાત નથી. આમ જેમાં વધુ પૈસા મળે છે તે વસ્તુ પોતાના હાથની નથી. બીજી ચીજ પોતાના હાથની છે પણ એનાથી વધુ પૈસા નથી મળતા. આજે જે મજૂરી વેચવાની પરિસ્થિતિ છે, તેને જ આપણે પહેલાં ગામડાંમાંથી બદલવા માગીએ છીએ, કોઈને પોતાની મહેનત વેચવાની જરૂર ન રહે. કિસાનોમાં અને મજૂરમાં સૌથી પહેલાં એ ભાવનાનો વિકાસ થવો જોઈએ કે આજે મારે મહેનત વેચવી પડે છે, કાલે હું મારી મહેનતનો માલિક બનીશ. તેને મારે લીલામમાં વેચવી નહીં પડે. એ પરિસ્થિતિ પેદા કરવા સારુ પહેલાં આપણે તેને માલિક બનાવી દઈએ છીએ. માલિક બન્યા પછી આજે મજૂર અને કિસાન વચ્ચે જે સંઘર્ષ છે તે ખતમ થઇ જાય છે. મજૂર ઇચ્છે છે કે અનાજ સસ્તું થાય, તો કિસાન ઇચ્છે છે કે અનાજ મોંઘું થાય. માત્ર અમીર-ગરીબમાં જ લડાઈ નથી. મૂડીવાદમાં

ગરીબ-ગરીબ વચ્ચે પણ સંઘર્ષ હોય છે. તો આ જે સ્વાર્થનો સંઘર્ષ છે તેને ખતમ કરવા સારુ આપણે એ પગલું ભરવું છે કે ઓછામાં ઓછું ગામડાંમાં દરેક દાડિયો પોતાના ઓજારોનો માલિક બને અને દરેક જમીન ખેડનાર પોતાની જમીનનો માલિક બને.

## ૧૯૯. દાનમાં મળેલી જમીન ભૂમિહીનોની

વિતરણમાં બીજી પાયાની વાત એ છે કે જે દિવસે જમીન દાનમ મળી તે દિવસથી તે ભૂમિહીનોની થઈ. પછી એ નથી સમિતિની, કે નથી સરકારની, કે નથી વિનોબાની, કે નથી તે ગામની. તે જમીન સૌથી પહેલાં ભૂમિહીનોની થાય છે. અને કોઈ એક ભૂમિહીનની નહીં, ગામના સૌ ભૂમિહીનોની. જ્યારે ગામના સૌ ભૂમિહીન મળીને નિર્ણય કરે છે કે કયા કયા ભૂમિહીનોને જમીન આપવામાં આવે ત્યારે માલિકીનું વિતરણ પણ થઈ જાય છે. અને માલિકીની ભાવનાનું આ જ પ્રક્રિયામાંથી નિરાકરણ પણ શરૂ થઈ જાય છે, કારણ ભૂમિહીનોને એના ઉપરથી પોતાનો અધિકાર છોડવો પડે છે. આપણે જો જનતાત્મા અને લોકાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર ક્યાંક કર્યો હોય તો તે ભૂમિવિતરણની પ્રક્રિયામાં કર્યો છે. ત્યાં એ ગરીબ માણસ જેની પાસે દેવાનું કશું નથી અને બધું જ લેવાને તૈયાર છે, અને મારા એક મિત્રે તો એટલે સુધી કહ્યું કે એકબીજાનું ખૂન કરવા તૈયાર થઈ શકે એમ છે, તેવાઓમાં આપણે સૌથી પહેલાં ત્યાગની ભાવના પેદા કરવા ઇચ્છીએ છીએ. આજ સુધીની ક્રાન્તિઓમાં શું થયું? જેની પાસે છે તેમની પાસેથી લઈ લો, અને જે રીતે લેવાય તે રીતે લો. એટલે કે ગરીબોનાં દિલમાં આજ સુધી ફક્ત લેવાની ભાવના પેદા થઇ હતી, દેવાની ભાવના પેદા નહોતી થઈ. જો અમીરના દિલમાં માલિકીના વિસર્જનની ભાવના પેદા કરવી હોય તો આગળ જતાં મારે પણ માલિકીનું વિસર્જન કરવાનું છે, એ ભાવના આજે જ ગરીબના દિલમાં પેદા કરવી પડશે. તેથી વિતરણની પ્રક્રિયામાં આપણે વધુમાં વધુ પ્રયત્ન એવો કરીએ છીએ કે ચિઠ્ઠી નાખવાનો પ્રસંગ ન આવે. વોટની ચિઠ્ઠીમાંથી લોકશાહી પેદા નથી થતી. લોકશાહીની કૌશલ્યા તો લોકો જાતે છે, જનતા છે. લોકસત્તાની કૌશલ્યા શું વોટિંગનું પતાકડું છે? એ જ પ્રમાણે જનતાત્માનો સાક્ષાત્કાર ચિઠ્ઠીમાં નથી થતો. તે લોકોની આત્મવિસર્જનની પ્રક્રિયામાંથી થાય છે. તેથી પ્રયત્ન એ હોવો જોઈએ કે વિતરણ વખતે શક્ય હોય તેટલા વધુમાં વધુ લોકો પોતાના સ્વામિત્વનું વિસર્જન–આત્મવિસર્જન કરે.

## ૨૦૦. માત્ર જમીન નહીં, સદ્‌ભાવના વહેંચવી છે

ચર્ચા દરમ્યાન એમ પણ કહેવાયું કે રાજ્યની ખેતી વિતરણ વખતે સમિતિને સોંપી દેવામાં આવે. સમિતિ પોતાનું જ વિતરણ નથી કરવા પામતી તેમાં વળી બીજો બોજો કયાંથી ઉપાડે? આપણે માટી લાદનાર નથી થવું. રાજ્ય પાસે જે ખેતી છે તે દાનમાં નથી મળી. તે રાજ્ય કાયદાથી લઇ લીધી છે અને તે ખેતીમાં જેમની જમીન ગઇ છે તેમની દાનત હજુ સુધી એની સાથે વળગેલી છે. એવી માટી આપણે વહેંચીશું તો ફક્ત વહેંચણીનું કામ, ફક્ત મહેનત કરવાનું કામ આપણા હાથમાં રહેશે. જે સદ્‌ભાવના આપણે પેદા કરવી છે તે એમાંથી નહીં થાય. આજે પણ વહેંચણીનું કામ કેટલું મુશ્કેલ પડે છે. તમે કાર્યકર્તાઓ પાસે સાંભળ્યું ને કેટલી મુશ્કેલીઓ એમાં આવે છે તે? અને એક એક કાર્યકર્તાને ૮–૮, ૧૦–૧૦ દિવસ એને સારુ આપવા પડે છે, ઘણી મહેનત કરવી પડે છે. શરૂઆતમાં વિનોબાને લોકોએ કહ્યું કે તમે તમારી ઇચ્છા મુજબ જમીન વહેંચશો તો દુનિયામાં તમારી પ્રતિષ્ઠા વધશે. વિનોબાએ કહ્યું હતું: "વહેંચણીનું ટાણું આવશે ત્યારે તમને બોલાવીશ. માત્ર નિયમ બનાવી લઈશ." હવે આપણે સૌને બોલાવીએ છીએ ત્યારે સૌ કહે છે: "એ પેલો કરે, એ પેલો કરે." પણ વહેંચવા સારુ કોઈ નથી આવતો, કારણ વહેંચવામાં ઘણી મહેનત કરવી પડે છે. તેથી આ જવાબદારી પ્રમાણિકતાની સાથે આપણાથી નથી લેવાતી. એક મિત્રે કહ્યું કે જમીન સારુ તો આજે મારફૂટ થાય છે, ખૂન થાય છે. અને એટલા સારુ થાય છે કે વચમાં કાયદો આવી જાય છે. માણસ અને માણસની વચ્ચે કાયદો આવી જાય છે. જ્યારે માણસ માણસનો ભરોસો નથી કરી શકતો ત્યારે જ કાયદો આવે છે ને? ત્યાં સુધી કાયદો નથી આવતો. કાગળિયું ત્યારે આવે છે કે જ્યારે તમારી પર મને ભરોસો ન હોય અને મારી પર તમને ભરોસો ન હોય. મારો ભરોસો જ્યારે મારા ભાઈ પર નથી હોતો ત્યારે વહેંચણીનો દસ્તાવેજ બને છે અને પછી એ દસ્તાવેજ એને ઠેકાણે રહે છે અને ભાઈ સાથે મારી મારામારી શરૂ થાય છે. ભૂમિદાનયજ્ઞની પ્રક્રિયા તો બંનેમાં પરસ્પર વિશ્વાસ પેદા કરવાની પ્રક્રિયા છે, કાયદો એનો ઇલાજ નથી, અને એનો ઇલાજ પોલીસ કે ફોજ પણ નથી. નાગરિકના મનમાં બીજા નાગરિક સારૂ વિશ્વાસ પેદા કરવો એ સૌથી મોટી વાત છે અને એનો આરંભ આપણે એ ચીજથી કરીએ છીએ કે જેની માલિકી સારુ આપણે એકબીજાને મારીએ છીએ.

જે ખેતી કરવા ચાહે છે, એણે પહેલાં કોઈ કારણસર ખેતી છોડી દીધી હોય અને તે ખેતી પર પાછો આવવા માગતો હોય તો શું એને જમીન ન આપવી ? એમનેય આપવી જોઈએ. એ એક સુધાર થયો. તમે જરૂર આપો, પણ એ વાત પણ તમે ભૂમિહીંનોને કરો. આજે જે ખેડે છે અને માલિક નથી, તે સૌથી પહેલો અધિકારી છે. પણ જે ખેડે છે અને માલિક નથી તેમને જો તમે આ વાત સમજાવો કે બીજા ભૂમિહીન ખેડૂત બનવા માગે છે, એને પણ સામેલ કરી લો, તો મારો એ અનુભવ છે કે તે એને પોતાનામાં સામેલ કરી લે છે. આ એમની જ સંમતિથી થવું જોઈએ, કારણ એમની સંમતિથી થશે તો જ ગામમાં સહકાર થશે.

## ૨૦૧. સહકારી ખેતી

એક મિત્રે સૂચવ્યું કે સહકારી ખેતીનો આરંભ થવો જોઈએ. એમણે રશિયા અને ચીનના દાખલા પણ આપ્યા. રશિયા અને ચીનમાં સહકારી ખેતી સફળ ન થઈ શકી એનું મુખ્ય કારણ એ હતું કે તે સ્વયંસ્ફૂર્ત નહોતી. સહકારી ખેતી પોતાની પ્રેરણાથી થવી જોઈએ. એ જ એનું મૂળતત્ત્વ છે. કાયદાથી જે સહકારી ખેતી થાય છે તેનો સહકાર કાગળ પર જ રહી જાય છે. સહકારની ભાવના પેદા થવી જોઈએ. એટલે હવે રશિયા પછી જેટલા કોમ્યુનિસ્ટ દેશો છે, તેમણે એ નિયમ બનાવી લીધો છે કે આપણે ત્યાં સહકારી ખેતી જ્યાં સ્વયંપ્રેરણા હશે ત્યાં જ થશે. જ્યાં સ્વયંપ્રેરણા નથી ત્યાં સામ્યવાદી દેશોમાં પણ સહકારી ખેતી હવે નથી રહી. તો આપણે બીજાના અનુભવથી પાઠ શીખીએ છીએ. મેં તમને ઘણી વાર કહ્યું છે કે રશિયા અને ચીનની ક્રાંતિ પાસેથી આપણે ઘણી જાતના પાઠ શીખી શકીએ છીએ, તેમાંથી એક પાઠ આ પણ છે.

જે ખેડે છે તેમનામાં ઝઘડો ન થાય. એટલે કે જે ખેડવા તૈયાર છે તેને તો તમે જમીન આપવા તૈયાર છો ને ? ભૂમિદાનનો મૂળ સિદ્ધાંત તો એ છે ને કે જે ખેડે છે એને જમીન મળે અને માલિક એ બને ? જી હા, એ ભૂમિદાનનો મૂળ સિદ્ધાંત છે, પણ ત્યાંથી ભૂમિદાન શરૂ થાય છે. આગળ જતાં આપણે શું કરવા માગીએ છીએ ? કે જે ખેડે છે તે પણ બધી જમીન ન રાખે, તે પણ વધુ જમીન ન રાખે, જે ખેડે છે તે પણ આગળ જતાં માલિકીનું વિસર્જન કરી દે. તેથી આપણે ખેડનાર પાસેથી પણ દાન લઈએ છીએ. માત્ર બિન-ખેડનાર પાસેથી દાન લેતા હોત તો વાત જુદી હોત. અમારા કાર્યકર્તાઓ પાસે આ તમે સાંભળ્યું હશે.

કચ્છના મિત્રે એક વાત એ મૂકી હતી કે જે જમીન ખેડે છે તેમનામાં પણ કામ ન કરવાની વૃત્તિ છે. આમ કેમ છે? મૂડીવાદની શરૂઆત નફાથી થાય છે. મૂડીવાદનો ઉત્કર્ષ સટ્ટાબાજીમાં થાય છે અને મૂડીવાદનો પરિપાક જુગારખોરીમાં થાય છે. એનું મૂળ સૂત્ર એ છે કે જે કામ કર્યા વગર દામ મેળવે છે તેને હોંશિયાર માનવામાં આવે છે. તો જ્યાં સુધી સમાજમાં આ પરિસ્થિતિ છે, અથવા ફરી પાછો મારો હંમેશાનો શબ્દ વાપરું કે સમાજમાં જ્યાં સુધી આ સંદર્ભ છે, ત્યાં સુધી દરેક કામ કરનારમાં કામ ટાળવાની વૃત્તિ રહેશે. તેથી આપણે એક તરફથી જે શ્રમ નથી કરતા તેમને કહીએ છીએ કે તમે રોજ શરીરશ્રમ કરતા રહો. જો તમે એમ કરી શકો કે જમીનની જ્યારે વહેંચણી થાય ત્યારે પ્રદેશના મહેસૂલી પ્રધાન ભૂમિહીનોને મળેલા ખેતરમાં પહેલી કોદાળી ચલાવે અને ગામના જે પ્રતિષ્ઠિત લોકો છે, જેમણે આજ સુધી કદી કોદાળી નથી ચલાવી તેઓ પણ એક સરઘસ કાઢીને એ ગરીબના ખેતરમાં એક કોદાળી ચલાવે તો આજે જે શ્રમને સારુ અરુચિ છે તે ઓછી થશે. એમનું તો એ સાંકેતિક કર્મ જ હશે. પણ એમના સાંકેતિક કર્મમાંથી શ્રમને સારુ જે અરુચિ છે તે ઓછી થતી જશે.

## ૨૦૨. નાલાયકને જમીન શે આપીએ?

લોકો કહે છે કે આ તો નાલાયક છે, એમને જમીન શા સારુ આપો છો? પણ આજ સુધી નાલાયકોને જે જમીન આપી હતી તે પૂરા હકની સાથે આપી હતી. આમનો હક પણ આપણે મર્યાદિત કરી દઈએ છીએ. તેથી જ એમની નાલાયકીની પ્રક્રિયા કંઈક અંશે મર્યાદિત થઈ જાય છે. આજ સુધી કયા લાયકોની પાસે જમીન હતી? તેમણે તો એ ખેડી પણ નહીં અને આજ સુધી વેચી. જે જમીનને વેચતા તેમને અમે કદી લાયક નથી માન્યા. ઉત્પાદન તેમણે કર્યું, નફા સારુ કર્યું. જેમણે નફા સારુ ઉત્પાદન કર્યું એને શું આપણે વધુ લાયક માનીશું? જે ખેડે છે તેનામાં આજે લાયકાત નથી, તેનું મુખ્ય કારણ એ છે કે એનો ધંધો સમાજમાં હમેશાં અપ્રતિષ્ઠિત રહ્યો છે. બીજું કારણ એ છે કે બીજા સૌની પાસે પ્રતિકાર સારુ કોઈ ને કોઈ સાધન હતું, ખેડૂતના જીવનમાં જ પ્રતિકારનું કોઈ સાધન નહોતું. મજૂર હડતાળ કરી શકે, મુનીમ હડતાળ કરી શકે, વકીલ હડતાળ કરી શકે, ડોકટર હડતાળ કરી શકે. પણ ગરીબ કિસાને કદીએ નથી વિચાર્યું કે એનાથી પણ હડતાળ થઈ શકે. કારણ જો

એ હડતાળ પાડે તો જાતે મરે. તેથી એના જીવનના નિયમ, એની ક્રાન્તિના નિયમ જ બીજાની ક્રાન્તિથી કાંઈક જુદા થઈ જાય છે. આજે આ રીતે અસહાય થઈ ગયો હતો, હતાશ થઈ ગયો હતો, એના જીવનમાં ક્રાન્તિ કરવી છે, તેથી ભૂદાનની પ્રક્રિયાનો આરંભ ખેડનારથી થાય છે. પણ ખેડનારમાં પણ માલિકીની ભાવના જડ ન ઘાલે એની કાળજી આપણે રાખીએ છીએ. જે કામચોર છે, કામ ટાળે છે, તે ઝાઝા દિવસ સુધી પોતાના હાથમાં ખેતી રાખી ન શકે તેની પણ કાળજી આમાં રાખવામાં આવી છે. માણસ જેટલી સાવધાની રાખી શકે એટલી સાવધાની આ યોજનામાં છે. પણ છેવટે આ માણસની યોજના છે, તેથી પ્રમાદ-સુલભ પણ છે. એમાંથી ઘણા પ્રમાદ થઈ શકે; અને પ્રમાદ થાય છે તેથી જ પુરુષાર્થને સારુ અવસર છે. આ કાર્યકર્તાઓ તમારી સૌની પાસેથી ભવિષ્યમાં પુરુષાર્થની પ્રેરણા લેવા આવ્યા છે. તમારી પાસે થોડો ઘણો વિચાર પણ શીખવા ઇચ્છે છે, સૂચનાઓ પણ ઇચ્છે છે. અહીં કોઈ એનો વિરોધ ન જ કરી શકે એમ પણ નથી. વિરોધ પણ અહીં થઈ શકે છે, અને સારી પેઠે વિરોધ થઈ શકે છે. કારણ વિરોધ પણ છેવટે આપણને કાંઈક શિખવાડશે જ. વિરોધથી કાંઈ શિખાશે નહીં, એમ તો નથી. તેથી તમારી સામે જે પ્રશ્ન મૂકવામાં આવ્યા છે તેમાંથી આ ત્રણ વાતો મહત્ત્વની છે.

પહેલી વાત : જે જમીનનું વિતરણ થાય છે, તે ગામના ભૂમિહીનોની થઈ ગઈ છે.

બીજી વાત : જે ભૂમિહીનોની થઈ ગઈ, એમણે જ વિતરણમાં નિર્ણય કરવાનો છે. બહુમતે નહીં, એકમતે. આમાં આપણે કોઈનો બહુમત લેતા નથી. અને ત્રીજી વાત : જ્યાં એમનો એકમત નથી થતો, ત્યાં આપણે ચિઠ્ઠી તો નાખીએ છીએ, પણ તે આપણી વિવશતાને લીધે. ચિઠ્ઠી નાખવી એ આપદ્ધર્મ છે. આપણો મુખ્ય ધર્મ એ છે કે જેટલા ભૂમિહીન છે તે સૌ આ વિતરણની પ્રક્રિયામાં સ્વામિત્વ-વિસર્જનનું પગલું ભરવું શરૂ કરે.

*

૧૭

# ઉપસંહાર

☆

૨૦૩ વિચારમાં સંકીર્ણતા ન હોય.

૨૦૪ વિચાર સત્યનિષ્ઠ હોય, પક્ષનિષ્ઠ નહીં.

૨૦૫ અહીં સૌનું સ્વાગત છે.

૨૦૬ સૈનિકતા તરફથી નાગરિકતા તરફ જવું છે.

૨૦૭ સંયોજન સફળતા સારુ, તૈયારી અસફળતાની.

૨૦૮ ગાંધીની અસફળતામાં ઉજ્જ્વળતા.

૨૦૯ પરિવર્તન આપણું પણ કરવાનું છે.

૨૧૦ વ્યક્તિગત ક્રાન્તિમાંથી વિશ્વક્રાંતિ.

## ૨૦૩. વિચારમાં સંકીર્ણતા ન હોય

આઠ દિવસથી તમારા આતિથ્ય, કૃપા અને સ્નેહનો અનુભવ હું કરતો રહ્યો તેનો આજે અંતિમ સમારોપ છે. તમારાં અનુભવો સાંભળ્યા, વિચાર સાંભળ્યા અને હમણાં માનનીય મોરારજીભાઈનાયે વિચાર સાંભળ્યા. હું તમને ખરેખર કહું છું કે તમારા સહવિચાર અને પરિપ્રશ્નો ને લીધે હું અહીંથી સમૃદ્ધ થઈ ને જાઉં છું. જે વિચાર આપણે હમણાં સાંભળ્યા તેમાં આપણે સારુ સૂચનાઓ હતી, આત્મનિવેદન હતું, ચેતવણી પણ હતી. એ બધાંનો આપણે નમ્રતાપૂર્વક સ્વીકાર કરવો જોઈએ અને પોતાના કામમાં વધુ સાધનસંપન્ન થઈ ને અહીંથી જવું જોઈએ.

આપણને જે વાત સૌથી પહેલી કહેવામાં આવી અને જેનું તમારે સૌએ ધ્યાન રાખવું જોઈએ તે એ છે કે આપણા વિચારમાં સંકીર્ણતા ન હોય, આપણા વ્યવહારમાં સંકુચિતતા ન હોય, વિચારને નામે ક્યાંક આપણે સંપ્રદાયમાં ન અટવાઈ જઈએ. વિચારનું સૌથી મોટું લક્ષણ જ એ છે કે તેમાં નિષ્ઠા હોવી જોઈએ પણ આપણી અહંતા તેમાં મળેલી ન હોવી જોઈએ. મેં વિચારને અપનાવી લીધો એટલે અમુક અંશે વિચાર મારો જરૂર છે, પણ વિચાર વિચાર છે, વિચાર નથી મારો કે નથી તમારો, કોઈ મનુષ્યનો નથી. વિચાર વ્યાપક હોય છે, જેમ આકાશ :વ્યાપક હોય છે. હું વિચારને, સદ્‌વિચારને અપૌરુષેય માનું છું. We are all short-sided; we very often see but one side of an object.—આપણે સૌ ટૂંકી દૃષ્ટિ-વાળા છીએ. ઘણી વાર આપણે વસ્તુની એક જ બાજુ જોઈએ છીએ. ચિત્રકળામાં લોકો મોડેલ દોરવા બેસે છે. સામે બેઠેલો છોકરો એક આડી અને બે સીધી લીટી દોરીને કહે છે કે મેં મેજનું ચિત્ર બનાવ્યું. બીજો છોકરો એક કોણ દોરે છે અને કહે છે કે મારું ચિત્ર પણ મેજનું છે. બધાનાં ચિત્રો ખરાં છે, પણ કોઈનુંયે સંપૂર્ણ નથી. એમાંથી જ આપણા દિલમાં નમ્રતા આવી જાય છે. જૂના જમાનામાં ચિત્રો આવતાં, જેવાં આજે પણ આવે છે. એક તરફથી જુઓ તો ગાંધી દેખાય છે, બીજી તરફથી જુઓ તો જવાહર-લાલ અને વચમાંથી જુઓ તો સુભાષચંદ્ર બોઝ. એક મંદિરમાં ચિત્ર ટંગાડેલું હતું. એક તરફથી લક્ષ્મી દેખાતી હતી, બીજી તરફથી સરસ્વતી દેખાતી

હતી. બે માણસો બે બાજુથી આવ્યા. બંને ખૂબ વર્ણનપટુ હતા, પ્રચારપટુ પણ હતા, ને પ્રકાશન પટુ પણ. તો વર્ણન કરે છે. એકે કહ્યું: “ભગવતી લક્ષ્મી, આ તારા હાથીની સૂંઢ કેવી સુંદર છે? બીજો ચોંક્યો. “મોરની ડોકનું વર્ણન આ હાથીની સૂંઢ તરીકે કેમ કરે છે? આ શું થઈ રહ્યું છે?” પછી કહે છે: “તું જે કમળ પર બેઠી છે”: બસ હવે તો હદ થઈ ગઈ. મોરની પાંખની જગાએ આને કમળ દેખાય છે. પછી કહે છે: “તારા હાથમાંયે કમળ છે.” પેલો કહેવા લાગ્યો: “આ માણસ જરૂર દારૂ પીને આવેલો હોવો જોઈએ. નહીં તો વીણાને ઠેકાણે એને કમળ શી રીતે દેખાત? અત્યાર સુધી તો કાંઈક કાંઈક સમાનતા હતી. પણ હવે તો સમાનતાયે નથી રહી.” એક પગલું આગળ ચાલીને કહેવા લાગ્યો: “જો ભાઈ, મંદિરમાં કોઈ દારૂ પીને નથી આવતું.”

“હું દારૂ પીને આવ્યો છું?”

પછી એ બેઉમાં શાસ્ત્રાર્થ થરૂ થઈ ગયો. કહે છે: “દારૂ પીને તું આવ્યો હોઈશ. તારો દાદો આવ્યો હશે.” આમ બંનેમાં શાસ્ત્રની પરિભાષા શરૂ થઈ ગઈ. બોલાચાલી થઈ, બાથંબાથા થઈ. એક એક તરફ પડ્યો, બીજો બીજી તરફ. એક કહેવા લાગ્યો: “આ તો ખરેખર લક્ષ્મી છે.” બીજો કહેવા લાગ્યો: “અરે, આ તો ખરેખર સરસ્વતી છે.” પૂજારી ઊભો હતો. તે કહેવા લાગ્યો: “ભલા માણસો! પહેલેથી જ એકબીજાની જગાએ ઊભા રહીને જોયું હોત તો શું થાત? આને Clarity of judgment—નિર્ણય-વિવેક કહે છે. એ જ્યાં નહીં હોય, ત્યાં સત્ય પણ નહીં હોય, અહિંસા પણ નહીં હોઈ શકે.

## ૨૦૪. વિચાર સત્યનિષ્ઠ હોય, પક્ષનિષ્ઠ નહીં

વિચાર સત્યનિષ્ઠ હોવો જોઈએ, પક્ષનિષ્ઠ નહીં. વિચારની વ્યાપકતા સત્યનિષ્ઠા પર હોય છે. મને સત્યનું જેટલું દર્શન થાય છે તેટલું મારા જીવનમાં તેને ઉતારવાનો પ્રયત્ન કરું છું. તેમાંથી મારી ભૂમિકા ઉન્નત થતી જાય છે. આચારની ભૂમિકા જેટલી ઉન્નત થાય છે, તેટલું વિચારનું દર્શન વ્યાપક થાય છે. જે માણસ એક મેજ પર ઊભો હોય તે સભા જોઈ શકે છે. છાપરા પર ઊભો થાય તો આખા આશ્રમનું કંપાઉંડ જોઈ શકશે. મિનારા પર ઊભો રહે તો અમદાવાદ જોશે. ગૌરીશંકર શિખર પર ઊભો રહે તો દર્શન ક્ષિતિજવ્યાપી થઈ જાય. આપણે જે નમ્ર કાર્યકર્તા છીએ તેમણે એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે ભૂદાનનું સંમેલન સર્વપક્ષીય સંમેલન

નથી, એની ભૂમિકા વધુ વ્યાપક છે. એમાં, જે કૉમ્યુનિસ્ટ ભાઈ એમ માને છે કે આ દેશમાં સરમુખત્યારશાહી આજે થઈ ન શકે, જે કૉમ્યુનિસ્ટ ભાઈ એમ માને છે કે ચીન અને રશિયાની ક્રાન્તિ પછી ક્રાન્તિની પ્રક્રિયામા પરિવર્તન થઈ રહ્યું છે, જે કૉમ્યુનિસ્ટ ભાઈ એમ માને છે કે જે દેશે ગાંધીની પ્રક્રિયાથી આઝાદી મેળવી તે દેશમાં ક્રાંતિની આર્થિક પ્રક્રિયામાં પણ ગાંધીની જ રીતે કામ લેવું પડશે, તેમનું સ્વાગત છે. ક્રાંતિની પ્રક્રિયામાંએ ક્રાંતિ કરવી પડશે એ તબક્કા સુધી આજે આખી દુનિયા પહોંચી છે. કારણ અમેરિકા અને રશિયા બંને સહઅસ્તિત્વ ( co-existence )ની વાત હવે કરી રહ્યા છે. જવાહરલાલ નહેરુ જેવા રાજપુરુષનો મોભો દુનિયામાં વધી રહ્યો છે. નિઃશસ્ત્રીકરણનાં આયોજન દુનિયામાં થઈ રહ્યાં છે. મારી નમ્ર ધારણા એવી છે કે આંતરરાષ્ટ્રીય અને જાગતિક સંદર્ભમાં અંતર્ગત પ્રશ્નોના સમાધાન સારુ ગાંધીની રીત સિવાય બીજી કોઈ પ્રક્રિયા હોઈ જ ન શકે.

## ૨૦૫. અહીં સૌનું સ્વાગત છે

માટે જે જે આપણી સાથે ક્રાંતિના વિચારોને મળવા તૈયાર છે, તે સૌનું અહીં સ્વાગત છે. ભૂમિદાનયજ્ઞ આન્દોલન કોંગ્રેસનું પણ છે, પ્રજા-સમાજવાદીઓનું પણ છે, જે જે પોતાનું માને તે બધાંનું છે. આપણું અને એમનું સહિયારું છે. આપણું નહીં, આપણા બાપનું નહીં. તેથી એની ભૂમિકાને આપણે અહંતાથી ઉપર ઉઠાવી દેવા માંગીએ છીએ. જે જે તેમાં આવી કામ કરવા માગે છે, તે સૌની સાથે સહકાર છે. समत्वं योग उच्यते, योगः कर्मसु कौशलम् । બધામાં કાંઈક સમાનતા છે. અમીરી અને ગરીબીના નિરાકરણમાં ક્યાંક સમાનતા છે, તેથી બધા અહીં ભૂમિદાનને નામે એકઠા થયા. એ સમાનતાનો આપણે સંગ્રહ કરીશું અને તેમાંથી આપણી નિષ્ઠામાં બાધ ન આવે, આપણું સાધન શુદ્ધ રહે, એવી કુશળતાનો પ્રયત્ન કરીશું. ક્રાંતિમાં ખતરો હોય છે, તેથી કુશળતાનીયે જરૂર રહે છે.

રેંગલર પરાંજપે અમારા મહારાષ્ટ્રના જૂના જમાનાના એક મહાન બુદ્ધિવાદી નેતા હતા. ગોખલેનું જીવનચરિત્ર લખતાં તેમણે લોકમાન્ય તિલક વિષે કહ્યું: " In the whole of his life Mr. Tilak has never learnt the simple fact that two men while differing on many points may agree on several others. " લોકમાન્ય તિલકની એકાંગિતા વિષે એમની ઉપર

આરોપ કરતાં લખ્યું કે ઘણી બાબતોમાં મતભેદ હોઈ શકે છે, પણ કેટલીક બાબતોમાં મતની સમાનતા પણ હોઈ શકે એ તિલક આખી જિંદગીમાં ન સમજ્યા. આપણે આ દેશમાં લોકશાહીના પાયા મજબૂત કરવા છે, પાકા ને વ્યાપક કરવા છે, એટલે અહીં વિચારનું સ્વાતંત્ર્ય હશે. અને જ્યાં સુધી બીજાના વિચાર અને આચારમાં બાધક નહીં થાય ત્યાં સુધી આચારમાં પણ સ્વતંત્રતા હશે. આપણે જનતાને એ તરફ લઈ જવી છે.

## ૨૦૬. સૈનિકતા તરફથી નાગરિકતા તરફ જવું છે

જેમને જેમને લોકશાહીના પાયા વ્યાપક અને પુખ્ત બનાવવા છે, તેમનામાં એક સમાનતા છે કે આપણે સૈનિકતા તરફથી નાગરિકતા તરફ પગલાં માંડવાં છે. સિપાઈગીરી અને શરાફીને મેળવી દેવી છે. સમાજમાં સૈનિકપણાનું પ્રભુત્વ ઓછું થશે અને નાગરિકતાની સત્તા વધતી જશે. કોઈ એક પક્ષનો દોષ નથી. તમારો અને મારો દોષ છે. જે જનતામાં રહીએ છીએ, જનતા સાથે સંપર્ક રાખવા ઇચ્છીએ છીએ અને જનતામાં જાગૃતિ લાવવા માગીએ છીએ, તેમનો એક દોષ છે. હું દાખલો આપું.

અસ્પૃશ્યતાનો કાયદો બનેલો છે. કોઈ સત્તા અને કોઈ સરકાર આનાથી વધુ કશું કરી ન શકે. દારૂબંધીનો કાયદો થઈ ગયો. એનાથી વધુ કોઈ સરકાર કાંઈ ન કરી શકે. કેટલાક બુદ્ધિમાન લોકો તો એટલે સુધી પહોંચ્યા છે કે કહે છે કાયદો જ પાછો ખસેડી દો. એટલે જાણે કે કંઈ ખોટું કામ થઈ ગયું હોય! પહેલાં કાયદાની માગણી થઈ, પછી કાયદો બન્યો અને હવે બધા કહે છે કે આખા દેશમાં ચોરીછૂપીથી દારૂ બને છે. અસ્પૃશ્યતા નિવારણનો કાયદો થઈ ગયો, પણ અસ્પૃશ્યોમાં હિમ્મત નથી. સવર્ણોમાં ઉદારતા નથી. હું તમને નમ્રપણે પૂછું છું કે કયો કાયદો એ પેદા કરશે? આ ભાવરૂપ મૂલ્ય—લોકશાહીની એ ગુણાત્મક આધારશિલાઓ કયો કાયદો પેદા કરી શકશે? કાયદાનું અધિષ્ઠાન હમેશાં કાયદાની બહારનું હોય છે. અને આપણે એમ ઇચ્છીએ છીએ કે આ દેશમાં જે જે લોકશાહીના હિમાયતી છે, પછી એ ગમે તે પક્ષના હોય, તેમણે મળીને આ અધિષ્ઠાનનું સંરક્ષણ કરવું જોઈએ. એને આપણે ૨૦૦૦ વર્ષ પછી, ઘણી મુશ્કેલીથી અને એક તપસ્વીના પુણ્યે અને ભગવાનની કૃપાએ આપણા દેશમાં સ્થાપિત કર્યું હતું. જેના હાથમાં સત્તા છે તે સત્તાનો ઉપયોગ ઓછામાં ઓછો કરવા માગે છે, એ હું તમને એ લોકો વતી કહેવા માગું છું. જેમના

હાથમાં સત્તા છે, તેમને દંડનો પ્રયોગ કરવાનો શોખ નથી, એ પણ તમને તેમના વતી કહેવા માગું છું. આ દેશમાં લાચાર થઈને જ ગોળીબાર કરવો પડતો હશે, લાઠીમાર કરવો પડતો હશે. હું અનુભવે કહું છું. એમની સાથે રહ્યો છું, એમની સાથે કામ કર્યું છે. કોઈને ગોળી ચલાવવા કે ડંડા ચલાવવાનો શોખ નથી થતો. આજનું શાસન જેના હાથમાં છે, તે જલ્લાદ અને હત્યારા નથી. એમ છતાં બહાર નિઃશસ્ત્રીકરણની વાત ચાલે અને આ દેશમાં કોઈ વાર લાઠી ચાલે, કોઈ વાર ગોળી ચલાવવી પડે, એની જવાબદારી શું તમારી અને મારી પર કાંઈ નથી આવતી? એને સારુ નાગરિકોમાં એક ભૂમિકા નિર્માણ કરવી એ શું તમારું ને મારું કામ નથી? ભૂદાનયજ્ઞના કાર્યકર્તાઓએ પોતાની એ જવાબદારી માનવી જોઇએ.

## ૨૦૭ સંયોજન સફળતા સારુ, તૈયારી અસફળતાની

મોરારજીભાઈએ આપણને કહ્યું કે આપણે સિદ્ધિપૂજક ન બનીએ. સફળતાની તૈયારી કરીએ, અસફળતા સારુ હમેશાં તૈયાર રહીએ. એનો અર્થ એ નહીં કે સંયોજન જ અસફળતાનું કરીએ. સંયોજન સફળતાનું કરીશું, પણ સફળતા સારુ પોતાનાં સાધનોનું બલિદાન આપીશું નહીં.

મેં આ બાબતમાં જટાયુનો દાખલો પોતાની આગળ હમેશાં રાખ્યો છે. એ રાવણ સાથે લડયો. ઝૂઝયો. અસફળ થયો. રાવણ સફળ થયો. પણ જટાયુની અસફળતા આજેય જેટલી સાંસ્કૃતિક પ્રેરણા મારામાં ને તમારામાં પેદા કરે છે તેટલી રાવણની સફળતા પેદા નથી કરતી.

## ૨૦૮. ગાંધીની અસફળતામાં ઉજજવળતા

લોકોએ કહ્યું કે ગાંધી અસફળ થયો. ગાંધી અંગ્રેજો સામે ખડો છે. શસ્ત્રાસ્ત્ર એમની પાસે છે. સારી જનતા નિઃશસ્ત્ર છે, અસફળ થઇશ. પણ એણે એમ જ કહ્યું કે મેં પહાડ જેવી ભૂલો કરી. એ કોઈ કવિ નહોતો, કોઈ સાહિત્યિક નહોતો, એવો કોઈ મોટો ભાષાપ્રભુત્વવાન પંડિત નહોતો પણ હૃદયની મધુરતામાંથી ભાષા નીકળી: 'મેં જે ભૂલો કરી છે તે પહાડ જેવી નહીં, હિમાલય જેવી છે.' કેમ? હિમાલય ઉજ્જવળ છે, તે ઊંચો છે, ઉન્નત છે. કાળિદાસે તેમાં એક દોષ જોયો અને પછી કહ્યું: એમાં બરફ છે, ઠંડો છે, દોષ તો છે—हिमं न सौभाग्यविलोपि जातम्—એક દોષ તો છે, પણ એની જે સૌભાગ્ય—શ્રી અને શોભા છે, તે એ દોષથી ઓછી નથી થતી, વધતી જાય છે. ગાંધીની અસફળતાનાં સોપાન પર પગલાં માંડી આપણે સફળતા સુધી પહોંચી ગયા.

મારા મિત્રો, આપણો આગ્રહ સાધન-શુદ્ધિનો હોય, સફળતાનો ન હોય. આ જે સાવધાની—ચેતવણી આપણને અપાઈ છે, તેને આપણે નમ્રતાપૂર્વક સ્વીકારવી જોઈએ

વિચાર આપણો વ્યાપક હોય, ભૂમિકા આપણી સંગ્રાહક હોય, અનાગ્રહની હોય, વૃત્તિમાં અહંતા ન હોય, પણ સાધનોમાં શુદ્ધિ હોય. કારણ આ દેશમાં જે લોકશાહીની, જે લોકરાજ્યની સ્થાપના થઈ છે, તે લોકરાજ્યને આપણે લોકસ્વામિત્વમાં પરિણત કરવું છે. લોકોમાં જેટલું સ્વયંકર્તૃત્વ આપણે વધારી શકીશું તેટલું લોકરાજ્યને લોકસ્વામિત્વમાં પરિણત કરવા તરફ આપણે આગળ કદમ માંડતાં જઈશું. આ દૃષ્ટિએ તમારી આગળ આ વાત મેં બહુ નમ્રતાપૂર્વક મૂકી છે.

## ૨૦૯. પરિવર્તન આપણું પણ કરવાનું છે

આપણે સૌએ સૌથી પહેલાં પોતાની તરફ જોવાનું છે. ૧૯૩૫માં ગાંધી સેવા સંઘની સભામાં અમે બધા બેઠા હતા. એ તો એવો જમાનો હતો કે એમના બધા મોટા મોટા સાથીઓ હાજર હતા. સૌએ પૂછ્યું કે આ સમાજવાદી અને સામ્યવાદી ને આપમાં ફરક શો છે? એમણે કહ્યું: 'એ પહેલાં વસ્તુપરિવર્તન પર ભાર મૂકે છે, વ્યક્તિપરિવર્તન પર એટલો ભાર નથી મૂકતા.' આ તો ૧૯૩૫ની વાત છે. હવે તો સામ્યવાદી અને સમાજવાદી સૌના વિચારોયે વિકસિત થઈ ગયા. એમણે કહ્યું કે એ વ્યક્તિપરિવર્તન પર ભાર નથી દેતા ને હું દઉં છું. તેથી મારી ક્રાન્તિ વ્યક્તિગત આચરણનો વિષય પણ છે. My revolution is a code of individual conduct. હૃદયપરિવર્તનનો આરંભ પોતાનાથી થાય છે. આપણને સૌને ફિકર બીજાના હૃદયપરિવર્તનની હોય છે, આપણા પોતાના હૃદયનો ક્યાંય પત્તો જ નથી, એ એમનું કહેવું બરાબર છે. એ આક્ષેપને આપણે સ્વીકારી લેવો જોઈએ. અથવા તો આપણે એમ માની લીધું છે કે આપણું હૃદય પહેલેથી જ એટલું શુદ્ધ થઈ ગયું છે કે જાણે ગંગાજળ જ બની ગયું હોય. અથવા તો એમ માની લીધું છે કે આપણા હૃદયનો ક્યાંય પત્તો જ નથી, એટલે બીજાના જ હૃદય-પરિવર્તનની આવશ્યકતા છે. જે કાર્યકર્તા આવ્યા છે તે સૌ પહેલાં પોતાની જાતને પૂછે કે સ્વામિત્વની અને સંપત્તિની ભાવનાનું નિરાકરણ મારા હૃદયમાંથી કેટલે સુધી થયું છે. એ ગાંધીની પ્રક્રિયાની વિશેષતા છે.

વરસ તો મને યાદ નથી, પણ એક વખત મારી ઉપર રાજદ્રોહનો ખટલો ચાલ્યો. એ મૅજિસ્ટ્રેટ મને ઓળખતો હતો એટલે કહે : "મને ખબર છે કે આ જેલમાં ચાલ્યો જાય છે. તેથી મેં એમ નક્કી કર્યું છે કે તને દંડ કરીશ, જેલમાં નહીં મોકલું." હવે દિલમાં જરૂર આંચકો લાગ્યો. ગભરાયો પણ ખરો. કારણ હતું એમ કે જેલમાં ચાલ્યા જતાં, બહાર બાળબચ્ચાંને ખાવાપીવાની સગવડ રહેતી, તેથી નિશ્ચિંત રહેતા. તોય કાંઈ કર્યાથી તો ચાલે એમ હતું નહીં. તેથી મેં કહ્યું : 'કરો દંડ, ધમકાવો છો શાના ?' મારા કાંડા પર એક સોનાનું ઘડિયાળ હતું. એની નજર એની ઉપર પડી અને મેં વિચાર કર્યો કે બસ આ ઘડિયાળની કિમ્મત જેટલો દંડ તો ઓછામાં ઓછો કરશે જ એ, પણ એ મારાથી શે સહેવાત ? મેં આસ્તે રહીને એક વકીલ મિત્ર જોડે ઘડિયાળને ઘરભેગું કરી દીધું. હવે પેલા બુઢ્ઢાને બીજે દિવસે ખબર પડી ગઈ. એ તો નિત્ય જાગૃત હતો. મને બોલાવીને કહે કે 'તેં ચોરી કરી છે.' મેં કહ્યું : 'બાપુ, એમાં ચોરી કેવી ? મારું ઘડિયાળ હતું ને મેં ઘેરે મોકલાવી દીધું.' એણે કહ્યું: 'તારી હતી તો કાંડા પર જ કેમ ન રાખી ? ઘરભેગી કેમ કરી દીધી ? એટલા સારુ ને કે તને ખબર પડી ગઈ હતી કે એ તારી રહેવાની નથી ?' હવે વાત તો એવી હતી કે દિલમાં ચોંટી ગઈ. ત્યારે પૂછ્યું : 'તો હવે શું કરવું પડશે ?' તો એણે કહ્યું : 'તારે જાતે જઈને દંડ ભરી આવવાનો છે. પહેલાં સરકાર તારી પાસે વસૂલ કરત, હવે ઊલટું થશે, હવે જઈને તારે ભરી આવવા પડશે.' હવે આયે કેવો ઊલટો માણસ છે! એ હમેશાં ઊલટી વાત કરતા. મેં કહ્યું : 'સરકારને તો મજા છે. આપણે દંડ ભરતા રહીશું ને સરકારને મજા !'

આપણે અહિંસાની પ્રક્રિયાને નથી સમજતા. હુંયે નહોતો સમજ્યો કે એ માણસના શબ્દોમાં કેટલી શક્તિ છે. દંડ મેં ભરી દીધો. હવે એક માણસને દશ વાર દંડ થયો. સરકાર સમજી ગઈ કે જેમ જેલથી આ લોકો નથી ગભરાતા, તેમ દંડથી પણ નથી ગભરાતા. શું એ ભાવના આપણી આજ સુધી એમની એમ કાયમ છે ? સંપત્તિ અને સ્વામિત્વનું નિરાકરણ શું આપણે પોતાના હૃદયમાંથી કરી નાખ્યું છે ? કાલે મને વિદ્યાર્થી પૂછતા હતા કે અમે શું કરીએ ? એટલે કે એમનો આશય એવો હતો કે દોલત તો બાપની છે, તો કરે શું ? મેં એને કહ્યું ત્યારે ચૂપ થઇ બેઠા. મેં કહ્યું કે તમે એક કામ કરો. પહેલાં પિતાજીને કહો કે અમારે સારુ કાંઈ ન રાખશો. આખી સંપત્તિ આપી દો. અને પિતાજી ન માને તો કહી દો કે આજથી મેં તમારી

સંપત્તિ પરથી મારો અધિકાર છોડી દીધો છે.

## ૨૧૦. વ્યક્તિગત ક્રાન્તિમાંથી વિશ્વક્રાન્તિ

મને પૂછે છે કે વ્યક્તિગત જીવનમાં ક્રાન્તિ શી રીતે થાય? જો સાબૂત માસણ હશે તો સાબૂત દુનિયા બનશે. અહિંસક પ્રક્રિયામાં ક્રાન્તિનું સાધ્ય પણ માણસ છે અને ક્રાન્તિનું સાધન પણ માણસ છે. દુનિયાને જો સાબૂત બનાવવી હોય તો સાબૂત માણસોની પણ જરૂર પડશે. અને સાબૂત માનવતાનો આરંભ પોતાની જાતથી થશે. કાલે મેં કહ્યું હતું કે દરેકની જેવી દૃષ્ટિ હોય છે તેવો તે દુનિયાનો નકશો બનાવે છે. આજે હું તમને કહેવા માંગું છું કે આપણું વ્યક્તિત્વ જેવું હશે, તેવો દુનિયાનો નકશો આપણે બનાવીશું. એને ચારિત્ર કહે છે. એ ચારિત્રની મર્યાદાઓ આપણે જોઈ અને આટલા દિવસો સુધી સમજ્યા. હું એકવાર અહીં એક કિસ્સો કહી ગયો છું. નાનપણમાં માસ્તર સાહેબ અમને એક રમત રમાડતા. દુનિયાનો એક નકશો પૂઠાના ટુકડાઓનો બનાવેલો હતો. માસ્તર જાતે ટુકડાઓને એકઠા કરીને નકશો ગોઠવી આપતા. અમને કહેતા, ‘છોકરાઓ જોઈ લો, યાદ રાખો, પછી તમારે યાદદાસ્તથી-સ્મરણથી એને ગોઠવવો પડશે.’ અમે જોતા, પણ એક એકથી ચડીએ તેવા બૃહસ્પતિ હતા અમે, એટલે એ યાદ તો રહેતો નહીં. આસ્ટ્રેલિયાને ઉપાડીને આફ્રિકાની નીચે મૂકી દેતા અને કામસ્ચાટકાને ઉપાડીને માડાગાસ્કરની જગાએ મૂકી દેતા. આમ ભૂલો કરતા. એક બહુ ચતુર છોકરો હતો. ગાંધી કહો, વિનોબા કહો. એણે પૂઠાનો એક ટુકડો ઉઠાવીને જોયો, તો માણસની આકૃતિનું એક અવયવ એનાં પર દોરેલું હતું. એ ઘણો ચતુર અને નિષ્ઠાવાન હતો. એ જોઈ ગયો કે એક બાજુ માણસની આકૃતિ અને બીજી બાજુ દુનિયાનો નકશો બનેલો છે. એણે બધા ટુકડાઓ ઉલટાવી નાખ્યા. માણસને ગોઠવવો શરૂ કર્યો. માણસ ગોઠવાઈ ગયો, દુનિયા ગોઠવાઈ ગઈ. આ આપણી ક્રાન્તિની પ્રક્રિયા છે. એ પ્રક્રિયાનો સંકેત આજે આ સંમેલનમાં થયો છે. એનું અનુસરણ તમે નમ્રતાપૂર્વક અને નિશ્ચયપૂર્વક કરો એવી તમને સૌને પ્રાર્થના છે.

**સમાપ્ત**

# યજ્ઞ પ્રકાશન

| | | |
|---|---|---|
| ૧ યુગ પલટાય છે | : રવિશંકર મહારાજ | ૦૦-૨૫ |
| ૨ મા ધરતીને ખોળે | : નારાયણ દેસાઈ | ૦૦-૭૫ |
| ૩ સ્નેહદીપિકા | : વિમલાતાઈ | ૦૦-૩૧ |
| ૪ ભૂદાનગંગા ખંડ ૧-૨-૩ | : વિનોબા પ્રત્યેકનો | ૧-૦૦ |
| ૫ ધરતીનાં ગીતો | : — | (છપાય છે) |
| ૬ યજ્ઞ-સંદેશ | : બબલભાઈ મહેતા | ૦૦-૩૫ |
| ૭ વિચાર-ક્રાંતિ (પૂર્વાર્ધ ખં. ૧-૨) | : દાદા ધર્માધિકારી | ૨-૦૦ |
| ૮ ગાંધીજનને | : વિનોબા | ૦૦-૫૦ |
| ૯ ગ્રામદાન | : ,, | ૦૦-૫૦ |
| ૧૦ શાંતિ-સેના | : ,, | ૧-૨૫ |
| ૧૧ પરોઢનાં સમણાં | : હર્ષકાંત વોરા | ૦૦-૨૫ |
| ૧૨ ભૂદાન પોથી | : સુભદ્રા ગાંધી | ૦૦-૩૧ |
| ૧૩ બહેનોને | : વિનોબા | ૦૦-૧૫ |
| ૧૪ સામ્યસૂત્ર | : ,, | ૦૦-૭૫ |
| ૧૫ ભૂમિપુત્રની વાતો ભા. ૧-૨-૩ — | : પ્રત્યેકના | ૦૦-૨૫ |
| ૧૬ સર્વોદય-વિચાર | : નારાયણ દેસાઈ | ૧-૦૦ |
| ૧૭ ગાંધીજીના ગૂજરાતને | : વિનોબા | ૦૦-૨૫ |
| ૧૮ ગ્રામદાન એટલે અભયદાન | : ,, | ૦૦-૨૫ |
| ૧૯ પ્રાર્થના-પોથી | : — | ૦૦-૦૬ |
| ૨૦ શિક્ષણ-વિચાર | : વિનોબા | ૨-૦૦ |
| ૨૧ વ્યાપાર-ધર્મ | : ,, | ૦૦-૨૫ |
| ૨૨ વિશ્વમંદિર | : ,, | ૦૦-૨૫ |
| ૨૩ સર્વોદય-પાત્ર | : ,, | ૦૦-૩૧ |
| ૨૪ સત્યાગ્રહ-ખંડ ૧ | : ,, | ૧-૦૦ |
| ૨૫ ચીનનો સવાલ | : ,, | ૦૦-૨૦ |
| ૨૬ શુચિતા-સપ્તક | : ,, | ૦૦-૨૦ |
| ૨૭ સર્વોદય વિજ્ઞાન | : ભોગીલાલ ગાંધી | ૧-૭૫ |
| ૨૮ સામ્યયોગી વિનોબા | : — | ૧-૨૫ |
| ૨૯ બુદ્ધ-શંકર-માર્ક્સ-ગાંધી | : દાદા ધર્માધિકારી અને વિનોબા | ૦૦-૫૦ |
| ૩૦ ગરીબનો મરો | : તોલ્સ્તોય | ૨-૦૦ |

**ભૂમિપુત્ર** (દશવારિક)
વાર્ષિક રૂા. ૩=૦૦

*

**ક્ષિતિજ** (માસિક)
વાર્ષિક રૂા. ૧૦=૦૦

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

વિચાર કણિકા -૨

૦:૨૮:૧:૭